જૈન દર્શન ની શ્રેષ્ઠતા

જિ ના જ્ઞા . . ભાગ - ૨

જૈન દર્શનની શ્રેષ્ઠતા

જિ
ના
જ્ઞો... ભાગ - ૨

: સંકલન :

લક્ષ્મીચંદ ચાંપસી દંડ

(કચ્છ - લાલા)

Lal Bunglow,
Dev Ashish
Upashrya Lane,
Ghatkopar (East),
Mumbai - 400 077.
Tel.: 022-25011455

B-3/901, Green Acres Society,
Opp. Auda Lake,
Prahalad Nagar,
Anand Nagar Road,
Ahmedabad-380015.
Tel.: 079-40094514

"પ્રાસ્તાવિક"

અતિ આવકાર્ય પ્રયાસ

"સાગર દયાના છો તમે, કરૂણાતણા ભંડાર છો
અમ પતિતોને તારનારા, વિશ્વના આધાર છો
તારે ભરોસે જીવનનૈયા, આજ મેં તરતી મુકી
કરું કોટી કોટી વંદના, જિનરાજ તુજ ચરણે ઝૂકી"

શ્રી જૈનદર્શન પોતાની મૂળભૂત વિશેષતાઓથી બધા આસ્તિક દર્શનોમાં આગવું સ્થાન ધરાવે છે. એ જેટલું વિશાળ છે એટલુંજ ગહન અને અણીશુધ્ધ છે. શ્રી તીર્થંકર દેવોએ ભાખેલા અને શ્રી ગણધરભગવંતોએ ગૂંથેલા આગમો આ જૈનદર્શનનો પાયો છે. વિશ્વમાં અજોડ કહી શકાય એવું તત્વજ્ઞાન એમાં સમાયેલું છે. આવું અણમોલ શાસન પ્રાપ્ત કરનાર આત્મા ખરેખર મહાપુણ્યશાળી છે. ચક્રવર્તીની સાહ્યબી કરતાં પણ જ્ઞાનીઓએ આ શાસનને વધુ મુલ્યવંતુ જણાવ્યું છે. આવા અણમોલ શાસનને પામ્યા પછી એની પ્રાપ્તિને સાર્થક કરવા શું કરવું જોઈએ. હૃદયમાં ધર્મ કરવાની ઈચ્છા રાખશું તો ધર્મ જરૂર મળશે. અને એનાથી જીવન બાગ સુંદર અને સુવાસિત બનશે.

પ.પૂ. કેસરસૂરીજી મ.સા.નાં સમુદાયનાં વર્તમાન ગચ્છાધિપતી પ.પૂ. આચાર્ય ભ. શ્રી હેમપ્રભસુરીશ્વરજી મ.સા.ને કોટી કોટી વંદન. પ.પૂ. શ્રી હર્ષગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.શ્રી કાવ્યરત્નાશ્રી જી મ.સા. આદી ઠાણા -૬, પ.પૂ. શ્રી રૈવતરત્નાશ્રીજી મ.સા. પ.પૂ. શ્રી વિધિરત્નાશ્રીજી મ.સા., પ.પૂ. શ્રી ધ્યાનરત્નાશ્રી જી મ.સા., પ.પૂ. શ્રી હીતાર્થરત્નાશ્રી જી. મ.સા. તથા પ.પૂ. તત્વાર્થરત્નાશ્રીજી મ.સા.ના ચરણ કમળમાં વંદના. જેમ ચાતક મેઘની રાહ જુએ છે તેમ સાચા શ્રાવક-શ્રાવીકા ચાર્તુમાસની રાહ જુએ.

કોઈમ્બતુર નગરે શંખેશ્વર જિનાલયમાં પ.પૂ. કાવ્યરત્નાશ્રીજી મ.સા. આદી ઠાણા-૬નું ચાતુર્માસ પ્રવેશ થયું. આરાધના, સાધના, પ્રવચન, ધર્મપ્રભાવના નાં પુષ્પો ખીલ્યા. પ.પૂ. શ્રી કાવ્યરત્નાશ્રીજી મ.સા.ના પ્રવચનથી ધર્મની સુવાસ પ્રસરાતી ગઈ. પૂજ્યશ્રીએ પ્રવચન માળામાંથી પરમાત્મા શ્રી મહાવીર પ્રભુના હાથે દિક્ષિત શ્રી ધર્મદાસ ગણી કૃત ઉપદેશમાળા ગ્રંથ પર વિશેષ પ્રકાશ પાથર્યો. શ્રીચંદ્રશેખરવિજયજી મ.સા. નાં સંકલન કરાયેલા પુસ્તકોમાંથી થોડા તત્વો સમજાવ્યા એ સાંભળતા શ્રોતાઓનાં હૃદય ગદ્ગદ્ બની જતા. પ્રવચનનાં સુક્ષ્મ સિધ્ધાંતોની સમજણથી કેટલાંય પ્રશ્નોનાં ઉત્તર મળી જતા. આ પ્રવચનોને પુસ્તક રૂપે પ્રગટ કરવાની ભાવના જાગી. પૂજ્યશ્રીને મારી ઈચ્છા દર્શાવી. એમણે ઉપદેશમાળાનો સાર તૈયાર કરી આપ્યો. અને જૈનદર્શનની શ્રેષ્ઠતાના નામે પુસ્તકને બીરદાવ્યું.

પ.પૂ. શ્રી કેસરસુરીશ્વવજી મ.સા.ની ૪૦ વર્ષ પહેલાની પોતાની હસ્તલેખીત પ્રત હતી. ગૃહસ્થધર્મની... અને એમાંથી મેં ''સાચા શ્રાવક બનીએ'' તૈયાર કર્યું.

ભોર ભયો ઉઠ જાગ મુસાફિર !
ક્યોં વૃથા સમય ગુમાવત હૈ ?
જો જાગત હૈ સો પાવત હૈ,
જો સોવત હૈ વો ખોવત હૈ !

આપણે પણ પ્રમાદ છોડી જાગૃત થઈએ અને સાચા શ્રાવક બનવા પુરુષાર્થ કરીએ.

સાચા શ્રાવક બનવા પાપોથી પાછા હટવું પડશે ને !

''અઢાર પાપસ્થાનક''ની સંવેદના સમજી મન, વચન, કાયાથી સર્વે પાપોને વોસીરાવીએ અને હળવા બનીએ. ''ભવ આલોચના'' એટલે પાપશુધ્ધી કર્મનિર્જરા... એક્સરે લેતા પહેલા શરીર શુધ્ધી કરવી પડે, તો ધર્મ આરાધના કરતાં પહેલા પાપશુધ્ધી નહીં કરવાની !

ગીતાર્થ ગુરુભગવંત પાસે આલોચના લઈ નિર્મળ બનીએ. સદ્દભાગ્યે આવા અણમોલ રત્ન એકત્રીત થયા છે. આ રત્નપેટી પુસ્તકરૂપે સહુ સમક્ષ મુકતાં કૃતાર્થત અનુભવું છું. શાંત, સૌમ્ય, પ્રવચનથી આત્માઓને પમાડનાર, સાચા માર્ગદર્શક પ.પૂ.શ્રી કાવ્યરત્નાશ્રીજી મ.સા. આપનો અહો ઉપકાર કેમ વીસરાય ! આપની વાણીથી આત્માઓ ધર્મમાં ભીંજાઈ જાય છે.

''જૈનદર્શનની શ્રેષ્ઠતા'' વાંચી, ચિંતન મનન કરી સહુ આત્મા આચાર સંપન્ન જીવનમાં સ્વામી બને. સંસારમાં પ્રવૃત એવા આપણને જ્ઞાનરૂપી થોડો પણ પ્રકાશ મળે અને એ પ્રકાશ મુક્તિમાર્ગ તરફ દોરી જાય એવો નાનકડો પ્રયાસ આ પુસ્તક દ્વારા.. પરમાત્માની આજ્ઞા વિરુધ્ધ કાંઈપણ લખાઈ ગયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામી દુક્કડમ્...

સર્વથા સહુ સુખી થાઓ,
પાપ ના કોઈ આચરો,
રાગદ્વેષથી મુક્ત થઈને,
મુક્તિ સુખ સહુ જગવરો ...

લી.
લક્ષ્મીચંદના પ્રણામ

અનુક્રમણિકા

વિષય	પાના નં.
A. પ.પૂ. સા.શ્રી. કાવ્યરત્નાશ્રીજી મ.સા. ૨૦૧૨ ચાતુર્માસનું પ્રથમ પ્રવચન	૧
ઉપદેશ માલા ગ્રંથ	
૧. કડવા/મીઠા પ્રવચનો	૭
૨. મંગલાચરણ	૮
૩. સદગુરુનો મહિમા	૧૨
૪. પુરુષ પ્રધાન ધર્મ	૨૦
૫. ગુણોમાં શિરમોર	૨૪
૬. રાગ-દ્વેષની ભયંકરતા	૩૦
૭. ભાવના ભવ નાશિની	૩૫
૮. આપણા પૂર્વજો..	૩૭
B. પ.પૂ. આ.ભ.શ્રી કેશરસૂરીશ્વરજી મ.સા. સાચા શ્રાવક બનીએ.	૩૯
C. સંકલન :	
૧. પ્રેરણાદાયી પ્રસંગો	૮૧
૨. ગીરનાર તીર્થ	૮૭
૩. જૈનોનો ઈતિહાસ	૮૮
૪. કર્મો ભવોભવના	૮૯
૫. દેવ દ્રવ્ય	૯૦
૬. ભવ આલોચના	૯૧
૭. અઢાર પાપોની સંવેદના	૯૫
૮. પદ્માવતી ક્ષમાપના	૧૦૫
૯ અનુભવના ઉદ્ગાર	૧૦૭

૨૦૧૨ ચાતુર્માસના પ્રથમ પ્રવચનની નાની ઝલક

પરમ ઉપકારી પરમાત્માએ સકલ જીવસૃષ્ટીના કલ્યાણ માટે ''ધર્મતીર્થ'' ની સ્થાપના કરે છે અને ભવ્યજીવોને તરવાની એક ઉપકાર દૃષ્ટિથી ''ધર્મ'' નો ઉપદેશ આપે છે. કારણ કે તેઓ પોતાના પૂર્ણકેવલ જ્ઞાનરૂપી પ્રકાશથી આખા જગતને નિહાળ્યુ છે કે દરેક જીવ પાપોથી દુ:ખ પ્રાપ્ત કરે છે અને ધર્મથી સુખ પ્રાપ્ત કરે છે.

પાપાત્ દુ:ખમ, ધર્માત્ સુખમ

હવે આપણે ધર્મથી સુખને પ્રાપ્ત કરવું છે. પુણ્યનો ભંડાર ભરવો છે. પુણ્ય ને **SAVE** કરવાનું **COMPUTER** એટલે ''ચાતુર્માસ''

હવે આપણે ચાતુર્માસ શબ્દનું **operation** કરશું.

ચા = ચારિત્રનું નિર્માણ

તુ = તૃષ્ણાનો ત્યાગ

ર્ = રાગનો ત્યાગ

મા = માનનો ત્યાગ

સ = સમતા રાખવી

પ.પૂ.આ. લક્ષ્મીસુરીશ્વરજી મ.સા. એ ચાતુર્માસ ના નવ અલંકાર બતાવ્યા છે.

૧. સામાયિક ૨. પ્રતિક્રમણ ૩. પૌષધ ૪. પરમાત્મા પૂજા ૫. સ્નાત્ર પૂજા ૬. પરમાત્મા વિલેપન ૭. બ્રહ્મચર્ય પાલન ૮. દાન ૯. તપશ્ચર્યા

આ અલંકારો ને જે પહેરે તેજ સાચો શ્રાવક કહેવાય. શ્રોતા પણ ૩ પ્રકારના બતાવ્યા છે.

૧. પત્થરની મૂર્તિ જેવા ૨. કપડાની મૂર્તિ જેવા ૩. સાકરની મૂર્તિ જેવા.

પત્થરની મૂર્તિ ઉપર પાણી પડે પણ તરત જ સૂકાઈ જાય. થોડી પણ ન ભીંજાય.

કપડાની મૂર્તિ ઉપર પાણી પડે પણ થોડીવારમાં સૂકાઈ જાય.

સાકરની મૂર્તિ ઉપર પાણી પડે તો સાકર પાણી ને પુરુ ચૂસીને એકમેક કરી નાખે.

આપણે કોના જેવું થવું છે ? પરમાત્માની વાણી રૂપી પાણીથી સાકરની મૂર્તિની જેમ એકમેક થવું છે.

સાદા પાણી અને પરમાત્માની વાણી બન્નેમાં ઘણું મોટું અંતર છે. સાદુ પાણી તો પત્થરને નહી પીગાળે પણ પરમાત્માની વાણીમાં એવી અચિંત્ય, અજોડ શક્તિ રહેલી છે જેનાથી પત્થર જેવા રોહિણીયો ચોર, અર્જુન માળી જેવા ઘોર પાપી પણ તરી ગયા તો આપણે પણ ચાતુર્માસમાં પરમાત્માની વાણી સાંભળીને તરવાનું છે.

આ પરમાત્માનું પ્રવચન શું મારા માટે છે ? શું સંઘ માટે છે ? ના આ પ્રવચન તો મારા આત્માહિત(કલ્યાણ) કરનારું છે એ દૃષ્ટિથી પ્રવચન સાંભળવું છે. આજે આપણો ચાતુર્માસિક ચૌદશ ''પર્વનો દિવસ છે'' તો પર્વનો અર્થ કરીએ। પર્વ એટલે જે વસ્તુ સંસારી ને સદગુરુની સાથે જોડી આપે એટલે કે **joint** કરી આપે તેને પર્વ કહેવાય છે. પર્વ એટલે પોતાના ગર્વને ઉતારવો, વ્યક્તિની સાથે વ્યક્તિનું જોડાણ એટલે એક એક વ્યક્તિને

લાવીને આરાધનામાં જોડવા. આવા પર્વના અર્થો ને સમજીને જિનવાણીનું શ્રવણ કરવાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે.

શરીરનું તેજ આત્માની પાછળ છે.
બલ્બનું તેજ વિજળીની પછળ છે.
ફુગ્ગાની જાડાઈ હવાને કારણે છે.

તેવીજ રીતે આપણે સુખી છીએ કોના કારણે ? ધર્મના કારણે છીએ તો આવી ધર્મની આરાધના કરવાનો અવસર આજે આપણને મળ્યો છે.

હવે શરૂઆતમાં જે ૯ અલંકારોની વાત કરી હતી તેમાં સૌથી પહેલું અલંકાર છે

પહેલું અલંકાર સામાયિક એટલે સાધુ જીવનનું **Taste.** ૪૮ મિનીટનું સામાયિક કરવાથી ૯૨,૫૯,૨૫,૯૫૨ પલયોપમ દેવલોકનું આયુષ્ય બંધાય છે. પ્રત્યેક ક્ષણે અનંતાનંત કર્મોનો કચરઘાણ બોલાય છે. સંસારના કામો ૨૪ કલાક ચાલતા હોય તેમાંથી માત્ર એક સામાયિક માટે ૪૮ મિનીટ આપણે કાઢીએ તો આત્મામાં કેટલો આનંદ થતો હશે તમે જ વિચારો, સામાયિક જિન શાસનનું મહત્વનુ અંગ છે. સામાયિક એટલે સમભાવની શાસ્ત્રીય આરાધના. જ્યાં સુધી આત્મા સમતા ભાવની સિદ્ધિ ન કરે ત્યાં સુધી તેની કરેલી તમામ આરાધનાઓ મોક્ષપદની પ્રાપ્તિ કરાવી શકતી નથી માટે સમભાવની સાધના રૂપ ''સામાયિક'' ધર્મની આરાધના એ જિનશાસનનો અદ્ભુત, અલૌકિક અને અમોઘ યોગ છે. આવી રીતે સમતા ભાવ લાવીને કરેલા પાપોનું પ્રાયશ્ચિત કરવાનું છે, માટે બીજું અલંકાર ''પ્રતિક્રમણ'' છે.

હવે બીજું અલંકાર પ્રતિક્રમણ એટલે પાપ પ્રવૃત્તિઓ નું **Rest.** જીવનમાં કરેલા પાપોનું પ્રાયશ્ચિત નહી કરીએ તો પાપનો બોજો માથે ચડતો જ જશે. એ પાપોના કારણે સંસારની પરંપરા એટલે કે ભવોની પરંપરા પણ વધતી જશે. માટે પ્રતિક્રમણ એક એવી ક્રિયા છે કે કર્મ રૂપી રોગથી વ્યક્તિ ને મુક્ત કરાવીને સ્વસ્થતા આપે છે.
જેમ કેન્સરની ગાંઠ વ્યક્તિને કેટલી પીડા આપે છે જ્યાં સુધી આપણે રોગનું બરાબર **diaognise** ન કરાવીએ અને **treatment** બરાબર કરવામાં ન આવે તો ભવિષ્યમાં દુર્ગતિમાં જવાની પરિસ્થિતિ સર્જાય. પણ એની કાળજી લઈને **operation** વગેરે કરાવીને મૂળથી રોગનો નિકાલ કરવામાં આવે તો વ્યક્તિ એકદમ ખુશ થઈ જાય. તેવીજ રીતે આપણે પણ કરેલા કર્મોને દૂર કરવા માટે આ પ્રતિક્રમણ એક **operation** છે.

સામાયિકથી પાપની રૂચિનો ત્યાગ થાય છે જ્યારે પ્રતિક્રમણમાં પ્રમાદની રૂચિનો ત્યાગ થાય છે.

પ્રવચન સાંભળવું એ શ્રુત સામાયિક છે. પ્રવચનની રુચિ પ્રગટ થવી એ સમ્યકત્વ સામાયિક છે. ૪૮ મિનીટની જે સામાયિક એ દેશવિરતિ સામાયિક છે. આવી દેશવિરતિ સામાયિકમાં પ્રતિક્રમણ કરવાથી સ્વયં પોતાના આત્માને જોઈ શકે છે. આત્માનું દૂરદર્શન

એટલે પ્રતિક્રમણ. ચાતુર્માસના દિવસોમાં પ્રતિજ્ઞા, પ્રવચન, પ્રતિક્રમણ, સુપાત્રદાન વિશેષ પ્રકારથી કરવા જોઈએ.

હવે ત્રીજું અલંકાર પૌષધઃ સાધુ જીવનના **guest,** સંયમ જીવનનો **taste.** પૌષધથી સંસારની રૂચિનો ત્યાગ થાય છે. પૌષધમાં શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન, છક્કાયજીવોને અભયદાન, **makeup** નો ત્યાગ, ચારે પ્રકારના આહારનો ત્યાગ, સત્કાર, સન્માનનો ત્યાગ, ઉત્તમ પરમાત્માની ભક્તિ કરવાનો લાભ. ચાર ટાઇમના દેવવંદન, સ્વાધ્યાયમાં રમણતા, આત્માની વિશિષ્ટ પ્રકારની વિશુદ્ધિ થાય છે. આવી સુંદર આરાધના પર્વના દિવસોમાં વિશેષ થાય છે.

પ.પૂ.આ.ભ.જીતેન્દ્રસુરી મ.સા. ની નિશ્રા માં ''છ'' રી પાલિત સંઘ પૌષધમાં નિકળેલો હતો. શાસ્ત્રોમાં અનેક ઉત્તમ શ્રાવકોના દૃષ્ટાંત પણ આવે છે. ભરત મહારાજાનો પુત્ર સૂર્યયશા મહારાજા પોતાના પૌષધ વ્રતને અખંડ રાખવા માટે પોતાની અપ્સરા જેવી બન્ને સ્ત્રીઓની વાતને ઠુકરાવી ને પોતાના ઉપર તલવારના વાર કરવા ગયા પણ દૈવી શક્તિથી તલવાર અટકી ગઈ. ત્યારે બન્ને સ્ત્રીઓ એટલે તે બન્ને દેવીઓ જ હતી. પરીક્ષા કરવા આવી હતી.પણ સુર્યયશા જીતી ગયા. આ છે તાકાત આપણા ધર્મમાં. આવું પૌષધ વ્રત પહેલાના જમાનામાં કૃષ્ણ મહારાજાના સમયમાં પુરા ગામમાં ઢંઢેરો પીટાવતા કોઈ ને પણ પૌષધ લેવો હોય તો આરામથી લેજો આવતી કાલે પર્વ તિથિ છે. તેવી રીતે નગરમાં ઉદ્‌ઘોષણા કરાવતા હતા. અદ્‌ભૂત શ્રદ્ધા આવા રાજવીઓમાં હતી.

હવે ચોથું અલંકાર પરમાત્મા પૂજા - પરમાત્મા પૂજા સમ્યગદર્શનનું **passport** છે. પરમાત્માની પૂજા શ્રાવકે ત્રિકાળ કરવી જોઈએ. સામાન્યથી સવારે ચૈત્યવંદન, ધૂપ, દીપ આદિ, બપોરે સ્વદ્રવ્યથી અષ્ટપ્રકારી પૂજા અને સાંજે ચૈત્યવંદન, આરતી મંગલદીવો ઈત્યાદી... પરમાત્માની પૂજા કરવાથી પરમાત્મા પ્રત્યે પ્રીતિ જાગે છે. તે પ્રીતિથી ભક્તિ જાગૃત થય છે. એ ભક્તિથી એવો અહોભાવ અંતરથી ઉભો થાય છે તેનાથી આપણા પણું લાગે. સામાન્યથી માતા પિતાને પોતાના પુત્ર પ્રત્યે, પતિને પોતની પત્ની પ્રત્યે કેવો પ્રેમ હોય છે. ક્યાંક થોડું આઘુ પાછુ થાય તો એમ લાગે છે ધરતી અંબર એક થઈ ગયા છે. એટલો બધો આઘાત લાગે છે કેમ ? કારણ કે ત્યાં પોતાપણું છે. તેવું પોતાપણું પરમાત્મા પ્રત્યે પણ હોવું જોઈએ. પરમાત્માને જેણે પોતાના હૃદયના પ્રાણેશ્વર માન્યા તેવા પેથડશાહ, વસ્તુપાલ-તેજપાલ, કુમારપાળ આદિ કેટલા દૃષ્ટાંતો આપણી સામે છે. પેથડશાહ એવી પરમાત્માની ભક્તિ કરતા કે એક વાર મધ્યાન્હ સમયમાં પ્રભુની આંગી કરી રહ્યા હતા અને રાજાને કોઈ કામ આવી પડ્યું. રાજાએ પોતાના સૈનિકને મંત્રીના ઘરે મંત્રીને બોલાવવા માટે મોકલ્યો પણ ઘરમાંથી જવાબ મળ્યો બપોરે બે કલાક સુધી મંત્રી મળશે નહી. તેઓ દેરાસરમાં પ્રભુ પૂજા કરી રહ્યા છે. ગમે તેવું કામ

આવી જાય છતાં મંત્રી આવશે નહી. રાજા વિસ્મય પામ્યા અને મંત્રીની પરીક્ષા કરવા માટે રાજા પોતે સૈનિકનો વેષ ધારણ કરીને દેરાસરમાં ગયા કે જ્યાં પેથડશાહની આંગીનું કામ ચાલતું હતું. સેવક એક એક ફૂલ આપતો હતો, મંત્રી આંગી બનાવવામાં મગ્ન હતા. એવામાં સેવકની જગ્યાએ રાજા બેસી ગયા અને ફૂલ આપવા લાગ્યાા. પણ મંત્રીને ખ્યાલ આવી ગયો. ફૂલ આપવામં કાંઈક ગડબડ છે. આ હાથ રાજાનો છે સેવકનો નથી. તરતજ મંત્રીએ પાછુ વળી ને જોયું અને ખ્યાલ આવી ગયો કે આ તો રાજાજી છે. રાજન્ આવી રીતે આપ આજે પરમાત્માના મંદિરમાં પધાર્યા શું વાત છે ? મંત્રીને તરતજ ખ્યાલ આવી ગયો કે રાજા પરીક્ષા કરવા માટે પધાર્યા છે. રાજા મંત્રીની ભક્તિ જોઈને એકદમ આશ્ચર્યચકિત થઈ ગયા. ભગવાનની ભક્તિમાં આવી તલ્લીનતા હતી. પેથડશાહ મંત્રીના પૂજાના વસ્ત્રમાં એવી તાકાત હતી કે જે કોઈ બીમાર માણસને ઓઢાડવામાં આવે તો બીમારી દૂર થઈ જાય. આવી અલૌકિક ભક્તિ પરમાત્માની પ્રત્યે મંત્રીની હતી. આપણે પણ આવી ભક્તિ કરવી જોઈએ.

હવે પાંચમું અલંકાર સ્નાત્ર પૂજા :- જેમ ઇન્દ્ર મહારાજા પ્રભુના જન્માભિષેકની ઉજવણી કરવા માટે પોતાના પુરા પરિવાર સાથે મેરુશિખર પર લઈ આવે છે ને અપૂર્વ ઉલ્લાસ સહિત ભક્તિ પૂર્વક પ્રભુનુ સ્નાત્ર મહોત્સવ મનાવે છે. તેવી જ રીતે શ્રાવકે પણ દરરોજ પ્રભુનું સ્નાત્ર મહોત્સવ મનાવવું જોઈએ. આ સ્નાત્ર મહોત્સવનો લાભ દેવો કરતા માનવોને મળે છે કારણકે દેવો પોતાનું મૂળ રૂપ તો દેવલોકમાં છોડીને ઉત્તરવૈક્રિય શરીર બનાવીને મનુષ્યલોકમાં આવે છે. જ્યારે માનવ તો પોતાના મૂળ શરીરથી આરાધના કરે છે. આવું સ્નાત્ર મહોત્સવ વિવિધ સંગીત, રાગ, આલાપ, તાલી-તાલ, દાંડિયા નૃત્ય વગેરેની રમઝટ પૂર્વક ઉજવવો. જેથી આપનું સમ્યગ્દર્શન અત્યંત નિર્મળ બને છે. વાર્ષિક કર્તવ્યોમાં પણ સ્નાત્ર પૂજાને કર્તવ્ય તરીકે લીધું છે. સ્નાત્ર પૂજા કરતા કરતા આપણા અંતરમાં રહેલા રાગાદિ મળોનું પ્રક્ષાલન થઇ જાય છે અને અંતરમાં રહેલ દર્શન - જ્ઞાન - ચારિત્રના ગુણોની પ્રાપ્તિ થાય છે.

હવે છઠ્ઠું અલંકાર પરમાત્મા વિલેપન :- પરમાત્માની પ્રતિમા ઉપર ઉત્તમ દ્રવ્યોથી વિલેપન કરવું જોઈએ. દ્રવ્યપૂજામાં જ્યારે ચંદનપૂજા કરે ત્યારે વિલેપન કરવું જોઈએ. પણ એટલો ખ્યાલ રાખવો કે અશુદ્ધ દ્રવ્યોનો વપરાશ ન થાય, બરાસ, કસ્તુરી, સારી ક્વોલીટીના અત્તર વગેરે ઉત્તમ દ્રવ્યોથી વિલેપન કરવું જોઈએ.

હવે સાતમું અલંકાર બ્રહ્મચર્યપાલન :- ચાતુર્માસ બ્રહ્મચર્યવ્રતના પાલનનું વિશિષ્ટ મહત્વ હોય છે. બ્રહ્મચર્યપાલનથી તન અને મન નિર્મલ રહે છે. ધર્મધ્યાનમાં ચિત્ત એકાગ્ર બને છે. બ્રહ્મચર્યવ્રતમાં નવ વાડોનું પાલન કરવું જોઈએ. કામોત્તજક દ્રશ્યો નહીં જોવા, કામોત્તજક **sex** ના **novels** વિગેરે વાંચવા નહી, કામોત્તેજક ઉત્પન્ન થાય તેવી વાતો

પણ કરવી નહી. આત્મામાં એક વિશિષ્ટ પ્રકારની શક્તિ પ્રગટ થાય છે જેથી આત્મામાં ક્યારેય વિકાર ઉત્પન્ન થતો નથી. બ્રહ્મ એટલે આત્મા, ચર્ય એટલે કે રમણ કરવું આત્મામાં રમણ કરવું તેનેજ બ્રહ્મચર્ય કહેવામાં આવ્યું છે. આ વ્રત પાલનમાં સ્ત્રી અને પુરુષે અલગ અલગ શય્યામાં સુવું જોઈએ. એક બીજાને સ્પર્શ પણ થવો ના જોઈએ. જેવી રીતે વિજયશેઠ – શેઠાણીએ જિંદગીભર બ્રહ્મચર્યનું પાલન કર્યું હતું. આપણે પણ મનને મનાવી ને આ વ્રતનું પાલન કરવું જોઈએ.

હવે આઠમું અલંકાર દાન છે :- શાસ્ત્રોમાં ધર્મ ચાર પ્રકારના બતાવ્યા છે. તેમાં પહેલો નં. દાન છે. તે દાન પાંચ પ્રકાર ના છે. ૧-અભયદાન ૨ – સુપાત્રદાન ૩- અનુકંપા દાન ૪. ઉચિતદાન ૫. કીર્તિદાન. અભયદાન અને સુપાત્રદાન નિઃશ્રેયસ સાધક છે. અનુકંપાદાન, ઉચિતદાન અને કીર્તિદાન અભ્યુદય સાધક છે. ચાતુર્માસમાં વિશેષ પ્રકારથી દાનધર્મની આરાધના કરવી જોઈએ. ચાતુર્માસમાં વિશેષ પ્રકારથી છકાયજીવોને અભયદાન આપવું જોઈએ. ઘરમાં આરંભ સમારંભના ત્યાગમાં, કંદમૂળ, રાત્રિભોજનના ત્યાગમાં વિશેષ પ્રકારે અભયદાન આપવામાં આવે છે. ચાતુર્માસમાં સાધુ-સાધ્વીજી ભગવંતોને ગોચરી, પાણી, દવા વગેરે જે પણ જરૂરિયાત હોય તે વસ્તુ વોહરાવવાની. આપણા સાધર્મિક કોઈ ગરીબ હોય તેમની પણ ભક્તિ કરવી. આપણા સાધર્મિકને દાન આપવું તે પણ સુપાત્ર કહેવાય છે. ગરીબોને દાન આપવું, જે કોઈ દુઃખી જીવ હોય એના ઉપર કરુણા લાવીને એને દાન આપવું તે અનુકંપા દાન કહેવાય. જે વ્યક્તિ ને જેની જરૂર હોય તે વસ્તુ તેને લાવી આપવી તે ઉચિત દાન કહેવાય. કીર્તિદાન એટલે જ્યાં તક્તિ ઉપર નામ આવે અથવા જ્યાં લોકોમાં વાહ વાહ થાય તેવી જગ્યાએ દાન આપવું તે કીર્તિદાન કહેવાય છે.

હવે નવમું અલંકાર તપશ્ચર્યા :- ચાતુર્માસ દરમ્યાન શ્રાવકે યથાશક્તિ તપ કરવો જોઈએ.

તીર્થંકરોએ સ્વયં તપ કર્યો અને આપણને તપનો ઉપદેશ આપ્યો છે. બાહ્ય-અભ્યંતર બાર પ્રકારના તપ બતાવ્યા છે. તપ કરવાથી અનાદિકાળના બાંધેલા ગાઢ કર્મ ખપી જાય છે. તપશ્ચર્યાથી સંપત્તિની પ્રાપ્તિ થાય છે. પાપ કર્મોની નિર્જરા થાય છે. વિઘ્નોનો નાશ થાય છે. ઇન્દ્રિયોનો દમન થાય છે. કષાયોનું શમન થાય છે. ઇષ્ટકાર્યોની સિદ્ધિ થાય છે. દેવ પણ પ્રસન્ન થાય છે. ઈત્યાદી અનેક લાભ પ્રાપ્ત થાય છે. રસનેન્દ્રિય ઉપર કાબુ મેળવી ને વહેલી તકે અણહારી પદની પ્રાપ્તિ કરાય છે.

સરદારજી દિલ્હીની ટીકીટ લઈને ફ્ન્ટીયર મેલમાં ચઢયા. ટ્રેન એકદમ ઝડપથી ચાલી રહી છે. જોતજોતામાં તો સુરત આવી ગયું. સ્ટેશન ઉપર ઘારી લ્યો ભાઈ ઘારી, અવાજ ચાલુ થયો. સરદારજી ઘારી ખાવા નીચે ઉતર્યા, ઘારી ખાવા લાગ્યા. એક પછી એક એમ કરતા એવા આસક્ત બની ગયા કે ફરી ગાડીમાં બેસવાનું છે, એ ભૂલી ગયા તો

કોક ભાઈએ કીધું કે સરદારજી ગાડી તો ગઈ, તો સરદારજી બોલ્યા ગાડી ગઈ તો ભલે ગઈ પણ ધારી તો મળી ને બસ. ઠીક એવીજ રીતે આપણે પણ જિનશાસનની ગાડીમાં બેસી ગયા છીએ. અલગ અલગ સ્ટેશનો આવે છે, પહોંચવું છે મુક્તિપુરીમાં પણ વચ્ચે જ્યાં માનવ ભવનું સ્ટેશન આવ્યું કે વિષયકષાય રૂપી ધારીમાં મસ્ત બની ગયા એટલે બધું ભૂલી ગયા. કોક અમારા જેવા આવીને કહે કે ભાઈ તું ભૂલી ગયો જિનશાસનની ગાડીમાં બેઠો છે તારી ગાડી ભૂલી ગયો કે અરે ! જિનશાસનની ગાડી ભલે પડી એક બાજુ, પણ વિષયોના સુખમાં બહુ આનંદ આવે છે એ છોડવાનું મન થતું નથી.

તો ભાગ્યશાળીઓ આવું સરસ જિનશાસન પ્રાપ્ત કરીને દેવ-ગુરુ ધર્મનો સહયોગ પ્રાપ્ત કર્યા પછી પ્રમાદ ન કરશો આ ચારે મહીના ચાતુર્માસમાં આપણા આત્માને આ ૯ અલંકારો થી શણગારીને જલ્દીથી મુક્તિપુરી ને વરીએ એજ અભિલાષા સાથે જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ લખાઈ ગયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

ઉપદેશમાલા ગ્રંથ આધારિત થોડા મીઠા અને કડવા પ્રવચનો

સહુ પ્રથમ આપણે ગ્રંથકાર મહર્ષિનો પરિચય કરશું. આ ગ્રંથના રચયિતા શ્રમણ ભગવાન એટલે દેવાધિદેવ, ત્રિલોકગુરુ પરમાત્મા મહાવીરદેવના અવધિજ્ઞાની શિષ્ય શ્રી ધર્મદાસગણિ મહારાજા છે. પરમાત્મા મહાવીરસ્વામીના હાથે દીક્ષા થયેલી અને એ કાળમાં એમણે આ ગ્રંથ રચ્યો એટલે થોડું આશ્ચર્યકારક લાગે પણ એની પાછળ મોટું રહસ્ય છુપાયેલું છે. ધર્મદાસગણિ સંસારી પણે રાજા હતા. વિજયા તેમની રાણી હતી અને રણસિંહ તેમનો પુત્ર હતો. દેવાધિદેવની દેશનાથી પ્રતિબદ્ધ થઈને રાજા-રાણીએ દીક્ષા લીધી. ઉત્તમકોટીની સાધના કરતા તેમને ગણિપદ પ્રાપ્ત થયું. અરિહંત પરમાત્માના વચનોને સાક્ષાત્ શ્રવણ કરવાથી તેમનો આત્મા વૈરાગ્યના રંગે ખુબ રંગાયો. તેમને ચારિત્રના માર્ગમાં એવી દોડ મુકી કે એક દિવસ તેમને અવધિજ્ઞાન પ્રાપ્ત થયું. એ મહાત્માનો જે સંસારી પુત્ર હતો રણસિંહ. કલિકાલના પ્રભાવે રાજા રણસિંહએ ન્યાયનો માર્ગ ત્યાગ્યો. ધર્મથી પણ ચ્યુત થયો. ભોગવિલાસમાં તે બેફામ બન્યો. રણસિંહના મામાએ દીક્ષા લીધી હતી. તેમનું નામ જિનદાસગણિ હતું. આ મામા મહારાજ સાહેબને રણસિંહ ઉપર ખૂબ કરુણા ઉત્પન્ન થઈ. તે સામે ચાલીને તેને પ્રતિબોધ કરવા માટે ગયા. એક ઉપવનમાં બિરાજીને તેમણે ભાણેજને દેશના આપવાનુ શરુ કર્યું. એ વખતે રણસિંહના પિતા મહારાજ ધર્મદાસગણિ પણ ત્યાં યોગાનુયોગ પધાર્યા હતા. જિનદાસગણિએ રણસિંહને પુનઃ માર્ગસ્થ કરવા માટે જોરદાર વૈરાગ્યની ભાષામાં અપૂર્વ બોધ આપ્યો, એમની વૈરાગ્યરસની ધારા અત્યંત તીખી પણ હતી, એમણે રણસિંહને કેટલાક કડક ચાબખા પણ માર્યા. હા... એ જરૂરી હતા એ રણસિંહ ઉપરની નિગ્રહ કૃપા હતી અને રણસિંહનો અંતરાત્મા જાગી ઉઠયો, પોતાના કુકર્મો બદલ પશ્ચાતાપ થયો. આ બાજુ ધર્મદાસગણિવરને પુત્ર તરફ જે મોહ હતો તે પ્રશસ્ત મોહ હતો, પુત્રના દુર્ગતિગમનથી ચિંતિત હતા. તેને સદ્ગતિગામી જોવા ઈચ્છતા હતા. એ માટે તેનું જીવન ધર્મમય જોવા માંગતા હતા. માટે ધર્મદાસગણિવરે પુત્રના હિતાર્થે ઉપદેશમાળા નામના પ્રસ્તુત ગ્રંથની રચના કરી.

ધર્મદાસગણિવરના મનમાં એ ખ્યાલ હતો કે આ ગ્રંથનો સ્વાધ્યાય જો રણસિંહ કરશે તો તેનું નિશ્ચિત હિત થશે. વળી બીજા પણ હજારો મોક્ષાર્થી આત્માઓ આ ગ્રંથના સ્વાધ્યાયથી આત્મહિત સાધશે. આવા શુભાશયથી એ મહાત્માએ ગ્રંથ તૈયાર કરી દીધો. ગ્રંથ તૈયાર કરીને મામા મહારાજને આપ્યો. મામા મહારાજે રણસિંહના હાથમાં આપ્યો. પિતા મુનિ પણ હાજર હતા, રણસિંહના આત્માનું લોઢું તપેલું હતું. તરત જિનદાસગણિએ રણસિંહને કહ્યું હવે એક જ કામ કર. પિતા મુનિએ આ ગ્રંથની રચના કરી છે. આ ગ્રંથના પ્રત્યેક શ્લોક તારા આત્માનું ઓજસ વધારી મુકનારો થશે. તુ તેની ધારણા કરતો જા અને પૂરો કંઠસ્થ કરી લે, પછી રોજ તેનો ભાવ પૂર્વક પાઠ કરજે, આ માટે હું તને સહાયક બનીશ. તને શક્તિ પ્રમાણે ગાથા સંભળાવીશ. તેની ધારણા કરાવીશ અને એકદમ પાકી

કરાવીશ. તે સમયે રણસિંહના સંસારી માતા સાધ્વી વિજયાશ્રીજી ત્યાં ઉપસ્થિત હતા તેમણે તે વખતે રણસિંહને અતિશય સ્નેહ બતાડીને આ વાત ઉપર ભાર મુક્યો અને... ધાર્યું નિશાન પાર પડી ગયું. રણસિંહ રાજા નીતિમાન રાજા થયો રણસિંહ રાજા કટ્ટર ધર્માત્મા રાજા થયો એટલે સ્વપુત્રને રાજ્ય ઉપર સ્થાપીને સંયમ ધર્મની વાટ પકડી લઈને આત્મહિત સાધી લીધું. તેમના રાજવી પુત્રે દાદાએ રચેલી ઉપદેશમાળાનો યથાયોગ્ય ભરપુર પ્રચાર કર્યો. ત્યારથી માંડીને આ ગ્રંથ ઉત્તરોત્તર વધુને વધુ વિસ્તરતો રહ્યો છે. માંડવગઢના મંત્રીશ્રી પેથડશાહ રાજદરબારે જતા અને આવતા હાથી ઉપર બેસીને આખા ગ્રંથનું મુખપાઠ કરી લેતા. આ ગ્રંથ કેટલો અદ્ભૂત છે ? તે કલમથી જણાવી શકાય તેમ નથી. તેનું પઠન મનન કરવાથી જ તે સમજાશે. પ્રત્યેક શ્લોક કોઈ વૈરાગ્યથી તો કોઈ શાસ્ત્રીય પદાર્થથી ભરેલો છે. જો જીવ ભારેકર્મી ન હોય તો આ ગ્રંથનું મનન તેને થોડાક જ ભવોમાં મોક્ષના દ્વાર ખખડાવતો કરી મુકે.

卐 મંગલાચરણ 卐

"नमिऊण जिणवरिंदे, इंदनरिंदच्चिए तिलोअगुरु
उवएसामलमिणमो वृच्छामि गुरुवएसेणं"

દેવેન્દ્રો અને નરેન્દ્રોએ જેમને પૂજ્યા છે, જેઓ ત્રણ લોકના ગુરુ છે તે શ્રી જિનવરોને નમસ્કાર કરીએ ગણધર આદિ ગુરુઓથી પ્રાપ્ત થયેલા બોધના અનુસારે હું આ ઉપદેશમાલા કહું છું. આપણને એક આશ્ચર્ય ઉત્પન્ન થાય એવી વાત પ્રસ્તુત ગાથામાં કરી છે. મહાતપસ્વીઓ, મહાજ્ઞાનીઓ અને ગણધર દેવોથી પૂજાયેલા એવા પરમાત્મા એમ ન કહેતા જેઓ ભોગના સ્વામી છે અને ભોક્તા છે તેવા દેવોના રાજાઓ અને માનવોના રાજાઓથી પુજાયેલા એવા પરમાત્મા, એવું શા માટે કહ્યું હશે ? આનાથી ભોગનો મહિમા વધી ન જાય ? ઉત્તર એ છે કે ભોગના ત્યાગી એવા પરમાત્માને ભોગના ત્યાગી એવા મહાત્માઓ પૂજે એ બહુ મોટી વાત નથી, જે ભોગમાં રમે છે, રહે છે, રગદોળાય છે એવા કરોડપતિઓ, અબજોપતિઓ, આખા જમ્બુદ્વીપના માલિકો, અનેક રાણીઓના કે દેવીઓના સ્વામીઓ જો આવા ભોગના ત્યાગીના, સાવ અકિંચનના ચરણોમાં આળોટી જતા હોય, પોતાનું લલાટ તેમના ચરણે ઘસવા માટે ધક્કામુક્કી કરતા હોય ત્યારે એમ લાગે છે કે અરિહંત દેવનું આંતર ઐશ્વર્ય કેટલું ઝાક ઝમાળ ભર્યું છે. અરિહંત દેવોનો આંતર વૈભવ કેટલો ઉત્કૃષ્ટ હશે કે ભોગના સમ્રાટો એનાથી અંજાઈ જાય છે. એમના ચરણોમાં લેટી જાય છે. પોતાના ભોગ રસના ભોગવટા બદલ એકદમ શરમાઈ જાય છે. આ શ્લોકમાં અરિહંત પરમાત્માને ત્રિલોકગુરુ પદથી નવાજ્યા છે. આ પદ એવું છે કે જેમાં પરમાત્માની સર્વોચ્ચ ત્રણ વિશિષ્ટતાઓ સમાઈ જાય. ત્રણ લોકના ગુરુ તે જ આત્મા બનવાને પાત્ર છે જે સત્યવાદી હોય, સત્યવાદી તે બની શકે જેણે રાગ, દ્વેષ અને મોહ(અજ્ઞાન) નો તમામ આત્મપ્રદેશોમાંથી ખાત્મો બોલાવી દીધો હોય.

જીવ જ્યારે પણ અસત્ય બોલે ત્યારે કાં રાગથી, દ્વેષથી, મોહથી બોલે, જો આ ત્રણ દોષ ખતમ થઈ જાય તો અસત્યવાદીત્વ અસંભવિત બની જાય. અરિહંત પરમાત્માના તારક આત્માએ આ ત્રણ દોષોને સાધન દ્વારા પુરા ખતમ કરી નાખ્યા હતા. માટે ત્રિલોકગુરુ પદથી નવાજ્યા છે.

હવે જિનવરેન્દ્ર આ પદનું શું રહસ્ય બતાવે છે તે આપણે સમજીએ. ખાલી જિન શબ્દના ઉચ્ચારણથી અવધિજ્ઞાનીઓ પણ આવી જાય છે. જિનોમાં શ્રેષ્ઠ એટલે સામાન્ય કેવલીઓ એટલે કે જિનવર, હવે જિનવરોમાં શ્રેષ્ઠ એટલે સામાન્ય કેવલીઓમાં પણ શ્રેષ્ઠ એટલે તીર્થંકર, તીર્થંકર એટલે જિનવરેન્દ્ર સમજવા જોઈએ. આવા જિનવરેન્દ્રોને નમસ્કાર કરીને આ ગ્રંથની રચના પોતાની બુદ્ધિથી નહીં પણ જે ગણધર આદિ ગુરુભગવંતોએ કહેલું છે તે પ્રમાણે હું આ ઉપદેશમાલા નામના ગ્રંથની રચના કરું છુ એવી લઘુતા બતાવીને ગ્રંથની રચના કરે છે.

હવે આ ગ્રંથની વાતોને આપણે કેવી રીતે આત્મસાત્ કરશું. એના માટે આપણે પ્રમાદનો ત્યાગ કરવો પડશે, આળસનો ત્યાગ કરવો પડશે.

એક વાર ફ્રાંસના કોઈ આગેવાનની પાસે કોઈ અમેરિકન ૪-૫ યાત્રિકો આવ્યા. ઔપચારિક વિધિ બધી પતાવીને વાતો કરવા બેઠા. આગેવાને એક યાત્રિકને પૂછ્યું તમારે ફ્રાંસમાં કેટલા દિવસ રોકાવું છે ? એમણે કહ્યું ૬ મહીના, તો પછી તમે ફ્રાંસનું અમુક ભાગ જ જોઈ શકશો, ઠીક છે, હવે બીજા એક યાત્રિકને પૂછ્યું, તેમણે કહ્યું એક મહિનો, તો તમે ઘણો ખરો વધારે ભાગ જોઈ શકશો. પછી ત્રીજા યાત્રિકને પૂછ્યું તમે કેટલા દિવસ રોકાવાના છો ? એમણે કહ્યું એક અઠવાડિયું રોકાવાનો છું, બહુ સારું, તમે પૂરું ફ્રાંસ જોઈ શકશો. ત્યાં બેઠેલા બધાને આશ્ચર્ય થયું કે આવું કેમ ? એક યાત્રિકે પૂછ્યું કે આવું કેવી રીતે બની શકે, જે વ્યક્તિ જાજુ રહે તે અમુક જ ભાગ જોઈ શકે ? ત્યારે આગેવાને સમજાવતા કહ્યું કે મારો વર્ષોનો અનુભવ છે કે જેની પાસે ઘણો સમય હોય એટલે એ પ્રમાદમાં ગુમાવી દે. આજ નહી કાલ, કાલ નહી તો પરમદિવસે, આવી રીતે કરતા કરતા તે કાંઈ જ પ્રાપ્ત કરી શકતો નથી. તેને સમયની કિંમત હોતી નથી તેવી જ રીતે જેની પાસે ઓછો સમય હશે તે ઝડપથી પોતાનું કામ સરસ પતાવીને ઘણુંબધું મેળવી શકે છે. આપણે પણ સમયની કિંમત સમજીને ગ્રંથના એક એક પદાર્થને સમજીએ. સમયની કિંમત કોણ કરી શકે છે.

૧. જેની પાસે ઉંચો ધ્યેય હોય, આદર્શ લક્ષ્ય હોય, સુંદર સાધ્ય હોય.
૨. પોતે ધ્યેયની આવશ્યકતા તથા એની મહત્તા બરાબર સમજે.
૩. આ ધ્યેયને પરિપૂર્ણ કરવાનો દઢ સંકલ્પ.
૪. આ ધ્યેયને પરિપૂર્ણ કરવા માટે મળેલા સમયની અલ્પતાનો જેને ભાન છે તે ક્ષમા મૂર્તિ પ્રભુ મહાવીર સ્વામી.

जइ ता तिलोगनाहो विसहइ बहुआइं असरिजणस्स
इअ जीअंतकराइं एस खमा सव्वसाहुणं

અર્થઃ - જો તે ત્રણ લોકના નાથ દેવાધિદેવ પરમાત્મા મહાવીર દેવે હલકા માણસોને જાનથી મારી નાખે તેવા પુષ્કળ ઉપસર્ગોને સહન કર્યા તે વખતે અદ્દ્ભૂત ક્ષમા ધારણ કરી, તે ક્ષમા સાધુઓએ રાખવી જોઈએ. સામાન્યતઃ એવું કહી શકાય કે ઉગ્ર તપની સાથે ક્રોધ જોડાયેલો હોય છે. ગ્રંથકારશ્રી કહે છે કે અતિઘોર તપ કરવા છતાં દેવાધિદેવ ટોચ કક્ષાની ક્ષમા પણ ધારણ કરે છે. સાવ હલકા માણસો પુરુષોત્તમ એવા પરમત્માની ઉપર ગમે તે રીતે તૂટી પડયા તો એ પ્રભુએ અપૂર્વ ક્ષમા ધારણ કરી. સામો પક્ષ સાવ નબળો હોય અને પોતે અત્યંત બળવાન હોય ત્યારે સામા ઉપર હલ્લો કર્યા વિના કોણ રહે ? પણ દેવાધિદેવ તો સમતા ધારણ કરી તે હલકા લોકોને મુટ્ઠીમાં ચોળી નાખવાની તાકાત હોવા છતાં એમને આંગળી પણ ન અડી.

એક બાજુથી એકલી આગ, ચંડકોશીયાની આંખોમાંથી આગ, ગોશાલકમાં મોમાંથી આગ, સંગમના કાળચક્રમાંથી આગ, ગોવાળિયાના ચૂલામાંથી આગ અને પરમ કૃપાળુ પરમાત્મા સર્વત્ર પાણી-પાણી-પાણી. હા, સંગમ ન ઠર્યો, બાકીના બધાએ પાણીના ફુવારાઓથી ઠંડા બરફ જેવા થઈ ગયા. ગ્રંથકારશ્રી શ્રમણોને પ્રેરણા કરે છે કે તમે પ્રસંગ ઉપર ક્ષમા ધારણ કરો. પ્રત્યેક માટીના કણમાં સોનું છે, પ્રત્યેક કાંકરામાં હીરો છુપાયેલો છે, પ્રત્યેક વર્ષાના બિંદુમાં મોતી છુપાયેલુ છે. શરત આટલી જ છે કે આપણી આંખોમાં વિષ નહી પરંતુ અમૃત હોવું જરૂરી છે. જ્યાં સુધી આપણી આખોમાં વિષ ભરેલું હશે ત્યાં સુધી આપણે સમજી લેવાનું છે કે આપણે માટે મોક્ષ ઘણું દૂર છે. ભવની પરંપરા જ વધવાની છે. જેવી રીતે ગુણસેન અને અગ્નિશર્માની વાત છે. ગુણસેને દરેક ભવમાં ક્ષમા રાખી તો નવમાં ભવમાં મોક્ષ થઈ ગયો અને અગ્નિશર્માએ વેર બાંધ્યો તો એનો કેટલો બધો સંસાર વધી ગયો. સિકંદરે યુદ્ધમાં પૌરસને હરાવીને બંદી બનાવ્યો પછી પૌરસને સિકંદરની સામે ઉભો રાખવામાં આવ્યો તે વખતે સિકંદરે પૌરસને પૂછ્યું કહો તમારી સાથે કેવો વ્યવહાર કરવો ત્યારે પૌરસે નિર્ભયતાથી કહ્યું એક રાજાનો બીજા રાજા સાથે જે વ્યવહાર થાય એવો વ્યવહાર કરવો. સિકંદર આ જવાબથી પ્રસન્ન થઈ ગયા હતા. ક્ષમા માંગવા આવેલી દોષિત વ્યક્તિ સાથે કેવો વ્યવહાર કરવો ? આનો જવાબ છે પોતાને દોષિત સમજનાર જેવી રીતે વ્યવહાર કરશે તેવી રીતે વ્યવહાર કરવો, પોતાને દોષિત જોવાથી જ બીજાના દોષોને નગણ્ય કરીને સહજ રીતે માફ કરવું સહેલું હોય છે.

એક સરળ મિંયાજી લારીમાં ફળ લઈને વેચવાનો નાનકડો વ્યાપાર કરીને જીવન નિર્વાહ કરતા હતા. જો કોઈ જાણે અજાણે પણ ખોટો સિક્કો અથવા નોટ આપી દે તો પણ તે સહજતાથી હાથમાં લેતા, આકાશની સામે જોતા અને પ્રેમથી પોતાના ખિસ્સામાં રાખતા હતા. કોઈએ એ જોઈને પૂછ્યું શું તમને ખબર છે કે આ ખોટો સિક્કો છે ? મિયાએ કહ્યું હા મને ખબર છે. તો પછી તેનો સ્વીકાર કરી આકાશની સામે કેમ જુઓ

છો ? શું ખુદા તેને શિક્ષા કરે એવી અપેક્ષા કરો છો ? મિયાએ કહ્યું જી ના, હું શું કામ કોઈનો ખરાબ વિચાર કરુ અને રહેમ નજરવાળા ખુદાને સજા કરવાનું કઠોર કામ સોપવાની ધૃષ્ટતા પણ શુ કામ કરું ? તો પછી આકાશ સામે કેમ જુઓ છો ? ભાઈ હું ખુદાને આજ કહેવા માટે આકાશમાં જોઉં છું કે ખુદા ! હું એક સામાન્ય માનવ જેવી રીતે ખોટા સિક્કાને તિરસ્કારથી નાખી દેવાને બદલે પ્રેમથી સ્વીકાર કરી લઉં છું. બસ તેવી રીતે મારા જેવા નાપાક અને ખોટા માણસ પર પણ રહેમ દિલ રાખી મને સ્વીકારી લેજો.

આ સરળ મિંયાજીને ખોટા સિક્કા આપનાર ઉપકારી લાગે છે કારણકે ખોટા સિક્કાને જોઈને હું ખોટા સિક્કા જેવો છું એવો વિચાર આવતો હતો તેથી ખોટા સિક્કા આપનાર સાથે પણ સારો વ્યવહાર કરતો હતો. વાત આજ છે બીજાએ તમારો કોઈ અપરાધ કર્યો એવો જ્યારે અનુભવ થાય ત્યારે તમે એ વાતને ખ્યાલમાં લાવતા રહો કે બસ આવી રીતે મારા ખરાબ વ્યવહારથી કેટલા બધા લોકોના હૃદયને હું પણ ઠેસ પહોચાડું છું ? હું પણ ભૂલ અપરાધ કરવામાં કંઈ ઓછો નથી. જો આમ પોતાના ભયંકર અપરાધો યાદ આવે તો તે અપરાધ કરનાર બીજા અપરાધી ન લાગતા પોતાના અપરાધોને યાદ કરાવનાર ઉપકારી લાગશે અને તેને ક્ષમા આપવી સહેલી લાગશે.

વળી ક્ષમા આપવામાં એક વિશેષ લાભ છે... જો શેઠ સેક્રેટરીની ભૂલને માફ કરશે અને પ્રેમ ભર્યો વ્યવહાર કરશે તો સેક્રેટરી ક્લાર્કની ભૂલને ક્ષમા કરશે અને પ્રેમથી વ્યવહાર કરશે. ક્લાર્ક તેવા પ્રકારના વ્યવહારનું સંક્રમણ **pass-on** પ્યુનને કરશે. પ્યુન ઘરે જઈને પત્નીને અને પત્ની છોકરાઓને માફ કરશે અને પ્રેમ આપશે. તે પ્રેમ પામેલા છોકરાઓ રમકડાની સાથે પ્રેમ ભરેલો પ્રસન્ન વ્યવહાર કરીને હસશે, આને બદલે જો શેઠ સેક્રેટરી સાથે ક્રોધ ભરેલો વ્યવહાર કરશે તો ક્રોધનું સંક્રમણ **pass-on** થશે. સેક્રેટરી ક્લાર્કને દંડશે, ક્લાર્ક પ્યુનને, પ્યુન ઘરે જઈને પત્નીને ફટકારશે. ક્રોધથી પત્ની નિર્દોષ બાળકોની ધૂળ કાઢશે અને તે નારાજ થયેલા બાળકો રમકડાને તોડી નાખશે. ''આ છે અમૃતચક્ર અને વિષચક્ર''. આપણે સદા અમૃતચક્ર જેવું જીવન જીવવું જોઈએ.

શ્રમણનું એક નામ છે ક્ષમા-શ્રમણ, એટલે ક્ષમા પ્રધાન શ્રમણ. શ્રમણના દસ મુખ્ય ગુણોમાં ક્ષમાને પ્રથમ ગુણ તરીકે ગોઠવીને તેનું વિશેષ મહત્વ બતાડવામાં આવ્યું છે. મંત્રાધિરાજ શ્રી નવકારના પાંચમાં પદમાં શ્રમણને ''સાહુ'' કહીને સહન કરનારને ક્ષમા ધારણ કરનાર કહેલ છે. જેમાં બાર તપમાં પ્રાયશ્ચિત શ્રેષ્ઠ તપ છે તેમ દસ યતિ ધર્મોમાં ''ક્ષમા'' શ્રેષ્ઠ યતિ ધર્મ છે. કેવી ઉત્તમ કક્ષાની ક્ષમા પ્રભુ વીરે રાખી હતી તેના અનુસંધાનમાં ગ્રંથકારશ્રી ફરમાવે છે કે.

न चइदज्जइ चालेऊं महइमहावर्धमाणजिणचंदो
उवसग्गसहस्सेहिं वि मेरु जहा वायगुंजाहिं

સૂસવાટા કરતા પ્રચંડ વાયુથી જેમ મેરુ ચલાયમાન થઈ શકતો નથી તેમ હજારો ઉપસર્ગોથી મોક્ષમાં જ મતિ ધારણ કરતા મહાન વર્ધમાન જિનેશ્વર દેવ ચલાયમાન થયા નથી. કર્મો

કોઈને છોડતા નથી. એ સત્યનો સાક્ષાત્કાર પરમાત્મા મહાવીરદેવ દ્વારા થાય છે. પૂર્વના ભવોમાં એવી ગંભીર ભૂલો એમનો આત્મા કરી બેઠો હતો કે તેનાથી બંધાયેલા કર્મોને ખતમ કરવા મટે પચ્ચીસમાં ભવમાં ૧૧ લાખથી વધુ માસક્ષમણના પારણે માસક્ષમણ કર્યા તોય કેટલાક કર્મોનો તો ખાત્મો ન જ બોલાયો. અનાજને પીસતી ઘંટી દાંડાના ભાગમાં આવેલા ખાડામાં જે દાણા રહી જાય તે શે પીસાય ? વળી ૨૭માં ભવમાં સાડાબાર વર્ષની ઘોર સાધના કરી. આ સાધના માત્ર સાડાબાર વર્ષની હતી છતા એક લાખ વર્ષના માસખમણ કરતા ઉગ્ર હતી. એક વખત પ્રભુને એય સાધના ઓછી પડી એટલે તે અનાર્ય દેશમાં ગયા, જ્યાં જંગલી લોકોએ પ્રભુને હેરાન કર્યા ત્યાં પ્રભુ શૂળીએ ચડાવાયા, કુવામાં ફેંકાયા, લાતોથી મરાયા, જંગલી કુતરાઓ છોડાયા અરે શું બાકી રહ્યું ?

શૂલપાણિ, ચંડકૌશિક, ગોશાલક, સંગમ, પૂતના અને ગોવાળિયાના ઉપસર્ગો અતિશય ભયાનક હતા. પણ પ્રભુએ હસતે મોએ સ્વીકરી લીધા. એમણે કદી કોઈનો સામનો ન કર્યો, સ્વીકાર જ કર્યો. દરેક આગની જ્વાળાઓ સામે પાણીની ઉછળતી છોળો જ બન્યા છે. જેમ પ્રતિકુળતાઓ વધુ મળે તેમ વધુ પ્રસન્ન રહેવા લાગ્યા. આ એક અજબ ગજબની ક્ષમાનો નમુનો પરમાત્મા મહાવીરનો છે. હાય... અનંતાનંત તીર્થંકર દેવોમાં જે ન બન્યું તે આ પ્રભુમાં બન્યું. તીર્થંકરદેવ બન્યા પછી લગાતાર ૬ માસ સુધી લોહીના ઝાડા થવા રૂપ અશાતા વેદનીય કર્મનો ઉદય થયો. એ વખતે પ્રભુની વય ૫૬ વર્ષની હતી. સહુને માટે પ્રભુનો બોધપાઠ છે. બને ત્યાં સુધી અશુભ યોગો સેવીને કર્મબંધ ન કરો. જે કર્મબંધ થયો હોય તેના અબાધાકાળ દરમ્યાન તપ વગેરે ધર્મ ઉત્કૃષ્ટ ભાવ કરીને. શૌર્યથી તે કર્મોને ખતમ કરી નાખો જેથી ઉદયમાં આવીને સતાવે નહી, પણ જો કર્મ ઉદયમાં આવી ગયું અને પૂરી તાકાતથી ત્રાટક્યું તો જરાય અસમાધિ કરતા નહી. પૂરી સમાધિ સાથે હસતે મોએ તેને સહી લેજો. ''કર્મોને શૌર્યથી ખતમ કરો અને સમાધિથી ખતમ કરો''.

સદ્ગુરુનો મહિમા

''जह सुरगणाण इंदो गहगणतारागणाण जह चंदो
जह य पयाण नरिंदो गणस्स वि गुरु तहाणंदो''

અર્થઃ દેવતાઓના સમૂહમાં જેમ ઇન્દ્ર શ્રેષ્ઠ છે, ગ્રહગણના સમૂહમાં જેમ ચંદ્ર શ્રેષ્ઠ છે, પ્રજામાં જેમ રાજા શ્રેષ્ઠ છે તેમ મુનિઓના ગણમાં ગુરુ શ્રેષ્ઠ છે. આ ગુરુ શિષ્યોને પ્રસન્ન રાખનારા હોય છે.

સાધુ તે કહેવાય જે ઘર ત્યાગે, શિષ્ય તે કહેવાય જે મન(ઈચ્છા) ત્યાગે, સિદ્ધ તે કહેવાય જે શરીર ત્યાગે. શિષ્યને પોતાની ઈચ્છા જેવું કશું ન હોવું જોઈએ એ તેનું શ્રેષ્ઠ શિષ્યત્વ છે, તેનું મન ગુરુના મનમાં વિલીન થયું હોય, જેમ હનુમાને કહ્યુ હતું કે મારું મન રામચંદ્રજીમાં વિલીન થઈ ગયું છે. ગુરુની ઈચ્છા નહી પણ માત્ર ચેષ્ટા જોઇને શિષ્યને

ખબર પડી જાય કે ગુરુને શું ઇષ્ટ છે ? ગુરુને ચોખ્ખી આજ્ઞા કરવી પડે એ તો બહુ ખરાબ કહેવાય. ધન્ય છે તે મુનિઓને જેઓને ગચ્છવાસ અને ગુરુકુલવાસ (ગુર્વાજ્ઞા)માં વાસ મળેલ છે. એમને અતિ દુષ્કર મોક્ષ પ્રાપ્તિ સાવ સુલભ બને છે. વિરાટ સંસાર સાગર ખાબોચિયું બની જાય છે જેને માત્ર ટેકીને પાર કરી દેવાનો રહે છે. આ શ્લોકમાં બહુ મજાની વાત કરી છે. ગુરુ માટે ''તહણંદો'' શબ્દો મુકીને ખુબ ગંભીર વાત કરી છે. જો આપણે એવો અર્થ કરીએ કે શિષ્યોને ગુરુ આનંદકારી હોય, આનંદમાં રાખતા હોય તો ગ્રંથકારે આ બહુ જબરી વાત કરી કહેવાય. મુનિ જીવન સામાન્ય કક્ષાનું જીવાય તોય તેનું પાલન ખુબ કઠીન છે. એ નિર્વિવાદ વાત છે. જો ગુરુનો સાથ બધી રીતે ન મળે તો શિષ્ય-ગુલાબ ઝટ કરમાઈ જાય તે સંભવિત છે. પ્રાથમિક કક્ષામાં આવું બને તે સંભવિત છે. આવા સમયે જો ગુરુ શિષ્યની બધી કાળજી કરે, ખાસ કરીને શિષ્યના માંદગીના સમયે કઠોર એવું પણ મુનિ જીવન જીવવાનું સરળ પડી જાય. જો ગુરુ શિષ્યની સાવ ઉપેક્ષા કરે તો શિષ્યનું મન એવું આઘાત પામે જેમાં તેને ઘર યાદ આવી જાય.

સાધુઓ આખો દિવસ મોડી રાત સુધી સ્વાધ્યાયાદિ સંયમયોગોમાં ગળાડૂબ હોય, થાકતા પણ હોય, જો થોડીક વાર માટે ગુરુ તેમની સાથે હળવી છતા નિરવધ વાતો કરે, તેમના સુખ દુઃખની કાળજી કરે, તો શિષ્યનો થાક ઉતરી જાય, તેઓ હળવા ફૂલ થઈ જાય. કેટલાક ગુરુઓ દિવસો સુધી પોતાના શિષ્યોની સામે પણ જોતા નથી. તેમના આરોગ્ય, સ્વાધ્યાય વગેરે કોઈ વાતે ધ્યાન આપતા નથી. આનાથી ગુરુ શિષ્યો વચ્ચેનું માનસ-અંતર દિવસે દિવસે વધતું જાય છે.

આવી સ્થિતિમાં વૈષયિક સુખો તરફ શિષ્યો ઝુકે તેમાં શી નવાઈ ? ઉપાશ્રયની બહાર નિકળે એટલે ડગલે ને પગલે એવા નિમિત્તો મળે કે સાધુને પોતાની સાધુતા ટકાવવી બહુ મુશ્કેલ પડી જય છે. માટે ગુરુએ પોતાના પ્રશસ્ત એવા પણ બાહ્ય કાર્યોમાંથી ગુરુએ સમય ફાળવીને શિષ્યોમાં રસ લેવો જોઈએ. શિષ્યો ગુરુની બધી બાહ્ય સેવા કરતા હોય છે તેના બદલામાં શિષ્યોને સારી રીતે ભણાવવા વગેરે કાર્યો ગુરુએ અવશ્ય કરવા જોઈએ. જો આટલી વાતની પણ ઉપેક્ષા થાય તો તે ખુબ જ અનુચિત ગણાય. જે ગ્રુપમાં સંયમધર્મના પાલનમાં જ નિત આનંદ આનંદ પ્રવર્તે છે તે ગ્રુપ ખૂબ ઉલ્લાસથી સંયમ જીવનની વિશિષ્ટ ક્ષિતિજોને સર કરતું રહે છે. ''ગુરુ આનંદકારી છે'' એવા અર્થ કરવા સાથે વિવરણ થયું. ગુરુ આનંદ છે એટલે ગુરુ આનંદમય અવસ્થામાં સદા રહે છે એવો અર્થ પણ કરી શકાય. જ્ઞાનીઓએ કહ્યું છે શુદ્ધ સંયમી સાધુ બાર મહિનાના દીક્ષા પર્યાયમાં અનુત્તર-દેવોની શાતાવેદનીય કરતા ઊંચા સમ્યકત્વના આનંદમાં તરબોળ રહે.

''बालूंत्ति महीपालो न पया परिहवइ एस गुरु उवमा
जं वा पुरओ काउं विहरंति मुणी तहा सोवि''

અર્થ: કોઈ રાજા બાળ વયના હોય તેટલાથી પ્રજા તેનો તિરસ્કાર કરતી નથી. આજ ઉપમા બાળ એવા ગુરુને પણ લાગે. એવા બાળ રાજાની જેમ બાળ ગુરુને આગળ

કરીને મુનિએ વ્યવહાર કરવો ગુરુ એટલે નિશ્ચિત પણે ગીતાર્થ અને સંવિગ્ન, અગીતાર્થ ગુરુ બની શકે નહી, તેમાંય ખરેખર તો આચાર્યપદને પામેલા ગીતાર્થ મુનિને ગુરુ કહેવામાં આવે છે. પિસ્તાલીસ આગમોના સૂત્રથી અને અર્થથી સંપૂર્ણ જાણકાર મહાત્મા ઉત્કૃષ્ટ ગીતાર્થ કહેવાય અને બૃહત્કલ્પ, વ્યવહાર સૂત્ર અને નિશીથ સૂત્રની પીઠીકાઓના પૂરા જાણકાર મહાત્મા જ ધન્ય ગીતાર્થ કહેવાય. બાળવયમાં ગીતાર્થતા પ્રાપ્ત થવી એ બહુ મોટી વાત છે. ગુરુકૃપા પામીને જેમણે વિશિષ્ટ જ્ઞાનશક્તિ પ્રાપ્ત કરી છે, અને પચાવી છે તે મહાત્મા જ ગીતાર્થ બની શકે છે. આવા મહાન ગીતાર્થ જે નાની ઉમરમાં જ થઈ ગયા તેવા વજસ્વામીજી, બપ્પભટ્ટસુરીજી વગેરે.

એક વાર વજસ્વામી મ.સા. ના ગુરુ મ.સા. ક્યાંય બહાર સ્થંડિલભૂમિમાં ગયેલા હતા ત્યારે વજસ્વામીએ બધા સાધુઓની ઉપધિના વિટલા લઈને બધા પાટની સામે ગોઠવીને મૂકી દીધા. પછી પોતે પાટ ઉપર બેસીને વાચના આપવા લાગ્યા. સ્થંડિલભૂમિએ ગયેલા ગુરુ મ.સા. પાછા આવ્યા ત્યારે બારીમાંથી જોયું કે આ નાના બાળ મુનિ શું કરી રહ્યા છે. થોડી વાર નિરીક્ષણ કર્યું ત્યારે ગુરુને ખબર પડી આ બાળ મુનિમાં પૂરી ગીતાર્થતા આવી ગઈ છે. જ્યારે ગુરુ મ.સા. નિસ્સિહી કહીને ઉપાશ્રયમાં પ્રવેશ કરે છે. વજસ્વામી જલ્દી પાટ ઉપરથી નીચે ઉતરીને બધાની ઉપધિ જ્યાં હતી ત્યાં મૂકી દીધી. પછી ગુરુ જાણી જોઈને બીજે વિહાર કરવા તૈયાર થયા. ત્યારે બીજા સાધુઓએ કહ્યું કે ''ગુરુદેવશ્રી ! વિહાર કરશો તો અમને વાચના કોણ આપશે ?'' ત્યારે ગુરુ મ.સાહેબે કહ્યું કે વજમુનિ તમને વાચના આપશે. બધા વડીલ સાધુઓ ખુશીથી હર્ષપૂર્વક ગુરુ મ.સા.ની આજ્ઞા સ્વીકારી અને વજસ્વામી વાચન દાતા બન્યા. આવા વિશિષ્ટ શક્તિ સંપન્ન મહાત્માઓ ખરેખર તો જ્ઞાનથી વૃદ્ધ છે. બાળ નથી. પરંતુ વયથી બાળ છે છતા તેમની આશાતના કરી શકાય નહી. દીક્ષાદાતા ગુરુ જેટલા જ પૂજનીય તે વિદ્યાદાતા ગુરુને માનવા જોઈએ. જેમ બાળ-રાજાની અવહેલના કરાય તો સમગ્ર રાજ વ્યવસ્થા ખોરંભે પડી જાય. તેમ બાળ ગુરુનો તિરસ્કાર થાય તો સમગ્ર ગચ્છને પારાવાર નુકસાન થાય. આચાર્યપદ તેમાંયે ગચ્છનાયક પદ તો ક્યારેક જ બાળવયના સાધુને પ્રાપ્ત થાય જ્યારે મુખ્ય ગુરુ અચાનક કાળધર્મ પામે તે વખતે જો મોટી ઉમરના વિશિષ્ટ ગીતાર્થ સાધુ ગચ્છ પાસે ન હોય તો અન્ય ગચ્છના ગીતાર્થ સાધુને આમંત્રીને લાવવામાં આવે. તેમના દ્વારા પોતાના ગચ્છના ભલે નાની ઉમરના પણ વિશિષ્ટ ક્ષયોપશમ, પુણ્યાઈ ધરાવનારા બાળશ્રમણને તૈયાર કરાય. ત્યાર બાદ તેમને ગચ્છનાયક પદે આરૂઢ કરાય. આવા બાળ ગુરુને અન્ય વયોવૃદ્ધ કે પર્યાયવૃદ્ધ સાધુઓએ બધા પ્રકારની સહાય કરવી જોઈએ. એમની અવહેલના તો સ્વપ્ને પણ ન કરાય.

હવે સદ્‌ગુરુના ગુણોની વાત પ્રસ્તુત ગાથામાં કરશે.

''पडिरुवो तेयस्सी जुगप्पहाणागमो महुखक्को
गंभीरो धीमंतो उवएसपरो अ आयरिओ

अपरिसावी सोमो संगहसीलो अभिग्गहमइ अ
अविकंथणो अचवलो पसंतहियओ गुरु होइ''

અર્થ: ૧) તેજસ્વી ૨) યુગપ્રધાન જેવા જ્ઞાનવાળો ૩) મધુરભાષી ૪) ગંભીર ૫) ધૃતિમાન ૬) ઉપદેશદાનમાં તત્પર ૭) અપ્રતિશ્રાવી ૮) સૌમ્ય ૯) સંગ્રહશીલ ૧૦) અભિગ્રહો કરવાની બુદ્ધિવાળા ૧૧) અલ્પભાષી ૧૨) સ્થિરસ્વભાવી ૧૩) પ્રશાંત ચીત્તવાળા ગુરુ એટલે ખરેખર તો ગીતાર્થ, સંવિગ્ન (અનાસક્ત) આચાર્ય, આજકાલ જે દિગબંધન દ્વારા ગુરુ - શિષ્ય કરાય છે. તે વસ્તુતઃ સંઘાટક કહેવાય. સંઘાટક એટલે એક બીજાના કાર્યોમાં સહાયક ના બને તેમને ગુરુ - શિષ્ય ન કહેવાય. ગુરુ તો તે બધા સંઘાટકોના આચાર્ય ગચ્છનાયક ગુરુ કહેવાય.

છતા હાલ આપણે જે ગુણોનો વિચાર કરીએ છીએ તો પોત પોતાના ગુરુ શિષ્યનો જે વ્યવહારમાં જે ગુરુ તરીકે સ્થાપેલા હોય તેમાં પણ વિચારી શકીએ.

૧) પ્રતિરૂપ જેવા તેજસ્વી:- ગુરુ તીર્થંકરદેવના અંશતઃ(પ્રતિરૂપ) તેજસ્વી હોય, પ્રતિભાસંપન્ન હોય, સામાન્યતઃ તો તે પાંચ ઇન્દ્રિયોથી પરિપૂર્ણ હોય, તેઓ બાહ્યરૂપથી પ્રતિભાસંપન્ન હોય તો લોકો ઉપર અથવા રાજા, વડાપ્રધાન વગેરે ઉપર તેમનો જબરદસ્ત પ્રભાવ પડે એ નિર્વિવાદ વાત તો આપણે જોઈએ છીએ કે કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની પ્રતિભા એવી હતી કે બાળ મુનિ ગુરુ મ.સા. સાથે ગોચરી ગયા કે ત્યાં બહાર કોલસાનો ઢગલો જોઈને કહ્યું કે અરે આ તો સોનુ છે બહાર કેમ નાખ્યું છે અને જેવો એ મુનિનો એને સ્પર્શ કરાવવામાં આવ્યું તો તે બધા કોલસાનો ઢગલો સોનુ બની ગયું. ત્યારથી જ એમનું નામ હેમચંદ્ર રાખવામાં આવ્યું. એવા પ્રતિભાસંપન્ન આચાર્ય રાજા કુમારપાલ ને પણ પ્રતિબોધ પમાડી જિનશાસનની અપૂર્વ પ્રભાવના કરાવી છે. આવા અનેક દાખલાઓ શાસ્ત્રોમાં જોવા મળે છે.

૨) યુગપ્રધાન તુલ્ય જ્ઞાનવાળા :- ગુરુ યુગપ્રધાન કે યુગપ્રધાન જેવા જ્ઞાની હોવા જોઈએ. આમાં એકલી સાધના કે એકલો પુણ્યોદય ન ચાલે પરંતુ તેની સાથે પુણ્યાનુબંધી પુણ્ય જોઈએ. આમ તો યુગપ્રધાનની વ્યાખ્યા તો એમ છે કે જે વર્તમાનકાલીન યુગ છે. તેમાં એકદમ ચડિયાતા, સર્વશ્રમણ માન્ય, સંઘસંગઠનકારી હોય તે પૂરા અર્થમાં યુગપ્રધાન ન હોય તો પણ જો વિશિષ્ટ જ્ઞાની હોય તો યુગપ્રધાન તુલ્ય જ્ઞાની બની શકે.
જેવી રીતે ૧૪ પૂર્વધારી ભદ્રબાહુસ્વામીજી યુગપ્રધાન થઈ ગયા. એટલે કે વિશિષ્ટ જ્ઞાની અને એમની તુલનામાં આવી શકાય તેવા હોવા જોઈએ.

૩) મધુરભાષી:- ગુરુ હમેશા મધુર વાણી બોલે. તે જાણે છે કે કડવું બોલવાથી કેટલું બધું અહિત થતું હોય છે, કડવું બોલવાથી બે કામ થઈ જતા હોય તોય તે સફળતા મેળવવા જેવી નહી, તેના પ્રત્યાઘાત રૂપે સામી વ્યક્તિન હૈયે તીવ્ર કડવાશ ફેલાઈ જાય છે. ગીતાર્થ ગુરુને કડવા થવા સુધી જરૂર પડે પણ તે ક્યારેક. બાકી તો પૂરી બુદ્ધિ વાપરીને મીઠાશથી દરેક વાતને ઉકેલે.

પ.પૂ.આ. કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા. માં આ કલા હતી. બહુજ મીઠું બોલતા, ગમે તેવા ક્રોધીલા વ્યક્તિ અથવા ઉધ્ધતાઈવાળા વ્યક્તિ એમની પાસે જાય તો પણ એકદમ મીઠું બોલતા. ગુરુએ વાત્સલ્યથી શિષ્યોને સંયમ જીવનની તાલીમ આપવી જોઈએ. કેમકે તાલીમ પોતે જ ખૂબ કડવી છે, તેમાં વચનોની કડવાશ ના હોય, વચનોની મીઠાશ જ હોય.

૪) ગંભીર:- ગુરુ ગંભીર હોય, તેમનું મન કોઈ ન કળી શકે. ગુરુ પાસે અનેક આત્માઓ આલોચના કરે. એમની એકાદ પણ વાત તેમના મોમાંથી બહાર ન નીકળી જાય. તેમ થાય તો તે વાત જાહેર થતા તે આત્માને પારાવાર નુકસાન થવાનો સંભવ રહે. જે ગુરુ આલોચના-દાનના કાર્યમાં સફળ રહે છે તે સેંકડો આત્માઓના પાપોનું પ્રક્ષાલન કરી આપીને પોતાનો મોક્ષ નક્કી કરી દે છે.

દીક્ષાદાતા ગુરુને ગુરુ કહેવાય. પ્રાયશ્ચિતદાતા ગુરુને ગુરુમાં કહેવાય. એના ઉપકારનો બદલો કદી વાળી ન શકાય. આલોચનાદાતા ગુરુ જો ગંભીર હોય તો જ તેમની પાસે આલોચના થઈ શકે. જો આવા એકાદ પણ પ્રાયશ્ચિતદાતા ગુરુ આ ધરતી પર ન રહે તો જીવનની મેલી ચાદરોનું પ્રક્ષાલન કોણ કરી આપે ? આમ થતા કેટલા બધા આત્માઓ આલોચના કર્યા વિના દુર્ગતિ ભેગા થઈ જાય.

૫) ધૃતિમાન:- ગુરુનો આત્મા મેરુ જેવો અડગ હોય, ખુબ ધીરજ વાળો હોય, એ ઉતાવળા ન થઇ જાય પણ ધીરજ રાખીને દરેક વસ્તુને વિચારે. પ્રક્ષાલ જલ આવી રહ્યું હતું પણ કૌશલ્યા ધીરજ ધારણ ન કરી શકી. આપઘાત કરવા માટે ફાંસલો ખાઈ લીધો.

દ્રૌપદી ગમે ત્યારે ઉતાવળી બનીને ગમે તેમ બોલી નાખતી, ગુરુથી આમ ઉતાવળા ન થવાય. આપણા મનમાં વારંવાર શંકા થતી હોય છે, ધર્મ તો કરીએ પણ એનું ફળ ક્યારે મળશે. મનમાં અધીરાઈ બહુ થતી હોય છે. ધીરજ ખોઈ નાખીએ અને ઉતાવળા થઈએ તો બહુ નુકસાન થાય. જે સહુના ગુરુ છે એ તો ખૂબ જ ધૈર્યવાન હોય, કોઈ પણ આશ્રિતના વિકાસમાં તે અધીરા ના થાય. બધું શ્રદ્ધા પૂર્વક જોયા કરે.

૬) ભવ્ય જીવોને ઉપદેશ દાનમાં ઉત્સાહી:- જો સુપાત્ર જીવ મળે તો ગુરુ અવશ્ય ઉપદેશ દાન કરે, અન્ય જીવો સંસારમાંથી ઊગરે અને મોક્ષ તરફ પ્રયાણ કરે. એના કરતા ઉત્કૃષ્ટ કામ બીજું ક્યું હોઈ શકે. એકાદ પણ આત્માને સંસારથી ઉગારવો એ તો બહુ મોટી વાત કહેવાય. જો ગુરુ સાચા અર્થમાં ગુરુ હોય તો તેઓ શિષ્ય બનાવવાના લોભથી વ્યક્તિને દીક્ષા આપે. ઉતાવળ કરવા જતા અપાત્ર ને દીક્ષા અપાઈ જાય તો મોટું નુકશાન થાય માટે બરાબર ટકોરા મારીને તાલીમ આપીને દીક્ષા આપે.

અરે ! દીક્ષા દેવાની વાત તો દૂર રહી, ઉપદેશ દેવામાંય પાત્રતા જોવી પડે, કુપાત્રને ઉપદેશ દાન એ સાપને દૂધ પાવા જેવું બને છે. જ્ઞાનીઓ કહે છે કે અયોગ્ય વ્યક્તિને ઉપદેશ દેવાની કરુણા કરવી તે અતિકરુણા છે. અસ્થાનીય કરુણા છે. હડકાયી કૂતરીને ચંદનનો

લેપ કરવા જેવી એ કરુણા છે. અથવા કાચા ઘડામાં પાણી નાખવાની એ કરુણા છે. આમ કરવામાં ઉભયનો નાશ છે.

૭) અપ્રતિશ્રાવી:- ગુરુનું દિલ એકદમ પાકું હોય, એ એવો ઘડો હોય કે જેમાં એક પણ છિદ્ર ન હોય, જેથી કોઈ વસ્તુ બહાર નીકળી ન શકે. આ વાત ખાસ કરીને આલોચનાના વિષયમાં સમજવાની છે. દરિયા જેવા દિલ વાળા ગુરુના હૃદયમાં એવું અગાધ ઊંડાણ હોય કે બધુ તેમાં સમાઈ જાય, ભૂલમાં કે સ્વપ્નમાં, કોઈની ગુહ્યવાત બહાર નીકળી ન જાય, આવું કરી બેસનાર ગુરુને અનંત સંસાર પરિભ્રમણ થઈ જાય. એ ઉત્સૂત્ર ભાષી ન હોય, શારીરિક કારણસર પોતાના અનિવાર્ય દોષ બદલ એ ઉઘાડો ખેદ વ્યક્ત કરતો હોય, કેમકે તે સંપૂર્ણપણે નિરભિમાની હોય. એક કમલપ્રભ નામના આચાર્ય હતા. જેમનું નામ સાવધાચાર્ય તરીકે પ્રસિદ્ધ હતું. જેઓ એકદમ શુદ્ધ શાસ્ત્રના કટ્ટર પાલક હતા. એક વાર એ આચાર્યનું સામૈયું હતું. તેમાં એક સ્ત્રીએ ચરણનો સ્પર્શ કર્યો તો લોકોએ જોયું આ શું આવી રીતે કોઈ સ્ત્રીનો સ્પર્શ થતો હશે ? ત્યારે તેમણે એમ કહ્યું કે શાસ્ત્રમાં ઉત્સર્ગ અને અપવાદ બન્ને પ્રકારના માર્ગ આવે છે. પણ ખરેખર શાસ્ત્રમાં બીજા બધા વ્રતોમાં ઉત્સર્ગ અને અપવાદ માર્ગની વાત આવે છે પણ ચોથા વ્રતમાં આવું આવતું જ નથી. એવું પોતે જાણવા છતાં કપટથી ઉત્સૂત્ર બોલ્યા તો એમને તીર્થંકરનામ કર્મ બાંધેલું તે આવું બોલવાથી ચાલ્યુ ગયું.

કહેવાનો ભાવાર્થ એટલો જ છે કે ગુરુ મ.સા. કાચા ઘડા જેવા નહી પણ પાકા ઘડા જેવા હોવા જોઈએ.

૮) સૌમ્ય:- સામાન્તયઃ ગુરુ સૌમ્ય એટલે કે શાંત અને પ્રસન્ન રહે કેમકે તેથી શિષ્યોના અંતરમાં એમના ઉકળાટનો સતત ગભરાટ રહ્યા ન કરે. તેમ થાય તો ઉલ્લાસ વિનાના શિષ્યો કોઈ આરાધના દિલ દઈને ન કરે. સૌમ્ય આકૃતિ વાળા ગુરુના દર્શન માત્રથી શિષ્યોનો સંયમ જીવન જીવવાનો ઉત્સાહ વધી જાય.

સૌમ્ય ગુરુ પાસે રહેવાનું બધા શિષ્યોને ખુબ ગમે, એ મોવડીની ગરજ સારે, આમેય મોક્ષ માર્ગની આરાધના ખુબ કઠીન છે, તેમાં જો ગુરુ ઉગ્ર સ્વભાવના ક્રોધી હોય તો આરાધના વધુ મુશ્કેલ બની જાય. ગુરુ ગૌતમ સ્વામીની સૌમ્ય મુખાકૃતિ જોઈને અઈમુત્તા મુનિ એમની પાછળ પાછળ આવી દીક્ષા લઈ લીધી. એજ એના વિરુદ્ધમાં ચંડકૌશિકના પૂર્વભવીય તપસ્વી સાધુ કેટલા ક્રોધી તો શિષ્યોથી દૂર જ રહેતા. આવી ક્રોધની લેશ્યામાં મૃત્યુ પામીના દ ષ્ટિવિષ સર્પ બન્યા. ગુરુના અપ્રતીમ વાત્સલ્યદાન વિના શિષ્યોનો અધ્યાત્મિક વિકાસ સદા માટે સ્થગિત રહેશે. એટલું જ નહી પણ તેમના જીવનમાં દોષો પ્રવેશી જશે. તેઓ કોઈ બીજાનો સ્નેહ મેળવવા તરફ દોડી જશે. માટે ગુરુએ સૌમ્ય બનીને રહેવું અતિ આવશ્યક છે.

ક્રોધ એ ન છુટકાનું શસ્ત્ર છે. પરંતુ સૌમ્ય ભાવ એ સદાબહાર સફળ શસ્ત્ર છે.

૯) સંગ્રહશીલ:- શિષ્યોને કટોકટી સર્જાય તે વખતે તેમને આપવા માટે જરૂરી ઉપકરણોનું ગુરુ સંગ્રહ કરે. ખરેખર તો દરેક સાધુની ઉપધિ એકદમ ઓછી હોય છે. જ્ઞાનીઓએ કહ્યું છે કે સાધુનો પરિગ્રહ એટલો જ હોય, મકાનને આગ લાગે ત્યારે એ બધું લઈને એકાદ મિનીટમાં નીકળી જવાય. એક વર્ષની ઉપધિના પરિગ્રહને પરિગ્રહ કહેવાય નહી, જો તેમાં લેશ પણ મૂર્છા ન હોય, મૂર્છાને જ પરિગ્રહ કહ્યો છે.

૧૦) અભિગ્રહોના ધારક:- ગીતાર્થ ગુરુ અનેક અભિગ્રહોના ધારક હોય. દ્રવ્યથી ક્ષેત્રથી, કાળથી અને ભાવથી એમ ચાર રીતે અભિગ્રહો ધારણ થાય છે. અભગ્રિહો ધારણ કરવા તે પણ રસત્યાગ. દ્રવ્યત્યાગ વિગેરે બાહ્ય પ્રકારના તપ છે. પરમાત્મા મહાવીરદેવ ખેમર્ષી વિગેરે એ ખૂબ વિચિત્ર પ્રકારના એવા અભિગ્રહો ધારણ કર્યા છે જે પૂર્ણ થવા લગભગ અશક્ય લાગે છતા અભિગ્રહના પુણ્ય પ્રભાવે જ તેવા અશક્ય પ્રાઃય અભિગ્રહો પણ પૂર્ણ થયા છે.

આ કાળે પણ પ.પૂ.નવરત્નસાગરસૂરીશ્વરજી મ.સા. એવો અભિગ્રહ લીધો હતો કે કોઈ રાખ વહોરાવે તો હું પારણું કરું. રોજ સવાર સાંજ ગોચરી માટે નિકળે પણ અભિગ્રહ પૂરો થાય જ નહી પછી કોઈક એક ઘરે ગયા (એટલે સંસારી માસીને), તેઓ કંટાળી ગયા અને બોલ્યા કે બધુ વસ્તુ પૂછી પૂછીને થાકી ગઈ, પછી બોલી કે શું રાખ આપું કે ? આવું બોલ્યા ત્યારે તેઓ રાખ વ્હોરીને પોતાનો અભિગ્રહ પૂરો કર્યો. આવા વિવિધ પ્રકારના અભિગ્રહો ધારણ કરે છે.

અભિગ્રહો કરવાથી જે તે વસ્તુઓના ઉપયોગ ઉપર ખાસ્સુ નિયંત્રણ આવે. જીવન ત્યાગમય બનવાથી ખૂબ આનંદ આવે.

૧૧) અવિકથન:- ગુરુ વધુ પડતું નિરર્થક બોલે નહી. તેમાંય ખાસ કરીને સ્વપ્રસંશા કરે નહી, પોતાની પ્રશંસા કરવીએ ગુરુનું છીછરાપણું કહેવાય. પૂર્વે કહ્યા મુજબ ગુરુ ગંભીર હોય.

પરદોષદર્શન કરીને પરનિંદા કરવી અને સ્વગુણદર્શન કરીને સ્વપ્રશંસા કરવી એ બહુ અધમ બાબતો છે, જે પરગુણ જોઈને પરપ્રશંસા કરે અને સ્વદોષોને જોઈને સ્વનિંદા કરે તે આત્મા ધર્મ પામવાને લાયક કહેવાય. આ બાબતો એ ધર્મ નો પાયો છે.

અહી લેખકશ્રી કહે છે બહુ બોલવું જ નહી, એ સૌથી સારી વાત છે. કોકની પ્રશંસા કરવા જતાંય મસ્કા બાજી થઈ જશે તો ? કોકની નિંદા કરવા જતા વધુ પડતું આઘાતજનક બોલાઈ જશે તો ? આના કરતા અત્યંત આવશ્યક બાબત સિવાય ન બોલવું, મૌન જ રહેવું.

એક વાર કોઈ અજૈન બેને પતિનો દીર્ઘકાલીન વિયોગ ક્યારે પૂરો થશે. તેવું સ્વરોદયાદીના જાણકાર એવા મુનિને પૂછયું, મુનિથી સાચુ કહેવાઈ ગયું. આજે જ સાંજે. તે બેન આનંદ વિભોર થઈને સોળ શણગાર સજીને પતિની રાહ જોતી બેઠી. પતિદેવ આવ્યા પણ ખરા. પણ પતિને શંકા થઈ એટલે એને પૂછ્યું કે મારા આવવાના સમાચાર કોણે આપ્યા ? તેણી

એ કહ્યું કે મુનિભગવંતે આપ્યા,. એ દોડતો પહોંચ્યો મુનિભગવંત પાસે અને ગુરુની વાણી સાચી છે કે ખોટી તેનો નિર્ણય કરવા માટે ગુરુને પૂછ્યું અમારા ઘરે ગર્ભવતી ઘોડી છે, તેના પેટમાં ઘોડી છે કે ઘોડો, મુનિભગવંતે કહ્યું ઘોડી છે. બસ, આટલું સાંભળીને દોડતો ઘરે આવ્યો અને ઘોડીને ચીરી નાખી ઘોડી નું પેટ ફાડ્યું. તડપતી ઘોડી અને અંદરનું બચ્ચુ બન્ને મરણ પામ્યા. આવું દ્રશ્ય જોઈને પત્નીને આઘાત લાગ્યો કે મારા કારણે જ આ થયું, મારે જીવીને શું કરવું. તે જ તલવાર પોતાના ઉપર ચલાવી તે જોઈને પતિએ વિચાર કર્યો. હવે મારે કોના માટે જીવવું એમ કરીને તેણે પણ ત્યાજ આપઘાત કર્યો. તે વાત સાંભળીને મુનિભગવંતને બહુ દુઃખ લાગ્યું. મારે કારણે આટલા બધા જીવોની હત્યા, મારે જીવીને શું કરવું. એટલે તેઓએ પણ જીવનનો અંત લાવ્યો. માટે બહુ જ વિચારીને શબ્દો ઉચ્ચારવા જોઈએ.

૧૨) અચપલ (સ્થિર સ્વાભાવી):- ગુરુ વાનર જેવા ચંચળ ન હોય. તે સ્થિર સ્વભાવના હોય. સ્થિર વિચારના હોય, ખુબ વિચાર કરીને નિર્ણય લેતા હોય જેથી ખાસ કારણ ઉપસ્થિત થવા સિવાય વિચાર બદલવો ન પડે. ચંચળતા એ વાનરવેડા કહેવાય. કેમકે વાનર અત્યંત ચંચળ હોય છે. પેલો બાલચંદ્ર મુનિ ખુબ વિચિત્ર હતો તેથી જ ગુરુ હેમચંદ્રસૂરીશ્વરજી, તેની ભારે માંગણી છતા તેને આચાર્ય પદે આરૂઢ કરતા ન હતા.
આ પાત્રતા હીન સાધુને ગુરુએ મહુરત સમય થાય કે થાળી વગાડવાનું શ્રાવકોને જણાવવું તેમ કહ્યું. પણ અફસોસ! તેણે જાણી જોઈને થોડી વહેલી સાવ ખરાબ પળે વગડાવી દીધી. તે પળે બધાએ પોત પોતાના જિનબિંબોને પ્રતિષ્ઠિત કરી દીધા. પાછળથી ગુરુને સાચી વાતની જાણ થઈ. પ્રતિષ્ઠાકારકોને જણાવ્યુ કે મારા ચંચળ શિષ્યે કરેલી ભૂલનું પરિણામ મારે, તમારે, સહુએ ભોગવવું પડશે. આયુષ્યને ઉપક્રમ લાગીને આયુષ્યમાં ઘટાડો થશે.
આવી વાત છે યોગ્ય ચંચળ શિષ્યની વાત માટે ગુરુ એ સદા અચપલ રહેવું જોઈએ.

૧૩) પ્રશાંત હૃદય:- ગુરુ એકદમ શાંત મગજના હોય, શાંત હોય, પ્રશાંત હોય, ઉપશાંત હોય, જ્ઞાનદશાને પામવાથી તેમના રાગ દ્વેષ સાવ પાતળા, ઠંડા પડી ગયા હોય. મુનિ જીવનની સાધનની સફળતા વિષય-કષાયની પરિણતિના ઉપશમમાં છે દરેક સાધુએ દોષોની આંતર પરિણતિમાં કેટલો ઘટાડો થયો ? તે વાત ધર્મ પ્રવૃત્તિની પ્રત્યેક પળમાં વિચારતા રહેવી જોઈએ. ખાસ કરીને ત્રણ પરિણતિઓનું વિશેષ મહત્વ કહી શકાય.
૧) જીવ કરુણા ૨) જિનાજ્ઞા બહુમાન ૩) પાપ ભય.
અહી ગુરુના (પ્રધાન ગુરુના તથા ઉપચારથી ગૌણ ગુરુના) તેર ગુણો જણાવ્યા. પૂર્વે મેં જણાવ્યા છે કે ગુરુ એટલે મુખ્યત્વે તો ગણાધિપતિ ગીતાર્થ સંવિગ્ન આચાર્ય.

પુરુષ પ્રધાન ધર્મ જ કેમ ?

वरससयदिक्खियाएं अज्जाए अंज्जदिक्खिओ साहु
अभिगमणवंदणनमंसणेणं विणएणं सो पुज्जो...

અર્થ:- સો વર્ષની દીક્ષિત સાધ્વીજીઓ, આજેજ દીક્ષિત થયેલો સાધુ સામે જવા રૂપ, વંદન કરવા રૂપ, નમસ્કારાદિ કરવા રૂપ વિનય કરે છે. એ સાધુ તે સાધ્વીજીને માટે પૂજ્ય બની રહે છે. સામાન્યતઃ નિયમ એવો છેકે જેનો દીક્ષા પર્યાય વધુ હોય તેને ઓછા દીક્ષા પર્યાય વાળો વંદનાદિ કરે. આ નિયમમાં દીક્ષિત પિતા-પુત્ર, માતા-પુત્રી, રાજા-મંત્રી વગેરે સંબંધમાં અપવાદો છે. શેદુવક નામનો ભિખારી ચંદનબાળાજી પ્રત્યે અપૂર્વ બહુમાન દાખવતા સેંકડો ભક્તો - ભક્તાણીઓને ટોળે વળેલા જોઈને સ્તબ્ધ થઇ ગયો. તે ખૂબ ભૂખ્યો છે. એ વાત જાણીને ચંદનબાળાજીએ ગૃહસ્થો દ્વાર તેને મિષ્ટ ભોજન કરાવ્યું. આથી એ અત્યંત પ્રભાવિત થયો. જૈન શ્રમણોની આવી કરુણા જોઈને તેને જૈનધર્મ પ્રત્યે બહુમાન જાગ્યો અને તેણે દીક્ષા લીધી. તે પછી ગુરુએ તેના ઉપકારી બનેલા ચંદનબાળાજીની પાસે મોકલ્યો. ચંદનબાળાજી આ નૂતન મુનિને જોઈને સામેથી ઉભા થઈને તેમનું આદર સત્કાર કર્યું. તેમને પાટ ઉપર બેસાડીને ચંદનબાળાજીએ વંદન કર્યા. તે વખતે નૂતન દીક્ષિતનો આત્મા હચમચી ગયો. એની આંખો અશ્રુથી ઉભરાઈ ગઈ. ૩૬ હજાર સાધ્વીજીઓની ધણીઆણી ચંદનબાળા પણ આજના એક ભિખારી નૂતન દીક્ષિતને પણ આટલા બહુમાન થી વંદન કરે. એટલે આપણો ધર્મ કેટલો ઊંચો, એ નૂતન દીક્ષિતને ત્યાં ચંદનબાળાજીએ પુરુષ પ્રધાન ધર્મ સમજાવ્યો અને યથાયોગ્ય બોધ આપવા રૂપે પ્રગટ થયેલા મહામુલા સંયમ જીવનને નિરતિચારપણે જીવવાની પ્રેરણા આપી. નૂતન દીક્ષિત સમગ્ર મુનિ જીવન અપૂર્વ ઉલ્લાસપૂર્વક જીવ્યા.

આ પ્રસંગમાં આંખે ઉડીને વળગે તેવી વાત છે. નિર્મલ ચારિત્રની જબરદસ્ત તાકાત. ચંદનબાળાજી એક રાજકુમારી એટલે રૂપ રૂપની અંબાર, તેણી દીક્ષા લઈને હજારો સાધ્વીજીઓના ગુરુણી, બન્યા. તેમનું ચારિત્ર સર્વાંગ સુંદર હતું. એમના મોં ઉપર તેની અતિશય પ્રસન્નતા હતી તેથી જ ભિખારી પ્રતિબોધ પામ્યો. સર્વોચ્ચ સ્થાનમાં રહેલા સાધ્વીજીએ નૂતન દીક્ષિતને વંદન કેમ કર્યું ? તેનો જવાબ આ શ્લોકમાં આવ્યો છે તેવી વિધિ છે.

હવે વિધિ શા માટે છે ? તે વાત એ પછીના શ્લોકમાં ગ્રંથકાર સમજાવશે. પરંતુ અહી એક વાત ઉપર લેખકશ્રી પ્રકાશ નાખે છે કે આ નિયમથી સ્ત્રીજાતીને પોતાના વડપણાના અહંકારના ચુરાચુરા કરી દેવાની કેવી જબરી તક મળી છે.

જ્યાં અહંકારનો ચૂરો થાય છે ત્યાં ધર્મ છે આ અપેક્ષાએ શુદ્ધ આલોચના કરણ એ સર્વોત્કૃષ્ટ ધર્મ બને છે.

તે પછી ''વિનય'' પણ સર્વોત્કૃષ્ટ ધર્મ બને છે. આથી જ ઉત્તરાધ્યયન સૂત્રમાં પ્રથમ વિનય-અધ્યયન મૂકીને એ વાત પ્રગટ કરી છે કે ''વિનય'' વિનાનો સાધુ મોક્ષ પામવા માટે તદન અયોગ્ય છે.

આજના દીક્ષિત સાધુ તે પણ ભિખારી તેને બધી રીતે સર્વોચ્ચ પદે રહેલા આર્યાચંદનાજી ભાવપૂર્વક વંદન કરે તે કેટલી બધી મોટી ઘટના કહેવાય. ચંદનાજીના અહંકારના ચુરા ચુરા કદાચ ગૌતમ ગણધરની વિનમ્ર સ્થિતિ સાથે સ્પર્ધામાં ચડી હશે. કોણ જીત્યું હશે ? એ તો આપણા જેવા અજ્ઞાનીઓને શી ખબર પડે પણ સાચા અર્થમાં જેઓ સાધુ કે સાધ્વી છે તે તમામ તારક તીર્થંકરદેવની આજ્ઞાને અંતરથી શિરસાવંધ્ય કરવા સિવાય બીજું કશું સમજતા નથી, એકાદ પણ વાત માટે ચર્ચા વિચારણા કરવા ય તૈયાર હોતા નથી.

અરિહંતદેવ પ્રત્યેનું આ કેટલું બધું બહુમાન ! આજ્ઞા પ્રત્યે પણ કેટલો બધો આદર ! જ્ઞાનીઓ કહે છે કે ''તારક તીર્થંકરદેવ મહાન છે પણ તેમની આજ્ઞા તો તેથીએ મહાન છે.'' અરિહંતદેવની અષ્ટ પ્રકારી પૂજા કરતાય તેમની પર્યુપસ્તી (આજ્ઞાપાલન) વધુ આદરણીય છે.

ગૃહસ્થો માત્ર પૂજન કરે છે, શ્રમણો આજ્ઞાનો પાલન કરે છે, આજ્ઞાનો અપાલક એવો પૂજક શા કામનો ?

धम्मो पुरिसप्पभवो, पुरिसवरंदेसिओ पुरिसजिट्ठो
लोए वि पहू पुरिसो किं पुण लोगुत्तमे धम्मे ।।

ધર્મ પુરુષથી ઉત્પન્ન થાય છે, ધર્મ પુરુષોત્તમોથી ઉપદેશાયેલો છે માટે તેમાં પુરુષ જ મુખ્ય હોય છે. લોકમાં પણ સામાન્યતઃ પુરુષની પ્રધાનતા જોવા મળે છે તો લોકોત્તર એવા ધર્મમાં તો પુરુષની જ પ્રધાનતા હોય ને ?

જુઓ ધર્મ બતાડયો ગણધર ભગવંતોને, પુરુષ એવા તીર્થંકરદેવે ધર્મ જગતને ઉપદેશ્યો પુરુષ એવા ગણધર ભગવંતોએ.
આમ ધર્મક્ષેત્રે પુરુષની મુખ્યતા રહેલી છે.

સંસારિક બાબતોમાંય આ જ વાત છે. રાષ્ટ્રમાં રાજા, પ્રધાન વિગેરે પુરુષ હોય છે.

ધંધાદિકમાં પણ પુરુષ જોવા મળે છે, ઘરમાં વડીલ તરીકેનું સ્થાન પુરુષ દિપાવે છે. વડીલને સલાહ લેવી હોય તો દીકરા પાસે લેવાય છે, દીકરીઓ પાસે નહી, ઘરની જવાબદારી પણ દીકરાને માથે નખાય છે.

પુરુષના દેહ સાથે કેટલાક વિશિષ્ટ ગુણોની નિમિત્તતા પડેલી છે. નારીના દેહ સાથે તુચ્છતા, ઈર્ષ્યા, અહંકાર, માયા વગેરે દોષોની નિમિત્તતા પડેલી છે. આથી પણ તેને પ્રાધાન્ય આપી શકાય નહી, વર્તમાન વિશ્વમાં જુઓ ભારતમાં જુઓ, ટોચના બધા સ્થાનો ઉપર નજર કરો, સર્વત્ર જંગી બહુમતિમાં પુરુષો

જોવા મળશે. લોકસભા વિગેરેમાં ૩૩ ટકા અનામત સ્ત્રીને આપતા માટેની કવાયત કેટલાય સમયથી ચાલે છે, પણ સહુને ડર છે કે એટલી વિચક્ષણ સ્ત્રીઓ મળશે કે કેમ? ગમે તેને લોકસભામાં દાખલ કરીને ૩૩ ટકા પુરા કરાય તો દેશનું તંત્ર સારી રીતે ચાલી શકે નહી.

ઇન્દિરાગાંધી પોતે સ્ત્રી–વડાપ્રધાન હતા. આ સ્ત્રીએ વડાપ્રધાન પદે આવીને દેશનું કેટલું બધું અહિત કરી નાખ્યું છે. આથી પુરુષપ્રધાનતા સાબિત થાય છે. અરે! અમેરિકામાં સ્ત્રીને પુરુષ સમોવડી ગણી છે. છતા તેના ૨૦૦ વર્ષમાં એક પણ સ્ત્રી અમેરિકાના પ્રમુખ પદે આવી નથી. સ્ત્રી સમાનતા કે પ્રધાનતાની વાત કોઈ પણ હાલતમાં બરોબર નથી. હા રસોડામાં ઘરની જાળવણીમાં સ્ત્રીની જ સંપૂર્ણ પ્રધાનતા છે. પરંતુ સર્વત્ર તે થઈ શકે નહી.

એક વાત સમજી રાખવી કે સ્ત્રીને બદલે પુરુષની. ધર્મમાં જે પ્રધાનતા ગણવામાં આવી છે. તેમાં મુખ્ય અને એક જ કારણ એ છે કે જગતમાં સર્વોપરી જિનશાસન છે, આ જિનશાસનને જેના દ્વારા વિશિષ્ટ બળ પ્રાપ્ત થતું હોય તેની પ્રધાનતા સ્ત્રી કરતા પુરુષ દ્વારા જિનશાસનને પુષ્કળ લાભ છે. માટે જ તેની પ્રધાનતા ગણાઈ.

જુઓ તીર્થંકરદેવ અને ગણધર ભગવંતો જિનશાસનના પ્રકાશક અને સંરક્ષક છે. આથીજ પરમાત્માની દેશના બાદ પાદપીઠ ઉપર બેસીને ગણધર ભગવંત દેશના આપે. સ્વઆત્મહિત સાધનારા કેવલીભગવંતો નહી, ભલે તેઓ સર્વજ્ઞ હોય, આમ દરેક વાતે ગણધર ભગવંતનું મહત્વ કેવલી ભગવંતો દ્વારા દર્શાવાય.

નવકારમંત્રમાં પ્રથમ પદે અરિહંત છે પછી સિધ્ધ ભગવંતો છે. તેઓ અષ્ટ કર્મ મુક્ત છતાં હજી જેના ચાર આઘાતી કર્મોનો ક્ષય બાકી છે તેવા અરિહંત દેવને પ્રથમ પદે મુક્યા કેમકે તેઓ જિનશાસનના પ્રવર્તક છે. જ્યારે શિષ્યને આચાર્ય પદ આપીને જિનશાસનની ધુરા ગુરુ તેના માથે નાખે છે ત્યારે ગુરુ શિષ્યને વંદન કરે છે. એ રીતે શ્રીસંઘ જાહેર કરે છે કે હવે મારી જેમ તમે આ નૂતન આચાર્યનું ગૌરવ કરજો, કેમકે સંચાલન તે કરશે. ટૂંકમાં સર્વત્ર જિનશાસનને નજરમાં રખાયું છે. હવે સમજાશે કે પુરુષ જ જિનશાસનનો સંરક્ષક હોવાથી તેની પ્રધાનતા જણાવાઈ છે. આમાં નારીને તિરસ્કારવાનો કોઈ સવાલ ઉભો થતો નથી. હિટલરે સત્તા હાથમાં લેતાની સાથે અનેક વ્યવસાયોમાં કામ કરતી તમામ નારીઓને ઘર ભેગી કરી હતી, તેમને સમજાવ્યું હતું કે તમે તમારા પતિ (સૈનિક) ને ભરપુર સ્નેહ આપો, એટલે મને તમારા તરફથી રણમેદાનમાં મહાન યોદ્ધો પ્રાપ્ત થાય છે, તમે તમારા સંતાનોમાં રાષ્ટ્રદાઝના સંસ્કાર નાંખો જે રાષ્ટ્રના મોટા હિતમાં પરિણમે, તમે ઘર બરોબર સંભાળો જેથી તમારો પતિ રાષ્ટ્રચિંતામાં ઓતપ્રોત બની શકે.

પણ વર્તમાનમાં તો નારીને પુરુષપ્રધાન અથવા પુરુષ સમોવડી બનાવવાની જે હવા ચાલી છે તેમાં નારીને ઘરની બહાર લાવવાની અને તેના સૌંદર્યને નીચોવવાની ખૂબ હલકી રમત જણાય છે. આ હવાથી આપણી લાખો કન્યાઓ કોલેજમાં ભણવાના નામથી ક્યાંય **Other Caste** વાળા આવારા છોકરાઓ સાથે **Friendship** કરીને ભણવાનું તો બાજુમાં અને બીજો કામો એવા ગંદા થતા હોય છે. એક છોકરીની પાછળ કમસેકમ ૮-૧૦ છોકરા પડ્યા હોય છે. એને પણ પોતાની આબરૂની કાંઈ પડી નથી એટલે એવા છોકરાઓ સાથે ખુલ્લેઆમ મૂવી જોવા જવાનું ત્યાંથી હોટલોમાં વિગેરેમાં જઈને પોતાનું શરીર તેઓને સોંપીને શીલને લુંટાવીને પોતાના માતા પિતાના કુલને કાળુ કલંક લગાડે છે. નારીઓ જરૂર શિક્ષણાદિ પામીને **Job** કરવા માટે તૈયાર થઈ છે. પરંતુ જાણવા મળ્યા પ્રમાણે ચાલીસ ટકા જેટલી નારીઓનું જાતીયશોષણ થયું છે, તેને બધી રીતે પુરુષે બરબાદ કરી છે. આ સ્થિતિમાં તે પુરુષ બનવા જતા નારી પણ મટી ગઈ છે, ન ઘરની ન ઘાટની એવી તેની અવદશા થઈ છે.

Job કરે એટલે અહંકાર તો એટલો બધો આવી જાય જાણે હું કાંઈ કમાઈ કરૂ છું એટલે પોતાના પતિની સામે પણ જોવા તૈયાર નથી કમાયેલા પૈસા પોતાની પાસે રાખે, પતિ પોતાના પૈસા પોતાની પાસે રાખે, ઘરમાં બિચારા માતા પિતાની કેવી પરિસ્થિતિ સર્જાય છે. ઘરના કામના ઢસરડા સાસુને કરવાના બન્ને ટાઈમ મહેમાનની જેમ રસોઈ કરીને રાખવી અને ઘરમાં ખર્ચા માટે પણ પૈસા નહી આપે, રોજના સંકલેશ કંકાસ ચાલુ અંતે સાસુ સસરાથી જુદી થાય અને પતિના સાથે પણ આવી જ અવદશા. બન્નેને અંદરોઅંદર બને નહી. રોજના સંકલેશમાં **job** કરવા જાય ત્યાં બીજા કોક પરપુરુષના પ્રેમમાં ફસાઈને પોતાનું શીયલ હોમી નાખે છે એટલે આવી પરિસ્થિતિમાં ક્યાં સ્ત્રીઓને આગળ કરાય, આ બધી બાબતો વિચારતા એવું લાગે કે જે જ્ઞાનીઓ એ પુરુષ પ્રધાન ધર્મ કહેલો છે તે વાત સો ટકા દિવા જેવી સાચી છે.

એક બહુ આનંદની વાત છે કે આજના જમાનાવાદી (બુદ્ધિજીવી) લોકો ધર્મના સિદ્ધાંતોને તોડવા માટે ઘણી ભાષણબાજી કરે છે. પણ ફાવતા નથી તેવા એક જૈનાચાર્ય પણ આ પવનમાં ફસાઈને કહ્યું હતું કે ''પુરુષપ્રધાનતા બરોબર નથી, દરેક સાધુએ પોતાનાથી મોટા તમામ સાધ્વીજીઓને વંદન કરવું જોઈએ'' કોકે તેમને કહ્યું કે આ વાતની તમારાથી શરુઆત કરો. બિચારા આચાર્ય ! એક પણ સાધ્વીને વંદન કરવાની હિંમત કરી શક્યા નહી તેમની વાતનો તેમણે જ ફીયાસ્કો કર્યો. એક વાતનો આનંદ છે કે આજે પણ કટ્ટર શાસ્ત્રચુસ્ત સાધુઓ ઠીક ઠીક સંખ્યામાં ભારતની ધરા ઉપર ચક્કર મારી રહ્યા છે. શ્રીસંઘને સુવ્યવ્યસ્થિત

આજ્ઞાપ્રતિબદ્ધ રાખે છે, ભલે તેનો વ્યાપ નાનો હોય પણ તે ખૂબ મજબુત છે એટલે નાના મોટાની કોઈ ચિંતા નથી.

ધર્મ કોઈ કાળે નબળો પડે, વળી કોક કાળે એકદમ તગડો થઈ જાય એના વિકાસનો ગ્રાફ ઉંચો નીચો થયા કરે, પણ તેની ચિંતા કરવાની હોય નહીં, ગમે તે બને પણ એકવીશ હજાર વર્ષ સુધી જિનધર્મ અવિરતપણે આ ધરતી ઉપર જીવંત રહેવાનો છે.

ગુણોમાં શિરમોર ગુણ સહન શીલતા

साहू कांलारमहाभएसु अवि जणवए वि मुइउम्मि
अवि ते सरीरपीडं सहंति न लहंति य विरुद्धं

અર્થ:- સાધુ જંગલમાં હોય કે મહાભયની સ્થિતિમાં હોય તોય બધી તન મનની પીડા સહી લે છે પણ તેને દૂર કરવા માટે અનેષણીય (દોષિત) તો નથી જ લેતા. જંગલમાં રહે ત્યારે પણ તેઓ જેમ ગામમાં રહે તેવી પ્રસન્નતા અને નિર્ભયતાની સાથે રહેતા હોય છે. નથી ડગાવતી તેમને શરીર પીડા કે મનની પીડા. ટૂકમાં અસમાધિની સ્થિતિમાં પણ તેઓ જયણાધર્મને બરોબર ધ્યાનમાં રાખે છે.

સાધુ જે ખરેખર સાધુ છે તેનું મુખ્ય લક્ષણ દોષિત ગોચરીનો, સદા માટે શક્ય બને તો ક્યારે પણ અપવાદ સેવ્યા વિના ત્યાગ. આમ કરતા દેહ ઉપર કે મનમાં ગમે તેટલી અશાતા કે અસમાધિ ત્રાટકવાના સંયોગો ઉભા થાય તો તેની પણ જે પરવા ન કરે તે સાધુ.

બેશક જ્ઞાનીઓએ તો અસમાધિના નિવારણ માટે દોષિત ગોચરી લેવાનો અપવાદ-માર્ગ બતાડચો છે ખરો. પણ જે મુનિઓ વિશિષ્ટ કોટિનું આત્મસત્વ ધરાવે છે તેઓ તે દોષનું સેવન કરતા નથી. તેમ કરતા પ્રાણ જાય તો સહર્ષ તૈયાર હોય છે.

અતિ ભયંકર અશાતાને ભોગવતા સનતૂમુનિ, મણિઉદ્યોત મહારાજા વિગેરેએ ઔષધનું સેવન કર્યું નથી.

પ્રાણાન્ત કષ્ટની સ્થિતિમાં મુકાઇ જવા છતા અર્ણિકાપુત્ર-આચાર્ય, સ્કંદક સુરિજીના પાંચસો શિષ્યો, ધર્મરૂચિ અણગાર, ખંધક મુનિ, ગજસુકુમાલ મુનિ કીર્તિધર - સુકોશલ મુનિ વગેરેએ મોમાંથી અરેરાટિ પણ કરી નથી.

जंतेहिं पीलिया वि हु खंदगसीसा न चेव परिकुविआ
विइयपरमत्थसारा खमंति जे पंडिया हुंति.

અર્થ:- યંત્રમાં પિલાયા છતાં સ્કંદકસૂરિજીના પાંચસો શિષ્યો જરાક પણ ક્રોધિત થયા નહી. પંડિતજનો પરમાર્થના તત્વને બરોબર જાણતા હોય છે.

તે નગરના રાજાનો મંત્રી પાલક હતો, તે અભવી જીવ હોવાથી અતિશય નિષ્ઠુર પરિણામી હતો. જૈન ધર્મનો કટ્ટર દ્વેષી હતો, તેણે એકવાર સ્કંદકુમાર સાથે ધર્મના

વિષયમાં વાદ થયો, તેમાં નાસ્તિક પાલક હારી જતા તેને સ્કંદકુમાર ઉપર દ્વેષ થયો, કુમાર દીક્ષા લઈને આચાર્ય પદ સુધી પહોંચ્યા, પાલકના કુંભકાર કટક નગરે પધાર્યા. પાલકે વૈરનો બદલો લેવાનું નક્કી કરીને જ્યાં સૂરિજી ઉતર્યા હતા તે જમીનમાં જ શસ્ત્રો દાટીને રાજાને ભંભેરણી કરી કે તે આચાર્ય તમારી હત્યા કરવા આવ્યા છે, પુષ્કળ શસ્ત્રપુરવઠો સાથે છે જે ધરતીમાં દાટવામાં આવેલ છે. રાજાએ તપાસ કરી. શસ્ત્રો જડી આવતા રાજા ક્રોધાન્ધ બન્યો. પાલકને કહ્યું કે તને જે ઠીક પડે તે સજા એ રાજદ્રોહી સાધુઓને કર પાલકે ઘાણી તૈયાર કરી, તમામને પકડી લીધા, ક્રમશઃ પીલવાનું શરૂ કર્યું. એકેકી લાશનું માંસ લોહી શણીમાં સજ્જડ દબાતુ ગયું. હાડકાનો પાઉડર થવા લાગ્યો પણ કમાલ, એક પણ સાધુએ "ઉફ" પણ ન કર્યું. બલ્કે પૂર્ણ સમાધિમાં રહીને શ્રેણી માંડી તમામ વીતરાગ બન્યા. તરત મોક્ષે ગયા.

કેવું હદ બહારનું સહન કર્યું હશે. સાંભળતા આપણા હૈયા પણ ધ્રુજી ઉઠે. કમાલ છે તે સાધુઓની. પણ તેથી ય વધુ કમાલ સ્કંદકસૂરિજીની છે જેમણે એવા મરણાન્ત કષ્ટની ભયાનક પળોમાં દરેક શિષ્યને એવી ઉત્કૃષ્ટ નિર્યામણા કરાવી કે કોઈને અસમાધિ ન થઈ. સુરિજીને બે કામ કરવાનું ખૂબ જરૂરી હતું, એ સિવાય આવી ભયાનક વેદનામાં પરમ સમતા રાખીને મોક્ષ પામવાનું કામ સાવ અશક્ય હતું.

એક કામઃ- તેમણે દેહથી આત્મા જુદો છે, એ વાત બરોબર સમજાવી દીધી.

બીજું કામઃ- પેલા પાલક તરફ પૂર્ણ મૈત્રીભાવ સાધી રાખ્યો.

હા, છેલ્લા- બાકી રહેલા બાળસાધુના પીલણ વખતે તે ધ્રુજી ગયા, એ ખૂબ બાળ હતો, તેને પીલાતો જોવાની શક્તિ તેમનામાં ન લાગતા પાલકને કહ્યું "પહેલા મને પીલી નાંખ, પછી તે બાળસાધુને, પણ આ તો અભવી પાલક સૂરિજી જેમ વધુ દુઃખી થાય તેમ કરવામાં જ તેને રસ હતો, એટલે તેમની વાત ઠુકરાવી દીધી, આથી સૂરિજી ક્રોધે ચડયા. મૂળ વાત આપણી એટલી છે કે મરણાંત કષ્ટ આવે છતા સાધુઓએ સમતા ટકાવી પુષ્કળ સહન કરીને મોક્ષ પ્રાપ્ત કર્યું. હવે વાત એમ છે કે આપણે જ્યાં સુધી શરીર ઉપરનું કષ્ટ સમતા ભાવે સહન ન કરીએ તો ક્યારેય સિદ્ધિ મળવાની નથી. શાસ્ત્રોમાં હજારો દ્રષ્ટાંતો આવે છે જેમાં સહન કરીને જ સિદ્ધ શિલાએ પહોંચ્યા છે. આપણને આશ્ચર્ય થાય કે ચક્રવર્તીપણું, વાસુદેવપણું, તીર્થંકરપણું મેળવવામાં કાંઈ કષ્ટોને સહન કરવા પડતા નથી, પણ તમને ખ્યાલ છે કે સનતકુમાર ચક્રવર્તીએ ઇન્દ્રપણાનું અને ચક્રવર્તીપણાનું પુણ્ય શી રીતે ઉપાર્જન કર્યું ? સનતકુમારને પૂર્વ ભવે શ્રાવક જીવનમાં રાજાના આગ્રહથી મિથ્યાદ્રષ્ટિ તાપસ તરફથી પોતાની પીઠ પર ગરમા ગરમ રસોઈની કડાઈ મૂકી હતી, તેથી ગરમ-ગરમ કઢાઈના કારણે પીઠ ફદફદી ઉઠી, ચામડી ઉતરી ગઈ, આવી કપરી સ્થિતિમાં એ રાજા કે તાપસ પર જરાય ગુસ્સો ન કરતા મહાઉપશમ રાખી જંગલમાં દિવસોના દિવસો સુધી તેમણે ખુલ્લી પીઠ કાઉસગ્ગ સ્વીકાર્યો હતો. દિવસે સમડી વગેરે પક્ષીઓની તીક્ષણ ચાંચે બટકા ભરાવવાનું અને રાતે જંતુઓથી કચડાવવાનું રહ્યા કરતું હતું. આ પણ એક

એક દિશામાં ૧૫ - ૧૫ દિવસ કેવો એ ઉપશમભાવ, અજબ ગજબની સહન શીલતા, આ જનમમાં તમારે સામાન્ય ઉપશમ ભાવ લાવવો નથી, તો અહી તો નહિ પણ ક્યા અવતારે આવો ઉપશમ ભાવ આવશે? જોશું ઉપશમનું ફળ કેવું મળ્યું? જાણો છો? મહાન ઉપશમ ભાવના પ્રતાપે એ શ્રાવક સુધર્મ થયો, ત્યાર પછી સુંદર ચક્રવર્તીપણું મળ્યું. આવા ચક્રવર્તી પણામાં પણ પોતાના શરીરમાં ૧૬ રોગ ઉત્પન્ન થયા. જોઈ તરત જ ૬ ખંડના સામ્રાજ્યના અતુલ વૈભવ વિલાસને ફગાવી દઈ મહાતપસ્વી અને ઉપશમ ભંડાર મુનિ બને છે.

અર્ણિકા પુત્ર-આચાર્યનું જંઘાબળ ક્ષીણ થવાથી એક જગ્યાએ સ્થિરવાસ તરીકે રહેતા હતા, તેમના સેવામાં પુષ્પચુલા સાધ્વી રહેલા હતા. તેમણે ગોચરી, પાણી લાવીને સેવા કરી રહ્યા હતા તેવામાં એક વાર તેઓ વરસાદના પાણીમાં ગોચરી લઈને આવી રહ્યા હતા ત્યારે આચાર્ય મ.સા. એ કહ્યું કે આવી રીતે સચિતપાણીમાં લાવેલી ગોચરી ન કલ્પે ત્યારે તેમણે કહ્યું કે હું અચિતપાણીમાં ગોચરી લઈને આવી છું. કેવી રીતે જાણ્યું અચિતપાણી છે? આપની કૃપાથી. તો શું જ્ઞાન થયું છે? સાધ્વીજી બોલ્યા "હા". ક્યું જ્ઞાન પ્રતિપાતી કે અપ્રતિપાતી? અપ્રતિપાતી. ત્યારે આચાર્ય મ.સા.ને ખબર પડી કે સાધ્વીજીને કેવલજ્ઞાન થયેલું છે. તેમને પશ્ચાતાપ થયો, કેવલીની આશાતના કરી પછી આચાર્ય મ.સા. પૂછ્યું મને ક્યારે કેવલજ્ઞાન થશે, તેમણે કહ્યું ગંગા નદી પાર કરતા કરતા થશે. આચાર્ય મ.સા. ગંગાના તીરે પહોંચી ગયા, નાવમાં બેઠા, નાવ આગળ ચાલતી હતી ત્યારે બરાબર વચમાં કોઈ મિથ્યાત્વી દેવ કોપાયમાન થઈને તેમને એક તિક્ષણ ભાલાથી વિંધી નાખ્યા. ભાલા ઉપર લટકી રહ્યા હતા ત્યારે રક્તના બિંદુ પાણીમાં પડવા લાગ્યા. આવી ભયંકર પરિસ્થિતિમાં પણ તેઓ વિચાર કરે છે "અરે ! ધિક્કાર છે મને મારા આ પાપી જીવના રક્તના બિંદુથી આ અપકાય જીવોને કેટલી પીડા થતી હશે, કેટલા જીવોની હિંસા કરી રહ્યો છું, એક બિંદુ પાણીમાં અસંખ્ય દુર ફરતા ત્રસ જીવો રહેલા છે, અરે ! હું કેવો પાપી" પોતાની આટલી બધી પીડામાં બીજા જીવો ઉપર અપાર કરુણા વરસાવનારા આચાર્ય મ.સા. ભયંકર કષ્ટને સહન કરતા ક્ષપકશ્રેણી ઉપર આરૂઢ થયા અને નિર્મળ કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરી. આ છે સહનશીલતાનો નમુનો.

धम्ममिणं जाणंता गिहिणो वि दृढव्वया किमुअ साहु
कमलामेलाहरणे सागरचंदेण इत्थुवमा

અર્થઃ- અરે, શું વાત કરવી? જે શ્રાવકો જિનોકત ધર્મને બરોબર જાણે છે તેઓ પણ ઉગ્ર વ્રતો લે છે અને પૂરી તાકાતથી તે પાળે છે.

પરમાત્મા નેમિનાથની દેશના સાંભળીને મહાશ્રાવક બનેલા સાગરચંદ્ર સ્મશાને કાયોત્સર્ગ કરતા હતા, તે વખતે તેના દુશ્મન બનેલા નભસેન (સોમિલ સસરાની જેમ) માથે અંગારા ભર્યા. અસહ્ય વેદના હોવા છતાં પૂરી સમાધિથી સહીને સાગરચંદ્ર સ્વર્ગે ગયા.

જુઓ, શ્રાવકો પણ કેવા ધૈર્યવંતા, પરમાત્મા મહાવીરદેવના દસ મહાશ્રાવકોમાં એક મહાશતક હતા. શ્રાવકજીવનની ઉત્કૃષ્ટ આરાધના કરતા.

એકવાર અવાવરા ભોયરામાં કાયોત્સર્ગ કરવા ગયા તે અરસામાં ત્યાં તેમની કુલટા પત્ની રેવતી કોઈ જાર-પુરુષને લઈને આવી, તેણે કામક્રીડા કરવા માટે ખાટલો નાંખ્યો, તેના એક પાયામાં ખીલો હતો તે ઉભો બહાર નીકળી ગયો હતો તે પાયો મહાશતકના પગ ઉપર પડયો, તે વખતે ખીલો તે પગમાં સોંસરો ઉતરી ગયો. લોહીની ધાર ચાલુ થઇ, અસહ્ય વેદના થઇ પણ શતકે ઉફ પણ ન કર્યું, મનથી પણ રેવતી માટે કુવિચાર ન કર્યો, બાદ તેમને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. રેવતીનું આયુષ્ય માત્ર સાત દિવસનુ અને પહેલી નારકે ગમન જોતા તેમનો આત્મા દ્રવી ઉઠયો, આ બધી વાત રેવતીને કહી ''હજી પણ ચેતી જા વગેરે વાતો કરી. મહાશતક કેવા ઉગ્રકક્ષના આરાધક, આવી કટ્ટર આરાધના શ્રાવકોમાં જોવા મળે છે.

વઢવાણના રતિલાલ જીવણભાઈ ઉત્કૃષ્ટ કક્ષાના શ્રાવક હતા. હરણીયાનું ઓપરેશન કરાવાતા તેમણે ક્લોરોફોર્મ સુંઘ્યુ ન હતું, કેમકે તેમને શંકા હતી કે ડોક્ટર કોઈ અભક્ષ્ય વસ્તુ આપી દેશે. સાવ સભાન અવસ્થામાં અસહ્ય વેદનાની સાથે તેમણે વારંવાર છરીથી શરીર કપાવ્યું. આ શ્રમણોપાસકને શિખરજીની યાત્રા કરતા સર્પ કરડયો હતો. તેમને લોકોએ બરફ ખાઈ લેવા કહ્યું પણ તેમણે ધરાર ઇન્કાર કર્યો. છેવટે એક ભાઈએ તેમને જમીન ઉપર પછાડી દીધા અને છાતી ઉપર ચડી બેઠા. જેવો બરફનો ટુકડો મોમાં નાંખવા ગયા કે રતિભાઈએ બધું જોર ભેગુ કરીને તે ભાઈને છાતી ઉપરથી ધકેલી મુક્યા, બરફ તો ન જ લીધો.

ગ્રંથકારશ્રી કહે છે કે જો શ્રાવકો અને શ્રાવિકાઓ ટૂંકા ભવોમાં મોક્ષ પામી જવાની લગનને કારણે જીવનમાં ઉગ્ર તપશ્ચર્યાદિ કરતા હોય અને તે રીતે વિપુલ કર્મક્ષય કરતા હોય તો સાધુઓએ તો ખૂબ સહેવું જોઈએ.

देवहिं कामदेवो गिही वि न वि चालिओ तवगुणेहिं
मत्तगयंदभूयंगम रक्खसघोरट्टहासे हिं।।

અર્થઃ- કામદેવ શ્રાવક ગૃહસ્થ હતા છતાં તપ વિગેરે ગુણોને લીધે દેવો પણ ચલાયમાન કરી શક્યા નહી. અરે ! તોફાની હાથી કે કાતીલસર્પ અથવા ભયંકર રાક્ષસના ઘોર અટ્ટહાસ્યો પણ તેમને ચલિત કરી શક્યા નહી.

પરમાત્મા મહાવીરદેવના જે દસ ગૃહસ્થ શ્રમણોપાસકો હતા. તેમાં બીજા નંબરના કામદેવ હતા, તે અત્યંત ધનવાન હતા, તેમને ભદ્રા નામની પત્ની હતી, પ્રભુ પાસે ધર્મદેશના સાંભળીને સમ્યકત્વ સહિત બાર વ્રતોને ધારણ કર્યા, જીવાદિ નવતત્વોના સારા જાણકાર પણ બન્યા, એક દિવસ કામદેવના ધર્મ - ધૈર્યની ઈન્દ્રે દેવસભામાં ભરપૂર પ્રશંસા કરતા ઈર્ષ્યાથી ભડકેલો કોઈ દેવ તેની પરીક્ષા કરવા આવ્યો. તેણે પૌષધમાં મધ્યરાત્રિએ કાયોત્સર્ગમાં રહેલા કામદેવ શ્રાવક સામે રાક્ષસનું રૂપ લીધું. કામદેવને પૌષધવ્રત તોડવાનું

દબાણ કર્યું પણ તે અવિચલ રહ્યા. પેલો દેવ મધ્યારાત્રિએ ભયંકર રાક્ષસનું રૂપ ગ્રહણ કરી હાથમાં યમની જિન્હા જેવું ખડ્ગ લઈ બોલ્યો કે આ પચ્ચક્ખાણને તું છોડી દે, અને આ કાયોત્સર્ગનો ત્યાગ કર નહિં તો ખડ્ગ વડે તારા ટુકડા ટુકડા કરી નાંખીશ, જેથી તુ આર્તધ્યાનથી અકાળે મૃત્યુ પામીશ એ પ્રમાણે વારંવાર કહેવા છતાં કામદેવ ધ્યાનથી ચલિત થયો નહી. પછી ક્રોધ ઉત્પન્ન થવાથી તે દેવે ખડ્ગ વડે કામદેવનું શરીર છેદ્યું. જેથી તેને ઘણી વેદના થવા લાગી, પણ તે ધ્યાનથી ક્ષોભ પામ્યો નહી, પછી દેવે પર્વત જેવું મોટું હાથીનું રૂપ વિકુર્વ્યુ અને શૂંઢ વડે તેણે ઉપાડી, ભૂમિ ઉપર પછાડી દંત પ્રહારથી તને છુંદી નાખીશ. આ પ્રમાણે કહેવા છતાં પણ તે ધ્યાનથી ચલિત થયો નહી, ત્યારે તેણે શૂંઢ વડે ઉંચે ઉછાળીને પૃથ્વી ઉપર પછાડયો, અને દંત પ્રહારોથી વિંધી નાંખ્યો છતાં તે જરા પણ ક્ષોભ પામ્યો નહી અને મનમાં વિચાર કરવા લાગ્યો કે

सर्वेभ्योऽपि प्रिया: प्राणास्ते पि यांत्वधुनापि हि
न पुन: स्वीकृतं धर्मं खंडयाम्यलपमप्यहम् ।।

અર્થ:- સર્વ વસ્તુ કરતા પ્રાણ વ્હાલા હોય છે, પરંતુ તે પણ હમણા ભલે જાઓ, પણ સ્વીકૃત કરેલા ધર્મને હું અંશમાત્ર પણ ખંડિત કરીશ નહી. પછી તે દેવ ત્રીજી વખત મહાભયંકર, મુશલ જેવી જેની કાયા છે, કાજલ જેવો તેનો વર્ણ છે, ફણના આડંબરથી જે સુશોભિત છે, જેની બે જિહ્વા લપલપાયમાન થઇ રહેલી છે અને જેના દર્શન માત્રથી જ કાયર મનુષ્યના પ્રાણ નાશ પામે છે એવા તીવ્ર વિષવાળા સર્પનું વિકુર્વી કામદેવ બોલ્યો કે તુ ગ્રહણ કરેલા વ્રતનો ત્યાગ કર નહી તો મારી દાઢના વિષ વડે અકાળે મૃત્યુ પામીશ. એ પ્રમાણે કહ્યા છતા પણ તે બિલકુલ ભયાકુળ થયો નહી અને મનમાં વિચાર કરવા લાગ્યો કે મારા વ્રતોમાં જરા પણ અતિચાર મને લાગે નહી સ્વલ્પ અતિચારથી પણ મોટો દોષ ઉદ્ભવે છે. કહ્યું છે કે.

अंत्यल्पादल्पतिचारान् धर्मस्यासाच्चैव हि
अंध्रिकंटकमात्रेण, पुमान्पंगयते न किम्

અર્થ:- અતિઅલ્પ અતિચારથી પણ ધર્મની નિ:સારતા થઈ જાય છે. પગમાં માત્ર કાંટો વાગવાથી પુરુષ લંગડો થતો નથી ? થાય છે. એ પ્રમાણે નિશ્ચય આત્માવાળો તેને જાણીને સર્પરૂપ દેવ તેણે ડસ્યો, અત્યંત દુ:ખ ઉત્પન્ન કરનારા તે દંશથી કામદેવનું શરીર કાલજ્વરથી જાણે પીડાયેલું હોય તેવું થઇ ગયું અને તેને ઘણી વેદના થવા લાગી પણ તે ધ્યાનથી ચલિત થયો નહી તે મનમાં વિચાર કરવા લાગ્યો કે ધર્મનું ખંડન કરવાથી અનંતા ભવો ભમતા પણ દુ:ખનો અંત આવતો નથી અને તેમાં કોઈ જાતનો લાભ તો છે જ નહી.

दु:खं तु दुष्कृताज्जातं, तस्यैव क्षयत: क्षयेत्
सुकृतातत्क्षयश्च स्यात् तत्तस्मिन् सुदृढो नफ:

અર્થ:- દુ:ખ દુ:કૃતથી ઉત્પન્ન થાય છે અને દુ:કૃતનો ક્ષય કરવાથી તેનો ક્ષય થાય છે, દુ:કૃતનો ક્ષય સુકૃતથી થાય છે. ત્યારે તે સુકૃતમાં કોણ પ્રાણી સુદૃઢ ન હોય ? એ પ્રમાણે કામદેવને શુભધ્યાન પરાયણ જાણી દેવે પોતાનું સ્વરૂપ પ્રગટ કર્યું અને તેણે સારી રીતે ખમાવ્યો. પછી તે કહેવા લાગ્યો કે હે કામદેવ તને ધન્ય છે ! તુ પુણ્યશાળી છે, અને તે જીવિતનું ફળ મેળવ્યું છે. સૌધર્મ દેવલોકમાં ઈન્દ્રે તારી પ્રશંસા કરી. તે શબ્દો ઉપર મને શ્રદ્ધા ન આવવાથી હું અહીં તારી પરીક્ષા કરવા માટે આવ્યો હતો પરંતુ જે પ્રમાણે ઈન્દ્રે તારી પ્રશંસા કરી હતી તે પ્રમાણે જ મેં મારી નજરે જોયું છે. આ પ્રમાણે કહી સ્તુતિ કરીને તે દેવ પોતાને સ્થાને ગયો. આ પ્રમાણે સહનશીલતા ગુણ સર્વ ગુણોમાં શિરમોર ગુણ છે. તેણે કહેવામાં સરસ્વતીની હજાર જીભો પણ ઓછી પડે.

ધન્ય જિનશાસન, ધન્ય મહામુનિ, ધન્ય સુશ્રાવક.

જૈનમ્ જંયતિ શાસનમ્

સમ્યકત્વમાં બાધક એવા રાગ દ્વેષની ભયંકરતા

जं न लहइ सम्मत्तं लध्धूण वि जं न एइ संवेगं
विसयसुहेसु य रज्जइ सो दोसो रागदोसाणं

અર્થઃ- કેટલાક જીવો સમ્યગ્દર્શન પામતા નથી. જો તે પામે છે તો ય સંવેગ (મોક્ષાભિલાષ) વગેરે પામતા નથી. વિષયસુખોમાં રાગી બની જાય છે આ બધુ પ્રભાવ રાગ અને દ્વેષ નામના મહાદોષોનો છે.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અનંતાનુબંધી મોહનીય કર્મના ક્ષયોપશમથી થાય છે, આ જીવોનું ચોથું ગુણસ્થાન હોય, ક્ષાયિક સમ્યકત્વની વાત જવા દો બાકીના સમ્યકત્વ તો ભવચક્રમાં બે હજારથી નવ હજાર સુધી આવે અને જાય પણ સબૂર, એકવાર પણસમ્યકત્વની સ્પર્શના જીવને થઈ જાય એટલે એનો બેડો પાર થઈ જાય, સંભવ છે કે ગોશાલકની જેમ સમ્યક્ત્વની પ્રાપ્તિ થયા બાદ અર્ધપુદગલપરાવર્ત્તકાળનો અનંત સંસાર ઉભો રહે પણ તેવા આત્માઓ ઓછા હોય છે. સામાન્યતઃ એમ કહી શકાય કે સમ્યક્ત્વની પ્રાપ્તિ એક વાર થઈ એટલે જીવનો સંસાર ઘણોબધો કપાઈ જાય. કદાચ થોડાજ ભવોમાં તે સિદ્ધપદને પામી જાય.

જીવને સમ્યકત્વની પ્રાપ્તિ થઈ એટલે એનો અર્થ એ નથી કે તેને સંસારના કોઈ પણ પદાર્થ ઉપર રાગ ન થાય. પણ પૈસાનો જે રાગ છે તે રાગની ઉપર રાગ ન થાય, પણ દ્વેષ થાય. પૈસા ઉપર રાગ છે, એટલે પૈસા ખૂબ સારા લાગે, પણ તે રાગ ઉપર રાગ નથી બલ્કે તિરસ્કાર છે એટલે ધનને સારુ માનવા છતા રાગને સારો માનતો નથી. અને ધન ગમે છે પણ રાગ ગમતો નથી. એટલે જ રાગ ક્યારે જશે ? તેની ચિંતા કરતા રહે છે. સમ્યકત્વની આ વિચારણા બરોબર સમજવી જોઈએ. જેમ રાગ ઉપર રાગ થાય તેમ વસ્તુના દ્વેષ ઉપર પણ રાગ થાય. એટલે એ બોલે કે દ્વેષ તો સારો, એ તો કરવો જ જોઈએ, આનુ નામ મિથ્યાત્વ.

સમ્યકત્વી એટલે રાગનો-દ્વેષનો વિરાગી.
મિથ્યાત્વી એટલે રાગનો રાગી.
સાધુ એટલે વસ્તુનો ત્યાગી.

જ્યારે બે થી નવ હજાર વખત સમ્યકત્વની આવન-જાવન ચાલે છે ત્યારે જીવે ખૂબ સાવધાન રહેવું પડે. જો સમ્યકત્વના પતનના સમયમાં તે ગાફેલ રહે તો બહુ કર્મબંધ તે કરી બેસે. આથી એમ કહી શકાય કે જીવનની સતત્ જાગૃતિ એટલે સમ્યકત્વ.

ગ્રંથકારશ્રી કહે છે કે ‘‘હે આત્માર્થી જીવો’’ તમે જે લક્ષથી કષ્ટોને સહેવા માટે કમર કસી છે તે લક્ષને મૂળમાંથી ઉથલાવી મારવાનું કામ રાગ અને દ્વેષ રૂપી ચોરટ્ટાઓ કરે છે.

तो बहुगुणनासाणं सम्मत्तचरित्तगुण विणासाणं
न ह वसमागन्तव्वं रागदोसाण पावाणं

અર્થઃ- જ્યારે રાગ-દ્વેષ નામના બે દોષો ઘણાબધા ગુણોનો નાશ કરે છે, અરે ! ગુણોનો રાજારૂપ સમયકત્વ અને ચરિત્રરૂપી ગુણોનો વિનાશ કરે છે, ત્યારે તેમને આધીન ન જ થવું જોઈએ.

રાગ અને દ્વેષની કાતિલતા સમજાવીને ગ્રંથકારશ્રી એ જ વાત કહે છે કે મહેરબાની કરીને ગુણોના નાશક રાગદ્વેષને વશ કોઈ થશો નહી જો જરાક પણ તેની તરફ ઢળ્યા કે તે તમારા વિકાસના બારેય વહાણ ડુબાડી દેશે.

જ્ઞાનીઓએ આ વાત જિનપાલિત અને જિનરક્ષિત નામના બે સાહસિક દરિયાપારના પ્રવાસીઓના દ્રષ્ટાન્તમાં કરી છે.

કોઈ વ્યન્તરીના ફંદામાં તેઓ ફસાયા હતા, યક્ષની મદદથી તે ભાગી છુટયા, યક્ષે કાંધ ઉપર બેસાડી ભગાડયા હતા પણ વ્યન્તરીને ખબર પડતા તે તેમની પાછળ પડી, પોતાની તરફ લલચાવવા માટે તેણે ખૂબ કાલકૂદીભર્યા શબ્દોમાં કરૂણ રુદન સહિત - પાછા ફરવા માટે કાલાવાલા કર્યા, છેવટે તેણે કહ્યું કે "તમે એકવાર વર્ષોની જીવનસંગાથિની તરફ નજર તો કરો. આ વચનોમાં એક ફસાયો, તેણે પાછળ વાળીને જોયુ. એજ ક્ષણે વ્યન્તરીએ ત્રિશુળ ઝીંકયુ એને ઉંચકી લીધો, તા લોહીમાંસની મિજબાની ઉડાવીને પાછી ફરી, જે જરાય ન લલચાયો, જેણે પાછુ વાળી ન જ જોયું તે ભાઈ ઉગરી ગયો, યક્ષે તેને હેમખેમ દરિયાપાર મૂકી દીધો.

જ્ઞાનીઓ કહે છે કે જેઓ સંયમ ધર્મનો સ્વીકાર કરીને સંસાર તરફ(રાગ-દ્વેષ) આકર્ષાય છે. તેની તરફ નજર કરે છે તેમનું સંયમજીવન વિંધાઈ જઈને ખતમ થઈ જાય છે.

ગ્રંથકારશ્રી હેતભરી ભાષામાં કહે છે કે તમે તે રાગ-દ્વેષને વશ થતા નહીં. અન્યથા તમે પ્રાપ્ત કરેલા સકલ ગુણોના શક્તિઓના અને બધી પૂણ્યાઈના તેઓ કુરચા ઉડાવી દેશે. એ રાગ અને દ્વેષ મહાભયંકર ચોરો છે જે આત્માની અંદર રહેલા દર્શન, જ્ઞાન અને ચરિત્ર રૂપી ધનને લૂંટી ખાય છે ને આપણા આત્માએ તેને ખુલ્લે આમ છૂટ આપી દીધી છે એટલે એને ફાવતુ જડે છે પણ એજ વખતે પોતે ચેતી જાય તો આવી દશા તેની ન થાય.

"नवितं कुणइ अमित्तो सुदठुवि, सुविराहिओ समत्थो वि जं दोवि अणिग्गहिआ करंति रागो अ दोसो य"

અર્થ :- કોઈ માણસ સાથે જબરદસ્ત ઝઘડો કરાયો હોય, એથી એ કટ્ટર દુશ્મન બની ગયો હોય એ બધી રીતે પહોંચેલો માણસ આપનું જે અહિત કરે તેનાથી ઘણું મોટું અહિત આપણા કબજામાં જરાય નહીં આવેલા રાગ અને દ્વેષ કરે છે, પેલો શત્રુ આ ભવ પૂરતું જ અહિત કરી શકે આ રાગ અને દ્વેષ તો ભવોભવનું અહિત કરતા જ રહે છે.

ગ્રંથકારશ્રી રાગાદિ બે દોષોની ભયાનકતા બતાડે છે.
ઈતિહાસના પાના ઉપર આ વાતની સાક્ષી આપતા ઢગલાબંધ દ્રષ્ટાંતો છે. થોડાંક દ્રષ્ટાંત અહીં જોઈએ.

સંભૂતિ મુનિ! આજીવન અનશનના વ્રત સાથે ધ્યાનસ્થ બની ગયા હતા. મસમોટું વાવાઝોડું પણ એમને ટચના મસ કરી શકે તેમ ન હતું. કાશ! નારીના અંબોડાના વાળની નાનકડી લટ એને સ્પર્શ થઈ અને એને હલાવી દીધા, હાય! છેલ્લે તો એ જીવને નારીના રાગે સાતમી નારક ભેગો કરી દીધો. કેટલી કાતિલતા રાગની!

સિંહગુફાવાસી મુનિ! વિકરાળ વનરાજ તેને ડરાવી ન શક્યો એ જ ડરી ગયો. પૂરો અહિંસક બની ગયો. ચાર માસ, ચોવિહાર ઉપવાસ, સિંહની પાસે જ કાર્યોત્સર્ગ. પણ રાગે એને રગદોળી નાંખ્યો, એને લોહી વમતો કરી દીધો, રૂપકોશા નારીના દર્શનમાત્રથી એ પાણી થઈ ગયો, અઘટિત માંગણીનો ભોગ બન્યો.
અરે રાગના એક પછી એક નમુના જોતા જાઓ.

પરમાત્મા નેમીનાથના પિતરાઈ મોટા ભાઈ રહનેમિ, અંધારી ગુફામાં ધ્યાનસ્થ મુદ્રામાં કેટલાય દિવસ ઊભા હતા. એકાએક સકારણ સાધ્વીજી (ભાભી) રાજીમતીજી તે ગુફામાં આવી ચડયા, વરસાદે ભીના થયેલા વસ્ત્રોને પત્થરો ઉપર છુટા મૂકીને ઊભા રહ્યા. દિયરે ભાભીને જોયા. રાગ સર્પ સટાક કરતો ઊભો થઈ ગયો. જોરથી ડંખ્યો, આત્માના પ્રદેશ પ્રદેશમાં તેનું વિષ વ્યાપી ગયું. દિયર મહારાજ મોહરાજાની લવારા કરતી ભાષામાં બબડવા લાગ્યા, સાવ બેહુદું: તદ્દન નિર્લજ્જ પણ સબૂર. સાધ્વીજીએ બાજી સંભાળી લીધી. અબળા સબળા બની. બધું જોર કરીને મોહરાજને સજ્જડ તમાચો દઈ દીધો, મોહરાજ ધરતી ઉપર ઊંધો પછડાયો. લોહીલૂહાણ થયો. દીયર ભાભી વચ્ચે સંભવિત હોનારત જાગતી જ સમેટાઈ ગઈ. અરે આ રાગની દશા એટલી ભૂંડી છે કે ભલ ભલા સન્યાસીઓને ડગાવી દીધા છે.

એક પ્રખ્યાત સન્યાસીની જ્ઞાન વૈભવની અને બ્રહ્મચર્યની ખ્યાતિ ફેલાતી ફેલાતી એક ગામના રાજવી પાસે આવી, રાજાએ આ સન્યાસીને પોતાના રાજમહેલે પધારવાનું આમંત્રણ આપ્યું. સન્સાયીએ એ આમંત્રણનો સહર્ષ સ્વીકાર કર્યો. રાજસભામાં એ સંન્યાસીનું આવવાનું ચાલુ થયું. પોતાની વાકછટાથી એ રાજા સાથે પ્રજાજનોના દિલ ડોલાવવા લાગ્યો. સન્યાસીની વૈરાગ્યથી, વાકછટાથી, બ્રહ્મચર્યના તેજથી રાજા ઓટલો બધો આકર્ષાઈ ગયો કે સન્યાસીને રહેવાનું પોતાના આવાસમાંજ રાખી દીધું. રાણીઓ કપડા પહેરતી હોય, કે વાળ ઓળતી હોય અને એ વખતે આ સન્યાસીની નજર પડી જાય તો ત્રાડ પાડી ઉઠે.

"अरे पगली! मिट्टी की काया मिट्टी मे मिल जानेवाली है, यह क्या पागलपन कर रही है?"

રાણીઓ પણ સન્યાસીની ત્રાડ સાંભળીને થરથરીને એનાથી દૂર ભાગે. એક દિવસ રાજાની યુવાન ભત્રીજી ચિત્રલેખા રાજા પાસે આવી. રાજન્! મારા તત્ત્વજ્ઞાનને લગતા આટલા પ્રશ્નો છે આપ જવાબ આપશો? રાજાએ કીધું આ બધા પ્રશ્નોનો જવાબ એક યુવાન સન્યાસી આપણે ત્યાં રહેલો છે તે આપશે. બીજે દિવસે રાજસભામાં અગાઉથી ગોઠવાઈ ગયેલી ચિત્રલેખાએ નિયત સમયે રાજસભા તરફ આવી રહેલા સન્યાસીને જોયો. ભવ્ય લલાટ, આકર્ષક ચાલ, તેજસ્વી આંખ, ચિત્રલેખા સ્તબ્ધ થઈ ગઈ. રાજા સહિત સમસ્ત પ્રજાજનોએ એમને નમસ્કાર કર્યા, પછી એમણે પોતાનું વક્તવ્ય ચાલુ કર્યું અને બધા પ્રશ્નોનો જવાબ ચતુરાઈથી આપ્યા. ભગવા કપડા, ગૌરવર્ણ, કપાળ પર બાઝેલા પરસેવાના ટીપા, ભરાવદાર દાઢી આ બધું જોઈને ચિત્રલેખાને ખાતરી થઈ ગઈ કે આ સન્યાસી નૈષ્ઠિક બ્રહ્મચારી છે. પિતા સમાન છે. સાક્ષાત્ બૃહસ્પતિના અવતાર સમા આ સન્યાસી પાસે મારે જ્ઞાનનો ખજાનો લૂટવો છે એ ભાવનાથી રોજ એમની પાસે બધા પ્રશ્નોના સમાધાન, આત્મસાક્ષાત્કારની બધી વાતો, ઘણી બીજી પણ વાતો જાણી ને આત્માને તૃપ્ત કરે છે. રોજે તત્ત્વજ્ઞાનની ચર્ચાઓ ચાલે છે અને સન્યાસી બધા પ્રશ્નોનો સમાધાન કરે. દિવસો ઉપર દિવસો વીતી રહ્યા છે. ચિત્રલેખા પણ ભરયુવાનીમાં છે પણ ક્યારેય સન્યાસીએ એનું રૂપ જોયું નથી નીચે મોઢું રાખીને જ સમાધાન કરતા.

એક દિવસ બપોરના ત્રણેક કલાક ચાલેલી તત્ત્વજ્ઞાનની ચર્ચાનો ભરપૂર આનંદ લૂંટયા પછી સાંજના જમતા જમતા તત્ત્વજ્ઞાનની શંકા પડી એનું સમાધાન કરવા માટે એ સન્યાસી પાસે ગઈ. રાત પાડવા આવી એટલે સન્યાસી કહે છે કાલે જવાબ આપું તો, તેણીએ કીધું ચાલશે તો પણ અત્યારે સમાધાન મળે તો રાત સારી જાય માટે અત્યારે આવી છું.

રાત હતી એટલે ચિત્રલેખા ને એક બારી પાસે બેસવાનું કહ્યું. અને પોતે એનાથી દસ ફૂટ દૂર બેઠા, ચર્ચા ચાલુ થઈ. ઓરડામાં એક નાનો દીવો ઝળહળતો હતો અને ચિત્રલેખાના શરીર પર ચાંદનીનો પ્રકાશ પડી રહ્યો છે. મંદ મંદ વાઈ રહેલા પવનથી ચિત્રલેખાના વાળની લટો ઉડી રહી છે અને એવા વાતાવરણ વચ્ચે સન્યાસી નીચી દ્રષ્ટિ રાખીને ચિત્રલેખાના પ્રશ્નોના પ્રત્યુત્તરો આપી રહ્યો છે. ચંદ્રમાના સૌમ્ય પ્રકાશમાં ચિત્રલેખાના મુખના અગ્રભાગ પર રહેલી વાળની અતિ આકર્ષક લાગતી લટ જોઈને આ સન્યાસીના મનમાં ખળભળાટ મચી ગયો. વાસનાએ એમના મન પર કબજો જમાવી દીધો. એકાંત, અંધકાર, અતિ પરિચય અનુકુળતા, યુવાની – આ બધાએ સન્યાસીને બેકાબુ બનાવી દીધો.

એ પોતાના સ્થાનથી ઊભો થયો, ચિત્રલેખા તરફ ત્વરીત ગતિએ ચાલ્યો. ચિત્રલેખાએ પોતાના તરફ સન્યાસીને આવતો જોયો, પણ એના મનમાં સન્યાસીના મનમાં પ્રવેશેલા વિકારની કશી કલ્પનાય નથી, અરે ! એ તો એમ વિચારી રહી છે કે આ પ્રશ્નના સમાધાનમાં મને હજી જોઈએ તેવો સંતોષ નથી થયો તેથી નિકટ આવીને આ મહાત્મા વાત્સલ્યભાવથી મને સમજાવવા માંગતા લાગે છે અને આ વિચારે તો એના આનંદનો પાર નથી. બિલકુલ એ નિર્ભયતાથી બેસી રહી છે અને ત્યાં તો નજીક આવી ચુકેલા સન્યાસીએ બાજ પક્ષીની જેમ કૂદીને ચિત્રલેખાને પોતાના બાહુપાશમાં સમાવી દીધી.

અણધાર્યા અને કલ્પના બહારના સન્યાસીના આ અણછાજતા હુમલાથી અવાક અને સ્તબ્ધ બની ગયેલી ચિત્રલેખા પળભરમાં બધું સમજી ગઈ.

અરે ! અરે ! સ્વામીજી ! આ શું કરો છો ? આપ તો મારા પિતા સમાન છો, ગુરુના સ્થાને છો, આપને આ ન શોભે, ચિત્રલેખા બોલી ઉઠી.

સન્યાસી બોલ્યો – અરે ! પગલી ! તુ મને શું હિતશિક્ષા આપવાની ? આજે કોઈ પણ ભોગે તને નહીં છોડું.

ચિત્રલેખા સમજી ગઈ કે હવે નરમ વલણ લીધે કામ નહીં આવે. એ વાઘણીની જેમ વીફરી, પોતાનામાં રહેલી તમામ તાકાતથી એણે સન્યાસીના સાથ પર બચકું ભર્યું, જબરદસ્ત રાડ પાડવાની સાથે સન્યાસીના સંકોડામાંથી એ છુટી અને છુટતાની સાથે જ એણે સન્યાસીના પેટમાં જોરદાર લાત લગાડી દીધી. સન્યાસીનું માથું ભીંત સાથે અથડાયું અને એ પડચો, ચિત્રલેખા ગર્જી ઉઠી.

સન્યાસી આખી પરિસ્થિતિ પામી ગયો. વરસોની સન્યસ્ત જીવનની સાધના, તત્ત્વજ્ઞાનનો બોધ, પરમાત્માની ભક્તિ, પ્રચંડ ત્યાગ, જબરદસ્ત વૈરાગ્ય વગેરે બધી મુડીને પળભરમાં આવી ગયેલા વાસનાના આવેગે સળગાવીને સાફ કરી નાખી છે. એ વિચારે ધ્રૂજી ઉઠયો અને હવે એ ચેતી ગયો. પણ આપણી વાત એટલી જ છે એકદમ ટોચ કક્ષાના સન્યાસીને પણ અંદર રહેલા કુસંસ્કારો જાગૃત થઈને માણસને કેવી રીતે નીચે પછાડે છે, આવા કાતિલ રાગ-દ્વેષના કુસંસ્કારો આપણા જીવનમાં ભરપૂર પડેલા છે, ક્યારે એ વાઘની જેમ વિફરે કાંઈ કહેવાય નહીં માટે થોડું પણ નિમિત્ત મળે એટલે એ ભડકી ઉઠી, બને ત્યાં સુધી આવા નિમિત્તોથી દૂર રહેવું.

એકવાર એક શેઠ તિજોરીમાં ગોઠવીને રાખેલી નોટોની થપ્પીઓને એક પ્રશ્ન પૂછ્યું કે મારા મોત પછી મારી સાથે ક્યાં સુધી રહેશો, થપ્પીઓએ જવાબ આપ્યો કે અરે ! અમે તો અહીયાંજ રહેવાના છીએ, એક પગલું પણ આપની સાથે ભરવાના નથી... સાંભળીને શેઠ અવાક્ થઈ ગયો અને બોલ્યો કે ૧) તમારી

માટે તો મારું જીવન પૂરું જુગાર રમ્યો. ૨) માતા પિતાનો તિરસ્કાર કર્યો ૩) પત્નીને રડાવી ૪) શરીરની પણ ઉપેક્ષા કરી ૫) પુત્રોનો તિરસ્કાર કર્યો ૬) પરમાત્માની મશ્કરી કરી ૭) મિત્રો નો વિશ્વાસઘાત કર્યો ૮) સજ્જનોની વાત ન સાંભળી અને અત્યારે તમે આવો જવાબ આપો છો કે અમે તો અહીંયા જ રહેશું... અરે શું બકવાસ કરે છે. ચૂપ રહે, તને બાળવા લાકડું પણ અમે જ લાવશું, હવે તારે કાંઈ કહેવું છે. બિચારો શેઠ શું બોલે, મોઢું વિલ્ખું થઈ ગયું. હવે એ પહોંચ્યો સ્વજનોની પાસે, એમને પૂછયું કે મારા મૃત્યુ પછી મારી સાથે ક્યાં સુધી રહેશો ?... સ્વજનોએ જવાબ આપ્યો કે સ્મશાન સુધી. બસ !... શું કરીએ ત્યાં સુધી પણ ન આવીએ તો તમને બાળશે કોણ ? પણ તમને ખ્યાલ છે ને મેં તમારી માટે કેટલી મહેનત કરી છે, રાત દિવસ તમારા માટે દોડયો છું. આટલી તમારી સેવા કરી અને હવે મારા સમયે આવો જવાબ આપો છો. એ એકદમ દીગમુઢ બની ગયો.

પણ હવે શું કરવું, પછી પહોંચી ગયો પોતાના કમરામાં અને શરીરને પૂછયું, શરીરે જવાબ આપ્યો કે હું તો ચિતા સુધી સાથે રહીશ. અરે શું વાત કરે છે. પૂરી જિંદગી તારી આરતી ઉતારી, સારવાર કરી, કેટલાય પાપો કર્યો, અને આવા જવાબ સાંભળીને બિચારો શેઠ બેભાન થઈ ગયો. જુઓ સંપત્તિ, સ્વજન, શરીર આ ત્રણે વસ્તુને જીવનમાંથી બાદબાકી કરો તો પછી શું રહે જે સંસારનો રાગી હશે તે તો પાગલ બની જશે. દુ:ખી બની જશે, પણ જે ધર્મનો રસિક હશે તે યોગી બનશે નહીં તો ધર્મી બનશે.

આપણે આ ત્રણે વસ્તુથી રાગ કરશું. પ્રીત કરશું તો આપણી હાલત કેવી થશે, ભવની પરંપરા વધારશે, પણ એનાથી વિપરીત કરશું તો ભવની પરંપરા સીમિત થઈ જશે. જલ્દીથી આપણો મોક્ષ પણ થશે માટે જ્ઞાની ભગવંત આપણને ટકોરા મારી મારી ને કહે છે કે તમે થોડા ચેતો અને રાગદ્વેષને આપણા જીવનમાંથી દૂર કરો.

ભાવના ભવનાશિની

વર્ષો પહેલા મુંબઈના એક નિર્ધન પરિવારની ઘટના છે. ખરાબ સંગતની અસરને કારણ ઘરનો મુખ્ય વ્યક્તિ હતો એ જુગારી અને ખરાબ આદતનો શિકાર બની ગયો. જુગારમાં બધું જ ખોઈ બેઠો અને છેલ્લે પોતાના જીવનનો અંત કરી દીધો. હવે પરિવારની રક્ષાનું કામ એની પત્ની ઉપર આવી પડ્યું. નવ વર્ષનો બાળક હતો અને નાની પુત્રી હતી. માઁ આજુબાજુમાં ઘરકામ કરીને બન્ને બાળકોને મોટા કરે છે અને સાથે સાથે સંસ્કારનું પાન પણ કરાવતી. કદી પણ પિતાના સંસ્કાર એમનામાં ન આવે એટલે દરરોજ બાળકોને સમજાવતી, વાર્તાઓ પણ કહેતી અને બહુ જ સારા આદર્શ એમનામાં રોપતી હતી. એક દિવસ માઁ માંદી પડે છે ખૂબ જ તાવ આવે છે. હવે એ બાળક વિચારવા લાગ્યો કે શું કરું, કેવી રીતે

માઁની દવા કરાવું, કેવી રીતે પૈસા કમાવું. નાનકડા બાળક ઉપર પરિવાર તથા માઁની માંદગીનો બોજો આવી ગયો. એજ મહોલ્લામાં એક મુસલમાન ફળ વેચવા વાળો રહેતો હતો. બાળકે એમને જઈને વિનંતી કરી કે મને થોડા ફળ આપશો હું આપને વેચીને પૈસા આપીશ. મારી માઁની દવા કરવા માટે મને થોડા પૈસા પણ મળી રહેશે. મુસલમાન પીગળી ગયો, એણે થોડી કેરીઓ આપી, છોકરા એ એક ટોકરામાં લઈને વેચવા માટે નીકળ્યો. બપોર થવા આવી છતાં એક પણ કેરી વેચાણી નહીં. બાળકને એની માઁની ચિંતા થવા લાગી, હજી સુધી માઁને દૂધ કે દવા કાંઈ જ આપ્યું નથી. ત્યાં એક શ્રાવક કારમાંથી ઉતર્યા. બાળક જઈને એમના પગે પડી ને ફળ લેવા આજીજી કરે છે અને કહે છે કે મને મારી માઁ ને માટે દવા લેવી છે, પ્લીસ મારી પાસે કેરી લ્યો ને. શેઠે એને ૧૦૦ રૂપિયા આપ્યા અને કહ્યું કે કેરી કારમાં રાખી દે. બાળકે કહ્યું કે મારી પાસે છુટા નથી, કેરીના આટલા બધા રૂપિયા નથી. મને મારી મજદુરી જેટલા રૂપિયા આપો તો બસ છે. શેઠે કહ્યું કે મારી પાસે પણ છુટા નથી તુ સામે પાનવાળા પાસેથી ૧૦૦ના છુટા કરાવીને બાકીના પૈસા ડ્રાઈવરને આપી દેજે. બાળક તો ખુશ થઈ ગયો. પાનવાળા પાસેથી ૧૦૦ના છુટા કરાવીને દોડીને રસ્તો ઓળંગવા લાગ્યો ત્યાં તો એક કાર સાથે અથડાઈને એનુ માથું ફૂટી ગયું. કેરીના રૂપિયા એના ખિસ્સામાં હતા શેઠના છુટા રૂપિયા હાથની મુઠ્ઠીમાં હતા પણ માથામાં વાગતાની સાથે એ બેભાન થઈ ગયો. એક પોલીસે એને હોસ્પિટલ ભેગો કર્યો. આ બાજુ શેઠે ડ્રાઈવરને બાળક વિશે પૂછ્યું કે પૈસા આપી ગયો, ડ્રાઈવરે કહ્યું કે છોકરાનું અકસ્માત થઈ ગયું, પોલીસ એને હોસ્પિટલમાં લઈ ગયી છે, શેઠે એની તપાસ કરાવીને હોસ્પિટલ પહોંચી ગયા. બાળકને ભાન આવી ગયું હતું. શેઠને જોઈને એણે તરત કહ્યું કે તમારા પૈસા મારી મુઠ્ઠીમાં રાખ્યા હતા ક્યાં ગયા ખબર નથી. શેઠ હું ગમે તેમ કરીને તમને પહોંચાડીશ, આપનું સરનામું મને આપો. મારી માઁ શું કરતી હશે ? શેઠનું હૃદય પીગળી ગયું. એમણે કહ્યું કે મને તારી ખૂબ ચિંતા થાય છે. ત્યારે બાળકે કહ્યું કે જો તમને મારી ચિંતા થતી હોય તો પહેલા મારી માઁ જે માંદી છે એની ચિંતા કરો. માઁ માટે એના દિલમાં દર્દ, માઁ ની એટલી બધી ચિંતા હતી કે એને પોતાની પીડા યાદ જ નથી આવતી. શેઠ આ જોઈને એટલા પ્રભાવિત થઈ જાય છે કે બાળકને દત્તક લેવાનો નિર્ણય કરી લે છે. એની માઁને માટે એક મકાન ભાડે રાખી દે છે અને બાળકની પૂરી જવાબદારી પોતાના માથે લઈ લે છે. કહો આ બધાની પાછળ કારણ શું છે ? બાળક ના મનમાં રહેલી માઁ માટેની ભાવના અને પ્રમાણિકતા એના બધા જ અંતરાયકર્મનો ભુક્કો થઈ જાય છે. ભાવનામાં પ્રચંડ તાકાત રહેલી છે.

આપણા પૂર્વજો... કસ્તુરભાઈ ગ્રુપ

અમદાવાદની સમૃદ્ધિ અને આકર્ષણ જોઈને ઈરાનથી હજારો લુંટારાઓ અમદાવાદ આવ્યા. ગામની બહાર એમણે પડાવ નાખ્યો. એમનો ઈરાદો હતો કે હત્યા, લૂંટફાટ તેમ જ ઘરો બાળી નાખીશું જેથી નગરજનો ભયભીત થઈ જશે ને આપણે એમની અઢળક સંપત્તિ લૂંટીને ભાગી જઈશું. તેઓ જાણતા હતા કે નગરજનો પાસે સેના નથી કે તેઓ સામનો કરી શકે.

નગરશેઠને આ સમાચાર મળ્યા. તેઓ દેરાસર જાય છે. બહુ જ બેચેન હતા. જે નગરના લોકોએ મને નગરશેઠ બનાવ્યા છે એમની રક્ષા હું કેવી રીતે કરું ? પ્રભુના દર્શન કરું. તિલક લગાવું અને પ્રભુની આજ્ઞા શિરોધાર્ય ન કરું ? જ્યારે અવસર આવ્યો છે ત્યારે હું પ્રભુની આજ્ઞા ન પાળું, બધાને બચાવું નહિ તો પ્રભુને સર્વસ્વ સમર્પણનો કોઈ અર્થ જ નથી.

આપણા શરીરમાં નાભિથી માથા સુધી ચક્ર રહેલા છે. એમાં આજ્ઞાચક્ર બે ભ્રૂકુટિની વચ્ચે છે. જ્યાં આપણે તિલક કરીએ છે. વિચાર પરમાણુ ત્યાંથી જન્મ લે છે. આપણે ચંદનનું તિલક કરીએ છે જે શીતલ છે. આને શીતોપચાર કહેવાય છે. આયુર્વેદ કહે છે કે શીતોપચાર કરવાથી વિચારમાં ઉત્તેજના તથા ગરમી ન આવે. વિચારો શાંત અને સૌમ્ય રહે, આત્માને અનુકુળ રહે એટલા માટે જ ચંદનનો તિલક કરાય છે. આપણા શાસ્ત્રની બધી ક્રિયા પાછળ ગુઢ રહસ્ય ભર્યું હોય છે.

આજ કાલ આધુનિકતા નું પ્રતિક છે. બંગલામાં કે ફ્લેટમાં રહેવું જ્યાં પોતાના દરવાજા બંધ કરી દે એટલે આજુબાજુ વાળાની કે કોઈની દખલગીરી નહીં. બહાર શું થાય છે એની સાથે નિસ્બત જ નહિ. માટે જ હવે ચોકીદાર રાખવાની જરૂર પડે છે. પહેલા તો લોકો ચાલ સીસ્ટમમાં રહેતા. કોઈ કોઈ ઠેકાણે એક એક જાતીની એક એક ચાલ પણ રહેતી. આડોશી પાડોશી હળીમળીને રહેતા ચાલમાં કોઈ અપરિચિત આવે કે પૂરી ચાલવાળા ચોકીદાર બની જતા જેથી ચોરી કરવાની કોઈની હિંમત જ ન ચાલે અને બીજો ફાયદો એ હતો કે ઘરની વાતો તથા ઘરનાઓ બધાને ખબર પડતી તેથી કોઈ પાપ કરતા સો વાર વિચાર કરતુ. લજ્જા અને શરમ જીવનનું કવચ બનતું. આજકાલ તો પોતાના ફ્લેટના દરવાજા બંધ કરીને પાપના દરવાજા ખોલી નાખ્યા છે અને જીવનની શાંતિ ખોવાઈ ગઈ છે.

નગર શેઠને ખૂબ જ ચિંતા થવા લાગી. ઘણા બેઘર થઈ જશે, ઘણી સ્ત્રીઓ વિધવા થઈ જશે. તેમ જ બાળકો અનાથ થઈ જશે. આ બધું શું મારે જોયા કરવાનું ? હું શું કરું બચાવવા માટે ?

નગરશેઠ સફેદ ઝંડો લઈને લુંટારુંઓની છાવણીમાં પહોંચી ગયા. લુંટારાઓ તો નગરશેઠને જોઈને ઠેકડી ઉડાવવા લાગ્યા. અહીંયા શું ભીખ માંગવા આવ્યા

છો ?

નગરશેઠ આજીજી ભર્યા શબ્દોમાં કહ્યું કે તમે જેટલી સંપત્તિ માંગશો તેટલી આપવા તૈયાર છું પરંતુ તમારે ગામમાં આવવું નહિ. લૂંટફાટ કે હત્યા કરવી નહીં. લુંટારાના સરદારે કહ્યું કે અમારે કરોડોની સંપત્તિ, સોના ચાંદી, ઝર ઝવેરાત વગેરે જોઈએ છે. શેઠે કહ્યું કે તમે જે માગ્યું એનાથી સવાયું મળશે.

ઘરે જઈને શેઠજીએ મુનીમજીને બોલાવ્યા. ઘરમાંથી સોનું, ચાંદી, ઝવેરાત બધુ પાવડાથી ૧૦ ગાડા ભરીને લુંટારાઓની છાવણીમાં લઈ ગયા અને કહ્યું કે જોઈ લેજો, તમે માંગ્યું તેના સવાયું લાવ્યો છું. સરદાર તો જોઈને જ સ્તબ્ધ થઈ ગયો. હિંદુસ્તાનમાં આવા માણસો વસે છે, કેટલા દયાળુ છે, જાણે ભગવાનનો સેવક ના હોય ! સરદારનું હૃદય પરિવર્તન થઈ ગયું. એણે જિંદગીમાં ક્યારે પણ લૂંટફાટ નહિ કરવાનું વચન આપ્યું.

અમદાવાદમાં આનંદ છવાઈ ગયો. બધા શેઠીયાઓ ભેગા થયા. નગરશેઠને વાત કરી અમારે દરેકે કેટલું આપવાનું છે તે જણાવો. શેઠે કહ્યું કે કોઈએ કાંઈ પણ આપવાનું નથી. મેં કોઈ ઉપકાર નથી કર્યો. આ તો મેં મારી ફરજ બજાવી છે. ત્યારે શેઠીયાઓ ભેગા થઈ મીટીંગ કરીને ઠરાવ કર્યો કે આપણે બધાએ દર વર્ષે વ્યાપારમાંથી એક રૂપિયે એક પૈસો શેઠને નજરાણા રૂપે આપવો. શેઠનું બહુમાન કર્યું. શેઠને ઉપર મુજબ વાત કરી. નગરશેઠે ના પાડી. મારે કાંઈ લેવાનું નથી પરંતુ તેઓ માન્યા નહિ. છેવટે આટલું કચવાતે મોંએ કબુલ કરવું પડ્યું. આ નગરશેઠનું નામ હતુ ખુશાલદાસ શેઠ જેઓ હાલ જે અમદાવાદ કસ્તુરભાઈ ગ્રુપ છે તે શેઠ કસ્તુરભાઈના દાદાના દાદા થાય. આવા હતા આપણા પૂર્વજો. કદી પોતાના ભવિષ્યની ચિંતા કરી નહીં. એક જ વ્યક્તિએ આખા અમદાવાદને બચાવી લીધી. આજે પણ એમની પરંપરા ચાલી આવે છે. આપણા લગભગ તીર્થોમાં આણંદજી કલ્યાણજીની પેઢીનો વહીવટ છે જે શેઠ કસ્તુરભાઈના સુપુત્ર શેઠશ્રીશ્રેણીકભાઈ કુશળતાપૂર્વક સુચારૂ વહીવટ કરી રહ્યા છે.

ગૃહસ્થની પ્રભાત

નમસ્કારમંત્રનું સ્મરણ

મનુષ્યોએ રાત્રિના છેલ્લા પ્રહરે નિંદ્રાનો ત્યાગ કરવો, તેટલું વહેલું ન ઉઠાય તો પાછલી ચાર ઘડી રાત રહે. ત્યારે તો જરૂર જાગવું જોઈએ. વધારે ઊંઘવું તે તો અજ્ઞાનને વધારનારું કામ છે. આળસ-પ્રમાદ વધવાથી દારિદ્રમાં પણ વધારો થાય છે. ખોરાક અને નિંદ્રા જેટલા વધારીએ તેટલા વધે છે અને ઓછા કરીએ તેટલાં ઓછાં થાય છે.

આંખોમાંથી ઊંઘ ઉડી જતા તરત પથારીમાંને પથારીમાં જ નવકારમંત્ર ગણવા શરૂ કરી દેવા. આ વખતે શરીર કે લુગડા ચોખ્ખા ન હોય તો પણ મનમાં હોઠ ન હાલે તેવી રીતે નવકારમંત્ર ગણવામાં જરા પણ ઢીલ ન કરવી. કેમ કે ઊંઘ ઉડી જાય કે તરત જ નવકારમંત્ર ગણવામાં ન આવે તો બીજા વિચારો મનમાં આવી જાય છે.

તમને એ વાતની તો ખબર જ હશે કે કોરા વાસણમાં જે વસ્તુ ભરવામાં આવે છે તેની વાસ તે વાસણમાં બેસી જાય છે. જો લસણ, ડુંગળી, વઘારણી કે તેવી જ વસ્તુ કોરા વાસણમાં ભરી હોય તો પછી તે વસ્તુ કાઢી લીધા પછી પણ તે વાસણમાંથી તેની વાસ જતી નથી. આ જ પ્રમાણે જો તે કોરા વાસણમાં કેશર, બરાસ, કસ્તુરી કે તેવી જ કોઈ ઉત્તમ વસ્તુ ભરી કે મૂકી હોય તો તે વાસણમાંથી તે વસ્તુ કાઢી લીધા પછી પણ તેવી જ વાસ આવશે.

આ જ ન્યાયે આપણે જ્યારે ઊંઘી ગયા હોઈએ ત્યારે આપણું મન નિદ્રા આવવાથી શાંત થઈ ગયું હોય છે. તે વખતે બીજા વિચારો સ્થિર થઈ ગયા કે દબાઈ ગયા હોય એટલે મન કોરું થયા જેવું થઈ જાય છે. પાછા જ્યારે આપણે જાગીએ છીએ ત્યારે તે ભૂલાઈ ગયેલા કે ઠરી ગયેલા વિચારો પાછા યાદ આવે છે પણ તે વિચારો આપણે યાદ કરીએ તો જ આવે છે. પોતાની મેળે ચાલ્યા આવે છે તેમ આપણને લાગે છે પણ ખરી રીતે તો આપણને વિચાર કરવાની ઘણી ટેવ પડી ગયેલી હોવાથી એમ લાગે છે કે વિચાર કર્યા વિના એની મેળે જ ચાલ્યા આવે છે પણ તેમ નથી. આપણે યાદ ન કરીએ તો કાંઈ યાદ ન જ આવે.

આપણને આપણા સંસાર વ્યવહારના અને વિશેષ કરી જે આપણને વધારે પ્રિય હોય તેના વિચારો વધારે આવે છે. આ વિચારો વધારે અને તરત યાદ આવે છે. તેનું કારણ એ છે કે આપણે વારંવાર તેવી વાતોને યાદ કરીએ છીએ. કાંઈ પણ ધર્મના વિચારો કે તેવા જ બીજા સારા વિચારો તરત આવતા નથી. અરે !

નવકારમંત્ર ગણવાનું પણ ઉઠીને તરત આપણે ભૂલી જઈએ છીએ તેનું કારણ એ જ છે કે તેને આપણે વારંવાર યાદ કરતા નથી. જો વારંવાર યાદ કરીએ તો પછી તેની પણ ટેવ પડી જાય છે તો પછી તે પણ જરા જરા વારમાં અને આપણે ધારીએ તે વેળાએ પણ યાદ આવે છે.

અહીં તમને એમ વિચાર થાય કે ઉઠતાં વેંત બીજા વિચાર થાય તો આપણને શું નુકસાન થાય? આનો ઉત્તર એ છે કે આપણા વ્યવહારમાં તમે ઘણીવાર કેટલાક માણસોને બોલતા સાંભળો છો કે ભાઈ! આજે ફલાણા માણસનું મોઢું જોયું કે નામ લીધું તેથી હજી સુધી ખાવાનું મળ્યું નથી. અથવા આજે મને અમુક નુકસાન થયું છે અને એક દિવસ ફલાણાનું અને એક દિવસ ફલાણાનું મોઢું જોયું હતું કે નામ લીધું હતું તેથી તે આખો દહાડો મને આનંદમાં ગયો હતો અને અમુક લાભ પણ થયો હતો.

આ વાત તદ્દન કાઢી નાખવા જેવી નથી. ઉઠતાવેંત આપણે સારા નઠારા માણસનું મોઢું જોયું હોય કે નામ લીધું હોય તો આપણી તેવી સારી કે નઠારી ભાવના બંધાય છે અને ભાવનાના પ્રમાણમાં આપણું મન મજબૂત કે નબળું થાય છે. અથવા પવિત્ર કે અપવિત્ર; મજબુત કે નબળી થયેલી ભાવનાના પ્રમાણમાં આપણું વર્તન થાય છે. અને સત્તામાં રહેલાં સારા કે નઠારાં કર્મો તે આપણી ભાવનાના પ્રમાણમાં બહાર આવી આપણને સુખ કે દુ:ખ આપે છે.

આ ઉપરથી આપણે સમજવાનું કે ઊંઘમાંથી જાગતાવેંત જ પરમાત્માનું નામ લેવા મંડી જવું અને મનરૂપી કોરા વાસણમાં ખરાબ વિચારોરૂપી હલકા પદાર્થ ભરાવા પામે તે પહેલાં સારા વિચારરૂપી ઉત્તમ પદાર્થ ભરી દેવા, તેથી આપણો આખો દિવસ આનંદમાં જાય અને નુકસાન ન થાય. પરમાત્માનું નામ લેવાથી પુણ્ય બંધાય છે અને તેથી આપણે સુખી થઈએ છીએ.

આ પરમાત્માનું નામ કેટલી વાર લેવું તેનો કોઈ નિયમ નથી. લેવાય તેટલી વાર લેવું. જેમ વધારે વાર લઈએ તેમ વધારે ફાયદો થાય છે. કોઈ પાઠ વધારે વાર ધ્યાનપૂર્વક ગોખ્યો હોય કે કોઈ વાત ઘણીવાર યાદ કરી હોય તો તે ઘણીવાર યાદ આવે છે, અથવા તરત યાદ આવે છે તેમ ભગવાનનું નામ ઘણીવાર ધ્યાનપૂર્વક એટલે બીજા કોઈ ઠેકાણે મનને ન પરોવતાં કે બીજી કોઈ વાત યાદ ન કરતા તેમાં જ મન લગાડીને લીધું હોય તો આખો દિવસ વ્યવહારના કામકાજ કરતાં હોઈએ તો પણ તે પવિત્ર નામ યાદ આવે છે અને તે વધારે વાર યાદ આવતા તે વધારે વાર આપણે ગણીએ જપીએ તો ફાયદો પણ વધારે થાય છે.

કુંભાર જેમ વાસણ બનાવવાનું ચક્કર વધારે જોરથી ફેરવે છે તેમ તે ચક્કર ફેરવી રહ્યા પછી પોતાની મેળે કેટલીક વાર સુધી ફર્યા કરે છે. જો ધીમેથી ફેરવ્યું હોય તો ફેરવી રહ્યા પછી થોડી જ વારમાં બંધ પડે છે. તેમ તમે જેટલી લાગણીથી

અને જેટલી વાર પરમાત્માનું નામ લીધું હશે. તેટલી વાર ત્યાર પછી પણ વ્યવહારના કામમાં પણ તે યાદ આવ્યા કરશે. આ બાબતનો મનમાં મજબૂત સંસ્કાર પાડવાથી માણસોના ઘણાં અશુભ કર્મ ઓછા થતા તેમનું મન નિર્મળ થઈ જાય છે. અને તેમને આગળ વધવામાં મુશ્કેલી નડતી નથી. આ જિંદગીમાં જ તેઓ ધારે તો મહાત્મા પુરુષ પણ બની શકે છે. જુઓ કે કેટલી વાર સુધી ભગવાનનું નામ લેવું તેવો નિયમ નથી. તથાપિ વધારે વાર ભગવાનનું નામ લેવાને જેઓ આળસુ છે તેમણે નિયમ એવો રાખવો કે સાત કે એકવીસવાર તો અવશ્ય ભગવાનનું નામ ઊંઘ ઉડે કે તરત જ લઈ લેવું.

જેમને આખો દિવસ કે દરેક પ્રસંગમાં ભગવાનનું નામ કે પોતાનું કર્તવ્ય યાદ રાખવાની ઈચ્છા હોય તેમણે એક કોઈ પદ કે સ્તવન યા જેમાં પોતાનું કર્તવ્ય વર્ણવેલું હોય યા વૈરાગ્ય ભાવને સૂચવવું હોય તેવું કોઈ પદ લઈને ઉઠતાવેંત જ ધીમેધીમે મધુર રાગે પણ લંબાવીને, તેના અર્થમાં ધ્યાન આપીને, વારંવાર ઊંચે સ્વરે બોલવું તેનો એટલો બધો દૃઢ સંસ્કાર બંધાશે કે દિવસના કોઈ પણ ભાગમાં અને કોઈ પણ કામના પ્રસંગમાં તે પદનું અમુક વાક્ય તેના મુખમાંથી સ્વાભાવિક રીતે જ નીકળ્યા કરશે. એટલું જ યાદ રાખવાનું છે કે તે પદ કે વાક્યોનો જેટલો મજબૂત સંસ્કાર મન ઉપર પડ્યા હશે તેટલી જ ઉતાવળથી તે યાદ આવશે. જો સંસ્કાર દૃઢ પડ્યો ન હશે તો વારંવાર યાદ નહિ આવે. તે પદ બોલતી વેળાએ બીજા વિચારો મનમાં હશે નહિ તો જ મજબૂત સંસ્કાર મન ઉપર પડશે એ વાત ખાસ ધ્યાનમાં રાખવી. મન ઉપર મજબૂત સંસ્કાર પાડવા માટે દિવસના ભાગમાં હાલતા, ચાલતા, સુતા, બેસતા કે હર કોઈ કામકાજ કરતાં નિરંતર મનમાં નવકારમંત્ર ગણવાની ટેવ રાખવી, રસ્તે ચાલવું તેમાં પગનું કામ છે. પગ ચાલવાનું કામ કરશે તે વેળાએ મન તો વિચારો કરવાનું પોતાનું કામ ચાલુ રાખશે જ. તે વેળાએ વિના પ્રયોજનના સારા-નઠારા વિચાર કરવા તેના કરતાં પરમાત્માનું નામ મનમાં લેવાય તો શી હરકત છે ? કાંઈ જ નહીં. આવી જ રીતે નવરા બેઠા હોઈએ, કાંઈ કામકાજ ન હોય તે અવસરે પણ આડાઅવળા નિરૂપયોગી વિચારો કરવા તેના કરતાં ભગવાનનું નામ લઈએ તો આપણને કાંઈ પણ નુકસાન ન થતાં ઊલટું પુણ્ય બંધાય છે. તેમ જ રાત્રિએ પથારીમાં સુતા હોઈએ અને ઊંઘ આવતી ન હોય, તો ઊંઘ લાવવા માટે પથારીમાં આમતેમ આળોટો અને ઊંઘ લાવવા માટે આર્ત્તધ્યાન કરતા હો, તેને બદલે ઊંઘ જ્યાં સુધી ન આવે ત્યાં સુધી પરમેશ્વરનું નામ લીધા કરો તો કેટલો બધો ફાયદો થાય ? ભગવાનનું નામ લેતા લેતા ઘણીવાર તરત ઊંઘ આવી જાય છે. આપણુ ધ્યાન ઈશ્વરના નામમાં હોવાથી રાત્રિએ સ્વપ્ન પણ સારા સારા આવે છે અને તેટલા વખત માટે પાપનો માર્ગ પણ બંધ થાય છે. માટે નિરંતર પરમાત્માનું નામ લેવાની ટેવ રાખવાથી તે અભ્યાસ મજબૂત થાય છે.

મનમાં હોઠ ન હલાવતાં પરમાત્માનું નામ હાલતાં-ચાલતાં ગમે તેવા સ્થળે લેવામાં આવે તો પણ ગેરફાયદો થતો નથી પણ ઊલટો સારો ફાયદો થાય છે.

ચાલુ સ્વર પ્રમાણે પગ નીચો મૂકવો

ત્યાર પછી પથારીનો ત્યાગ કરવા, પથારીમાં બેઠા થવું અને નીચા ઊતરવું, આપણી નાસીકાનાં બે છિદ્રો છે, જેમાંથી શ્વાસ બહાર નીકળે છે. અને અંદર લેવાય છે. તે બન્ને છિદ્રોમાં એકસાથે પવન તો કોઈક જ વખત ચાલે છે. ઘણી વખત તો એક જ છિદ્રમાંથી પવન ચાલે છે. જે નાસિકાના છિદ્રમાંથી પવન ચાલતો હોય તે પગ પથારીમાંથી પહેલો હેઠો મૂકવો. જો બન્ને નાસિકાના છિદ્રમાંથી પવન સાથે ચાલતો હોય તો પગ નીચા મૂકતા પહેલા પથારીમાં બેસીને પરમાત્માનું નામ લીધા કરવું. બન્ને નાસિકાનો પવન સાથે ચાલતો હોય તે વેળાએ નીચા ઉતરવાથી કે કોઈ પણ કામની શરૂઆત કરવાથી તેમાં લાભને બદલે નુકસાન થાય છે. માટે તેઓ તેટલા વખત માટે તો પરમાત્માનું નામ લેવું કે ધ્યાન કરવું તેથી મન પણ સ્થિર થાય છે. બન્ને નાસિકામાં પવન વધારે વખત સાથે ચાલતો નથી. થોડી જ વારમાં બીજી નાસિકાના છિદ્રમાં પલટાઈ જઈ એક નાસિકામાં ચાલુ થાય છે. જે નાસિકામાંથી પવન ચાલતો હોય તે પગ હેઠે મૂકવાથી કે કોઈ કામ કરવું હોય તે વખતે તે પગ પ્રથમ ઉપાડી આગળ ધરી પછી બીજો પગ ઉપાડીને ચાલવાથી કદાચ તે કામ સિદ્ધ ન થાય તો પણ નુકસાન તો થતું નથી, ઘણે ભાગે તો ધારેલ કામ સિદ્ધ થાય છે.

પછી સુતી વખતના પહેરેલા વસ્ત્રો બદલાવીને બીજા વસ્ત્રો પહેરવા અને સારા પવિત્ર ઠેકાણે બેસી નવકારમંત્રનું સ્મરણ કરવું.

સ્થળ અને વસ્ત્રો શા માટે પવિત્ર રાખવા ?

આપણે કોઈ સારા કે ખોટા વિચારો કરીએ છીએ, કે સંસાર વ્યવહાર ચલાવવાની જે ક્રિયાઓ કરીએ છીએ તેની આપણાં પહેરેલા વસ્ત્રો ઉપર થોડી ઘણી અસર થાય છે તેના મલિન પરમાણુઓ તે વસ્ત્રમાં પરિણમી જાય છે. ભરાઈ રહે છે. તે વિચારોવાળા મનના કે શરીર દ્વારા કરેલી ક્રિયાના પરમાણુઓ તે સ્થળમાં મુકામમાં કે ઓરડા, પ્રમુખમાં પણ ભરાઈ રહે છે. તેથી તે પ્રદેશનું વાતાવરણ તે પરમાણુંવાળુ થઈ જાય છે, અને તે મુકામમાં આવનાર માણસના મન ઉપર થોડી કે વધારે અસર પણ કરે છે. તેના મલિન વિચારથી વાસિત થયેલા મુકામમાં બેસી ધાર્મિક ક્રિયા કરનારના વિચારોમાં સારો સુધારો થતો નથી. મન ઠરતું નથી પણ આડાઅવળા હલકા વિચારો કરતું રહે છે. પોતાના અપવિત્ર મનની સાથે આ અપવિત્ર સ્થળ એક કારણ છે તેથી મન પવિત્ર રહેતું નથી.

આપણા અનુભવની જ આ વાત છે કે એક સ્થળે કજીયો કે મારામારી થતી

હોય ત્યાં ઊભા રહેનારના મન ઉપર પણ તેની અસર થયા વિના રહેતી નથી. અને બેમાંથી કોઈના પક્ષમાં પોતે ઊભો રહી છેવટે મનથી પણ એકનો જય અને બીજાનો પરાજય થાય તેવી ઈચ્છા કર્યા સિવાય રહી શકાતું નથી.

એક માણસ લડાઈના છાપા વાંચે છે, તેટલાથી પણ મન ઉપર એકના જયની કે પરાજયની લાગણી થઈ આવે છે. એકનો જય થતો જોઈ હર્ષ થાય છે, બીજાના પરાજયથી નારાજ થવાય છે. અથવા એક વેશ્યાના ઘરમાં જઈ ઊભા રહો. તમે ગમે તેવા દૃઢ મનના હશો તો પણ ત્યાંનું વાતારવણ એટલું મલિન-વિષયવાસનાથી ભરપુર હોય છે કે, તેની સહજ પણ મન ઉપર અસર થયા સિવાય રહેતી નથી. કદાચ તમે કોઈ શાંત સ્વભાવી, આત્મરમણતા કરનાર અને દયાની કેવલ મૂર્તિ જ હોય તેવા મહાત્મા પુરુષના સમાગમમાં આવશો ત્યાંના પવિત્ર વાતાવરણના કારણથી એક ઘડીભર પણ તમારા ખરાબ વિચારો શાંત થઈ જશે. વિવિધ પ્રકારની ઉત્તમ ભાવનાઓ તમારા હૃદયમાં સ્ફુરવા માંડશે. આત્મસાધન કરવાનું કે દયાની લાગણીવાળું મન થઈ આવશે. તમારા ખરાબ કર્તવ્યનો પશ્ચાતાપ થશે અને નિર્દોષ જીવન ગાળવાની ઈચ્છા થશે. તે મહાત્મા પુરુષ ભલે તમને કાંઈ પણ ન કહે. છતાં તમારું હૃદય ધર્મની લાગણીવાળું થશે. આમ થવાનું કારણ તમે શોધશો તો તમને જણાશે કે પવિત્ર વિચારોથી ત્યાંનું સ્થળ અને વાતાવરણ શુદ્ધ-પવિત્ર બનેલું છે. આ જ રીતે તમે કોઈ તીર્થસ્થાનમાં કે પ્રાર્થના કરવાના દેવ મંદિરમાં જશો તો ત્યાં પણ તમારું મન સંસાર વ્યવહારના વિચારો બંધ કરી, પરમાત્માના સ્મરણમાં કે કોઈ તેવા જ ભક્તિના માર્ગમાં જ પ્રવેશ કરવાની ઈચ્છા કરશે. આ સર્વનું કારણ એજ છે કે, સારા કે ખોટા વિચારો કે ક્રિયાઓ જે સ્થળે કરાયેલી હોય છે ત્યાંના સ્થળ કે વાતાવરણમાં તેની અસર થયા સિવાય રહેતી નથી.

શાસ્ત્રમાં પણ કહ્યું છે કે સ્ત્રીઓના ધાર્મિક ક્રિયા કરવાના વસ્ત્રો પુરુષોએ પહેરવા નહિ. તેમ જ જે સ્થળે સ્ત્રી કે પુરુષ બેઠા હોય તે સ્થળે બ્રહ્મચારી પુરુષ કે સ્ત્રીઓએ બે ઘડી થયા સિવાય બેસવું નહીં. આનું કારણ પણ તે જ છે કે વસ્ત્રમાં કે ભૂમિ ઉપર તેમના વિચાર કે ક્રિયાની અસર થયા સિવાય રહેતી નથી. માટે જ કહેવામાં આવ્યું છે કે વસ્ત્ર શુદ્ધ પહેરવા અને સુવાની જગ્યાથી અલગ ઘરના કોઈ પણ ભાગમાં ધાર્મિક ક્રિયા કરવા માટે નિયમિત કરેલી જગ્યા હોય ત્યાં જઈ બેસી પરમાત્માનું ચિંતન કરવું. નમસ્કાર મંત્રનો જાપ કરવો.

પરમાત્માનું સ્મરણ કરવા માટે ઉત્તર દિશા તરફ કે પૂર્વ દિશા તરફ મુખ રાખીને બેસવું. ધર્મધ્યાન માટે આ બે દિશાઓને શાસ્ત્રમાં પવિત્ર માનવામાં આવી છે.

આથી એ નિશ્ચય થયો કે વસ્ત્ર શુદ્ધ પહેરવા, સ્થળ પવિત્ર હોવું જોઈએ, શરીર પવિત્ર હોય અને ઉત્તર કે પૂર્વ દિશા તરફ મુખ રાખી સ્થિર ચિત્તે પરમાત્માનું સ્મરણ કરવું.

અહીં કોઈ શંકા કરે કે શરીર પવિત્ર ન હોય, વસ્ત્ર શુદ્ધ ન હોય અને મુકામ અલગ ન હોય તો શું પરમાત્માનું સ્મરણ ન કરવું ?

આનો ઉત્તર એ છે કે બધી સગવડ હોય તો તેમ જ કરવું, પણ તેવી સગવડ ન હોય તો પછી ગમે તેવી રીતે પણ પરમાત્માનું સ્મરણ તો અવશ્ય કરવું જ જોઈએ. લુગડા સારા ઊંચા ન હોય તો પછી હલકા પણ પહેરવા જ જોઈએ. સારું ખાવાનું ન મળે તો પછી સાદુ ભોજન પણ કરવું. ભૂખ્યા તો નજ મરવું જોઈએ. આજ ન્યાયે તેવી સગવડ ન હોય તો પછી ગમે તેમ પણ સ્મરણ તો કરવું જ. શાસ્ત્રમાં કહ્યું પણ છે કે,

अपवित्रः पवित्रोवा सुस्थितो दुःस्थितोऽपिवा
ध्यायन्पचनमस्कार सर्वः पापैः प्रमुच्यते. १

(ઉપર કહેલ સાધનની સગવડતા ન હોય તો) અપવિત્ર હોય કે પવિત્ર હોય. નિરોગી હોય કે રોગી હોય. પંચનમસ્કારનું ધ્યાન કરતાં સર્વ પાપથી મુક્ત થવાય છે. નોંધ : વિશેષ એ છે અપવિત્ર વસ્ત્રો કે શરીરવાળાએ તે જાપ હોઠ ન ચાલે તેમ મનમાં કરો.

ઉત્તમ પ્રકારનો જાપ

જાપ ત્રણ પ્રકારે થાય છે : ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય. પદ્મની વિધિ વડે જાપ કરવો તે ઉત્કૃષ્ટ-ઉત્તમ જાપ કહેવાય છે. કેમ કે તેમાં ચિત્તની એકાગ્રતા થાય છે. મન ઠરે છે. હલકા વિચારો આવી શકતા નથી. તેથી તેનો લાભ પણ વધારે મળે છે.

તે જાપ આ પ્રમાણે કરાય છે. તમારા હૃદયમાં એક આઠ પાંખડીનું કમળ ચિંતવો અને તેની અંદરના ભાગમાં બરાબર સિદ્ધચક્ર આવેલા છે તેમાં નવપદોને સ્થાપન કરો એટલે વચમાં અરિહંત, ઉપર સિદ્ધ, પડખે આચાર્ય, નીચે ઉપાધ્યાયજી, પડખે સાધુ, અને ચારે ખૂણા ઉપર અનુક્રમે દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ, આ ચાર પદ મૂકો. આમ કરવાથી બરાબર સિદ્ધચક્રના મંડળ જેવુ મંડળ થશે. હવે તે નવપદોનો જાપ એક એક પદ ઉપર ધ્યાન રાખી ચાલુ કરો. આ ચાલુ જાપ વખતે બની શકે તો ડાબો પગ જમણા સાથળ ઉપર અને જમણો પગ ડાબા સાથળ ઉપર મૂકવા રૂપ પદ્માસન કરો. વાંસાની કરોડનો ભાગ સિધો ટટ્ટાર રાખો. મસ્તક પણ સીધું જ રાખો. આંખો મીંચી લો અને અંદરની દૃષ્ટિ હૃદયમાં રાખો.

'નમો અરિહંતાણં' - આ પદ તે હૃદયમાં રહેલા આઠ પાંખડીના કમળની વચમાં રહેલી અરિહંત ભગવાનની મૂર્તિ સામે દૃષ્ટિ રાખી બોલો. મનમાં જ બોલો. હોઠ પણ ચાલવા ન જોઈએ. એ બોલતી વખતે તે પદના અર્થમાં સાથે જ દૃષ્ટિ આપો કે 'અરિહંત ભગવાનને નમસ્કાર કરું છું.' આ સાથે મન વિશેષ પ્રકારે તેમાં રોકાઈ રહે તે સારું તે અરિહંત ભગવાનની મૂર્તિ શ્વેત ચંદ્ર જેવા પ્રકાશવાળી શાંત

છે, તે શ્વેત રંગ કે પ્રકાશનો સહજ આભાસ પડે ત્યાં સુધી જરા થોભો, અથવા 'નમો અરિહંતાણં' એ પદના અક્ષરો શ્વેત રંગના દેખાય તેમ ચિંતવો, અને તેનો ઝાંખો પણ આભાસ પડે ત્યાર પછી ત્યાંથી દ્રષ્ટિ ઉપાડી ઉપરની પાંખડીમાં રહેલા સિદ્ધ ભગવાન તરફ દૃષ્ટિ સ્થાપન કરી 'નમો સિદ્ધાણં' આ પદ મનમાં બોલો આ સાથે ઉગતા સૂર્યના જેવા લાલ પ્રકાશવાળી તે સિદ્ધ ભગવાનની મૂર્તિ દેખવી, તેમ જ તેનો અર્થ 'સિદ્ધ ભગવાનને નમસ્કાર કરું છું' તેની ધારણા પણ મનમાં રાખવી. જો મૂર્તિ ઉપર ધારણા હોય તો મૂર્તિની સહજ પણ આભાસવાળી ઝાંખી થયા પછી આગળ વધવું. અથવા તે પદના અક્ષરો ઉપર ધારણા રાખી હોય તો તે અક્ષરોની ઝાંખી છાયા લાલ વર્ણની દેખાયા પછી આગળ જાપ કરવો. મૂર્તિ કે અક્ષરો બેમાંથી એકની ધારણા રાખવી. બેની સાથે ધારણા રાખવી નહીં.

ત્યાર પછી ત્યાંથી દૃષ્ટિ ઉપાડી પડખેની પાંખડી ઉપર રહેલા આચાર્ય તરફ ધ્યાન આપવું. અને પછી 'નમો આયરિયાણં' આ પદ બોલવું. આચાર્ય મહારાજને નમસ્કાર થાઓ.' આ અર્થની છાપ મનમાં પાડવી. તે સાથે પીળા વર્ણની આચાર્યની મૂર્તિ કે અક્ષરોની ઝાંખી થાય ત્યાં સુધી સ્થિરતા રાખી કાંઈપણ ચિંતન કર્યા સિવાય તે ત્રીજા પદ ઉપર જ મનને ધારી રાખવું. ત્રીજા પદની ઝાંખી થયા પછી દૃષ્ટિ ત્યાંથી ખસેડી નીચેની પાંખડી ઉપર રહેલા ચોથા ઉપાધ્યાયજી તરફ દૃષ્ટિ સ્થાપવી. 'નમો ઉવજઝાયાણં' આ પદ બોલવું. સાથે ઉપાધ્યાયજી મહારાજને નમસ્કાર કરું છું.' તે અર્થનું ધ્યાન રાખવું. પછી લીલા રંગની ઉપાધ્યાયજીની મૂર્તિ કે અક્ષરો જોવા. તેની ઝાંખી થયા પછી ત્યાંથી દૃષ્ટિ ઉઠાવવી.

પાંચમા પદ ઉપર રહેલા સાધુ મહારાજ તરફ દૃષ્ટિ સ્થાપીને 'નમો લોએસવ્વસાહૂણં' એ પદ બોલવું. અને લોકમાં રહેલાં 'સર્વ સાધુઓને નમસ્કાર કરું છું.' આ અર્થ ધારવો. સાથે કાળા વર્ણવાળી તે સાધુની મૂર્તિ દેખવી. અથવા 'નમો લોએ' એ મંત્રના કાળા અક્ષરો જોવા. તે દેખાયા પછી ત્યાંથી દૃષ્ટિ ખસેડવી નહીં. દેખાય ત્યાં સુધી એકી નજરે એક ભાવનાએ જ મન ત્યાં સ્થિર જ કરી દેવું.

પછી સિદ્ધ ભગવાનને આચાર્ય મહારાજના વચલા ભાગ તરફના ખૂણામાં દૃષ્ટિ આપી ત્યાં 'નમો દસણસ્સ' એ પદ બોલવું. અને સમ્યગ્દર્શનને નમસ્કાર કરું છું. એ અર્થ ઉપર ધ્યાન આપવું. સાથે તે પદના અક્ષરો ઘણા જ શ્વેત (ધોળા) છે તે દેખાયા પછી ત્યાંથી દૃષ્ટિ ખસેડવી.

તેના નીચલા ભાગના ખૂણામાં આવેલા જ્ઞાનપદ ઉપર દૃષ્ટિ સ્થાપવી અને ''નમો નાણસ્સ'' એ બોલવા: પછી જ્ઞાનને નમસ્કાર થાઓ એમ અર્થ ચિંતવવો અને તે શ્વેત અક્ષરો તરફ દૃષ્ટિ આપી તે અક્ષરોનો આભાસ ઝાંખો પડે ત્યાં સુધી ત્યાં સ્થિરતા કરવી ત્યાર પછી ત્યાંથી દૃષ્ટિ ઉપાડવી.

ઉપાધ્યાયજી અને સાધુના વચમાં ખૂણા તરફ રહેલા ચારિત્રપદ ઉપર દૃષ્ટિ

રાખી ''નમો ચારિત્તસ્સ'' એ પદ બોલવું અને ચારિત્રને નમસ્કાર થાઓ' એ અર્થ પ્રયત્ન કરવો. છેવટે તે અક્ષરો દેખાયા પછી થોડા ઝાંખા પડતા ત્યાંથી દૃષ્ટિ ઉપાડવી.

સાધુ અને સિદ્ધપદના વચમાં આવેલા તપપદ ઉપર દૃષ્ટિ સ્થાપવી. ''નમો તવસ્સ'' એ પદ બોલવું અને 'તપને નમસ્કાર કરું છું.' એ ધ્યાન રાખવા સાથે તપપદના શ્વેત અક્ષરો જોવા માટે પ્રયત્ન કરવો. તે દેખાય એટલે ત્યાંથી દૃષ્ટિ ઉઠાવી તે જ અનુક્રમે પાછો ફરીને નમસ્કાર મંત્રનો જાપ કરવો. આ પ્રમાણે જ્યાં સુધી સ્થિરતા હોય ત્યાં સુધી જાપ કરવો. ઓછામાં ઓછા બે ઘડી સુધી જાપ કરવો જોઈએ.

તે કમળમાં રહેલ મૂર્તિ કે પદ સામી દૃષ્ટિ, તેનો જાપ, તેનો અર્થ, અને તેનો વર્ણ (અક્ષરો કે મૂર્તિનો રંગ) તે ઉપર દૃષ્ટિ રાખવાનું નવીન અભ્યાસીને શરૂઆતમાં કઠણ પડે તો પછી જેમ સગવડ પડે તેમ કરવું પણ જાપ અને અંતરમાં તે પદો ઉપર દૃષ્ટિ સ્થાપવી. આટલાથી તો શરૂઆત કરવી જ જોઈએ આ ઉત્તમ પ્રકારનો પહેલો જાપ સમાપ્ત થયો.

મધ્યમ પ્રકારનો જાપ

નવકારવાળી (માળા) હાથમાં લઈને જાપ કરવો. તે મધ્યમ પ્રકારનો જાપ છે. કારણ કે આમા મનને રોકે તેવો આલંબનો ઓછા છે. તથા જે પદ મુખે બોલાય તેના અર્થ ઉપર સાથે જ ધ્યાન આપવાથી આમા પણ મન સ્થિર થાય છે. એટલે જાપ સિવાય બીજે ભટકતું મન અટકે છે અને તેથી જાપનું ઉત્તમ ફળ મળે છે.

આ જાપ કરવાનો હેતુ લક્ષમાં એવો રાખવો જોઈએ કે આ જાપથી મારા મલિન કર્મોનો નાશ થાય છે. મારું મન શુદ્ધ થતું જાય છે. મલિન વાસનાઓ નાશ પામતી જાય છે. સારા વિચારોમાં વધારો થતો જાય અને આત્માનું સ્વરૂપ પ્રગટ થતું ચાલે છે. આ ભાવના શરૂઆતમાં જ દૃઢ કરી પછી જાપ શરૂ કરવો. ભાવનાના બળના પ્રમાણમાં તેવો જ નવીન ફેરફાર તમારા મનમાં થતાં તમે અનુભવશો. મનમાં ચોક્કસ નિર્ણય કરો કે હું જે વખતે જેટલી વાર પરમાત્માનું સ્મરણ કરું છું, તે વખતે તેટલી વાર મલિન વિચારો, વાસનાઓ કે કર્મો ઉપર હથોડાના ઘાની માફક ઘા પડે છે, અને તે કર્મોને નબળા કરી વિખેરી નાખે છે, જાપનું બળ જેટલું વધશે તેટલું જ બળ મલિન કર્મોનું ઓછું થશે.

ત્રીજા પ્રકારનો જાપ

કોઈ પણ પ્રકારે મનને રોક્યા વિના જાપ કર્યા કરવો તે જઘન્ય જાપ છે. જાપ કરતો જાય અને વચમાં વાતો પણ કરતો જાય. હું શું બોલું છું તેનું પણ ભાન ન હોય. અર્થ ઉપર લક્ષ પણ હોય નહી. અને નાના છોકરાઓ જેમ મોં પાઠ લઈ જાય છે તેમ નવકાર મંત્રનો પાઠ ગણ્યે જ જાય લાંબા વખતના અભ્યાસને લઈ તે

ભૂલી ન જાય, પણ ચિત્ત બીજે ફરતું હોય, વિચારો થતા જાય અને માળાના મણકા પણ ફેરવ્યા જાય. વળી કેટલો જાપ થયો તેની સંખ્યાનું પણ ભાન ન હોય. (શરૂઆતમાં જાપની સંખ્યા રાખવાની પણ જરૂરિયાત છે. કારણ કે અમુક સંખ્યા જેટલો કે અમુક વખત સુધી જાપ કરવાનો નિયમ કરવાથી તેટલા વખત માટેની શરૂઆતથી જ લાગણી બંધાય છે. અને તેટલો પૂરો કરવાનો ઉત્સાહ બન્યો રહે છે) આ સર્વ જાપ જ ધન્ય છે. તેનું ફળ ઘણું થોડું મળે છે.

રસ્તે ચાલતા મનમાં જાપ કરવો, સંખ્યાનો નિયમ તેમાં ન રાખવો, આજુબાજુ જોવાનું પણ ધ્યાન આપવું, બોલવાની પણ જરૂરિયાત પડે. છતાં જો મન બીજા વિચારો કરી, આડે અવળે રસ્તો દોરવાઈ, કર્મબંધ થાય તેવી પ્રવૃત્તિ કરતું હોય તો તે અટકાવવા માટે જઘન્ય પ્રકારનો જાપ થાય તો પણ હરકત નથી. કારણ કે નુકસાનને બદલે આમા થોડો પણ લાભ છે. જ્યારે ઉત્તમ પ્રકારનો જાપ કરવાનો પ્રસંગ આવે ત્યારે તો તેજ કરવો અને તેના અભાવમાં આ પણ જાપ કરવાનો ભૂલવું નહિ. આ પ્રમાણે ત્રણે પ્રકારમાંથી કોઈ પણ પ્રકારનો જાપ પ્રસંગે ચાલુ રાખવો.

આ ઉત્તમ જાપમાં બતાવેલા નવપદોમાં અરિહંત અને સિદ્ધ બે દેવ છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ત્રણ ગુરુ છે અને દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ એ ચારે ધર્મ છે. એમ આ જાપમાં દેવ, ગુરુ અને ધર્મને નમસ્કાર કરવામાં આવે છે, એટલે જે સ્થિતિની પ્રાપ્તિ કરવાની છે, તેના નામનો જ જાપ કરવાનું તેમાં આવે છે. આ નવપદજીને બદલે નવકાર મંત્રનો જાપ કરો તોપણ હરકત નથી. જેમ જાપ કરતી વખતે વિક્ષેપ ઓછો અને એકાગ્રતા વધારે તેમ કર્મમળ ઘણી ઝડપથી ઓછો થવા માંડે છે અને જેને દુનિયાના સુખની ઈચ્છા હોય તેને તે પણ પ્રાપ્ત થાય છે. જેવા ઉદ્દેશથી–હેતુથી જાપ કરવામાં આવે છે, સ્થિરતા મેળવાય છે તેવો ઉદ્દેશ કે હેતુ તેનાથી પાર પડે છે. છતાં અહીં સૂચના કરવાની એ છે કે દુનિયાના પ્રસંગો બીજા પ્રયત્નથી પણ મળી શકે છે અને તે ક્ષણિક છે. પરિણામે દુઃખરૂપ છે, અવશ્ય નાશ પામનારા છે. અને તેનું પરિણામ તુપ્તિ કરનારું આવતું જ નથી તો તેને માટે આત્મસુખ મેળવવાનું મૂકી દઈ, પરિણામે નુકસાન કરનારી ઈચ્છાઓને પોષણ આપવા માટે આ જાપ ન થાય તો વધારે સારુ છે. કોઈ પણ જાતના ફળની ઈચ્છા રાખ્યા સિવાય જાપ કરવાથી કર્મમળ ઘટે છે, અને ઈચ્છા પૂર્ણ કરવા માટે જાપ કરવાથી પણ નવીન શુભ બંધ તો થાય છે જ.

જાપ કરી રહ્યા પછી વિચાર કરવો કે હું કોણ છું ? મારું કર્તવ્ય શું છે ? મારો ધર્મ શું છે ? મારું કર્તવ્ય મેં કેટલું બજાવ્યું છે ? મારા પૂર્વજો કોણ હતા ? તેમણે અગત્યના કર્તવ્યો શું શું કર્યા છે ? શું મારી નિર્બળતા છે ? મારો પ્રમાદ છે ?

અથવા કોઈ બીજી હરકતો છે ? તે દૂર થઈ શકે તેમ છે ? છે તો ક્યા ઉપાયથી ? તે ઉપાયો કામે લગાડયા છે ? હવે ઉપાયો કામે લગાડયા છે ? હવે ઉપાયો કામે લગાડી શકાય તેમ છે ? તેમાં અન્યની મદદની જરૂર છે ? તે મળી શકે તેમ જણાય છે ? અન્યને મદદ કરી છે ? તારે હાથે કોઈ પરોપકારી કાર્યો થયાં છે ? થયા હોય તો તેની અનુમોદના કર, ન થયાં હોય તો તે કરવા માટે સાવધાન થા. ગયા વખતનો પશ્ચાતાપ કરી ભવિષ્ય માટેનો નિશ્ચય કર. પોતાના કોઈ ઉત્તમ કાર્ય કરનાર પૂર્વજની સાથે પોતાની સ્થિતિનો કર્તવ્યનો મુકાબલો સરખામણી કર. તેના જીવન સાથે તારું જીવન સરખાવ. પૂર્વજના ઉત્તમ જીવનો એ એક આરિસો છે તેમાં તારુ મુખ જો અને જે ન્યૂનતા જણાય તે પૂર્ણ કરવા અને બની શકે તો તેથી પણ આગળ વધવા નિર્ણય કર.

ઉત્તમ જીવનવાળા પોતાના પૂર્વજો સાથે પોતાની સરખામણી કરવા પોતાની ન્યૂનતા સમજાય છે. તે સાથે તેમણે નિયમિત કરેલા રસ્તા ઉપર ચાલવાની પોતાની શક્તિ, યોગ્યતા કે અયોગ્યતાની ખબર પડે છે.

તેજ રસ્તે ચાલવું કે ફેરફાર કરી અન્ય રસ્તો લેવો તે સમજાય છે તેમને પડેલી અડચણોથી સાવચેત રહેવાની ચેતવણી મળે છે. ટૂંકમાં કહીએ તો તેમના જીવનમાંથી એટલા બધા અનુભવો અને પ્રેરણા મળે છે કે પોતાનો માર્ગ ઘણી સહેલાઈથી સુગમ કરવાથી કુંચીઓ પ્રાપ્ત થાય છે.

ઘણા વખતના અભ્યાસથી પોતાનુ જીવન સારું બનાવવામાં આવે છે. અડચણરૂપ જણાતા કોઈ મોટા દુર્ગુણો ત્યાગી ન શકાતા હોય તેમ પોતાને જણાય તો એક પછી એક અનુક્રમે ધીમે ધીમે ત્યાગ કરતા રહેવું. પ્રથમ કાયમનો ત્યાગ બની શકે નહિ તો એકાદ માસનો કે એકાદ દિવસ જેટલી ટૂંકી મુદતથી તેનો ત્યાગ કરવાની ટેવ પાડવી. અથવા તેથી પણ ઓછી એકાદ પહોર કે કલાકથી શરૂઆત કરવી. અને તેમાં દૃઢતાપૂર્વક નિયમિત વધારો કરતાં રહેવું.

જેમ દુર્ગુણો માટે આ ક્રમ નિયમિત રીતે ચાલુ રાખવો, તેમ એકાદ કે તેથી વધારે સદ્‌ગુણોમાં વધારો કરવા માટે પણ તેવા જ ક્રમથી વધવાથી ટેવ પાડવી. ધીમો પણ કાયમનો વધારો થતા સદ્‌ગુણમય જીવન થશે. અને દુર્ગુણો સદાને માટે ચાલ્યા જશે.

દુર્ગુણોનો ત્યાગ ન કરી શકાય તો પણ સદ્‌ગુણોનો વધારો કરતા રહેવું. એકંદર પરિણામ એ આવશે કે સદ્‌ગુણના ધક્કાથી દુર્ગુણોને પાછા હઠવું પડશે. અને તેની જગ્યાએ સદ્‌ગુણો ગોઠવાઈ જશે.

આ સર્વ સ્થિતિમાં સુધારો થવાનું મૂળ કારણ વિચાર શક્તિ છે. વિચાર શક્તિની મદદ વિના ઓઘ સંજ્ઞાએ ગાડરિયા પ્રવાહ માફક ચાલતા આગળ વધી શકાતુ નથી. દુર્ગુણો ઘટતા નથી ને સદ્‌ગુણો વધતા નથી. આગળ વધવાના વિચાર

વિના બીજુ એક કારણ યોગ્યતા ધરાવતું નથી. કર્તવ્ય કે અકર્તવ્ય તેનુ ભાન વિચારથી થાય છે, અને આજ સુધી શું ફાયદો કે ગેરફાયદો થયો તે પણ વિચારથી જ જાણી શકાય છે. કોઈ પણ કામ કરતા આ કામ શા માટે કરવું જોઈએ ? અને આટલા દિવસ પ્રયત્ન કર્યો તેનું પરિણામ શું આવ્યું ? તેનો વિચાર અવશ્ય કરવો જ જોઈએ.

પ્રયત્ન કર્યા છતાં કોઈ ફાયદો ન જણાય તો સમજવું જોઈએ કે આપણો પ્રયત્ન યોગ્ય દિશામાં થતો નથી. અથવા જેને માટે પ્રયત્ન કરીએ છીએ તેનું કારણ કોઈ બીજી જાતનો પ્રયત્ન હોવો જોઈએ. બીજ વાવીએ અને અમુક મુદત સુધી અંકુરો પણ ન ફુટે (ફળની વાત દૂર રહી) તો સમજવું જોઈએ કે કાં તો જમીન ખારી હોવી જોઈએ અને કાં તો બીજ બળી ગયેલું હોવું જોઈએ નહિતર યોગ્ય પ્રયત્ન છતાં પરિણામ કેમ ન આવે ?

પ્રયત્ન કરવા યોગ્ય છે કે નહિ તેનો વિચાર બરોબર કરવો જોઈએ. કેટલીક વખત બીજ વાવીને તરત જ ફળની આશા રાખનારા નિરાશ થાય છે તેમ ન જ થવું જોઈએ. અમુક મુદતની હદ તો જોઈએ જ. ત્યાર પછી જ ફળ ન આવે તો પણ અંકુરા તો ફૂટવા જોઈએ. નાના છોડવાનું રૂપ બીજે લેવું જ જોઈએ. તોપણ તેનાથી અમુક કાળે પળ આવશે તેમ ધારણા બાંધી ધીરજ ધારી શકાય છે. આવી જ રીતે જે કર્તવ્ય કરો તેના ઊંચા ગુણો તત્કાળ ન પ્રાપ્ત થાય તો પણ હૃદયમાં શાંતિ, વિક્ષેપ ઓછા, આશા તૃષ્ણામાં સુધારો કષાયની મંદ પરિણતિ, ઈત્યાદિ અંકુરાઓ તો દેખાવા જ જોઈએ.

આ પ્રમાણે ઉત્તમ વિચારોમાં કેટલોક વખત પસાર કરવો અને તેમા પોતાનું જીવન તપાસી જઈ દુર્ગુણોને હઠાવવા અને સદ્‌ગુણોને વધારવા માટે ચોક્કસ નિર્ણય કરવો અને આખો દિવસ તે પ્રમાણે વર્તન કરવું. સાંજે પાછી પોતાની પ્રવૃત્તિ અને પ્રગતિ તપાસી જવી.

આવશ્યક

ત્યાર પછી આવશ્યક કરવું, અવશ્ય કરવા યોગ્ય ક્રમને આવશ્યક કહે છે. ચાલુ રૂઢિમાં લોકો પ્રતિક્રમણ કહે છે. પણ ખરી રીતે તો પ્રતિક્રમણ એ ચોથો આવશ્યક છે. આવશ્યકના છ ભાગ છે તે માંહીલા ચોથા ભાગને પ્રતિક્રમણ કહે છે. પ્રતિક્રમણ એટલે પાછા હઠવું. કોનાથી પાછા હઠવું ? લીધેલ વ્રતો અને ગૃહસ્થને લાયક પાળવા યોગ્ય નિયમો પ્રમાણે વર્તન ન થયું હોય, લીધેલ વ્રતો કે નિયમોની હદ ઓળંગી આગળ નીકળી ગયો હોય તેણે તે ભૂલોને સુધારી પાછું નિયમિત મર્યાદામાં આવવું. લાગેલા અતિચારો કે દોષ તેની તપાસ કરી તેનાથી પાછા હઠવું તેને પ્રતિક્રમણ કરવાની જરૂરિયાત પણ તેટલા માટે જ છે.

દરિયામાં ચાલુ વહાણને છિદ્ર પડ્યું હોય તેને જો તરત જ સુધારવામાં ન

આવે, તે છિદ્ર તપાસ કરીને પૂરી દેવામાં ન આવે તો તે વહાણમાં પાણી ભરાઈ જઈ ડૂબી જવાનો સંભવ રહે છે. આ જ પ્રમાણે વ્રત-નિયમોરૂપી વહાણમાં કોઈ પણ જગ્યાએ દોષો લાગવા રૂપ છિદ્ર પડયું છે કે નહિ તેની સવાર સાંજ બે વખત તપાસ કરવી અને લાગેલા દોષરૂપ છિદ્રને ફરી ન કરવા રૂપ કે પ્રાયશ્ચિત લેવા રૂપ ક્રિયાઓ દ્વારા તેને તત્કાળ પૂરી દેવું. બંધ કરી દેવું. જેથી વ્રતરૂપ વહાણ કાયમ ટકી રહે છે નહિતર સંસાર સમુદ્રમાં આશ્રવરૂપ પાણી ભરાઈને દરેક રીતે ડુબી જવાનું. અર્થાત્ વ્રતનો નાશ થવાનો સંભવ રહે છે. દિવસમાં બે વખત આ પ્રતિક્રમણ કરવાનો હેતુ એ છે કે, ઘણું નાનું પડેલું છિદ્ર તત્કાળ ખબર પડવાથી તે સહેલાઈથી પૂરી શકાય છે. પણ જ્યારે છિદ્ર ઘણું મોટું અને લાંબા વખતનું પડેલું હોય છે ત્યારે તરત જ બંધ કરી દેવું મુશ્કેલીવાળું થઈ પડે છે, તેમ એક ભૂલ જે નિરંતર થયા કરે છે, તેની ખબર લેવામાં આવતી નથી. પણ તે નિરંતરની એક ટેવરૂપ થઈ જાય છે ત્યારે ઊંડી જડ ઘાલીને પડેલા મૂળને દૂર કરવું જેટલુ મુશ્કેલ થાય છે તેટલી જ મુશ્કેલી લાંબા વખતના દોષને દૂર કરવા માટે થાય છે, માટે કોઈ પણ દોષ લાંબા વખતે ટેવરૂપ થઈ ન જાય તે પહેલાં તેનો પ્રતિકાર કરવો, કે જે સહેલાઈથી અસરકારક થઈ નાબૂદ થઈ જાય.

આવશ્યકના છ ભાગમાં પ્રથમ સામાયિક આવે છે એટલે બે ઘડી સુધી સમભાવમાં રહેવા માટે પ્રતિજ્ઞા કરવામાં આવે છે. અથવા તે આવશ્યક ક્રિયા જેટલા વખતમાં થઈ રહે તેટલા વખત માટે રાગદ્વેષ વિનાની સમભાવવાળી સ્થિતિમાં રહેવાની પ્રતિજ્ઞા કરાય છે. ઓછામાં ઓછો બે ઘડી જેટલો વખત ધર્મધ્યાનમાં રોકવો આ હેતુથી બે ઘડી એવો સામાન્ય નિયમ છે. છતા તેથી વધારે પણ વખત રોકવામાં અડચણ નથી, અને પ્રસંગે તેથી ઓછો વખત રોકી પણ શકાય છે. છતાં નિયમિત રિવાજ બે ઘડીનો છે.

આ સામાયિકમાં પાપવાળા વ્યાપારનો ત્યાગ કરવામાં આવે છે. મનથી, વચનથી અને શરીરથી એનો ઉદ્દેશ બરોબર સચવાય છે કે કેમ? તે બાબતનું બરોબર ધ્યાન તે વખતમાં રાખવું જોઈએ. જ્યારે પાપના વ્યાપારનો ત્યાગ થાય છે ત્યારે મન શાંત થાય છે. હૃદયમાં શાંતિની ઊર્મિઓ ઉઠે છે. વિવિધ વિચારજાળના બોજાથી મન હલકુ થાય છે. જો એમ ન થતું હોય અને રાગદ્વેષના મોજાઓ ઉછળતા હોય તો સમભાવની પ્રતિજ્ઞાનો લોપ થાય છે એમ ધારી વિશેષ સાવચેતી રાખવી, અથવા શરૂઆતમાં બે ઘડીથી પણ ઓછા વખતનો નિયમ લઈ તેવા અભ્યાસ માટે પ્રયત્ન ચાલુ રાખવો અને મનને નિર્દોષ વિચારોમાં જોડી દેવું કે જેથી રાગદ્વેષથી વિષમતા ઉત્પન્ન થવાનો સંભવ રહેશે નહિ. આ ક્રિયા વખતે જે શબ્દોનું ઉચ્ચારણ કરાય તે શબ્દોના અર્થમાં બરોબર લક્ષ આપવાથી હલકા વિચારોને આવવાનો અવકાશ ઘણો ઓછો રહે છે.

સમભાવની પ્રતિજ્ઞાનો પહેલો આવશ્યક આવ્યા પછી, બીજો આવશ્યક ચોવીશ તીર્થંકરોની સ્તુતિ કરવાનો આવે છે. આમાં ચોવીશે તીર્થંકરોને યાદ કરવા સાથે તેમને નમસ્કાર કરવાનું અને તેમની સ્તુતિ કરવાનું આવે છે. શરૂઆતમાં સમભાવની પ્રતિજ્ઞા કરી છે તેથી મન પવિત્ર થાય છે તથા ચોવીશ તીર્થંકર દેવ કે જે પોતાના ઈષ્ટદેવ છે તેમની સ્તુતિ-નમસ્કાર કરવાથી, હૃદય પહેલાથી વધારે પવિત્ર બને છે. મનની સ્થિરતા ઘણી સારી થાય છે.

ત્યાર પછીના ત્રીજા આવશ્યકમાં ગુરુ વર્ગને નમસ્કાર કરવામાં વંદન કરવામાં આવે છે. ગુરુઓ વધારે ઉપકારી છે. તેમને સુખશાંતિ પૂછવા સાથે નમસ્કાર કરી પોતાથી કોઈ પણ રીતે અજાણતા પણ કાંઈ આશાતના-અપરાધ થયો હોય તેની ક્ષમા યાચવી. પોતાના હૃદયથી પશ્ચાત્તાપ કરવો અને તેમના ગુણોની અનુમોદના કરવી. આ ગુરુવંદના છે. ગુણાનુરાગથી ગુરુ ઉપરના પ્રેમથી હૃદય વધારે પવિત્ર બને છે.

ત્યાર પછી ચોથા આવશ્યકમાં પ્રતિક્રમણ આવે છે. ગૃહસ્થધર્મને લાયક વ્રત, નિયમો જે જે લીધેલા હોય તેમા કયા કયા દોષ લાગ્યો છે તો દોષો સાંજના વખતે પ્રતિક્રમણ કરાતું હોય તો દિવસના ભાગમાં લાગેલ દોષો યાદ કરવા અને પ્રભાતે પ્રતિક્રમણ કરાતું હોય તો રાત્રિના ભાગમાં લાગેલા દોષોનો વિચાર કરી જવો. જો દોષ લાગ્યો હોય તો તેની માફી માંગવી, પશ્ચાત્તાપ કરવો, ફરી દોષ ન લાગે તે માટે નિશ્ચય કરવો, જેમણે ગૃહસ્થધર્મને લાયક બાર વ્રતાદિ લીધેલ ન હોય તેમણે પણ અભક્ષ્યાદિ ભક્ષણ કર્યું હોય, વિતરાગ દેવની સામાન્ય આજ્ઞા પ્રમાણે શ્રદ્ધાથી ન કર્યું હોય, અઢાર પાપસ્થાનકાદિ કર્યાં હોય તેને યાદ કરી તેની માફી માંગવી. પશ્ચાત્તાપ કરવો. ફરી ન કરવાનો નિશ્ચય કરવો. આનું નામ પ્રતિક્રમણ છે.

પાંચમા આવશ્યકમાં કાઉસ્સગ્ગ (કાયોત્સર્ગ) આવે છે, એટલે ચોથા પ્રતિક્રમણ આવશ્યકમાં, જે જે અપરાધો યાદ કર્યા, માફી માંગી છતાં તે દોષના નિવારણ કરવાને માટે માફી પણ પૂરતી ન થતી હોય અર્થાત્ માફી માગ્યાથી નિવારણ થઈ શકે તેથી વધારે દોષ લાગ્યો હોય તો તેના નિવારણ નિમિત્તે પ્રાયશ્ચિત નિમિત્તે કાઉસગ્ગ કરવામાં આવે છે. જેમાં દર્શન, જ્ઞાન અને ચારિત્ર સંબંધી અતિચારોનું, દોષોનું નિવારણ કરવાનું સામર્થ્ય છે એવા એકાગ્ર ધ્યાન કે સ્તુતિ કરવા રૂપ કાઉસ્સગ્ગ કરવા તે પાંચમું આવશ્યક છે.

છઠ્ઠા આવશ્યકમાં પચ્ચક્ખાણ કરવામાં આવે છે. પ્રાયશ્ચિત અધિક લાગ્યું હોય કે જે કાર્યોત્સર્ગથી પણ નિવારણ ન થઈ શકે તેવું હોય, તેને માટે પ્રાયશ્ચિત નિમિત્ત ઉપવાસાદિકનું પચ્ચક્ખાણ કરવું. અથવા તેટલું પ્રાયશ્ચિત નથી લાગ્યું તેમણે આગળ વધવા માટે અધિક યોગ્ય નિયમો ગ્રહણ કરવા. શુભ કાર્યમાં વધારે પ્રવૃત્તિ કરવા માટે અમુક જાતનું પચ્ચક્ખાણ અભિગ્રહ કરવો. અથવા

અમુક દોષો દૂર કરવાની પ્રતિજ્ઞા કરવી. અમુક ઈચ્છાઓ હઠાવવા માટે તેની મર્યાદા કરવી. ગમે તેવી રીતે પણ ત્યાં યોગ્ય ઉપયોગી નિયમ કરવો તે છઠ્ઠો આવશ્યક છે.

આ છ આવશ્યકોને પ્રતિક્રમણ કહેવામાં આવે છે તે એક રીતે યોગ્ય છે કારણ કે તેમાં મુખ્યતા પ્રતિક્રમણની છે. છતાં ખરું નામ આવશ્યક તે વધારે યોગ્ય છે.

આ પ્રતિક્રમણ જેમ દિવસમાં સવાર-સાંજ બે વખતે કરવામાં આવે છે તેમ પંદર દિવસે, ચાર માસે અને બાર માસે એમ એક એક વાર કરવામાં આવે છે તે વિશેષ વિશુદ્ધિ માટે છે. જેમ ઘર દિવસમાં બે વાર સંજવારી કાઢી સાફસૂફ કરવામાં આવે છે. છતાં વાર-તહેવાર દિવાળી ઉપર કે બીજા પ્રસંગે વિશેષ સાફસૂફ સાથે સુધારો કરવામાં આવે છે તેમ બીજા પ્રતિક્રમણો માટે સમજવુ, અથવા જેઓ નિરંતર બે વખત પ્રતિક્રમણ ન કરી શકતા હોય તેઓ પંદર દિવસે, ચાર માસે અને બાર માસે કરે તો પણ કાંઈક ફાયદો થાય છે. અને જેઓ નિરંતર બે વખત પ્રતિક્રમણ કરે છે તેઓને તો પંદર દિવસે ચાર માસે અને બાર માસે પ્રતિક્રમણ કરવાથી ઘણો ફાયદો થાય છે. કારણ કે જે નિત્ય ઘરને સાફસૂફ રાખતો નથી અને કોઈ વખત વાર-તહેવારે સુધારે છે તેના કરતા નિત્ય સાફસૂફ કરનારને થોડી જ મહેનત પડે છે અને પર્વ દિવસે થોડી મહેનતમાં તે ઘર સારી શોભા આપે છે. ત્યારે કોઈક દિવસ સાફ કરનારને વધારે મહેનત પડે છે, અને પર્વના દિવસે તે મહેનત કરતો નથી તો ઘર શુદ્ધ થતું નથી. માટે નિત્ય સાફ કરનારું ઘર શુદ્ધ રહેવા સાથે મજબૂત રહે છે જ્યારે બીજાને અશુદ્ધ રહેવા સાથે પડી જવાનો પણ ભય રહે છે અને પડયા પછી મહેનત વધારે કરવી પડે છે ત્યારે પૂર્વની સ્થિતિમાં આવે છે.

પ્રતિક્રમણમાં જે બીજા બીજા પાઠો આવે છે. તે આ વાતને મદદકારક છે. અહીં તો ફક્ત પ્રતિક્રમણમાં શું આવે છે અને પ્રતિક્રમણ શા માટે છે તેનો ભાવાર્થ દેખાડવામાં આવ્યો છે.

પ્રતિક્રમણની ઉમેદવારી

જેને પ્રતિક્રમણ ન આવડતું હોય અને અત્યારે નવીન શીખી શકવાની અનુકૂળતા પણ ન હોય અથવા શીખવા જેટલી બુદ્ધિ ન હોય તથા બીજું કોઈ સાધન પ્રતિક્રમણ કરવા માટે ન હોય તેણે આ નીચે બતાવેલા ભાવાર્થ પ્રમાણે કરવાનું ચાલુ રાખવાથી પણ ઘણો ફાયદો થવા સંભવે છે તે ભાવાર્થ આ પ્રમાણે છે. જેઓ વિધિપૂર્વક પ્રતિક્રમણ કરે છે તેમણે આ ક્રિયાને પ્રતિક્રમણ રૂપે ન માનવી પણ જેઓ કોઈ રીતે ચાલુ પ્રતિક્રમણ ક્રિયા, વખતના અભાવે કે અનુકૂળતાના અભાવે નથી કરી શકતા તેમણે તો પ્રતિક્રમણના ઉમેદવાર તરીકે આ પ્રમાણે ક્રિયા કરવી તે વિશેષ લાભદાયક છે. (૧) જેટલા વખતની પોતાને સ્થિરતા હોય તેટલા વખત માટે સમભાવે રહેવાની માનસિક પ્રતિજ્ઞા કરવી. (૨) પછી ચોવીસ તીર્થંકર દેવની સ્તુતિ કરવી.

(૩) પોતાના ગુરુને નમસ્કાર કરવો. (૪) અઢાર પાપ સ્થાનક યાદ કરી તે માંહીલા દોષો આખા દિવસમાં કે રાત્રીમાં કોઈ પણ દોષો પોતાને લાગ્યા હોય તો તેની માફી માગવી. (૫) તેના પ્રાયશ્ચિત નિમિત્તે ઈષ્ટ દેવનું સ્મરણ કરવારૂપ અમુક વખત કાઉસગ્ગ ધ્યાનમા બેસવુ. નવકાર મંત્રનો કે પાંચ દશ કે વીસ લોગસ્સનો કાઉસગ્ગ કરવો કે જાપ કરવો. (૬) અને પછી તેવા દોષ ન લાગે તે માટે દૃઢ નિયમ લેવા અથવા પરમાર્થના, પરોપકારનાં કે સદ્‌વર્તનના કોઈ પણ નિયમ પ્રમાણે વર્તવા, પોતે નિશ્ચય કરવારૂપ પચ્ચક્ખાણ લેવું.

આ છ બાબતોને કરવારૂપ પ્રતિક્રમણની ઉમેદવારી કરતા રહેવું, જેથી તે ક્રિયાના પ્રમાણમા અંતઃકરણ શુદ્ધ થતુ રહેશે. આટલી પણ ક્રિયારુચિ જાગૃત રહેશે તો આગળ પર તેમાં વધારો થઈ રહેશે. માટે કાંઈ ન કરતા હોય તેમણે આટલી ક્રિયા સાંજસવાર બે વખત અવશ્ય કરવી.

મતલબ કે બે વખત અવશ્ય આ ક્રિયા કરવી જ જોઈએ. તેથી કર્મની નિર્જરા થાય છે. જીવ શુદ્ધ થાય છે. જન્મ મરણ ઓછાં થાય છે સારી ગતિ મળે છે. બને ત્યાં સુધી આ પ્રતિક્રમણ, ધર્મ કરવાના સ્થાનરૂપ ઉપાશ્રય પૌષધશાળા કે તેવા જ નિવૃત્તિવાળા અથવા શુદ્ધ પવિત્ર વાતાવરણવાળા ધર્મસ્થાનમાં જઈને જ કરવી યોગ્ય છે. તેવી સગવડતાના અભાવે પોતાના ઘરના ભાગમા જે પવિત્ર ભાગ હોય તે સ્થળે બેસી કરવું.

પ્રતિક્રમણ કર્યા પછી પવિત્ર પુરુષોને સંભારવા. ગુણવાન્ મહાપુરુષોના જીવન ચરિત્રો તેમની ઉત્તમોત્તમ જીવનચર્યા, તેમના અલૌકિક આત્મગુણો, તેમના મહાન્ પવિત્ર બ્રહ્મચર્યાદિ વ્રતો, ઘોર તપશ્ચર્યા, ભીષ્મ ધ્યાન સ્થિતિ, મહાન્ પરોપકારી કાર્યો, જીવના આરિસારૂપ, હિતોપદેશ વગેરે ઊંચામા ઊંચી કોટીના જે જે સદ્‌ગુણો હોય તેનું સ્મરણ કરવુ, યાદ કરવા, અનુમોદન કરવા, અને શક્તિ અનુસાર અનુકરણ કરવા માટે પ્રયત્ન કરવો. જેટલા તમે ઊંચા ગુણોને યાદ કરશો તેટલા જ તમે ઊંચા આવશો. જેવું આલંબન લેશો તેવા જ તમે થશો. તત્કાળ તેવા થઈ નહિ શકો, તોપણ મનોભાવના થોડા વખત માટે પણ તત્કાળ તો ઉન્નત થશે જ. અને તેટલા જ તમે પવિત્ર બનશો નિર્મળ થશો.

દેવદર્શન વિધિ

દેવદર્શન વિધિ, ચૈત્યવંદન વિધિ, અષ્ટપ્રકારી પૂજા, ગુરુવંદન વિધિ, સામાયિક વિધિ વગેરે અગાઉની ''જિનાજ્ઞા'' પુસ્તકના પાના નં. ૧૦૯ થી ૧૩૦ મુજબ સમજવા.

'આશાતના' થી બચવા આટલું જરૂર કરો.

૧. પુજા કરવા માટે કાળા વસ્ત્રનો ઉપયોગ કરવો નહી.

૨. દર્શન/પૂજા કર્યા પહેલા પ્રદક્ષિણા આપવી જરૂરી છે.

પ્રદક્ષિણા દર્શન/પૂજા કર્યા પછી આપવી અથવા એકજ આપવી તે અવિધી

કહેવાય.

૩. ચંદન/પુષ્પ અને મુખકોષ ધુપાવીને ઉપયોગમાં લેવું.

૪. મુખકોષ બાંધી પછીજ ગભારામાં પ્રવેશ કરવો.
ગભારામાં પ્રવેશથી પહેલા મુખકોષ બાંધવાથી આપણા દુર્ગંધમય શ્વાસોશ્વાસ શ્રી પ્રભુજીને સ્પર્શે નહિ ને પવિત્રતા જળવાઈ રહે.

૫. પ્રભુજીની પૂજા કરતી વખતે બહેનો એ માથે ઓઢવું ખુબજ જરૂરી છે. બહેનોએ માથે ઓઢવું એ જૈન ધર્મની મર્યાદા છે મર્યાદા લોપમાં સંસ્કારનો લોપ થાય છે.

૬. પુજા કરતી વખતે ચંદનમાં નખ નો સ્પર્શ ન થાય તેનું ખુબ ધ્યાન રાખવું. ચંદન જો નખમાં ભરાઈ જાય તો દોષ લાગે છે.

૭. પ્રભુજીને નવ અંગે પૂજા ફક્ત એક જ વખત કરવી. વધારે વખત પૂજા કરવાથી દોષ લાગે છે.

૮. વધારે ભગવાનની ટુંક સમયમાં પૂજા કરવાના લોભના બદલે વિધી સાથે થોડા ભગવાનની પૂજા કરવામાં વિશેષ લાભ હોય છે.

૯. ધૂપનો ઉપયોગ ખપ પુરતો કરવો. જરૂરિયાત જરૂરી છે પરંતુ બિન જરૂરિયાત વેડફાટ છે.

૧૦. રંગ મંડપમાં વાતો કરી બીજાને ખલેલ ન પહોંચાડવી.
રંગમંડપમાં સાંસારિક વાતો કરવાથી મોહનીય કર્મ બંધાય છે.

માનસિક પૂજા

દરેક મનુષ્યોએ નિરંતર પરમાત્માની પૂજા કરવી જોઈએ. દેવપૂજા કર્યા સિવાય ભોજન નહિં કરવું. પૂર્વે કહી આવ્યા તેવી પૂજા કરવાની સામગ્રી ન હોય તેમણે માનસિક પૂજા કરવી. એટલે કોઈ જરૂરી પ્રસંગને લઈ વખત ન હોય, અથવા દેવમંદિરની જોગવાઈ ન હોય. અથવા દેવપૂજાની સામગ્રી ન હોય, શરીર અશક્ત હોય, અથવા જન્મ, મરણનું સૂતક હોય, અથવા શરીર શુદ્ધિ ન હોય, ઈત્યાદિ કોઈ કારણે પૂર્વે કહેલી દેવપૂજા બની શકે તેમ ન હોય તેઓએ આ આગળ બતાવવામાં આવે છે તેવી રીતે માનસિક પૂજા તો અવશ્ય કરવી. કેમ કે પૂજા કર્યાથી સમ્યક્ત્વ નિર્મલ થાય છે. મન વિશુદ્ધતાને પામે છે. પુન્યબળ વધે છે. ચિત્તની એકાગ્રતા થાય છે. અને જીવો ધ્યાન કરવા લાયકની યોગ્યતા પ્રાપ્ત કરી શકે છે. વળી આ પૂજા કરવી તે ઘણીજ સહેલી છે. આ બાળ, યુવાન, સ્ત્રી, વૃદ્ધ, સધવા કે વિધવા સ્ત્રી ઈત્યાદિ સર્વ કોઈથી પણ બની શકે તેમ છે. છેવટની સ્થિતિમાં આવેલા રોગીઓ-અશક્તો સૂતા સૂતા પણ ઘણી સહેલાઈથી આ માનસિક પૂજા કરી શકે છે. તેની વિધિ આ પ્રમાણે છે :

જ્યારે અનુકૂળતા હોય ત્યારે પાછલી રાત્રીએ કે પ્રભાતે કોઈ એક સ્થળે

શાંતપણે પૂર્વ કે ઉત્તરના સન્મુખ પદ્માસન કરીને અથવા પલાઠી વાળીને બેસવુ. રોગીએ સૂતા સૂતા પણ આ પૂજા કરવી. મનમાંથી બધા હલકા વિચારોને કાઢી નાખી. બે ચાર મિનિટ સુધી નવકાર મંત્રનુ સ્મરણ કરવુ ત્યાર પછી જેવી રીતે નિરંતર સ્નાન કરી શુદ્ધ થાઓ છો તેમ મનથી સ્નાન કરી શુદ્ધ થવું, ત્યાર પછી એક દેરાસરની કલ્પના કરવી. તેમાં તમે ઊભા છો. સન્મુખ એક સુંદર પ્રભુની મૂર્તિ રહેલી છે તે તમારા મનથી તમે જુઓ. જે મૂર્તિ કે દેરાસર તમને તમારે પરિચિત હશે તે તમારા મનમાં વહેલુ દેખાવ આપશે તે પ્રભુની પ્રતિમાજી તમે આંખો બંધ કરી ધારી ધારીને દેખો. તેનો ભાસ તમારા મનમા પડે ત્યાર પછી તે પ્રતિમાજીને દૂધનુ ન્હવણ કરી, નિર્મળ પાણીથી સ્નાન કરાવો. પછી અંગલુછણાથી અંગ લૂછી નાંખી, માનસિક કલ્પનાથી ચંદન આદિ સામગ્રીથી નવ અંગે તિલક કરો, શરીરે ચંદનનો લેપ કરો, ધૂપ ઉખેવો, દીપક કરો, પુષ્પ ચડાવો, સાથીયો કરો, નૈવેદ્ય ધરાવો, ફળો મૂકો. આ પ્રમાણે પૂર્વે કહી આવ્યા છીએ તેવી ઉત્તમ ભાવના સાથે, ઉત્સાહિત માનસિક લાગણીઓપૂર્વક અષ્ટપ્રકારી પૂજા કરો. ત્યારબાદ ત્રણ ખમાસમણા આપી, જો આવડતુ હોય તો ચૈત્યવંદન, સ્તવન વગેરે મનથી બોલો કહો.

જેવી રીતે દ્રવ્યપૂજા કરો છો તેવી રીતે મનથી તે પરમાત્માની પૂજા કરવી, ત્યારબાદ જેટલી તમને સ્થિરતા હોય તે પ્રમાણે મનથી, આંતરદૃષ્ટિથી તમારા સન્મુખ મનમાં દેખાતી તે મહાપ્રભુની શાંત મૂર્તિ સન્મુખ એક દૃષ્ટિથી જોયા કરો. તેમા એટલા બધા સ્થિર થઈ જાઓ કે તમારા દેહ શુદ્ધાનુ ભાન તેટલા વખત માટે ભૂલાઈ જાય, સામેની મૂર્તિ પણ તમારા મનમાંથી અદૃશ્ય થઈ જાય. તે પ્રભુના શુદ્ધ સ્વરૂપ સાથે એકરસ થઈ જાઓ. ધ્યાતા, ધ્યાન અને ધ્યેય એ ત્રણનો વિલય થઈ એક ધ્યેયરૂપ થઈ રહેવાય. આત્મામાં મન ગળી જઈ તદાકાર થઈ રહે. આવી રીતે જો આ માનસિક પૂજા બની શકે તો બહારની દ્રવ્યપૂજા કરતા પણ વિશેષ લાભ મેળવી શકો.

શરૂઆત નિરંતર ધીમાશથી થાય છે, એકાદ કે વધારે દિવસ સુધી કદાચ આ પ્રતિમાજી મનમાં સ્થિર નહિ થાય, પણ નિરંતરના અભ્યાસથી તેમ બની શકશે. અને આલંબન દ્વારા મનની મલિનતાનો નાશ કરી, ચિત્ત એકાગ્ર કરી શકશો. મહાન આનંદ મેળવી શકશો. પરમાત્માનું ઉત્તમ ધ્યાન કરવાની યોગ્યતા પ્રાપ્ત થશે. ધીમે ધીમે કર્મનો ક્ષય થતાં પોતાના શુદ્ધ સ્વરૂપનુ ભાન આલંબન દ્વારા થશે. આ માનસિક પૂજામાં મનને એક પછી એક એમ અનેક કાર્ય કરવાના હોવાથી મનની આકૃતિઓ વારંવાર જુદા જુદા કાર્યોમાં જુદી જુદી રીતે બદલાવવાની હોવાથી, ચંચળ મનવાળાઓનુ મન પણ બીજી ચંચળતા મૂકી દઈને રાજીખુશીથી

આ નવીન દેખાવો કે વિચારોમાં જોડાશે. એટલે એકંદરે મનની ચંચળતાવાળાને પણ આ માનસિક પૂજા વિશેષ ઉપયોગી થઈ પડશે.

એકાદ આલંબનમાં મનને સ્થિર થવાની ટેવ પડ્યા પછી કદાચ તે આલંબનમા રસ ન પડે તો તેમણે નવીન તીર્થસ્થળો કે પહાડો, વનો કે જે પોતે અનુભવેલા-જોયેલા હોય તેવો એકાદ દેખાવ પોતાના મનથી કલ્પીને મનમા ખડો કરવો અને તે સ્થળે પ્રભુની પ્રતિમાજીને કલ્પીને ત્યાં બેઠા બેઠા પૂજાદિ કરવાનુ ચાલુ રાખવું.

શત્રુંજય, ગિરનાર, આબુ, તારંગા, સમેતશિખરાદિ તીર્થ સ્થળોના જેમણે દર્શન કર્યાં હોય તેમણે આ સ્થળોનું સ્મરણ કરી, જાણે તે જ પહાડ ઉપરના મંદિરમાં પ્રભુની આગળ પોતે ઊભો છે, અને પ્રભુની સેવા પૂજા કરે છે. તેવી માનસિક કલ્પના કરી ત્યાં પણ આ પ્રમાણે ધ્યાનપૂજા કરવી. સાક્ષાત્ પ્રભુની જીવનમૂર્તિ પ્રભુના સ્વરૂપની કલ્પના જો મનથી થઈ શકે તો તેમ કરી તેમને વંદન, નમન, પૂજન કરવું.

અથવા જેમને પોતાના ગુરુ ઉપર વિશેષ લાગણી હોય તેમણે તે ગુરુની મનથી કલ્પના કરી તેનુ સ્વરૂપ મનમાં ખડુ કરવુ અને તેમને વંદન, નમન કરવું. ગમે તે પ્રકારે પણ આ પૂજનનો ઉદ્દેશ મનની એકાગ્રતા, વિશુદ્ધિ, વિચારાંતરનો અભાવ, ઉત્તમ આલંબનમાં મનનો લય અને વખતનો સદુપયોગ વગેરે કરી સફળ કરવો. આ સર્વ પોતાના ભલા માટે કરવાનું છે. આમ જ કરવું, અને આમ જ ન થાય, આવા બંધનમાં તમે બંધાયા નથી, અને કોઈ બાંધી પણ શકે નહિ, જે પૂજામાં તમારો ઉત્સાહ વૃદ્ધિ પામે અને મન નિર્મળ થાય તે કામ કરી આત્મસ્વરૂપ પ્રાપ્તિ માટે આગળ વધવું એ જ પોતાનો ઉત્તમ ઉદેશ રાખવો અને તે પાર પાડવા પ્રબળ પ્રયત્ન કરવો. ભોજન કરવાના પ્રસંગે ઘેર આવી પોતાના કુટુંબીજનોની સાથે બેસી શાંતિથી ભોજન કરવું.

ઉપાશ્રય વ્યાખ્યાન શ્રવણ વિધિ

ઉપાશ્રયનો અર્થ એ થાય કે, જ્યાં જવાથી આત્માની નજીકમાં જવારૂપ આશ્રય મળે. તે ઉત્તમ નિમિત્તથી આત્માની નજીકની ભૂમિમાં પહોંચી શકાય તેવી પોતાની સ્થિતિ થઈ આવે તે ઉપાશ્રય છે કારણ કે તે ધર્મનું જ સ્થળ છે. ત્યાં જેટલાઓ આવે તે ધર્મ અર્થે જ આવે છે. ત્યાં રહેવા વાળા ગુર્વાદિકના ઉત્તમ વિચારો, ત્યાં થતી ધાર્મિક ચર્ચા, ધર્મ કથા, ધર્મના વ્યાખ્યાનો અને તેવી જ બીજી અનેક ઉત્તમ વિચારણાઓ, બોલવાપણુ અને ધાર્મિક ક્રિયાઓ વગેરે ત્યાં થતી હોવાથી ત્યાંનું વાતાવરણ ઘણું જ શુદ્ધ, પવિત્ર થયેલું હોય છે. તેથી ત્યાં જનાર મનુષ્યના વિચારોમાં એકદમ સુધારો થાય છે. વ્યવહારની લાગણીઓ પલટાઈ જઈ આત્માની ઉચ્ચ ભાવનાઓ જાગૃત થાય છે.

ઉપાશ્રયના દ્વાર આગળ પહોંચતા જ ત્યાં પણ દેરાસરની માફક નિસ્સિહિ ત્રણ વાર કહેવી એટલે જ્યાં સુધી ઉપાશ્રયમાં છું ત્યાં સુધી મન, વચન, કાયા દ્વારા સંસાર વ્યવહારના પ્રપંચવાળું કોઈ પણ કાર્ય ચિંતવીશ નહિં, તેવી વાતો કરીશ નહિં અને તેવું વર્તન પણ કરીશ નહિં.

ઉપાશ્રયમાં પ્રવેશ કર્યા બાદ ગુરુ મહારાજને દૂરથી જોતા બે હાથ જોડી મસ્તક નમાવી 'મત્થએણ વંદામિ' બોલવું. પછી ગુરુ ભગવંતને વિધિવત વંદન કરવા ત્યાર પછી બીજા સાધુ ભગવંતોને વંદન કરવા.

ત્યાર પછી વ્યાખ્યાન સાંભળવા ગુરુ સન્મુખ બેસી એકાગ્ર ચિત્તથી ધર્મનું વ્યાખ્યાન શ્રવણ કરવું. જ્ઞાનની પ્રાપ્તિ અને વૈરાગ્યની સ્થિતિ વ્યાખ્યાન સાંભળવાથી જ થાય છે.

વ્યાખ્યાન પૂર્ણ થયા પછી જે કાંઈ સંદેહ થયો હોય તે ગુરુ મહારાજને પૂછી ને ખુલાસો કરવો.

શ્રાવકના સમ્યક્ત્વ - મૂળ બારવ્રત

એવા કેટલાય પાપો છે કે જે શ્રાવક - શ્રાવિકાના જીવનમાં થતા નથી. જેમ કે મદિરા પાન, માંસ ભક્ષણ, શિકાર, પરસ્ત્રી ગમન વગેરે પરંતુ આ પાપો ન કરવાનું પચ્ચકખાણ ન લીધું હોય તો, જેમ આપણે ભાડાના ઘરમાં રહેતા હોઈએ અને સંજોગવશાત છ મહિના ઘર બંધ કરી બહારગામ ગયા હોઈએ છતા જગ્યાનું ભાડું તો ભરવું જ પડે. ઘણા જીવો પચ્ચકખાણ લેવામાં ડરતા હોય છે કે પચ્ચકખાણ કરીએ તો કોઈક વખત ભાંગી જાય, ભૂલ થઈ જાય, દોષ લાગી જાય. પરંતુ ભૂલ થઈ જાય તો કરેલું આ પચ્ચકખાણ ભાંગી જતું નથી કારણ કે પચ્ચકખાણમાં આગારો (છૂટ) છે. જે કાંઈ નાની મોટી ભૂલ થઈ તેનાથી અતિચાર (દોષ) લાગે છે. તેની આલોચના પશ્ચાતાપ અને પ્રાયશ્ચિત દ્વારા નિંદા-ગર્હા કરીને શુદ્ધિ થઈ

શકે છે.

''પચ્ચકખાણ કરવું'' એ એક બંધન છે એમ સમજી કેટલાક લોકો ડરતા હોય છે. પરંતુ ઉત્તમ અને નિર્ભય જીવન જીવવા માટે પચ્ચકખાણ કરવું અત્યંત જરૂરી છે. માટે સમ્યકત્વ પૂર્વક શ્રાવકના બાર વ્રતો સમજવા જોઈએ અને ઉચ્ચરવા જોઈએ.

બાર વ્રતોના નિયમથી જીવનને દેશવિરતિધર બનાવવું એ જ સંસાર તરવાનો શ્રેષ્ઠ ઉપાય છે. આ વ્રતોના નિયમ લેવા હોય તો તેના માટે વધુ જાણકારી પ.પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો પાસે સમજવી.

સમ્યકત્વ

સુદેવ-સુગુરૂ-સુધર્મ એજ મારે વંદનીય-પૂજનીય સત્કારણીય છે

વિતરાગ સર્વજ્ઞ શ્રી અરીહંત પરમાત્મા એજ મારા સુદેવ છે.

પાંચ મહાવ્રતધારી સાધુ/સાધ્વીજી ભગવંતો એજ મારા સુગુરૂ છે.

કેવલી ભગવંતોએ પરુપેલો જૈન ધર્મ એજ મારે સુધર્મ છે.

વિદ્યાગુરુ, દાક્ષિણ્ય, ધંધો, નોકરી, શિષ્ટાચાર, ચોપડાપૂજન, કુળદેવી, સર્પદંશાદિ વગેરે ખાસ કારણસર વંદવા-પૂજવા-સત્કારવા પડે તેની જયણા પણ ધર્મની બુદ્ધિએ નહિ.

૧. સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત

કોઈ પણ જાતના અનિવાર્ય પ્રયોજન વિના નિરપરાધી એવા હાલતા ચાલતા (ત્રસ) જીવોને મારવા નહિ, હણવા નહિ.

૨. સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત

કોઈને મોટું નુકસાન થાય તેવું જુઠું બોલીશ નહિ. કન્યા-મુરતિયા-નોકર-ચાકર-પશુ-પક્ષી અંગે જૂઠી સલાહ આપીશ નહિ. જમીન-મકાન અંગે જુઠુ બોલીશ નહિ.કોઈની થાપણ ઓળવીશ નહિ. જૂઠી સાક્ષી ભરીશ નહિ. આવેશ આજીવિકા કે સંજોગોવશાત જૂઠું બોલવું પડે તેની જયણા.

૩. સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત

ચોરી કરીશ નહિ, ચોરી કરાવીશ નહિ, ચોરીના માલની ખરીદી નહિ કરું. લાંચ લઈશ નહિ. દેવ-ગુરુ-ધર્મ સાથે ઠગાઈ કરીશ નહિ. બિન જાણકારી કે સામાની ભૂલથી કાંઈ થઈ જાય તો જયણા.

૪. બ્રહ્મચર્ય/શીયલવ્રત-સ્વદારા સંતોષ વ્રત

સર્વથા મૈથૂન કર્મનો ત્યાગ કરવો તે બ્રહ્મચર્ય અને પરસ્ત્રીનો ત્યાગ કરી પોતાની પરિણીત સ્ત્રીમાં સંતોષ માનવો તે પુરુષોનું શીયલવ્રત છે. આજ રીતે સ્ત્રીઓએ પોતાના વિવાહિત પતિમાં જ સંતોષ રાખી અન્ય પુરુષો તરફ મનથી પણ અભિલાષા ન કરવી તે સ્ત્રીઓનું શીયલવ્રત છે.

૫. પરિગ્રહ પરિમાણ વ્રત

૧. રોકડનાણું, શેરો, એફ.ડી. વગેરે.
૨. ખુલ્લા પ્લોટ, જમીન, ખેતર વગેરે.
૩. બંગલા, ફલેટ, દુકાનો, ઓફીસો, પ્લોટ, ફાર્મહાઉસ, વગેરે.
૪. સોનું, ચાંદી, હીરા, માણેક, મોતી વગેરે.

ઉપરોક્ત વસ્તુઓનું પ્રમાણ મનથી ધારણા કરી નિયમન કરવું કે આનાથી વધારે હું રાખીશ નહિ અને વધુ થશે તો શુભ કાર્યમાં વાપરીશ.

૬. દીશા પરિમાણ વ્રત

ચારે દીશાઓમાં અમુક કિલોમીટર દૂર જઈશ નહિ, તેમ જ ઉપર/નીચેનું પ્રમાણ ધારી લેવું. દા.ત. વિમાનમાં મુસાફરી કરતા હો તો વર્ષમાં કેટલા વખત જવું તે ધારી લેવું.

૭. ભોગોપભોગ વિરમણ વ્રત

આ સાતમું વ્રત બરાબર પાળવા માટે ૨૨ અભક્ષ્ય, ૩૨ અનંતકાય, ૧૪ નિયમો અને ૧૫ કર્માદાન સમજવા અત્યંત જરૂરી છે. તે સર્વેનું પ્રમાણ આ પ્રમાણે છે.

૨૨ અભક્ષ્ય પદાર્થો :- અભક્ષ્ય એટલે જે ખાવા યોગ્ય ન હોય તે.

ચાર મહાવિગઈ

૧. માંસઃ પશુ, પક્ષી, ઈંડા, માછલી, જીવ-જંતુ વગેરે
૨. મદિરાઃ દારૂ, લઠ્ઠો, વિસ્કી, બ્રાન્ડી વગેરે
૩. મધઃ મધની ઉત્પત્તિ મધમાખીની લાળ અને વિષ્ટમાંથી થાય છે. અમુક આયુર્વેદિક દવાઓ મધ સાથે લેવાની હોય છે. ત્યારે તેના બદલે મુરબ્બાની ચાસણીનો અથવા સાકરનો ઉપયોગ કરવો જોઈએ.
૪. માખણઃ માખણ જ્યાં સુધી છાશમાં ભળેલું હોય ત્યાં સુધી તે અભક્ષ્ય બનતું નથી પરંતુ તેને જો છાશમાંથી બહાર કાઢી લેવામાં આવે તો તેમાં બેઈન્દ્રિય જીવો પેદા થાય છે.

પાંચ પ્રકારના ટેટાનો ત્યાગ

૫. વડના ટેટા
૬. પીપળના ટેટા
૭. પ્લક્ષ પીંપરના ટેટા
૮. ઉમરના ટેટા
૯. કાળા ઉમરના ટેટા

આ પાંચે પ્રકારના ટેટાઓમાં સખત કીડાઓ પેદા થતાં હોય છે માટે ત્યજવા યોગ્ય જ છે.

ચાર તુચ્છ ચીજો

૧૦. બરફ : આપણા તીર્થંકર ભગવંતોએ એમના જ્ઞાનમાં જોઈને લખ્યું છે.
૧૧. કરા: કે પાણીના એક ટીપામાં અસંખ્યાતા જીવો છે. આધુનિક વૈજ્ઞાનિક 'શ્રી જેકોસ્બી' એ સુક્ષ્મ દર્શક યંત્રની મદદથી માત્ર પાણીના એક ટીપામાં ૩૬,૪૫૦ હાલતા ચાલતા જીવોને નજરે નિહાળ્યા છે. જો પાણીમાં આટલા જીવો હોય તો બરફ/કરામાં કેટલા ? માટે જૈન દર્શનમાં કહ્યું છે કે પાણીને ગરમ કરી ત્રણ ઉકાળા આપીને પછી ઠારીને વાપરવું. ઉકાળેલા પાણીમાં શિયાળામાં બાર કલા, ઉનાળામાં પંદર કલાક અને ચોમાસામાં નવ કલાક સુધી જીવોને ઉત્પત્તિ થતી નથી. જ્યારે કાચા પાણીમાં જીવો ની ઉત્પત્તિ ચાલુ જ રહે છે. માટે જીવ હિંસાથી બચવા ઉકાળેલું પાણી વાપરવું હિતાવહ છે.જેથી ઠંડા પીણા કે આઈસક્રીમ વગેરે ત્યાગ કરવા યોગ્ય છે.
૧૨. માટી: માટીમાં જીવાત હોય છે માટે ત્યાગ કરવું.
૧૩. વિષ: ઝેર તો પીવાય નહિ... તે દુર્ગતિનું કારણ છે.

ચાર પ્રકારના ફળો

૧૪. બહુબીજ: જેમાં એક બીજ અને બીજા બીજ વચ્ચે આંતરપડ ન હોય તેમાં જીવાત થવાનો સંભવ છે. જેમાં ગર ઓછો અને બીજ વધારે હોય તેવા ફળો બહુબીજ કહેવાય. જેવા કે ખસખસ, રાજગરો, કોઠીંબડા, ટીંબરુ, કરમદા, પપોટા વગેરેનો ત્યાગ કરવો જ યોગ્ય છે.
૧૫. રીંગણા: રીંગણા કંદમૂળ નથી તેમ છતાં **Physical** અને **Mental** હેલ્થને બગાડનારા હોવાથી પરમાત્માએ તેના ભક્ષણનો નીષેધ કરેલ છે.
૧૬. તુચ્છ ફળ: ચણીબોર, તાડફળ, પીલુ, પીચુ, પાકાગુંદા, આમલીની મહોર વગેરે ખાવાનું થોડું અને ફેકવાનું વધારે માટે તુચ્છ ફળ કહ્યા છે તેથી ત્યજવા યોગ્ય છે. તેમ જ બીજા કેટલા પદાર્થો ભક્ષ્ય હોવા છતાં ત્યજી દેવા જોઈએ જેવી કે શેરડી, સીતાફળ, રાયણ, ગુંદા, જાંબુ, બોર, લીલા અંજીર, સેતુર આદિનો ચીકાશ-મીઠાશવાળો કચરો ફેંક્યા પછી પાછળથી ઘણા જીવજંતુઓની વિરાધનાનો સંભવ છે. તે ઉપરાંત શિંગોડા, ફણસ, આખી શીંગ, આખી વારો, આખી પાપડી (જે ઊંધીયામાં વપરાય છે) વગેરેમાં જીવ વિરાધનાનો સંભવ હોવાથી ન ખાવું સારું.

૧૭. અજાણ્યા ફળ: જંગલમાં એવા ઘણા ફળો થાય છે જેના નામથી પણ આપણને ખબર હોતી નથી તેવા ફળો ખાવા નહિ. વંકચૂલ નામનો ચોર થઈ ગયો. તેને ગુરુ ભગવંતે અજાણ્યા ફળ ન ખાવાની બાધા આપી હતી. તેઓ જંગલ રસ્તે પસાર થતા હતા. તેમને ભૂખ લાગી હતી. સાગરીતો ફળ લઈ આવ્યા. વંકચૂલે ફળનું નામ પૂછતા તેઓને ખબર ન હતી જેથી વંકચૂલે ફળ ખાધા નહિ, તેમના સાગરીતોએ ફળ ખાધા અને બધા મરણ પામ્યા.

ચાર સાંયોગિક અભક્ષ્ય

૧૮. દ્વિદળ: આજે વપરાતા તમામ કઠોળ દ્વિદળ ગણાય જેવા કે મગ, તુવેર-લીલીતુવેર, વાલ-લીલીવાલ, મેથી-લીલીમેથી, ચણા-લીલાચણા, અડદ, મઠ, મસુર, ચોળી લીલી ચોળી, કળથી, વાટના-સુકા વાટના, લોંગની દાળ વગેરે.

ઉપરોક્ત વ્યાખ્યામાં ફીટ થતાં તમામ કઠોળમાંથી બનતી કોઈ પણ વાનગી કાચા ગોરસ-દહીં-દૂધ-છાશ આંગળી દાઝે એવા ગરમ કરવા જોઈએ, પછી એની સાથે ખાવામાં કોઈ દોષ નથી. શ્રીખંડ સાથે પણ ન ખવાય. પરંતુ શ્રીખંડ માટેનું દહિ કુકરમાં ગરમ કરી શ્રીખંડ બનાવો તો ખવાય. દૂધમાં મેળવણ નાખ્યાથી બે રાત્રી પસાર થઈ જાય તો દહીંમાં જીવાતની ઉત્પત્તિ થાય છે. માટે ત્યાર પછી તે ખાવા યોગ્ય નથી. એવી જ રીતે છાશ પણ બે રાત્રી પસાર થાય પછી વપરાય નહિ.

એક સત્ય ઘટના: જૈન મુનીશ્રી શોભનવિજયજી મ.સા. સંસારી મોટા ભાઈના ઘરે પધાર્યા. ધનપાલે કબાટમાંથી દહીંનો કટોરો બહાર કાઢી મુનીશ્રીને વહોરાવવા ગયા. મુનિશ્રીએ પૂછ્યુ કે ધનપાલ દહીને જમાવ્યા બાદ કેટલી રાત પસાર થઈ છે ? ધનપાલ કહે છે કે રાતની વાત જાણીને શું કરશો ? આટલું સરસ દહીં છે તો વહોરીલો. શું તમને આવા સફેદ બાસ્તા જેવા દહીંમાં મહાવીરના જીવડા દેખાય છે ? શોભનમુનીએ કહ્યું કે 'હા' ધનપાલ મારા ભગવાને કહ્યું છે કે જો દહીં બે રાત્રી ઓળંગી જાય તો એમા અસંખ્ય કીડા પડી જાય છે. તારે જાણવું હોય તો પગ રંગવાનો જે લાલ કલરનો અલતો આવે છે તે લાવીને દહીંની ઉપર ભભરાવી જો ! તને તરત સફેદ કીડાઓ દેખાશે. ધનપાલે તેમ કર્યું તો તરત જ દહીં બધું લાલ થઈ ગયું પણ અંદરના કીડાઓએ કલર પકડ્યો નહિ. હવે લાલ બેકગ્રાઉન્ડના દહીંમાં સફેદ કીડાઓ ખદબદ થતા સ્પષ્ટ જોઈ શકાયા. રાજા ભોજના માનીતા પંડિત ધનપાલનું મસ્તક મહાવીરના ચરણોમાં ઝુકી ગયું.

૧૯. ચલિત રસ:

A. આજે બનેલા પદાર્થો બીજા દિવસે અભક્ષ્ય થઈ જતા હોવાથી ખાવા યોગ્ય નથી. જેવા કે રોટલા, રોટલી, પૂરી, ભાખરી, પુડલા, પુરણપોરી, ભજીયા, વડા, ઢોકળા, હાંડવો, ઈડલી, બ્રેડ, ઢોસા, કચોરી, સમોસા, સેકેલા પાપડ, ચટણી વગેરે વગેરે. દૂધપાક, ખીર, મલાઈ, બાસુંદી, શ્રીખંડ, ફ્રુટ સલાડ, દુધીનો હલવો, ઘારી, ગુલાબ જાંબુ, કાચો માવો, જલેબી, રસ મલાઈ, રસ ગુલ્લા, બંગાળી મીઠાઈ વગેરે વગેરે.

B. શેકેલા પદાર્થો: ચણા, મમરા, ધાણી, ખાખરા તે ઉપરાંત દળેલો લોટ વગેરે. વધારેલા પદાર્થો: ચેવડા, મમરા વગેરે.

તળેલા પદાર્થો: સેવ, ગાંઠીયા, ફાફડા, કડક પૂરી વગેરે.

પાકી મીઠાઈ: બુંદી લાડુ, ચુરમાના લાડુ, મોતીચૂર, સુખડી, મૈસુર પાક વગેરે તેમ જ માવા વગરની કોઈ પણ મીઠાઈ, પાકા માવાની મીઠાઈ.

ઉપરોક્ત વસ્તુઓનો કાળ શિયાળામાં ૩૦ દિવસ સુધી ચાલે, ઉનાળામાં ૨૦ દિવસ સુધી ચાલે અને ચોમાસામાં ૧૫ દિવસ સુધી ચાલે પછી અભક્ષ્ય થઈ જાય.

શિયાળો: કારતક પૂનમથી ફાગણ પૂનમ

ઉનાળો: ફાગણ પૂનમથી અષાઢ પૂનમ

ચોમાસું: અષાઢ પૂનમથી કારતક પૂનમ

C. ઉનાળા અને ચોમાસાના આઠ મહીના: કોથમીર, દરેક જાતનો ભાજીપાલો, પતરવેલના પાન, કોબી, ફલાવર, ખજુર, ખારેક, તલ, સુકો મેવો વગેરેનો ઉપયોગ ન કરાય (આખી બદામ જે દિવસે ફોડો તે દિવસે ચાલે)

તે ઉપરાંત

ચોમાસાના ચાર મહીના ખીચીયા, પાપડ, વડી, સારેવડા, બીબડા તથા સુકવણી વગેરેનો ઉપયોગ ન કરાય.

D. રવો, મેંદો તેમ જ બીજા બધા લોટ આપણે દળાવેલા હોય તો ઉપરોક્ત કાળ પ્રમાણે ચાલે. બજારનો કોઈ પણ લોટ ક્યારે દળાવેલો હોય તેની ખબર ન હોવાથી ત્યાગ કરવો જ યોગ્ય છે.

૨૦. બોળ અથાણા: કોઈ પણ અથાણા બનાવો તો તેમાં પાણીનો અંશ બિલકુલ રહેવો જોઈએ નહિ. જરૂરિયાત પ્રમાણે ૩/૫/૭ તડકા આપવા જોઈએ. બીજું જે અથાણા ચાસણીથી બનતા હોય તેની ચાસણી પાકી થવી જોઈએ તો ઉપયોગમાં લઈ શકાય.

૨૧. રાત્રી ભોજન: મહામૂલ્ય દેવ દુર્લભ મનુષ્ય ભવમાં રાત્રી ભોજનાદિ અભક્ષ્ય ખાન પાનથી બચો. આજના પંચમ આરામાં મનુષ્ય ભવનું વધુમાં વધુ આયુષ્ય ૧૩૦ વર્ષનું છે. આજે મોટે ભાગે ૭૦/૮૦ વર્ષે પહોચતાં જીવ ઢળી પડે છે. બીજા ભવોની સાગરોપમની - અસંખ્યતા વર્ષોની આયુષ્યની સરખામણીમાં તદન મામુલી ગણાય. મહામૂલ્ય મનુષ્ય ભવ ઘણી ઘણી રખડપટ્ટી અને ઘણા ઘણા કર્મના માર ખાધા પછી વિશેષ પુણ્યથી પ્રાપ્ત થાય છે. આ મનુષ્યભવમાં સમજણ, જ્ઞાન શક્તિ મળેલ છે. જ્યારે બીજા અનેક ભવોમાં જીવ તેનાથી વંચિત હતો. આ મનુષ્ય ભવ ઘણા જ અલ્પ સમયનો છે. આવા અમૂલ્ય જીવનમાં ફરીથી રાત્રી ભોજન, અનંતકાય, કંદમૂળ, માંસ, મદિરા આદિ અભક્ષ્ય ખાન પાન વગેરેમાં લલચાયા અને મહા પાપોમાં જોડાયા તો કરેલી ક્ષણની, સ્વાદની મજામાં દંડમાં થતી સજા ઘણા ઘણા કાળ સુધી ભોગવવી પડશે.

રાત્રી ભોજનના ત્યાગમાં અનેક મહાન લાભો રહેલા છે. રાત્રે સુતા પહેલા ૩/૪

કલાકનો પાચન ક્રિયાનો સમય મળી જાય. રાત્રી ભોજનના નિષેધ પાછળ જેમ આત્માની સુરક્ષા છે તેમ શરીરની પણ સુરક્ષા છે. તેનો ત્યાગ શરીરને રોગોથી બચાવી નીરોગી રાખવામાં મોટો ફાળો આપે છે. મનને સ્વસ્થ રાખે છે. સદ્‌ગુરુના બોધથી સાવધાન બની પરમાત્માની આજ્ઞા પ્રમાણેનું સુંદર જીવન જીવી શાશ્વત સુખના સ્વામી બનો.

૨૨, ૩૨ અનંતકાય-કંદમૂળનો ત્યાગ (જેમાં અનંતી જીવાત થાય છે)

૯. શાકઃ ૧. ભૂમીકંદ ૨. બટેટા ૩. ગાજર ૪. મૂળા સંપૂર્ણ ૫. ડુંગળી ૬. લસણ, ૭. વંશ કારેલા ૮. સૂરણ ૯. કુણી આમલી.

૫ ભાજીઃ ૧૦ પાલકની ભાજી ૧૧. વત્થુલાની ભાજી ૧૨. થેગની ભાજી ૧૩. લીલી મોથ ૧૪. કિસલય

૭ પત્રવેલઃ ૧૫. અમૃતવેલ ૧૬. વિરાણી વેલ ૧૭. સુક્કરવેલ ૧૮. ગડૂચીવેલ (ગળો) ૧૯. લવણવેલ ૨૦. શતારીવેલ ૨૧. ગિરિકર્ણિકાવેલ (ગરમર)

૫ ઔષધઃ ૨૨. લવણક ૨૩. કુંવારપાટું (એલોવેરા) ૨૪. લીલી હળદળ ૨૫. લીલું આદુ ૨૬. કચૂરો

૬ જંગલી વનસ્પતિઓઃ ૨૭. થોર ૨૮. વજ્રકંદ ૨૯. લોઢક ૩૦. ખરસઈયો ૩૧. ખીલોડીકંદ ૩૨. બીલાડીના ટોપ (મશરૂમ).

પર્યુષણ પર્વની જેમ વર્ષમાં કુલ ૬ અટ્ઠાઈ આવે જેમાં લીલોતરી અને ફળનો ત્યાગ કરવાનો હોય છે.

૧. કારતક સુદ ૮થી ૧૫ (આઠમથી પૂનમ)
૨. ફાગણ સુદ ૮થી ૧૫ (આઠમથી પૂનમ)
૩. અષાઢ સુદ ૮થી ૧૫ (આઠમથી પૂનમ)
૪. પર્યુષણ પર્વ
૫. આયંબીલની ઓળી ચૈત્ર સુદ ૭થી ૧૫ (સાતમથી પૂનમ)
૬. આયંબીલની ઓળી આસો સુદ ૭થી ૧૫ (સાતમથી પૂનમ)

૧૪ નિયમો

૧. સચિતઃ જેમાં જીવ હોય તે. દા.ત. અનાજ, કાચું પાણી, કાચું મીઠું, કાચા શાકભાજી, સલાડ, કાકડી, ટમાટા વગેરે તેમ જ દરેક જાતના ફળફ્રુટ જે સમાર્યા પછી ૪૮ મિનિટ પછી અચિત થાય. (ઉપરોક્ત ચીજો આપ કાચી જ વાપરતા હો, ફળફ્રુટ વગેરે સમાર્યા પછી તરત વાપરતા હો તો અંદાજે દિવસની ૧૦ વસ્તુ સચિત છુટ એમ નિયમ લઈ શકાય.

૨. દ્રવ્યઃ આખા દિવસમાં આપ જે ચીજો ખાવામાં વાપરતા હો દા.ત. પાણી,

પેસ્ટ, મુખવાસ, દવા, ચા, નાસ્તો, જમણ વગેરે એમાં આપણો આખા દિવસમાં કેટલી ચીજો મોઢામાં નાખીએ છે તે ગણી લેવાથી એ પ્રમાણે નિયમ લેવાનો. એક જ આઈટેમ જેમ કે 'ચા' દિવસમાં ૪ વાર લેતા હો તો એક જ આઈટેમ ગણાય તથા ભેલ, પાણીપુરી, ઊંધીયું વગેરે એક જ આઈટેમ ધારીને નિયમ લેવો, રોજની ૩૦ દ્રવ્ય ખાતા હોઈએ તો પ્લસ ૧૦ કરીને ૪૦ નો નિયમ લેવો.

૩. વિગઈ: ૪ મહાવિગઈ - મધ, માખણ, માંસ, મદીરા જે અભક્ષ્ય હોવાથી સર્વથા ત્યાગ કરવો જ યોગ્ય છે. ૬ લઘુવિગઈ - દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ, કડા, વિગઈ (તળેલું) બની શકે તો એક વિગઈનો રોજ ત્યાગ કરવો. મૂળથી (એટલે દૂધનો ત્યાગ કરો, દૂધમાંથી બનતી દરેક વસ્તુનો ત્યાગ) અથવા તો કાચી વિગઈ એટલે જેનો ત્યાગ કરો તે.

૪. વાણહ: ચંપલ બૂટ વગેરે જેટલી જોડી વાપરતા હોય એ પ્રમાણે નિયમ લેવો.

૫. તંબોલ: પાન, સોપારી, મુખવાસ દિવસમાં જેટલું માપ તેનો અંદાજે ૨૫/૫૦ ૧૦૦/૨૦૦ ગ્રામ એમ મુજબ નિયમ લેવો.

૬. વસ્ત્ર: પેન્ટ, શર્ટ, લેંઘા-ઝભા, ચડી-ગંજી, રૂમાલ, મોજા, ટુવાલ, નાઈટડ્રેસ, ગરમ કપડા વગેરે ગણતરી કરી થોડા વધુ છુટ રાખવા. નિયમથી વધુ લેવાય તો એટલા જુના કપડા કાઢી નાંખવા.

૭. કુસુમ: અત્તર, સેન્ટ, બામ, ફૂલ, છીંકણી, ઘી-તેલ વગેરે હાથમાં લઈને સુંઘવું. ફળ ફ્રુટ જે સુંઘતા હો તો દરરોજનું પ્રમાણ વજનથી ધારવું.

૮. વાહન: મોટર, રીક્ષા, ટેક્સી, સાયકલ, ટ્રેન, વિમાન, લીફ્ટ વગેરે આપનો વપરાશ એ મુજબ રોજનું પ્રમાણ સંખ્યાથી ધારી નિયમ લેવો.

૯. શયન: સૂવા તથા પાથરવાની ચીજો તેમ જ બેસવાના આસનો જેવા કે પાટ, પાટલા, ખુરશી, સોફા સેટ, ગાદી, શેત્રંજી, પલંગ, ઘરના, ઓફીસના તેમ જ બહારનું કામકાજ વધારે હોય તો તે પ્રમાણે ઓઢવાના, સાધન થતા હોય તેનાથી ૧૦/૧૫ વસ્તુ વધુ ધારવી.
બોક્સ પલંગ હોય તો બોક્સની વસ્તુ નહી ગણવાની એ રીતે ધારીને રોજનું નિયમ લેવું.

૧૦. વિલેપન: સાબુ, તેલ, વેસલીન, ક્રીમ, સ્પ્રે વગેરે શરીર ઉપર કાંઈ ચોપડતા હો તે રોજનું અંદાજ વજનથી ધારવું. દા.ત. ૨૫/૫૦/૧૦૦ ગ્રામ.

૧૧. બ્રહ્મચર્ય: કાયમી, અગર તો સ્વદારા સંતોષ - તિથિ વગેરે.

૧૨. દિશા: ચારે દિશા, ઉપર-નીચે લીફ્ટ વગેરે.

૧૩. સ્નાન: ન્હાવાની ગણતરી દિવસમાં ૧/૨/૪ તેની સંખ્યા નક્કી કરવી

ધર્મ અંગે જયણા, હાથ-પગ-મોઢું કેટલીવાર ધોવું તે.

૧૪. ભક્તપાનઃ ખોરાક, પાણી વગેરે જે આખા દિવસમાં ખાવા-પીવામાં વાપરવા તે અંદાજે ૫/૭/૧૦ કિલો આપણો કેટલો ઉપયોગ જે તે મુજબ છુટ લેવી.

૧. પૃથ્વીકાયઃ માટી, મીઠું, ચૂનો વગેરે રોજનું કેટલું તે વજનથી ધારવું.

૨. અપકાયઃ પાણીનો રોજનો વપરાશ. નહાવામાં, ધોવામાં **Flush**માં વગેરે. ૭/૧૦/૧૫/૨૦ ડોલ પોતાના વપરાશ પ્રમાણે ધારવી. ૨થી ૩ ડોલ વધુ ધારવી સારી. સ્વિમિંગ પુલ વગેરેનો બની શકે તો ત્ગાય કરવો જ યોગ્ય છે. અગર તો તેટલા પુરતી **Extra** છુટ રાખવી.

૩. તેઉકાયઃ દેવતા, વીજળી, સ્ટવ, ચુલા, ભઠ્ઠી, ગેસના ચુલા, ઈલેક્ટ્રીકલ સાધનો જેવા કે મીક્ષર, ઓવન, માઈક્રોવેવ, વોશિંગમશીન, ડીશવોશર વગેરે સંખ્યાથી ધારવા, બહારનું ખાતા હો તો એટલા ચૂલાની વધારે છુટ રાખવી.

૪. વાઉકાયઃ પંખા, એ.સી., હીંચકા વગેરેનું ઉપયોગ પ્રમાણે સંખ્યાથી ધારવું. ઓફિસ અને બહાર જતા હો તો એટલી સંખ્યાની વધારે છુટ રાખવી. દા.ત. ૧૦/૨૦/૫૦.

૫. વનસ્પતિકાયઃ ફળફ્રુટ, શાકભાજી, સલાડ, જ્યુસ, અનાજ વગેરે રોજ કેટલું ખવાય છે તે વજનથી ધારવું. દા.ત. ૧/૨/૩ કિલો

૬. ત્રસકાયઃ બેઇન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના કોઈ પણ જીવને મારવાની બુદ્ધિથી મારવા નહિ તેમ જ ચાલવા વગેરેમાં સંભાળ રાખવી.

૧. અસિઃ ચપ્પુ, સૂડી, કાતર, સોઈ, સ્ટેપ્લર વગેરે સંખ્યાથી ધારવા. ૫/૧૦.

૨. મસિઃ પેન, પેન્સિલ, કલમ, રબ્બર, વગેરે સંખ્યાથી ધારવા. ૧૦/૨૦

૩. કૃષિઃ હળ, કોશ, હથોડા, પાવડા,ક કુહાડી, કાંસકા, વગેરે સંખ્યાથી ધારવા. ૫/૧૦.

veg toothpaste: amar, vicco vajradanti, meswak, anchor

veg soap_ medimix, neem, hamam

ઉપરોક્ત ચૌદ નિયમ જૈન શાસ્ત્રની દ ષ્ટિએ પાપથી બચવાનું અને આત્માને ઊંચે લાવવાનું શ્રાવકના માટે આ ઉત્તમ સાધન છે.

અવિરતિના કારણે જ એકન્દ્રિયો ઊંચા આવી શકતા નથી. એ જીવોને કોઈપણ પાપ નહિ કરવા છતાં, પણ અવિરતિના કારણે અઢારે પાપ સ્થાનક લાગે છે. એમ શ્રીભગવતીજી સુત્રમાં જણાવેલ છે. આખા જગતમાં (ચૌદે રાજલોકમાં પાપોનો ભાગ અવિરતિને લઈને આવ્યે જાય છે. જેમ એક પેઢીના ભાગીદારોમાંથી કોઈપણ ભાગીદાર છુટો ન થાય ત્યાં સુધી દરેક વ્યાપારના

નફા-નુકસાનીમાં એમની જવાબદારી રહે છે. તેમ સર્વ સંસારી જીવો આ ચૌદ રાજલોક રૂપ પેઢીના ભાગીદાર હોઈ એમાં થતા પાપનો ત્યાગ ન કરે ત્યાં સુધી અવિરતિથી આવતું પાપ એના ભાગે જાય છે. આજ કારણે પોતાની જેટલી વસ્તુની જરૂર લાગતી હોય તેટલી છુટ રાખી, બાકીની ચીજોનો ત્યાગ કરવાથી, નિષ્પ્રયોજન પાપથી બચી જવાય છે. તે માટે શ્રાવકે ૧૪ નિયમો ધારી પોતાના જીવનને મર્યાદિત બનાવે. જેમ નદીમાં પુર આવે તો ખેદાન-મેદાન કરી નુકશાન કરે, તેમ મર્યાદા નહીં કરવાથી આપણું જીવન ખેદાન-મેદાન થાય. પણ નદી બે કાંઠાની મર્યાદામાં વહેતી હોય તો બને કાંઠાને હરિઆળા બનાવે, સુશોભિત લાગે, તેમ ગૃહસ્થનું જીવન મર્યાદિત બને તો આ ભવ અને પરભવ બન્નેને હરિઆળા બનાવે, સુધારે, સુગતિને આપે અને સુગતિ રૂપ શોભા વધારે.

૭ વ્યસન ત્યાગ

૧. શિકાર ૨. જુગાર ૩. માંસ ૪. મદિરા ૫. પરસ્ત્રી ગમન ૬. વેશ્યા ૭. ચોરી (**Income Tax**ની ચોરી પણ ગણાય)

૧૫. કર્માદાનના વ્યાપારનો ત્યાગ

૧. અંગાર કર્મ: ભઠ્ઠી, ભાડભૂજન, સોની, લુહાર, ચૂનો, ઈંટ, નળિયા, કોલસા પકવવાનો વ્યાપાર

૨. વન કર્મ: જંગલ, શાક, પાન, અનાજ, લાકડા વગેરે કાપવા - કપાવવાનો વ્યાપાર.

૩. સકટ કર્મ: ગાડા, લોરી, મોટર, રેલવે, જહાજ, વિમાન આદિ વહાનો અને તેના પાર્ટ બનાવવાનો વ્યાપાર

૪. ભાટક કર્મ: ઉપરોક્ત વાહનો ભાડે ફેરવવાનો વ્યાપાર

૫. સ્ફોટક કર્મ: ખેતી, કુવા, નહેર વગેરે માટે જમીન ફોડવાનો વ્યાપાર.

૬. દંત વાણીજ્ય: હાથીના દાંત, ઘુવડના નખ અને પક્ષીઓના પીંછા વગેરેનો વ્યાપાર.

૭. લખ વાણીજ્ય: લાખ ગળી, પારો વગેરેનો વ્યાપાર.

૮. રસ વાણીજ્ય: મધ, મદિરા, માંસ, માખણ વગેરેનો વ્યાપાર.

૯. કેશ વાણીજ્ય: પશુ પક્ષી વગેરેના વાળ કે પીંછાનો વ્યાપાર.

૧૦. વિષ વાણીજ્ય: ઝેરી પદાર્થો મારવાના શાસ્ત્રો વગેરે ઘટક દ્રવ્યનો વ્યાપાર.

૧૧. યંત્ર પીલનકર્મ: મીલ, જીન, ઘંટી, ઘાણી આદિ પિલવાનો અને ચલાવવાનો વ્યાપાર.

૧૨. નીર્લાંછન કર્મ: પશુ પંખી આદિના પૂછડા, શીંગડા કાપવા, તેમને નપુસંક બનાવવાનો વ્યાપાર.

૧૩. દાવ દાનવ કર્મ: વન, પર્વત, ખેતી વગેરે બાળવાનો વ્યાપાર

૧૪. શોષણ કર્મ: કુંવા તળાવ, સરોવર, નદી વગેરે સુકાવી નાખવાનો વ્યાપાર
૧૫. અસતિ પોષણ કર્મ: પશુ, પંખી, દાસ, દાસી વગેરેનું પોષણ કરીને રૂપિયા કમાવવા માટે વ્યાપાર કરવો.

જેઓ શેરને લે/વેંચ કરતા હોય તેમને આ પંદર કર્માદાનના વ્યાપારનો દોષ લાગે માટે તેઓ નીયમ લઈ શકે નહિ.

૮. અનર્થદંડ વિરમણ વ્રત

જીવન જીવવામાં જે જે પાપો બિનજરૂરી છે એટલે કે પાપો કરવા આવશ્યક નથી. ન કરીએ તો પણ ચાલે તેમ છે. આનંદ, ચમન, માન અને મોભા (દેખાવ) માટે જે જે પાપો કરાયા છે તેવા પાપોને અનર્થદંડ કહેવાય છે.

૯. સામાયિક વ્રત

પાપ વ્યાપારથી મુક્ત બની, દુર્ધ્યાન ત્યજી બે ઘડી (૪૮ મિનીટ) સમતા ભાવમાં રહેવું તે સામાયિક વ્રત.

૧૦. દેશાવગશિક વ્રત

સવારનું અને સાંજનું પ્રતિકમણ અને આઠ સામાયિક, ઓછામાં ઓછું એકાસણું મળી કુલ એક દિવસમાં દસ કરવા તે વ્રત.

૧૧. પૌષધોપવાસ વ્રત

સામાયિક લેવાની વિધિ પ્રમાણે પૌષધ અને સામાયિક ઉચ્ચરીને આખો દિવસ ધર્મ ક્રિયામાં અને સ્વાધ્યાય-તત્વ ચિંતન-મનન-વ્યાખ્યાન શ્રવણ ઈત્યાદી ધર્મ કાર્યોમાં સમય વ્યતીત કરવો. (સાધુ જેવું જીવન). વિજાતીય વ્યક્તિનો સ્પર્શ ન કરવો. ઉપવાસ કરવો, જ્ઞાન-ધ્યાન-તપ-આરાધના સાધનામાં દિવસ વ્યતીત કરવો તે

૧૨. અતિથિ સંવિભાગ વ્રત

આ વ્રત કરનારને ૨૪ કલાક પૌષધ કરવાનો ચઉવિહાર/તિવિહાર ઉપવાસ સાથે, પારણામાં બીજે દિવસે એકાસણું કરવાનું હોય છે. પારણાના પ્રસંગે પૂજ્ય સાધુ સાધ્વીજી ભગવંતને વહોરાવીને પછી જ પારણું કરવાનું હોય છે. સાધુ-સાધ્વીજી ભગવંતનો યોગ ન હોય તો સાધર્મિકને જમાડવા.

મ.સાહેબે જે વસ્તુઓ વહોરવી હોય તે જ વસ્તુઓ પારણામાં વાપરવાની હોય છે. તેને અતિથ સંવિભાગ વ્રત કહેવાય.

ઉપરોક્ત બાર વ્રતમાંથી જે પણ નિયમ લ્યો તેમાં ધારી લેવું કે, ભૂલચૂકથી, માનસિક રોગના કારણે, ભયંકર બિમારીના કારણે અસમાધિ થતી હોય કે પરાધીનતા કારણે તો જયણા.

માનવ ભોજન

શરીરને પવિત્ર કરી સ્વચ્છ સ્થળ હોય, પ્રકાશ હોય, ખુલ્લી હવા હોય અને મનને ઉલ્લાસ થાય તેમ હોય તેવા સ્થાને ભોજન કરવા બેસવું.
નિશ્ચળ બેસવું મતલબ કે હાલતા ચાલતા ઊભા કે ઊભડક પગે બેસી જમવું નહિ પણ આસને શાંત પણે બેસીને ભોજન કરવું. ભોજન કરવા બેસતા પહેલાં કે બેસતી વખતે દેવગુરુનું સ્મરણ કરવું. પવિત્ર નામ લેવું પછી જમવું. દેવગુરુનું નામ પવિત્ર છે, મનને આનંદ આપનાર છે. મંગલમય છે. શુદ્ધ મને સ્મરણ કરી દરેક કાર્ય કરવાથી વિપત્તિઓ દૂર થાય છે અને દરેક પ્રમાણિક કાર્યમાં તેનો વિજય થાય છે.

ઉત્તમ દૈવી ભોજન

પરમાત્માની ભાવથી પૂજા કરી, પોતાના પૂજ્ય ગુરુ, માતા-પિતાદિને નમન કરી, સુપાત્રમાં દાન આપી પછી ભોજન કરવું તે ઉત્તમ ભોજન કહેવાય છે. આ દૈવી પ્રકૃતિવાળાનું ભોજન હોવાથી તેને દૈવી ભોજન પણ કહે છે.

આથી પુણ્ય પ્રકૃતિ વધે છે. પાપ પ્રકૃતિ હઠે છે. શરીર નીરોગી રહે છે. મન આનંદિત રહે છે. આવી જ રીતે કોઈ પણ વ્યવહારિક કાર્યમાં પ્રવૃત્તિ કરવાની હોય તે પ્રસંગે આત્મ જાગૃત બની રહે અને મનની વિશુદ્ધિ થાય તેવી પ્રવૃત્તિ રાખવી.

ભોજન જમતી વખતે પાળવા યોગ્ય સૂચના

ભોજન કરતી વખતે બોલવાની ટેવ ન રાખવી. ભોજનમાં કાંઈ ફેરફાર થયો હોય કે પોતાની રૂચિથી વિરુદ્ધ આસ્વાદ વાળું ભોજન બન્યું હોય તો તે વખતે શાંત પણે ભોજન કરવું. ત્યાર બાદ ધીમાશથી મીઠા શબ્દે રાંધનારને કે ભોજન લાવનારને યોગ્ય સૂચના આપવી અને ફરી ભૂલ ન થાય તે માટે સાવચેતી રાખવા સૂચવવું પણ જમતી વખતે ન કહેવું, તેમ કરવાથી ક્રોધ, કષાય, ક્લેશ વગેરે કદાચ ઉત્પન્ન થાય તો જમેલું ભોજન વિષમય થાય છે. વળી મીઠા શબ્દોથી જે કાર્ય સહેલાઈથી સિદ્ધ થાય છે તેવું તપી જવાથી થતું નથી.

પોતાના ઘરમાં ધન સંપત્તિ સારી હોય તો ખાવામાં કૃપણતા ન કરવી મતલબ કે અનાજ, ઘી, ફળાદી હલકા સડી ગયેલા, ગંધાઈ કે બગડી ગયેલા હોય તે ખાવાના ઉપયોગમાં ન લેવા. ઉત્તમ ખોરાકથી શરીર બળ વૃદ્ધિ પામે છે. શરીરની કાંતિ દૈદીપ્યમાન થાય છે. દૂધ વીર્યને વૃદ્ધિ પમાડનાર છે. ઘીથી શરીર મજબૂત થવા સાથે કાંતિ વધે છે. મીઠાસથી લોહી વધે છે. અનાજથી શરીર બળવાન થાય છે.

ભોજનની શરૂઆત કરતી વખતે પ્રથમ પાણી ન પીવું તેમ જ જમ્યા પછી વધારે પાણી ન પીવું. ભોજનની વચ્ચે પાણી મધ્યમસર પીવું. ભોજનની શરૂઆતમાં પાણી વિષ સમાન ગણાય છે. અંતમાં પથ્થર સમાન ગણાય છે અને વચ્ચે પીધેલું પાણી અમૃત સમાન લેખાય છે. રોગી શરીર વાળાએ આ વાત ઉપર વિશેષ ધ્યાન

આપવું. તેથી અજીર્ણ મટી જાય છે. તેમ જ પ્રકૃતિને અનુકૂળ ભોજન બનતા સુધી નિત્યના વખતસર જમી લેવું.

સંધ્યા વેળાએ, ગ્રહણ વખતે અને સગા સંબંધીઓની મૃત ક્લેવર જ્યાં સુધી ઘરમાં પડેલું હોય ત્યાં સુધી ભોજન ન કરવું.

સંધ્યા વખતની ગૃહસ્થની ક્રિયા

દિવસનો આઠમો ભાગ બાકી રહે તે વખતે ગૃહસ્થોએ ભોજન કરી લેવું, રાત્રિએ બુદ્ધિમાનોએ ભોજન ન કરવુ. રાત્રે ભોજન કરતા ચોમાસાના વખતમાં ઘણા એવા ઝીણા જંતુઓ થાય છે તે ઉડી ઉડીને ભાણામાં પડે છે. તે જીવોનો નાશ તો થાય છે, સાથે તેમા કોઈ ઝેરી જંતુ ભોજનમાં આવી જાય તો શરીરને પણ મોટુ નુકસાન થાય છે. કીડી ભોજનમા આવી જાય તો બુદ્ધિનો નાશ થાય છે. જૂથી જળોદર થાય છે. કરોળિયાની લાળથી કોઢ થાય છે. ખડમાકડી જેવુ પ્રાણી શરીર પર મૂતરી જતા દાઝ્યાની માફક ફોલ્લા ઉત્પન્ન કરી મનુષ્યોને ત્રાસ પોકારાવે છે તો પછી ભોજનમા રાત્રે તે ઉડતા પ્રાણીના મૂત્રનો ભાગ આવી જાય તો ભયંકર દાહ કે પેટમા રોગ થાય તેમા આશ્ચર્ય શું છે ? આ બન્નેથી બચવા માટે રાત્રિએ ન જમવુ પણ દિવસે જમવુ તે વધારે ડહાપણ ભરેલુ છે.

વળી વહેલું ભોજન કર્યું હોય તો રાત્રીએ પ્રભુની પ્રાર્થના કે ધર્મધ્યાનાદિમા બેસતા વધારે આળસ કે પ્રમાદ થતો નથી. ઊંઘ ઓછી આવે છે. કારણ કે ખાધેલો ખોરાક બે, ત્રણ કલાક જવા પછી પાચન થઈ જાય છે. સાંજે જમવાની જરૂર પડે તો ઘણો સાદો જલદી પાચન થાય તેવો અને થોડો આહાર જમવો તે વધારે યોગ્ય છે. ઘણો આહાર જમવાથી નિદ્રા તથા આળસ વધે છે. અજીર્ણાદિ થતા રોગોની વૃદ્ધિ થાય છે.

થોડા પાણીથી હાથ પગ અને મોઢુ ધોઈને સાંજે ધૂપ અને દીપવડે વીતરાગ દેવની પૂજા ગૃહસ્થોએ કરવી અને તે પૂજા વખતે પૂર્વે કહી આવ્યા તેની ભાવના પ્રબળ લાગણી સાથે ભાવવી.

ત્યાર પછી પ્રતિક્રમણ કરવું. કેમ કે ક્રિયા સહિત જ્ઞાન મોક્ષનું સાધક છે. એકલુ જ્ઞાન કે એકલી ક્રિયા ફળ આપતી નથી પણ બન્નેની સાથે જરૂર છે. જ્ઞાનથી પોતે જે જાણ્યુ છે ક્રિયા દ્વારે તે પ્રમાણે વર્તન કરવાનુ છે. તે વર્તમાનમા જ્યાં જ્યાં ભૂલો થઈ હોય, વિસ્મરણ થયુ હોય અથવા તેવા વિષમ પ્રસંગો આવી પડતા ધીરજ ન રહી હોય, તેને લઈ લીધેલ નિયમમાં, કરેલ પ્રતિજ્ઞામાં જ્યાં જ્યાં દૂષણ લાગ્યુ હોય તે તે યાદ કરી, તેને માટે પશ્ચાતાપ કરી, માફી માંગી, પ્રાયશ્ચિત લઈ કરેલી ભૂલને સુધારી લેવી, છિદ્ર પડયું હોય ત્યાં થીગડુ-ડગળી, આપી છિદ્ર બંધ કરી વ્રતને મજબૂત બનાવવા, કરેલી પ્રતિજ્ઞાને દૃઢ કરવી અને ઉત્તમ વર્તન પાછુ ચાલુ રાખવુ. આ હેતુ પ્રતિક્રમણનો છે અને તે પૂર્વે બતાવી આવ્યા છીએ તે પ્રમાણે

પ્રતિક્રમણ કરવું.

ધર્મથી જ સર્વ કાર્યો સિદ્ધ થાય છે. એમ જાણી નિરંતર ધર્મને જ હૃદયમાં રાખનાર મનુષ્યોએ વ્યાવહારિક પ્રપંચોમાં ગૂંથાઈને ધર્મની વેળાનુ ઉલ્લંઘન ન કરવુ. અર્થાત્ જે ક્રિયા જે જે કાળે કરવાની કહી છે તે તે કાળે તે તે ક્રિયા આદરપૂર્વક કરવી. વ્યવહારના પ્રપંચમાં, આળસ અને વાતોના તડાકામા ચાલુ ક્રિયાનો વખત ઓળંગી જવો તે, તે ક્રિયા પ્રત્યે અનાદર સૂચવે છે અને વ્યાવહારના પ્રસંગો કરતા તેની કિંમત ઘણી હલકી-ઓછી ટાંકવામાં આવે છે, એમ સૂચના કરાય છે. છતાં વિષમ પ્રસંગો માટે અપવાદ હોય છે પણ તે અપવાદનો ઉપયોગ પોતાની આળસ અને બેદરકારી માટે કરવાનો નથી. પણ કોઈ તેનાથી વધારે અગત્યના કે અગવડતાના કારણે તે અપવાદ મુખ્ય કરી વર્તવામાં આવે તો હરકત નથી.

પ્રતિક્રમણ કર્યા બાદ ગુરુ, ગ્લાન, તપસ્વી આદિની ભક્તિ કરીને વખત હોય તો (મંદિર બંધ ન થયેલ હોય અથવા મહોત્સવદિનો પ્રસંગ હોય તો) પરમાત્માના દર્શન કરી પછી ઘેર જવું.

વ્યાવહારિક પ્રસંગોની તથા જરૂરિયાતના કાર્યોની તપાસ કરી. નોકર ચાકરની હાજરી લઈ, હિસાબ વગેરે તપાસી, કરવા યોગ્ય કાર્યોની આશ્રિતોને ભલામણ કરી, પછી રાત્રીએ પોતાના કુટુંબવર્ગને બોલાવી ધર્મ તથા વ્યવહારના કાર્ય સબંધી તપાસ કરવી. આજે કોણે પોતાને સોંપેલા કાર્યમા પ્રમાદ કર્યો છે ? ઘરમાં કોઈ ક્લેશ થયો છે ? કોઈના મન એકબીજા પર નારાજ થયા છે ? તો શા કારણથી ? ઈત્યાદિ તપાસ કરી તેનો અપક્ષપાતપણે તરત નિકાલ કરી નાંખવો, નહિંતર કલેશના તણખાઓ કાળાંતરે ભયંકર આગનુ સ્વરૂપ પકડે છે. જેના પરિણામે કુટુંબનો પ્રેમ, એકબીજાની વાત્સલ્યતા; એકબીજાને મદદ કરવાની રૂઢી, એકબીજાની મર્યાદા સાચવવાની રીત ઈત્યાદિ સર્વ નાશ પામે છે, બધા જુદા થઈ છિન્નભિન્ન થઈ જાય છે. આબરુને ધક્કો લાગે છે અને નિર્બળ તથા મદદ વિનાના નિર્માલ્ય લાચાર, થયેલાનો સર્વ કોઈ પરાભવ કરે છે. આ વિષમ વિપત્તિમાંથી બચવા માટે ઘરના આગેવાને બહુ કાળજી રાખવી.

વળી અધર્મને રસ્તે ચાલનાર તથા ધર્મ તરફ પ્રવૃત્તિ નહિ કરનારને પણ સત્ય સમજાવી, ભાવી દુઃખમય પરિણામ અન્યના દૃષ્ટાંતોથી બતાવી, ધર્મ તરફ પ્રવૃત્તિ કરાવવી. કુટુંબનું પોષણ, રક્ષણ અને સન્માર્ગ ગમન, ઈત્યાદિ માટે ઘરના આગેવાનોને માથે મોટી જવાબદારી રહેલી છે. તેનુ સ્મરણ રાખી કુટુંબને સન્માર્ગે ચલાવવામાં જરાપણ બેદરકારી ન રાખવી. એકાદ વખત ખરાબ રસ્તે ગમન કરનાર માણસને ફરીથી ઠેકાણે લાવતા ઘણી મહેનત પડે છે. માટે શરૂઆતથી જ કાળજી રાખી કુટુંબને સારા ધર્મિષ્ઠ (ધર્મઘેલા નહિ) માણસોના સહવાસમા રાખવા, ખરાબ સોબતથી અટકાવવા, ધર્મ શ્રમણ કરવા મોકલવા અને પોતે ધાર્મિક પુસ્તકો વાંચી

સંભળાવવા ધાર્મિક કથાઓ કહી બતાવી અને અનુભવની વાત કરી શિખામણો આપી, તેઓ સર્વ પવિત્ર જિંદગી ગુજારે તેવો પ્રયત્ન કરવો.

રાત્રિએ સૂતા પહેલા હાથ પગ ધોઈ પંચ પરમેષ્ઠિ મંત્રનુ સ્મરણ કરવું. અરિહંતનું, સિદ્ધપરમાત્માનું, પવિત્ર સાધુઓનુ અને ધર્મનું શરણ અંગીકાર કરવું તે તે શરણ કરતી વખતે તે તે મહાન વ્યક્તિ અને શક્તિનો ઉચ્ચતમ આદર્શ પોતાના આંતરચક્ષુ સામે ખડો કરી, તેમના શરણે, તેઓની પવિત્ર છાયા નીચે પોતાના જીવનને મૂકવુ.

એઓ મારા હૃદયમાં પવિત્રતાને પ્રેરો, દુર્ગુણોને બહાર કાઢો, સત્ય સમજાવો, સત્યના માર્ગમાં ચલાવો અને વિષમ પ્રસંગે મારો સર્વ વાતે બચાવ કરો, આ ઉદ્દેશ તે મહાન પવિત્રાત્માઓનુ શરણ ગ્રહણ કરવાનુ છે.

ત્યાર પછી ગૃહસ્થાશ્રમમાં પણ પવિત્ર શીયળ પાળનાર સુદર્શન આદિ પવિત્ર જીવાત્માઓની અનુમોદના કરવી, શ્રીમાન સ્થુલિભદ્રાદિ મહાત્માઓ જેઓ પવિત્ર જીવન ગુજારનારા છે, વિષમ પ્રસંગમા પણ દઢ બ્રહ્મચર્ય પાળનારા છે, તેમના જીવનના નિર્મળ આદર્શો પોતાા નેત્ર આગળ ખડા કરી, અપૂર્વ લાગણી સાથે નમન કરવું અને પોતામાં તેવી દઢતા કેમ આવે તેનો વિચાર કરવો.

બ્રહ્મચર્ય પાળવાની પોતાની અદઢતાને જોઈ પોતાની અધિક દઢતાવાળાની અનુમોદના કરવી. ખરેખર પોતાનુ સત્ય સ્વરૂપ પ્રગટ કરવામા વિઘ્નરૂપ વિષયોની વાસના જ છે, તે જો શાંત થાય તો મોક્ષ જરાપણ દૂર નથી.

આ પ્રમાણે વિચારો કરી નિદ્રાવશ થવુ. ધર્મના પર્વ દિવસોમાં કોઈ પણ વખત મૈથુન સેવવું નહિ તથા બને તેટલો વિષયવાસના ઉપર મનનો કાબૂ રાખવો. ઘણા વખત સુધી ઊંઘવુ નહિં વધારેમા વધારે છ કલાક નિદ્રા મનુષ્યો માટે પૂરતી છે. વધારે નિદ્રા ધર્મ, અર્થ અને સુખનો નાશ કરે છે જેને અલ્પ આહાર, અલ્પ નિદ્રા, અલ્પ આરંભ, અલ્પ પરિગ્રહ અને અલ્પ કષાય હોય તો તે ઘણો જ ભાગ્યવાન અલ્પ ભવભ્રમણ કરનાર જાણવો.

નિંદ્રા, આહાર, ભય, સ્નેહ, કામ, કલેશ, ક્રોધ એ જેટલા વધારીએ તેટલા વધે છે અને ઘટાડીએ તેટલા ઘટે છે.

સૂતી વખતે બાળ બ્રહ્મચારી નેમનાથ પ્રભુનુ સ્મરણ કરનાર ખરાબ સ્વપ્નોથી પરાભવ-પીડા પામતો નથી.

પાર્શ્વનાથ પ્રભુનુ સ્મરણ કરી નિંદ્રા કરનારને ખરાબ સ્વપ્ન આવતું નથી અને શ્રીમાન ચંદ્રપ્રભુનું સ્મરણ કરી નિંદ્રા કરનારને સુખે નિદ્રા આવે છે. શાંતિ કરનાર શ્રીમાન શાંતિનાથ પ્રભુનુ સ્મરણ કરનારને ચોરાદિથી ભય લાગતો નથી.

આ પ્રમાણે શ્રાવકધર્મમાં ગૃહસ્થોનું દિવસનું કર્તવ્ય કહેવાયું. હવે ગૃહસ્થાશ્રમમા કાયમ માટે ઉપયોગી કેટલીક બાબતોની સૂચનાઓ કરવામાં આવે છે.

ઉત્તમ પરિવાર

મારા વ્હાલા કુટુંબીઓ ! તમારે તમારા કુટુંબ, પુત્ર, સ્ત્રી, પૌત્ર, ભાઈ પ્રમુખ પરિવારને અનુકૂળ અને સદાચારી બનાવવા.

સદાચરણવાળો પરિવાર સન્માર્ગે ચાલી લોક વિરુદ્ધ, રાજ્ય વિરુદ્ધ ઈત્યાદિ અકાર્યનો ત્યાગ કરતો હોવાથી ધર્મ, વ્યવહાર લાજ, આબરુ, ઈત્યાદિમાં વધારો કરે છે.

કેળવણી પામેલો પરિવાર, વ્યવહાર કુશળ થઈ પોતાની આજીવિકા અને કુટુંબની આજીવિકા ચલાવવાને સમર્થ થાય છે. તેથી ઘરનો માલિક નિશ્ચિત થઈ સ્વ-પર-ઉપકાર અને આત્મસાધન શાંતિથી કરી શકે છે. ઉત્તમ વિચારવાન્ પરિવાર ઘરમાં થતા કજીયા, કલેશ, કંકાસને દૂર કરી, સહનશીલતા વધારી લાજ-આબરૂમાં વધારો કરી વડીલનુ ગૌરવ વધારે છે.

સમય ઉચિત વર્તન કરનાર પરિવાર કોઈ પણ પ્રસંગે અણધારી વિપત્તિમાં સપડાતો નથી. અને આવી પડેલા વિષમ પ્રસંગોને સહેલાઈથી તરી પાર પામે છે. ઈત્યાદિ અનેક સદ્‌ગુણો પોતાના પરિવારને ઉત્તમ બનાવવાથી પ્રગટ થાય છે અને ધર્મનું આરાધન પણ તે સહેલાઈથી કરી શકે છે. માટે પોતાના પરિવારને વિચારશીલ, વ્યવહાર કુશળ, સમય ઉચિત વર્તન કરનાર, અનુકૂળ ધર્મશીલ અને સદાચારી બનાવવા પ્રયત્ન કરજો.

સાસુની વહુ પ્રત્યે ફરજ

સાસુઓએ પોતાની પુત્રવધૂને પોતાની પુત્રી સમાન સમજીને તેની સાથે વર્તન કરવું. શરૂઆતમાં નવીન ઘરમાં અણ-માહિતગાર વહુએ અનેક ભૂલો કરવાનો સંભવ છે તે સર્વ દરગુજર કરતા શીખવું અને પ્રસંગે મીઠા શબ્દોમાં શિખામણ આપીને ધીમે ધીમે તેની ભૂલો સુધારવા પ્રયત્ન કરવો. મોટા નાનાની મર્યાદા રાખતા શીખવવું. ઘેર આવેલાઓની માવજત કરવાનુ, સાધુ સંતોનુ સન્માન કરવાનુ બતાવવું.

વસ્ત્ર ઘરેણાં વગેરેથી યોગ્ય રીતે વહુનો સત્કાર કરવો. પ્રેમભરી તથા અનુકૂળ લાગણીઓ વડે સાસુએ વહુનુ મન પોતાને સ્વાધીન કરવુ જેથી કુટુંબમાં ભેદ પડવાનો, જુદા થવાનો કે કલેશ કરવાનો પ્રસંગ ન આવે. સર્વ પુત્રોની સ્ત્રીઓ પ્રત્યે સરખો ભાવ રાખવો અને પોતાની પુત્રી કરતા પણ વહુને અધિક ગણવી. આ વર્તનથી વહુ સાસુને માતા સમાન લેખે તેમાં શી નવાઈ ? અને ઘરમાં સંપ બન્યો રહે તેમાં આશ્ચર્ય શું ?

વહુઓનો સાસુ તથા કુટુંબીઓ પ્રત્યે ધર્મ

નવીન વધુએ સાસુને પોતાની માતા સમાન ગણવી, તેમની આજ્ઞામાં

રહેવું, તેમની રજા સિવાય કે પૂછ્યા સિવાય કોઈને ઘેર જવું નહિ ઘરના બનતા બનાવોની બહાર વાતો ન કરવી. બધા સૂતા પછી સૂવુ, સર્વથી વહેલા ઉઠવું, ઘરના કાર્યો ઘણા ઉમંગથી કરવા, નણંદ, જેઠાણી આદિને પ્રેમથી ચાહવા, તેમના અવર્ણવાદ ન બોલવા, સર્વેને જમાડીને જમવુ, અથવા સાથે બેસીને જમવુ, સસરાના ઘરની વાતો પીયર જઈને ન કરવી. નહિંતર અન્યોન્ય વિરોધના બીજ વવાય છે. કલેશ ન કરવો. સંતોષ રાખવો, વિધવા, દુઃખી નણંદ આદિ હોય તો તેમને મદદ કરવી. કોઈ જાતની સ્પર્ધા કે ઈર્ષા ન કરવી, પોતાનો પતિ કમાતો હોય તો પણ ગર્વ ન કરવો, કોણ જાણે કોના પુન્યનું સર્વે ખાય છે ? વસ્ત્ર અને ઘરેણા માટે કલેશ ન કરવો. જુદા થવાની કદીપણ પતિને સલાહ ન આપવી, નરમ, ગરમ થતા સમુદાયમાં એક બીજાએ મદદગાર થાય છે. કોણ જાણે છે કે જુદા થયા પછી સુખી જ રહેશો કે નિરોગી જ હશો ? દિયર, જેઠ કે દેરાણી, જેઠાણી સાથે કદી પણ વાદવિવાદ કે કલેશ ન કરવો, દરગુજર કરતા શીખવું, સહનશીલતા વધારવી, પરોપકાર કરીને કે બીજાને મદદ કરીને ખુશી થવું, મેણા, ટોણા મારવા નહિ, નજીવી વાતને મોટુ રૂપ આપી ભાઈ ભાઈઓના દીલ ઉશ્કેરી એક બીજાઓની પ્રીતિ તોડવાનો કદી પણ પ્રયત્ન ન કરવો.

ભાઈઓને પણ ઉદાર દીલ રાખી થોડુ કમાવનારની અવગણના ન કરતા તેઓને પણ આગળ વધારવા પ્રયત્ન કરવો. અને ખોરાક, વસ્ત્રાદિમાં સર્વ ભાઈઓએ એકસરખું જ ખર્ચ રાખવું. કદાચ નાની ઉંમરના બંધુઓ ઓછુ કમાતા કે વધારે ખર્ચ કરતા હોય કે વસ્ત્રાદિ કિંમતી પહેરતા હોય તો પણ તેમાં પોતાની જ આબરૂમા વધારો થાય છે એમ માની ઉદારતા વાપરી દરગુજર કરતા રહેવુ.

સ્ત્રીઓનો પતિ પ્રત્યે ધર્મ

સ્ત્રીઓએ નિરંતર પવિત્ર રહેવુ, પતિ સિવાય કોઈ તરફ પતિ તરફના સ્નેહની દષ્ટિથી જોવુ નહિ, પવિત્ર પ્રેમ માટે તો આ સર્વ જગતપર ભલમનસાઈ વાપરવાની છૂટ છે. પતિની સેવામાં હાજર રહેવું. ભોજન, પાનાદિ સર્વ સામગ્રીઓ વખતસર હાજર કરવી. નોકરી ઉપરથી કામ ઉપરથી, દુકાન વ્યવહાર ઉપરથી કે રાજ્યતંત્રના વ્યવહારથી પતિ ઘેર આવતા અરસપરસના, સાસુવહુના, નણંદ ભોજાઈના, દેરાણી જેઠાણીના કે તેવા જ બીજા કલેશ અને કંટાળા ભરેલા વિચારો જણાવી તેના મગજને ઉશ્કેરવું નહિ. કે અશાંતિ ઉત્પન્ન ન કરવી. વળી પોતાને કાંઈ પણ જરૂરિયાતની વાતો કહેવાની હોય તો તે ભોજન કર્યા બાદ શાંતિથી કહેવી, પણ ભોજન કરતી વખતે કલેશ કરવો નહિ કે તેવી વાતો કહીને ભોજનને વિષરૂપ બનાવવું નહિ, ભોજન કરતા જો મગજ ઉશ્કેરાઈ જાય છે તો તે ભોજન વિષપણે પરિણમી શરીરમાં વિવિધ પ્રકારના રોગો ઉત્પન્ન કરે છે.

પતિના જમ્યા પછી જમવું કે તેની મરજી હોય તો સાથે જમવું, પતિનું મન

કેમ આનંદમાં રહે તેમ વર્તન કરવું. તેનાથી કોઈ વાત છુપાવવી નહિ. સ્ત્રીએ પતિની આવક ઉપર વિચાર કરીને જ ઘરનું ખર્ચ વધારવુ કે ઘટાડવુ.

દુઃખ કે વિપત્તિના પ્રસંગમાં સ્ત્રીએ પતિનો કદી પણ ત્યાગ ન કરવો. ખરી કસોટીનો તેજ વખત છે આવા પ્રસંગે સ્વાર્થી બની સ્ત્રી પોતાના સુખ માટે પતિને મૂકી પીયર કે બીજે સ્થળે જુદી રહે છે. તો તે સ્ત્રી પોતાના પતિનો પ્રેમ મેળવી શકતી જ નથી.

રોગના પ્રસંગે જાતે જ પતિની સેવા કરવી, કોઈ બીજી સ્ત્રીને તેની સેવાના સમાગમમાં, રોગી પતિની માવજત કરવા દેવામાં પોતાની છતી શક્તિએ દાખલ થવા ન દેવી. નહિતર તે સ્ત્રીના સૌભાગ્યમાં વિભાગ પાડયા વિના ભાગ્યે જ રહે છે. ખરી રીતે વિપત્તિ કે દુઃખના પ્રસંગે મદદ કરનાર તરફ દીલ ખેંચાયા સિવાય રહેતુ નથી. અને ખરા અણીના પ્રસંગે મદદ ન કરનાર તરફ દીલ તૂટયા સિવાય પણ રહેતુ નથી.

દિલગીરીના વખતમાં પોતાના ડહાપણનો ઉપયોગ કરી પતિને દિલાસો આપવો. ખોટા ખર્ચામાં પતિને ઉતારવો નહિ, ઘરની, નોકર-ચાકરની, પશુઓની, સ્ત્રીએ જાતે દેખરેખ અને સાર સંભાળ કરવી.

પતિના સૂતા પછી સૂવું અને ઉઠતાં પહેલાં ઉઠવું. પતિના મિત્રોની હયાતીમાં સારી સારસંભાળ કરવી, પતિ બહાર જવા પછી તેની સાથે ઠઠ્ઠા મશ્કરી કદી પણ ન કરવા. તેમ કરતા તેનુ પરિણામ પોતાના ગેરલાભમા શોકદાયક આવે છે.

વાસનાને કાબુમાં રાખવી. શરીર સાચવતા શીખવુ. શરીરની મજબૂતાઈ વધે તે માટે બહુ નિયમિત રહેવુ, પતિની સામા કદી પણ ન થવુ. પોતાનો પતિ કદાચ અકારણ ગુસ્સો કરે તો વખત જોઈ મૌન રહેવું અને તે ખુશીમજામાં હોય તે વેળાએ ખરી હકીકત કે ખરો આશય બતાવી તેની ભૂલ સમજાવીને સુધરાવવી, પણ તે જ વખતે સામા બોલી કલેશ ન કરવો. કોઈની કહેલી વાત પર લક્ષ ન આપતા જાતે તપાસ કરી પછી જ તે વિશે પતિનો ખુલાસો માંગવો. કોઈ પ્રસંગે ઈશારાથી ભૂલ બતાવવી પણ તેનો અંત ન લેવો પતિના સુખી દિવસોમાં આનંદ કરવો. દુઃખી દિવસોમાં મદદગાર થવુ. આમ જીવન ગુજારનાર પતિ પત્નીના ગૃહસ્થ વ્યવહાર સુખમય નીવડે છે.

છોકરાંઓની માબાપ પ્રત્યેની ફરજ

જેમણે નવ માસ ગર્ભમાં રાખી, પાળી પોષી, ભીનામાંથી સૂકામાં સુવાડી, ટાઢ તાપ સહન કરી વિવિધ પ્રકારની કેળવણી આપી, વ્યાવહારિક જીવન સુખમય કરી શકાય તે માટે પૂરતી કાળજી રાખી, સર્વ વ્યવહારમાં કુશળ બનાવી લગ્નની ગાંઠથી જોડાવી આપી, વધારાનું મનુષ્યપણાને યોગ્ય બનાવ્યા તૈયાર કર્યા તે માબાપોના ઉપકારનો બદલો એવો કોણ કૃતઘ્ન નિષ્ઠુર હૃદયનો છે કે ભૂલી જાય!

છોકરાઓએ માબાપના વચનનું કદી ઉલ્લંઘન ન કરવુ તેમના પર સાચો પ્રેમ રાખવો. તેઓ કેમ સુખી થાય તેને માટે નિરંતર કાળજી રાખવી. ખાવા, પીવા, પહેરવા ઓઢવા, સુવા બેસવા, હરવા ફરવા ઈત્યાદિની બધી સગવડો કરી આપવી.

મોટી ઉંમરના માતાપિતાઓને છોકરાઓએ વિશ્રાંતિ આપવી. તેમના હૃદયો જરાપણ ન દુઃભાય તે માટે પૂરતી કાળજી રાખવી. સેવામાં, નોકર, ચાકરો આપવા તથા પોતે જાતે તેમની સેવા ચાકરી. સ્ત્રી આદિ પરિવારને તેમની સેવામા રોકવા, વૃદ્ધ, ગ્લાન અને અશક્ત માતાપિતાની વારંવાર સંભાળ રાખવી. સવારમાં ઊઠી તેમને નમસ્કાર કરવો કોઈ કાર્યનો આરંભ કરતાં પહેલા તેમની સલાહ લેવી અને યોગ્ય રીતે તેનો સ્વીકાર કરવો અમલ કરવો.

તીર્થાટન કરવાની ઈચ્છા હોય તો તીર્થાટન કરાવવું મહાન પુરુષોના સમાગમો મેળવી આપવા અને છેવટનું જીવન ધર્મપરાયણ કરી દે તેવી અનુકૂળતાઓ કરી આપવી.

માતા પિતાની ભક્તિ માટે ભગવાન મહાવીરદેવનો દાખલો ધ્યાનમાં રાખવા જેવો છે. ગર્ભમાં આવ્યા પછી 'મારા ચાલવાથી માતાને પીડા ન થાય તો ઠીક' આ આશયથી ગર્ભમાં જ રહ્યા હતા અને જાણ્યું કે મારા ન ચાલવાથી માતાને અનિષ્ટ શંકા થઈ કે તરત જ હલન-ચલન શરૂ રાખ્યું. કારણ માતાને તે ઈષ્ટ હતુ.

ગર્ભમાં જ પ્રતિજ્ઞા કરી કે મારા જન્મ થયા પહેલા માતાનો આટલો સ્નેહ મારા પર છે તો જન્મ્યા પછી કેટલો થશે ? વળી જો તેમની હયાતીમાં હું ચારિત્ર લઈશ તો તેમને દુઃખનો પાર નહિ રહે એમ ધારી તેમની હયાતીમાં દિક્ષા પણ ન સ્વીકારવાનો નિયમ લીધો. આ કેટલી બધી ભક્તિ ? ભક્તિની અવધિ !

ઠણાંગમાં ''પણ તે પ્રભુએ કહ્યું છે કે માતા પિતાના ઉપકારનો બદલો ખભે બેસાડી અડસઠ તીર્થોમાં ફેરવો તો પણ ન વળી શકે. નિરંતર સારુ ભોજન આપો અને જીવન પર્યંત પાળો તોપણ તેના ઉપકારનો બદલો ન વળી શકે, પણ તેને વીતરાગ પ્રભુના કથન કરેલ ધર્મમાં જોડી આપો તો જ બદલો વળી શકે.

અત્યારના મનુષ્યોમાંથી કેટલાક માતાપિતાની ભક્તિથી પરાઙ્મુખ થયેલાઓ, સ્ત્રી પરણી લાવ્યા બાદ જુદા થનારાઓ, પરાધિન થયેલા માતાપિતાના ભોજન માટે ભાઈઓમાં પરસ્પર વારા કરી ભોજન કરાવનારાઓએ મહાવીર દેવના અનુભવમાંથી કાંઈક અનુકરણ કરવા ધ્યાન આપવુ જોઈએ.

જે સ્ત્રી કોને ઘેર ઉત્પન્ન થયેલી, અને જ્યાં પૈસા લેવાય ત્યાં કહો કે ખરીદ કરીને વેચાતી લાવેલી સ્ત્રી તેઓના કલેશને લઈ ઘરમાં વૈભવ માણે અને વ્હાલી જન્મદાતા માતાના વારા ! ભોજન કરવા માટે વારા ! ધિક્કાર છે આવા

નરપશુઓને ! હજાર વાર ધિક્કાર છે ! હૃદયની લાગણીથી ઉછેરનારી, સ્તનપાન કરાવનારી જેના દૂધથી પોષણ પામેલા, અરે જેના રક્તબીજમાંથી ઉત્પન્ન થયેલાઓ તે માતા અત્યારે વૃદ્ધ થવાથી, નિરાધાર થયેલી માતાઓનું અપમાન ! તેના ભોજન માટે વારા કરનારાઓ શરમ છે, તમને શરમ છે ! આવા નરપશુઓને જન્મ ન જ આપ્યો હોત તો ઠીક હતુ. આવી રીતે પરોપકાર કરનાર માતાપિતા તરફ પુત્ર, તરફથી ચલાવાતી આ ગેરવર્તણૂકનો બદલો શું તેના પોતાના છોકરાઓ તરફથી તેને નહિ મળે ? અવશ્ય મળશે જ.

વહુ અને છોકરાઓ આનુ અનુકરણ કરશે જ અને એક વખત આવા કૃતઘ્નોનો પણ તેવો વખત આવશે જ.

આવા નરાધમો પ્રત્યે તે માતાના આશીર્વાદને બદલે કળકળતા શ્રાપ જ ઉતરવાના. ઉત્તમ પુરુષો માતાપિતાને તીર્થરૂપ સમજી તેની સેવા કરે છે. પશુઓ સ્તનપાન કરવા સુદી મર્યાદા સાચવે છે. મધ્યમ પુરુષો ઘરના કામકાજ કરે ત્યાં સુધી માતાપિતાની દરકાર કરે છે અને અધમ પુરુષો સ્ત્રીનો લાભ થતા જ તેનાથી જુદા પડે છે. આવા અધમ આચરણનો ત્યાગ કરી ઉત્તમ પુરુષોનુ અનુકરણ કરવું.

સાધર્મિક વાત્સલ્ય

સ્વધર્મી એક ધર્મ પાળનાર-મનુષ્યોનું હિત કરવુ ભલુ કરવુ, તે સ્વામીવચ્છલ છે. ધનવાન મનુષ્યોએ પોતાના કુટુંબમાં, નાતમાં, સંઘમાં અને એક ધર્મ પાળનાર મનુષ્યોના સમુદાયમાં, કોઈ પણ મનુષ્ય દુઃખી ન રહે તે માટે ઘણી જ સાવચેતી રાખવી, રોગીઓના રોગો મટાડવા, દવા પ્રમુખની મદદ આપવી, નિરાધારોને આધાર આપવો, નિરાશ્રિતને આશ્રય આપવો. દુઃખીઓને દિલાસો આપવો. ગરીબોને મદદ આપવી, ના હિમ્મતને હિમ્મત આપવી, મહેનતુને રસ્તે ચડાવવા, બુદ્ધિમાનોને વ્યાપારાદિ કાર્યમાં યોજવા, ઈત્યાદિ અનેક પ્રકારે મદદ આપી સ્વધર્મીની ભક્તિ કરવારૂપ સ્વામીવચ્છલ કરવો.

હાલ સ્વામીવચ્છલનો અર્થ અમુક ગામના સંઘે એકઠા મળી જમવું એવો સાંકડો એક પક્ષવાળો જે કરવામાં આવે છે એ ખરેખર શોચનીય છે ! કદાચ એકસાથે બેસી જમવાથી એકબીજાની પ્રીતિમાં વધારો થાય એ કારણ કોઈ એક અપેક્ષાએ યોગ્ય હશે.

અથવા સુખી જમાનામાં પૈસા ખર્ચવાનો કે સાથે એકઠા મળી જમવાનો પ્રસંગ ઓછો હશે તે વેળાએ આ જમવાનું નામ સ્વામીવચ્છલ આપવા માટે યોગ્ય ધાર્યું હશે. પણ અત્યારે પોતાની કોમના સ્વધર્મ પાળનાર મનુષ્યો જ્યાં અન્ન વિના કે વેપાર રોજગાર વિના ગરીબાઈમાં સડતા હોય, કાલે ખાવાનું ઠેકાણુ જ્યાં ન હોય આવી સ્થિતિમાં આવી પડયા હોય ત્યાં પણ તેવા વખતમાં જરા પણ જમવું એ જ સ્વામીવચ્છલ મનાય તો એના જેવું બીજું ખેદકારક શું હોઈ શકે ?

એવા પૈસાથી ગરીબોને ધંધે ચડાવાય, બુદ્ધિમાનોને વિદ્યા અભ્યાસ કરાવાય, નિરાધારોને આધાર અપાય અને ભૂખ્યાને ભોજન કરાવાય આનું નામ આ જમાનામાં આ સ્વામીવચ્છલ રાખવામાં નહિ આવે તો કોમ પાયમાલ થઈ જશે. કોમની આબાદ સ્થિતિ વખતે જમવા રમવામાં આનંદ માનો તો તમને કોઈ કહેનાર પણ કદાચ ન મળે, પણ વિચારવાનુ જમાનામાં કોમની નિર્ધન સ્થિતિ વખતે પેટને માટે ધર્મને વેચવાનો પ્રસંગ આવતો હોય તે વખતે તેવા જમાનામાં પણ જમવામાં આનંદ મનાય તો પછી એ કોમ બુદ્ધિમાન છે એમ કોણ કહેશે ? માટે સ્વધર્મનુ ંહિત કરવુ એ જ સ્વામીવચ્છલનો ખરો અર્થ છે એ ધ્યાનમાં રાખી અવસર ઉચિત વર્તન રાખવું.

તીર્થયાત્રા

ગૃહસ્થોએ વર્ષમાં એકાદવાર તીર્થયાત્રા કરવી; તીર્થ એટલે જેનાથી તરાય તે તીર્થ. જ્યાં જવાથી મનના પરિણામ નિર્મળ થાય, વિષય કષાય ઓછા થાય, વિવિધ પ્રકારની પૌદ્‌ગલિક ઈચ્છાઓ નાશ પામે, આત્મા ઉજ્જળળ થાય, સત્ય પ્રાપ્ત થાય તે તીર્થ કહેવાય છે.

સ્થાવર અને જંગમ એમ બે પ્રકારના તીર્થો છે. જે સ્થળે તીર્થંકર દેવના જન્મ, દિક્ષા, કેવળ અને નિર્વાણ કલ્યાણકો થયા હો, જ્યાં તે જીવંત પ્રભુનુ વિચવવું વિશેષ થયુ હોય, જ્યાં કોઈ મહાત્માઓને-જ્ઞાનીઓને કેવળજ્ઞાન થયેલ હોય, જ્યાં તે મહાન પુરુષોએ વિશેષ સ્થિરતા કરી જ્ઞાન ધ્યાન કર્યા હોય તેવી ભૂમિકાઓ તે સ્થાવર તીર્થ ગણાય છે.

તે તીર્થભૂમિને સ્પર્શવાથી, ત્યાં તેમની યાદગીરીના ચિન્હો, દેવાલયો, પાદુકાઓ, સ્તુપો વગેરેના દર્શન કરવાથી તે મૂળ મહાન પુરુષોનું સ્મરણ થાય છે, તેમના અદ્‌ભુત-અલૌકિક-કર્તવ્યો યાદ આવે છે, તેમના અપૂર્વ અને પ્રચંડ પુરુષાર્થનું સ્મરણ થાય છે, તેથી હૃદયમાં અપૂર્વ આહ્‌લાદ ઉત્પન્ન થાય છે, મન વિકાસ પામે છે, ભાવના વૃદ્ધિ પામે છે, આનંદ ઉલ્લસે છે, પરિણામોની ધારા વિકાસ પામે છે, પરિણામની ઉત્કટતાથી અપૂર્વ વીર્ય-ઉત્સાહ બહાર આવે છે, આવી અપૂર્વ જાગૃતિવાળા શુભ પરિણામે શુદ્ધ ઉપયોગે મહાન કનિષ્ટ કર્મનો નાશ થાય છે; અપૂર્વ પુન્યાનુબંધી પુન્ય બંધાય છે. ગુણાનુરાગ વધે છે, સત્ય સમજાય છે, કર્તવ્ય કરવા પ્રેરણા થાય છે. અને થોડા વખતથી પણ તીવ્ર ભાવનાના પરિણામે અપૂર્વ વિચારોની શ્રેણી લંબાય છે. આવી પ્રબળ ભાવનામાં આત્માની વિશુદ્ધિ વૃદ્ધિ પામે છે, અપૂર્વ શાંતિ પ્રગટ થાય છે, આત્માનો દિવ્ય આનંદ પ્રગટ થાય છે.

આત્મા નિમિત્તવાસી છે. જેવું નિમિત્ત તેવી લાગણીઓ હૃદયમાં ઉદ્‌ભવે છે. અહીં નિમિત્ત ઉત્તમ હોવાથી ભાવનાઓ ઉત્તમ થાય છે. તેનુ ફળ પણ ઉત્તમ થાય છે. તેનુ ફળ પણ ઉત્તમ જ છે.

ગૃહની સર્વ જંજાળોનો થોડા દિવસને માટે ત્યાગ કરેલો હોવાથી યાત્રાના સ્થળોમાં મન તે સંબંધી ઉપાધિથી મુક્ત રહે છે વિષય વિકારોનો ત્યાગ કરાય છે, કષાયોને દૂર કરવામાં આવે છે. વિકથાઓ વેગળે મુકાય છે. સત્સંગ, સત્કથા અને સત્યનું જ શોધન એ વાતોની મુખ્યતા અહીં હોય છે. ઘર મૂકી, અનેક દ્રવ્યનો ખર્ચ કરી કુટુંબથી છૂટો પડી, વ્યવહારને અળગો કરી હું અહીં શા માટે આવ્યો છું ? આ તીર્થ ભૂમિમાં મારુ કર્તવ્ય શું છે ? એ વાત યાત્રા કરનારની લક્ષ બહાર હોતી નથી

તીર્થ ભૂમિમાં એકાંત, પવિત્ર ભાવની વૃદ્ધિ થાય તેવા સ્થળે બેસી મહાન પુરુષોના ગુણોનુ સ્મરણ, અનુમોદન કરવુ. તેમના વર્તન પ્રમાણે અનુકરણ થાય તેટલુ કામ કરવા માટે પ્રવૃત્તિ કરવી. પરમેષ્ઠિ મંત્રનો જાપ કરવો ધ્યાન કરવું. "તપ જપ ધ્યાનથી પાપ ખપાવે."

આ મહાકાવ્ય ધ્યાનમા રાખવુ તપ, જપ અને ધ્યાનથી પાપ ખપે છે, પણ વાતો કરવાથી કે આંટા ફેરા મારવાથી કાંઈ વળતુ નથી. એ વાત બહુજ યાદ રાખી બને તેટલો આ તીર્થ ભૂમિમાં તપ કરવો, જાપ કરવો, ધ્યાન કરવુ, અને એ રીતે કર્મ ખપાવવા.

વળી અહીં કોઈ ઉત્તમ જીવન ગાળનારા સાધુ, મહાત્મા પુરુષો હોય તો તેમની પાસે જવું. કારણ કે તીર્થ ભૂમિ પર આપણી ભાવના-લાગણીના પ્રમાણમાં ફાયદાજનક થાય છે અને આવી લાગણીઓ કે ભાવનાઓની વૃદ્ધિ આ મહાત્માઓના ઉપદેશથી જ થાય છે માટે સ્થાવર તીર્થ કરતા આ જંગમ તીર્થ ભૂત સમદર્શી-આત્મજ્ઞાન-સાધુઓ અધિક ફાયદો કરનારા છે એ વાત ધ્યાનમાં રાખી તીર્થ ભૂમિમાં જતા જ આવા મહાન પુરુષો કોઈ અહીં છે કે નહિ, તેની પ્રથમ તપાસ કરવી, તેમની પાસે જવુ, વંદન કરવું, ભોજન આદિ તેમને આપવા, તેમનો સંગ કરવો, સત્ય પૂછવું, સત્ય સંભળાવવા વિનંતી કરવી, પોતાનું કર્તવ્ય બતાવવા કહેવુ અને તેઓ આપણી યોગ્યતાનુસાર જે કાંઈ કર્તવ્ય બતાવે તે પ્રમાણે એકાંત સ્થળે બેસી પ્રયત્ન કરવો. અને તે પ્રમાણ વર્તન કરવું.

જેટલા દિવસો તીર્થભૂમિમાં રહેવાય તેટલા દિવસ આવા જ્ઞાની પુરુષોની હિતશિક્ષાથી વંચિત ન રહેવું, પણ વખત મળતાં તેમની પાસે અમૂલ્ય આત્મહિતકારી કર્તવ્યો સાંભળવા. સાંભળીને તરત દૂર ખસી જઈ કર્તવ્ય પરાયણ થવું પણ નકામો તેમના અમૂલ્ય વખતનો ભોગ ન લેવો. કારણ આપણા કરતા તેમનુ જીવન દુનિયાને વધારે ઉપયોગી છે તેમાં વિઘ્નભૂત ન થવુ પણ કર્તવ્ય પૂછવામા પાછા ન હઠવું. તેઓ મહાન દયાળુ હોય છે તેથી વખતનો ભોગ આપીને પણ આપણને રસ્તે ચડાવે છે.

તીર્થભૂમિમાં આવીને દાન આપવુ, શીયળ પાળવુ, તપશ્ચર્યા કરવી અને ભાવનાને

સુધારવી તથા વધારવી, ગરીબ, અનાથ, રોગી, દુઃખી આદિનો ઉદ્ધાર થાય તેમા દ્રવ્યનો ઉપયોગ કરવો, યોગ્ય મદદ આપવી. આવી રીતે જેટલા દિવસની અનુકૂળતા હોય તેટલા દિવસ ધર્મધ્યાનમાં પસાર કરી પોતાના વતન તરફ વળવુ.

અંતિમ કર્તવ્ય

ગૃહસ્થોએ પોતાની મરણ અવસ્થા નજીક આવતા પરલોક ગમનને માટે આનંદપૂર્વક બધી તૈયારીઓ કરી રાખવી. આત્મા અમર છે, દેહ બદલાય છે, જૂનુ ઘર મૂકી નવા ઘરમાં રહેવા જવું, જૂનો ડગલો ઉતારી નવો ડગલો પહેરવો આમા ખેદ નહિ પણ જેમ આનંદ માનીએ છીએ તેમ જૂનુ જીર્ણ દેહ મૂકી નવા દેહમાં જવું તે આનંદદાયક છે. પણ ખેદરૂપ નથી. ગમે તે પ્રસંગે દેહનો અવશ્ય ત્યાગ કરવો તો છે જ.

તીર્થંકર દેવ, ઈન્દ્રાદિ સમર્થ દેવો, ચક્રવર્તી જેવા રાજાઓ, મહાન બળવાન યોદ્ધાઓ એ સર્વેને પણ આ માર્ગે પ્રયાણ કરવું પડયું છે તો પછી બીજાઓની તાકાત છે કે એ નિયમનો અનાદર કરી શકે ? નહિ જ.

વિશેષ એ છે કે જેણે આ જિંદગી સાર્થક કરેલ છે. વ્રત, તપ, જપ, પરોપકાર, દયા, દાન, ઈત્યાદિ સત્કર્તવ્યોમાં મન વચન શરીરની શક્તિનો વ્યય કરેલ છે, જેઓએ સત્યને શોધ્યું છે. સત્ય સમજયા છે તેમને દેહનું મરણ તે આનંદનો દિવસ છે. તે સિવાયનાઓને માટે મરણ તે દુઃખનો દિવસ છે. શોકનો દિવસ છે. દિલગીરીનો દહાડો છે. કારણ કે તેણે આગળ જઈ શાંતિ લેવાય તે માટેની તૈયારી કરી નથી, સુખ પછી દુઃખ મળવાનુ છે, અનેક જીવોને ત્રાસ આપ્યો છે, સંતાપ્યા છે, અનેક કાળા ધોળા કર્યા છે, વિષય, કષાય અને અજ્ઞાનમાં જીવન ગુજારેલુ છે તેનો ત્યાં બદલો મેળવવાનો છે. બદલો ભોગવવાનો છે તેથી મરણ દુઃખરૂપ છે. પણ જેણે જિંદગીનો ખરો લાભ લીધો છે, અનેક વ્રત, તપ, જપ, પરોપકારાદિ નિષ્કામ બુદ્ધિથી કરેલ છે, વિષય કષાયોને પાછા હઠાવ્યા છે, ઈંદ્રિયોને વશ રાખી છે, મનને વશ કરેલ છે, સત્ય આત્માને સમજ્યા છે, સત્યને પામ્યા છે, અનુભવ કરેલ છે તેને મરણ એ આનંદનો દિવસ છે, કારણ તેમને માટે સઘળી તૈયારીઓ આગળથી થઈ ગઈ છે. જેમ કોઈ પુન્યવાન રાજા પાંચ, પચાસ ગાઉ દૂર જવાનો હોય ત્યાં આગળથી તેના માણસોએ જઈને મુકામ અને ભોજન આદિ સામગ્રી તૈયાર રાખી હોય તો તેને કોઈ જાતની ખાવાપીવા કે મકાનની ચિંતા રહેતી નથી. તેને તો ગાડીમાં બેસી જવાનુ અને તૈયાર રસોઈ પર બેસવાનુ છે. તેમ આ ભાગ્યવાન જીવને માટે પણ આગળ બધી તૈયારીઓ થયેલી હોવાથી મરણ આનંદરૂપ છે, નિર્ભાગ્ય-નિર્ધન માણસને જેમ પાંચ પચાસ ગાઉ જવું હોય અને ત્યાં જરાપણ સગવડ નહિ તેથી જે ખેદ થાય છે તે આને હોતો નથી.

વળી આત્મા અમર છે. દેહમાં જ ફેરફાર થાય છે. આ વાતનો ચોક્કસ

અનુભવ થયેલો હોવાથી તથા આ માર્મિક પ્રપંચ સાથે તેને તેવી સ્નેહવાળી લાગણીઓ ન હોવાથી જેમ નઠારા પાડોશીઓનો સહવાસ મૂકી સારા પાડોશીની પાસે રહેવા જવામાં ખેદ નહિ પણ આનંદ થાય છે, તેમ આ મરણ તે જ્ઞાનીઓને મન ઓચ્છવનો દિવસ છે.

આ મરણ પ્રસંગના પહેલા જો ત્યાગમાર્ગ ગ્રહણ કરાય તો ઉત્તમ વાત છે પણ જેઓ વ્યાવહારિક પ્રતિબંધ અને શારીરિક નિર્બળતા અથવા તેવાં જ કોઈ કારણસર ત્યાગ માર્ગ ગ્રહણ ન કરી શકે તેમ હોય તે ગૃહસ્થોએ પોતાના મરણ પહેલા આ દુનિયાના તમામ સંબંધોથી મનને પાછું ખેંચી લેવું, જ્ઞાનદષ્ટિ વડે પોતાને તે સબંધોથી અલગ કરી દેવો.

જે મિલકતનો સન્માર્ગે વ્યય કરવો હોય તે પોતાની હયાતિમાં જાગૃત, અવસ્થામાં કરી લેવો.

આવે પ્રસંગે કોઈ આત્મજ્ઞાની ગુરુનો સમાગમ થાય. આજુબાજુ હોય અને ત્યાં ચડી આવે તો તે પછી ખરેખર તેનો ભાગ્યોદય થયો જ સમજવો. કારણ કે તે ગુરુ પણ આત્મભાનમાં પૂર્ણ જાગૃત હોવાથી તેના તરફથી મળતી સાવચેતી અલૌકિક હોય છે, ભૂલાયેલું ભાન જાગૃત કરાવે છે, અને કોઈ નજીકનો જ્ઞાન કે યોગનો માર્ગ બતાવી તેની મનોવૃત્તિઓને આત્મપ્રવાહ વાહી-વહન કરનારી કરી દે છે. આવા ગુરુનો યોગ મહાન ભાગ્યોદય હોય તો જ મળી આવે છે, તેના અભાવે સારા વિચારવાળા માણસોને પાસે રાખવા તે પણ સારું છે.

મરણ વહેલું આવે કે મોડું આવે પણ બધી તૈયારીઓ આગળથી કરી રાખવી. મનમાં પશ્ચાતાપ ન થાય કે અમુક ઉત્તમ કાર્ય કરવાનું હું ભૂલી ગયો, બાકી રહી ગયું કે કરી ન શક્યો.

છેલ્લા પ્રસંગે વિશેષ પ્રકારે સર્વ જીવોને ખમાવવા, કોઈ સાથે વેર વિરોધ ન રાખવો, કરેલા પાપનો પશ્ચાતાપ કરવો, વ્રતો ફરી ગ્રહણ કરવાં, અથવા મહાવ્રત ઉચ્ચરી લેવાં. ધર્મનાં કાર્યો પોતાના હાથે થયેલ હોય તેની અનુમોદના કરવી દેહાદિ ઉપરથી મમત્ત્વનો ત્યાગ કરવો, અણસણ કરવું, પંચ પરમેષ્ઠિ મંત્રનુ સ્મરણ કરવું, અરિહંત, સિદ્ધ સાધુ અને ધર્મનું શરણ લેવું. અઢાર પાપસ્થાનકોનો ત્યાગ કરવો અને આત્માની અમરતામાં મનને લીન કરી દેવું.

કુટુંબીના મરણ પછી રડવા કુટવાનુ બંધ કરી આત્માને શાંતિ મળે માટે પરમાત્માનું સ્મરણ કરવુ. ધર્મધ્યાનમાં ઉજમાળ થવુ. દેવની અસારતાને યાદ કરી મોહ મમત્ત્વ ઓછી કરી ધર્મપરાયણ થવું તથા જે દેહીનો વિયોગ થયો છે તેના ઉત્તમ ગુણોનુ વારંવાર સ્મરણ કરીને તેવા ગુણોનુ અનુકરણ કરવા તત્પર થવું.

આ પ્રમાણે આ ગૃહસ્થ ધર્મ અહીં સમાપ્ત થાય છે તેમાંથી જે કાંઈ ગ્રહણ કરી. તે પ્રમાણે વર્તન કરવાને પોતાની શક્તિ હોય તે પ્રમાણે ગ્રહણ કરી આત્માને પવિત્ર કરો.

હિતેશભાઈ માણેકજી મોતા

ધર્મના રંગમાં રંગાયેલા...
સેવા... સાદગી.. સૌમ્યતા.. શાંતિ.. સફળતાની ઝલક
એટલે શ્રી હિતેશભાઈ માણેકજી મોતા.. શ્રી શત્રુંજય તીર્થ મધ્યે ''શ્રી અજિત-શાંતિ'' પ્રતિષ્ઠા મહોત્સવ એટલે ઐતિહાસીક ગૌરવગાથા. આબેહુબ મંદિરોની કલાકૃતી... સંગીતમય વાતાવરણમાં પ્રભુભક્તિ ચતુર્વિધ સંઘનાં અનુપમ દર્શન... પૂ. ગુરુભગવંતોની મીઠી-મધુરી વાણી નો પ્રસાદ.. અને આનાથી પણ વિશેષ જૈન ઈતિહાસમાં આ મહામુલો અવસર સુવર્ણ અક્ષરે કોતરાઈ ગયો. આ વર્ષ ૨૦૧૨ નાં ચાતુર્માસમાં પ.પૂ. ગુરુભગવંત આચાર્ય શ્રી યોગતિલક સૂરીશ્વરજી મ.સા. ની નિશ્રામાં ૨૦૦૦ શ્રાવક - શ્રાવીકાઓ જોડાયેલા. અને એમાંથી જ ૧૨૦૦ જણા ઉપધાન તપ માં જોડાવવાનો અમુલ્ય લાભ લીધો છે.
''આવા રૂડા રે મજાનાં અવસર નહી રે મળે''

ઉપધાન તપ એ સંયમ-સાધુ જીવનનો પાયો છે. એ તપમાં જોડાવા ઘણા ભાવીકોના દીક્ષા લેવાના ભાવ જાગૃત થશે. આવા શાસનમાં સુંદર કાર્યોથી જૈનશાસન ઝળહળે છે.

''વિશ્વશાંતિ ફૈલાને વાલા જૈન ધર્મ હમારા હૈ
શાંતિ માર્ગ દિખલાને વાલા જૈનશાસન હમારા હૈ ''

હિતેશભાઈના જીવનમાં ધર્મની જ્યોત કેવી રીતે પ્રગટી? ધર્મમય જીવન કેમ પામ્યા?

લગભગ ૮ થી ૯ વર્ષ પહેલા વાલકેશ્વરનાં ચંદનબાળાનાં આ.ભ. શ્રી વિજય યોગતિલકસૂરીશ્વરજી મ.સા. આયંબીલની ઓળી આરાધનાર્થે પધારેલ. એ ઓળી ના લાભાર્થી હિતેશભાઈ હતા. તેઓશ્રી પૂજ્યશ્રીના સંપર્કમાં આવ્યા. દરરોજ વ્યાખ્યાન શ્રવણ કરતા ધર્મની લગની લાગી જીવનમાં નિયમો અપનાવ્યા. એમના ધર્મસંગીની નિશાબેન પણ એ સંસ્કારો મળતા તેમનો પૂરો પરિવાર ધર્મનાં રંગમાં રંગાઈ વિશિષ્ટ આરાધના કરે છે. મને લખતા ગર્વ થાય છે કે સાંસારીક સુખો હોવા છતા તેઓ ચારેયને એનો ત્યાગ કરી દીક્ષા અંગીકાર કરવી છે... કેટલા ઉત્તમ વિચારો ! આ વાંચી આપણે શુભ મનોરથ કરીએ ...

આ પાપમય સંસાર છોડી શ્રમણ હું ક્યારે બનુ ? આપણે ધર્મપ્રેમી પરિવારની અનુમોદના કરીએ.. અને પ્રભુ પાસે એમના તેજોમય જીવન ની પ્રાર્થના કરીએ.

કિંજલબેન ધનેશભાઈ શાહ - અમદાવાદ

કિંજલબેને ૭૦ ઉપવાસની ભીષ્મ તપશ્ચર્યા સાથે ૯૯ યાત્રા દરમ્યાન ૧૦૮ યાત્રા પૂર્ણ કરીને ૨૦૦૯ ના પોષ સુદ ૧૩ ના પારણું કરતા એક નવો જ ઈતિહાસ સર્જાયો.

બીજો આશ્ચર્યજનક ઈતિહાસ તો ત્યારે સર્જાયો કે કિંજલબેનની આવી સાધના જોઈને એમના ભાઈ અને ભાભી કે જેઓએ માત્ર ૨૪ વર્ષની ભર યુવાન વયે લગ્નના દિવસથી જ નાણ સમક્ષ બ્રહ્મચર્ય વ્રતનો આજીવન સ્વીકાર કર્યો. તેની જાહેરાત થતા સમગ્ર સભા દિગ્મૂઢ બની ગઈ હતી.

શ્રી આણંદજી કલ્યાણજી પેઢીના શેઠશ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ શાહે કહ્યું કે છેલ્લા ૨000 વર્ષમાં ક્યારે ન થઈ હોય તેવી આ વિરલ ઘટના છે જે ખૂબ જ અનુમોદનીય છે. આનો શિલાલેખ - ગિરિરાજ ઉપર તેમજ આગમ મંદિરમાં પણ લખાશે.

કિંજલબેન જ્યારે પ્રભુની ભક્તિ કરે ત્યારે તેમના મસ્તકમાંથી ઘણી વખત વાસક્ષેપ ઝરે છે.

પાલીતાણામાં ખાણી પીણી રસ્તા ઉપર રાત્રે ખવાય છે તેમજ ગિરિરાજ ઉપર લોકો દહીં વગેરે વાપરે છે તે બંધ થાય તે નિમિતે કિંજલબેને ૧૦૮ ઉપવાસ તેમજ ત્યાર પછી ૧૮૦ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા કરી હતી.

જિજ્ઞાબેન જગદીશભાઈ દેઢિયા - કચ્છ ગઢશીશા

જિજ્ઞાબેને ગિરિરાજની ૯૯ યાત્રા કરતી વખતે ગિરિરાજ ઉપર રહેલ ૨૭000 કરતા વધારે ભગવાનના પ્રતિમાજી છે તે દરેક ભગવાનની નવ અંગે પૂજા કરી હતી તેમજ ઘેટીપાગના દેરાસરોમાં જેટલા ભગવાન છે તેમની પણ નવ અંગે પૂજા કરી હતી.

તેઓ ૨૦૦૫ ના ચોમાસામાં પર્યુષણની આરાધના કરાવવા કે.ડી.ઓ. ભવન કોઈમ્બતુર આવ્યા હતા.

પાલીતાણામાં ૨૧મી એપ્રિલ ૨૦૦૭ના અન્ય ૬ દીક્ષાર્થીઓ સાથે તેમણે પ.પૂ. સાધ્વી શ્રી ચારૂલતાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ. સાધ્વી શ્રી અમીવર્ષાશ્રીજી મ.સા.નું શિષ્ય પદ સ્વીકારી દીક્ષા ગ્રહણ કરેલ. તેમનું નામ જૈનમવર્ષાશ્રીજી મ.સા. છે.

આજે પણ તેઓ દેરાસરમાં જ્યારે પણ દર્શન કરવા જાય ત્યારે દરેક ભગવાનને ત્રણ ખમાસમણા આપે છે.

પ.પૂ. પદ્મશ્રી સાધ્વીજી ભગવંતનું ગુરુમંદિર

આજથી ૧૫૦ વર્ષ પહેલા એક માં-બાપ પોતાની પુત્રી સાથે ગુરુભગવંત પાસે વંદન કરવા આવ્યા. વંદન કરીને ગુરુભગવંતને કહ્યું કે અમારી નાનકડી દીકરીને વાસક્ષેપ નાખી આશીર્વાદ આપો.ગુરુ ભગવંતે પૂછયું શેના આશીર્વાદ આપું ? એમણે કહ્યુ કે દીક્ષા લે એવાં આશીર્વાદ આપો. ત્યારે એમની દીકરીની ઉમર ૭ વર્ષની હતી. તેનું નામ નમ્રતા હતું.

યોગાનુંયોગ ગુરુભગવંતના આશીર્વાદથી બાર મહિના પછી નમ્રતાએ દીક્ષા લઈ લીધી. ત્યારે તેની ઉમર ૮ વર્ષની હતી. તેઓ આટલી નાની ઉંમરમાં ખુબજ જ્ઞાની હતા. શાસ્ત્રોમાં પારંગત હતા. ત્રણ વર્ષના દીક્ષા પર્યાય એટલે ૧૧ વર્ષની ઉમરે તેઓ ૩૫૦ શિષ્યાના ગુરુ બન્યા. સાધ્વીજી ભગવંતોને લગભગ કોઈ પદવી ન હોય. પરંતુ આ સાધ્વીજી ભગવંતને 'પ્રવર્તાની' અને 'મહતરા' એમ બે પદવી એનાયત કરવામાં આવી હતી. તેઓ ૨૮ વર્ષની નાની ઉમરે કાળધર્મ પામ્યા.

સાધ્વીજી ભગવંતના ગુરુમંદિર ન હોય. ગુરુમંદિર ગચ્છાધિપતિ કે આચાર્ય ભગવંતના હોય પરંતુ આ સાધ્વીજી ભગવંતનુ ગુરુમંદિર માતર તીર્થ (જી. ખેડા, ગુજરાત) માં છે. આ મંદિરમાં સાચા સુમતિનાથ ભગવાન છે જે લગભગ ૨૫૦ વર્ષ પુરાણું છે.

સાધર્મિક ભક્તિ માટે પચાસ કરોડના દાનનો સંકલ્પ

કલ્પેશ વિ. શાહ જૈન સંઘ માટે અપરિચિત વ્યક્તિ નથી! કુમારપાળ વિ શાહ અને કલ્પેશ વિ શાહ અનેક ક્ષેત્રે સેવા બજાવતા હોવાથી સૌથી સુપરિચિત છે. ગયા વર્ષેજ કલ્પેશ વિ શાહને બાયપાસ સર્જરી કરાવવી પડી. સફળ સર્જરી બાદ એમના મનમાં મનોરથ જાગ્યો કે, મને મળેલા નવ જીવનની ખુશાલીમાં અગણિત સાધર્મીકોના જીવનમાં ખુશાલી છવાઈ જાય એવું કંઈક કરવું જોઈએ. એમણે ત્યાં હોસ્પીટલમાંજ પચાસ કરોડ જેવી જંગી રકમ વાપરવાંનો સંકલ્પ કર્યો. આ સંકલ્પ જાહેર થતા જ આશ્ચર્ય અને અહોભાવનુ વાતાવણ ઠેરઠેર સર્જાઈ જવા પામ્યુ કેમકે સાધર્મિક ભક્તિના ક્ષેત્રે આટલુ જંગી દાન એકલે હાથે પ્રથમવાર જ જાહેર થયું હતું. સંકલ્પ મુજબ પચાસ કરોડ જેવી રકમનો તરત જ સદુપયોગ કરવા સક્રિય પ્રયત્નો ચાલુ થઈ ગયા છે.

આવા સાધર્મિક ભક્તને આપણે સૌ-સો સલામ કરતા નતમસ્તક બનીએ તો અહોભાવથી આપણી આંખો ભીની ભીની બની ગયા વિના ન રહે.

અનુમોદનીય બોધપાઠ... Tata Group

તા. ૨૬-૧૧-૨૦૦૮ના આતંકવાદીઓના થયેલ હુમલા પછીના દિવસોમાં તાજ હોટેલના માલિક રતન તાતાએ જે ઉચ્ચ માનવતા અને ઉદારતા બતાવી, એમાંથી બોધ પાઠ મેળવવા જેવો છે.

જ્યારે હુમલો ચાલુ થયો ત્યારે એક હોલમાં આંતરરાષ્ટ્રીય ૫૪ માણસોની મિટિંગ ચાલુ હતી. ત્યારે કેપ્ટન થોમસ જ્યોર્જ પોતાનો જાન આપીને પણ ૫૪ વિદેશીય મહેમાનોને પાછળનો દાદરો બતાવીને પોતાની દેખરેખ નીચે સલામત બહાર કાઢ્યા. આતંકવાદીઓને આની ખબર પડતાં એમણે કેપ્ટનને ગોળીઓથી વીંધી નાખ્યો. જ્યારે એમની પત્નીને ખબર પડી ત્યારે પુત્ર સહિત પત્નીએ ગૌરવ લીધું કે, અમારા પતિએ પોતાનો જાન બીજાને બચાવવામાં ગુમાવ્યો, તેનું અમને ગૌરવ છે.

બીજા એક હોલમાં હિન્દુસ્તાન લીવર લીમીટેડની મિટિંગ ચાલુ હતી. ત્યારે હોટેલની ગેસ્ટ રીલેશન એક્ઝયુટીવની ફરજ બજાવતી કર્તવ્ય પારાયણ એક મહિલાએ વરસતી ગોળીઓ વચ્ચે જઈને જાનના જોખમે રૂમ બંધ કરાવીને એ બધાના જીવ બચાવેલ, તદુપરાંત ભોજન કીચનના દરવાજેથી તે બધાને સહીસલામત બહાર કાઢેલ. પછી આનો ખ્યાલ આવી જતાં આતંકવાદીઓએ ગોળીઓ છોડી, સદ્‌ભાગ્યે તે મહિલા બચી ગઈ. હોટેલના જનરલ મેનેજર કરમવીર જેટલા અતિથિઓને બચાવાય તેટલાને બચાવવા આકાશ પાતાળ એક કરી રહ્યા હતા. કેટલાક મહેમાનોને બચાવતાં પોતાની પત્ની અને બાળકોને તેમણે સદા માટે ગુમાવ્યા. આવા વફાદાર-સ્ટાફને બિરદાવતા રતનટાટાએ કહેલ કે 'અમારી કંપની આવા લોકોના શ્વાસે જીવે છે. માત્ર આ રીતે બિરદાવીને જ બેસી ન રહેતા રતનટાટાએ પોતાનું કર્તવ્ય જે રીતે અદા કર્યું. એની પરથી તો સૌ કોઈએ બોધપાઠ લેવા જેવી છે. રતન ટાટાએ શું કર્યું તે હવે જોવા જેવું છે. અમેરિકાની ઈજ્જત સમા વર્લ્ડ ટ્રેડ સેન્ટરના પુનઃનિર્માણની પ્રક્રિયા હજી પૂરી થઈ નથી. ત્યારે આ હોટલ ભંગારમાંથી પુનઃ બેઠી થઈ ગઈ. એક જમાનામાં ગ્રાન્ડ હોટસન હોટેલમાં માત્રગોરા અંગ્રેજોને પ્રવેશમળતો. જમશેદજી તાતાને એમાં પ્રવેશતાં અટકાવ્યા હતા. એટલે આ હોટેલ ખડી કરી દેવામાં આવી. આતંકવાદીના હુમલા પછી હોટેલ થોડો સમય બંધ રહી, પણ તે સમયમાં રતન તાતાએ બધા જ કર્મચારીઓને તેમનો પગાર મની ઓર્ડર દ્વારા એમના ઘરે પહોંચાડયો.

આતંકવાદી હુમલો થયો, ત્યારે જેટલા કર્મચારીઓ હતા, કોઈક તો માત્ર એક જ દિવસ માટે કામ ઉપર આવ્યા હતા, તે બધાને કર્મચારી ગણવામાં આવ્યા. અને એ તમામને રાહત અને સહાય પૂરી પાડવામાં આવી. આ સહાય અને રાહત માત્ર તાજ હોટેલના કર્મચારીઓ પૂરતીજ જ સીમિત ન રાખી. પરંતુ સી.એસ.ટી.

રેલ્વે સ્ટેશને હુમલાનો ભોગ બનનાર પબ્લીક રેલ્વે કર્મચારી અને પોલીસને પણ પહોંચાડી, એટલું જ નહિ, પણ રેલ્વે સ્ટેશનના પાનના ગલ્લાવાળા અને પાઉભાજી વેચનારા ફેરીઓને પણ રાહત પૂરી પડાઈ.

આતંકવાદીઓએ જે લોકોને બાનમાં રાખીને માનસિક રીતે ભાંગી નાખ્યા હતા. તે માનસિક રોગીઓને ટ્રીટમેન્ટ આપવા એક માનસિક ચિકિત્સા કેન્દ્ર ખોલી, વિના મૂલ્યે ચિકિત્સા રતન ટાટાએ પૂરી પાડી. ૧૬૦૦ જેટલા કામદારો આ ઘટનાથી ડઘાઈ ગયેલા તેમના માટે પ્રાથમિક સારવાર અને સલાહ કેન્દ્રો ખોલવામાં આવ્યા.

તાજ હોટેલમાં જુદા જુદા રાજ્યોમાંથી જે નોકરી કરવા આવ્યા હતા. એના સંબંધીઓને આ હુમલાની જાણ થતાં એ લોકો મુંબઈ દોડી આવ્યા. તે બધાને ત્રણ અઠવાડિયા સુધી પ્રેસીડેન્ટ હોટેલમાં વિના મૂલ્યે રહેવાની-જમવાની સગવડ રતન ટાટાએ પોતાના ખરચે કરી. રતનટાટા પોતે તેમની પાસે જતા અને પૂછતા કે, કેવા પ્રકારની તેમને જરૂર છે ? અને તેવી સહાય કરવા વીસ દિવસના ટૂંકા સમયમાં એક નવું ટ્રસ્ટ પણ શરૂ કરી દીધું.

આતંકવાદી હુમલામાં તાજ હોટેલના ૮૦ જેટલા માણસોએ પોતાના કુટુંબનો કોઈ ને કોઈ સભ્ય ગુમાવ્યો હતો. ૭૨ વરસના રતન તાતાએ આ ૮૦ કુટુંબોની પોતે વ્યક્તિગત મુલાકાત લીધી. આતંકનો ભોગ બનેલા ૪૬ બાળકો દેશમાં કે પરદેશમાં જ્યાં પણ શિક્ષા લે, તેની જવાબદારી પોતે સ્વીકારી. મૃત્યુ પામેલા કર્મચારીઓના કુટુંબને મીનીમમ છત્રીસ લાખ અને મેક્ઝીમમ ૮૫ લાખ રૂપિયાની સહાય કરી. સાથે સાથે બીજા લાભો પણ આપ્યા. મૃત્યુ પામનાર કર્મચારીના છેલ્લા મહિનાના પગાર જેટલી રકમ આશ્રિતોને જીંદગીભર આપવામાં આવશે એવી જાહેરાત કરી. મૃત કર્મચારીઓએ લીધેલી લોન કે એડવાન્સ રકમ માફ કરી દીધી. તે વ્યક્તિના સમગ્ર કુટુંબને જીંદગી પર્યંત વ્યવસ્થા પણ તેમણે કરી. આતંકનો ભોગ બનેલા રેલ્વે કામદારો, પોલીસ સ્ટાફ અને ત્યાંના ફુટપાથવાસીઓને છ મહિના સુધી દર મહિને દસ દસ હજાર રૂપિયાની રોકડ સહાય રતન ટાટાએ કરી.

એક ફેરીયાની ચાર વરસની પુત્રીના હાથમાં ચાર ગોળીઓ વાગેલી. સરકારી હોસ્પિટલમાં એક જ ગોળી કાઢી તેને રજા આપી દેવાઈ હતી. તાતાએ તેને બોમ્બે હોસ્પિટલમાં દાખલ કરી પોતાના ખર્ચે સંપૂર્ણ સારવાર પૂરી પાડી. તેમાં કેટલાંય લાખનો તેમને ખર્ચ થયો.

કટોકટીના એ દિવસોમાં ત્રણ દિવસ સુધી રતન ટાટાએ પોતાના કર્મચારીઓની અંતિમ ક્રિયામાં બધે હાજરી આપી.

તાતા ઉદ્યોગના સ્થાપક જમદેશજી તાતાએ કહ્યું હતું કે, પોતાને મળેલી સંપતિ જનતાની સેવામાં જ વપરાવી જોઈએ. તે વાતને તેટલી જ રતનતાતાએ પણ આસમાની સુલતાની જેવા આ સમયે ચરિતાર્થ કરી બતાવી. પારસી કોમની ઉદાર સખાવત વૃત્તિનો નવો માપદંડ તો ત્યારે નિહાળવા મળ્યો કે, રતનતાતાએ જાતનો પ્રતિભાવ દર્શાવ્યો કે, અમે તાજ હોટેલના સમારકામ માટે કરોડો રૂપિયા ખરચી શકીએ, તો પોતાના પ્રાણનું બલિદાન આપનારા કર્મચારીઓ માટે કેમ ન ખરચીએ.

ગિરનાર તીર્થનું મહત્વ

ગઈ ચોવિશીના ત્રીજા તીર્થંકર સાગર ભગવાન ઉજ્જૈન નગરીમાં પધાર્યા હતા. ત્યાંના નરવાહન રાજાએ ભગવાનને પૂછ્યું કે મારો મોક્ષ ક્યારે થશે ? ભગવાને કીધું કે તારો મોક્ષ આવતી ચોવીસીના બાવીસમાં ભગવાન શ્રી નેમિનાથ હાથે કેવળી થઈ મોક્ષે જઈશ એમ જાણી નરવાહન રાજાએ નેમિનાથ ભગવાનની વ્રજરત્નની પ્રતિમા ભરાવી. ગિરનારની સુવર્ણગુફામાં પધરાવી અને અન્ય ત્રણ પ્રતિમાજી પણ સુવર્ણ રત્નની સ્થાપિત કરી.

બાવીસમાં તીર્થંકર શ્રી નેમિનાથ પ્રભુના દિક્ષા, કેવલજ્ઞાન અને નિર્વાણ એમ ત્રણ કલ્યાણકો જે પાવન બૂધર ઉપર થયા તે પર્વતાધિરાજ ગિરનાર પશ્ચિમ ભારતની એક માત્ર ભૂમિ છે. ગઈ ચોવિશીના દશ તીર્થંકરો આજ ગિરિ પરથી નિર્વાણ પામ્યા હતા અને આવતી ચોવિશીના ચોવિશેય તીર્થંકર ભૂમિ પરથી નિર્વાણનુ અનંત સુખસામ્રાજ્ય મેળવશે. કરોડો મહાત્માઓ આ ગિરિના સંગે સિદ્ધિને વર્યા છે. શત્રુંજયના પાંચમાં શિખર સ્વરૂપ આ ગિરનાર પણ સિદ્ધ ગિરિ છે. શત્રુંજય મહાત્મ્ય નામના ગ્રંથમાં પરૂપેલા ગિરનારના વર્ણનમાં જાણવા મળે છે કે આ અવસર્પિણી કાળના ૬ આરા દરમ્યાન દરેક આરે અલગ અલગ નામે ગિરનારની પ્રસિદ્ધિ થઇ છે, થશે. તે નામ આ પ્રમાણ છે. ૧. કૈલાસ ૨. ઉજ્જયંત ૩. રૈવત ૪. સ્વર્ણ ૫. ગિરનાર ૬. નંદ પ્રભ.

આ ગિરનાર પહેલા આરામાં ૩૬ યોજનનો હતો.
બીજા આરામાં ૨૦ યોજનનો હતો.
ત્રીજા આરામાં ૧૬ યોજનનો હતો.
ચોથા આરામાં ૧૦ યોજનનો હતો.
હાલ પાંચમા આરામાં ૨ યોજનનો છે
છઠ્ઠા આરામા ૧૦૦ ધનુષનો હશે.

એજ રીતે ઉત્સર્પિણી કાળમાં ઉંધા ક્રમથી વધશે.
પ્રાયઃ શત્રુંજયની જેમ આ ગિરિ પણ શાશ્વત છે.

શ્રી કેસરસૂરી સમુદાયના મુનિરાજ શ્રી દર્શનવિજયજી મ.સા. (ત્રિપુટી)

卐 પરમાત્મા શ્રી મહાવીરસ્વામીના શાસનનો જૈનોનો ઈતિહાસ 卐

A. આજથી	પરમાત્મા શ્રી મહાવીર સ્વામીના વખતમાં
૨૫૫૦ વર્ષ પહેલા	જૈનોની વસ્તી કરોડોની હતી.
૨૩૫૦ વર્ષ પહેલા	૧૨ વર્ષનો સળંગ દુકાળ પડવાથી વસ્તીમાં સારો એવો ઘટાડો થયો.
૨૨૫૦ વર્ષ પહેલા	શ્રી સાંપ્રતિ મહારાજાએ સવાલાખ દેરાસર બંધાવ્યા. ૩૬૦૦૦ દેરાસરનો જીર્ણોધ્ધાર કરાવ્યો. સવા કરોડ પ્રતિમાજી ભરાવ્યા. ૯૫૦૦૦ પંચધાતુના પ્રતિમાજી ભરાવ્યા. આપણા દેશ ઉપરાંત અફઘાનીસ્તાન, અરબસ્તાન વગેરે અન્ય દેશોમા પણ ધર્મનો ખૂબ ફેલાવો કર્યો જેથી એ વખતે વસ્તી વધીને ૨૦ કરોડની થઈ. ત્યાર પછી જૈનોની વસ્તીમાં ઉતરોતર ઘટાડો થતો રહ્યો.
૧૫૦૦ વર્ષ પહેલા	વસ્તી ૧૦ કરોડ હતી.
૧૩૦૦ વર્ષ પહેલા	વસ્તી ૬ થી ૭ કરોડ હતી.
૯૦૦ વર્ષ પહેલાવસ્તી	૪ થી ૫ કરોડ હતી.
૪૫૦ વર્ષ પહેલાવસ્તી	૨ કરોડ હતી.
૧૫૦ વર્ષ પહેલા વસ્તી	૨૦ લાખની હતી.
૧૦૦ વર્ષ પહેલા વસ્તી	૧૨ થી ૧૩ લાખની હતી.

● ત્યાર પછી ધીરે ધીરે વસ્તી વધવા લાગી જે હાલમાં લગભગ ૪૨/૪૫ લાખ જેવી છે.

B. આજથી ૨૨૫૦ વર્ષ પહેલા આશરે પોણા બે લાખ દેરાસર હતા. ત્યાર પછી મોગલોની અવારનવાર લડાઈ થતી રહી અને મોગલોએ હિંદુ તેમજ આપણા દેરાસરોની મોટે પાયે તોડફોડ કરી જેથી હાલમાં અંદાજે ૩૫૦૦૦ થી ૪૦૦૦૦ દેરાસર છે.

C. તેવી જ રીતે પરમાત્મા શ્રી મહાવીરસ્વામીના વખતમાં સાધુ-સાધ્વીજી ભગવંતો ૧ કરોડથી વધારે હતા. જે ૧૦૦ વર્ષ પહેલા ઘટીને ૫/૬ હજાર જેવા થઈ ગયા હતા જે હાલમાં સાધુ સાધ્વીજી ભગવંતો ૧૫૦૦૦ આસ પાસ છે.

કર્મો ભવો ભવના...

કેટલાક અમને ફરિયાદના સૂરમાં પૂછતા હોય છે : 'મહારાજ સાહેબ ! અમે જિંદગીમાં એવું કોઈ પાપ કર્યું નથી. કોઈનું બૂરુ કર્યું નથી કે બૂરું ઈચ્છ્યું પણ નથી. બની શકે તો ભલાઈના કામ કરીએ છીએ. ને છતાં અમારા જીવનમાં એટલું દુઃખ છે. ત્રાસી ગયા ! કાંઈ ને કાંઈ દુઃખ આવ્યા જ કરે છે. કોઈ આરો – ઓવારો દેખાતો નથી. સાહેબ ! કુદરતનો આ કેવો ન્યાય ? એવો કોઈ અપરાધ અમારા જીવનમાં છે નહીં. ને છતાં સજાનો પાર નહીં.'

શું સમજાવવું ? આ ભાગ્યશાળીઓને ! એક સરદારજી રસ્તેથી પસાર થઈ રહ્યા હતા. વચ્ચે એક હોટલ આવી. એના પાર બોર્ડ માર્યું હતું કે आईये !हमारी हॉटल में मनपसंद भोजन लीजिये. बील आपसे नहीं लिया जायेगा. आपकी छट्ठी पीढ़िसे हम वसुल कर लेंगे. સરદારજી તો વાંચીને ખુશ. अब अन्यत्र जाना ही क्यों ? यही हॉटल में खाऊंगा. પાછો વિચાર આવ્યો. छट्ठी पीढ़ि कीसने देखी है ? कौन हिसाब रखेगा और कौन वसुल करेगा ? हमें तो मुफ्त में ही खाना है और मुफ्त में ही खाना है, तो अकेला ही क्यों ? बीबी बच्चे सभी को ले आउं. આવ્યો ઘરે.. બીબીને કહી દીધું. आज रसोई पकानी नहीं है, सभी को हॉटल में ले जाता हूँ और आज नो कन्ट्रोल. जिसको जो खाना है, जितना खाना है, खाओ, मैं मना करनेवाला नहीं, क्योंकि पैसे देने ही नहीं है। બધા પહોંચ્યા. ઈચ્છા મુજબ પેટ ભરીને ખાધું. ઊઠ્યા એટલે સરદારજીના હાથમાં સીધું બે હજાર રૂપિયાનું બીલ પકડાવવામાં આવ્યું. સરદારજી તો ડઘાઈ જ ગયા. આઘાત અને આશ્ચર્યની લાગણી સાથે મેનેજર પાસે. 'आपने तो बोर्ड लगाया है कि बिल छट्ठी पीढ़िसे वसुल कर लेंगे, फिर मुझे क्यों देते हो ?'

'यह आपने खाया इसका बिल नहीं, यह तो आप के पहले की छट्ठी पीढ़ि खा गयी थी उसका बील है ।'

હા, આપણે યાદ રાખવું જોઈએ કે આ જનમમાં આપણે નિર્ધનતા, પરાભવ, અપમાન વગેરે જે કાંઈ સહી રહ્યા છીએ, એ ઘણું ખરું પૂર્વજન્મોમાં જે કરી આવ્યા છીએ એનું બીલ ચૂકવી રહ્યા છીએ. આ ભવમાં જે સારું કે નરસું કરી રહ્યા છીએ એનું શુભ કે અશુભ ફળ તો પ્રાયઃ આવતા જન્મોમાં મળશે. એટલે આ જનમમાં પાપ નથી કરતા, કોઈનું બૂરું નથી કરતા.. ધન્યવાદ. આવતા ભવે સજા નહીં થાય... પણ પૂર્વ જન્મમાં અપરાધ કર્યા હોય તો એની સજા તો અહીં થાય ને ? પ્રભુ મહાવીરદેવે પણ એ ચરમભવમાં ક્યું પાપ કર્યું હતું ? કોનું બૂરું કર્યું હતું ? અરે ! ઉપરથી ભયંકર ઉપસર્ગ કરનારની પણ કરુણા ચિંતવી હતી. ને છતાં કેટલા ઉપસર્ગો વેઠવા પડ્યા ? શા માટે ?

'એ તો પ્રભુના કર્મો ભારે હતા.'

'પ્રભુનાં કર્મો ભારે હતા. ને આપણે તો લઘુકર્મી ?'

સાહિત્ય દિવાકર, રાજસ્થાન દીપક
પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.

દેવ દ્રવ્ય (સપનાની બોલી) ની ટૂંકી સમજ

દેવ દ્રવ્ય ખુબજ પવિત્ર દ્રવ્ય છે. અનેક કલ્યાણક જૈન તીર્થો, પ્રભાવક પ્રાચીન જૈન તીર્થો, પ્રાચીન જિનાલયોના જીર્ણોદ્ધાર, નુતન જિનાલયોના નિર્માણ, જિનબિંબો કે જિનાલયોના રક્ષા વગેરે માટે ઉપયોગમાં સદ્વ્યય પામતા દેવદ્રવ્યની ૧૪ સપનાની ઉછામણીઓ દ્વારા અભિવૃદ્ધિ થાય છે. સેકડો વર્ષોથી ગીતાર્થ સુવિહીત પૂર્વાચાર્યો એ પ્રવર્તાવેલી અને સંઘોએ માન્ય કરેલી આ મહાન વ્યવસ્થા છે. આવા પવિત્ર દ્રવ્યને શાસ્ત્રાનુસારી વહીવટ કરવાથી શુભ નામકર્મ યાવત તીર્થંકર નામકર્મનુ ઉપાર્જન થાય છે. ગેરવહીવટથી અશુભ નામકર્મ તથા નરક, તિર્યંચાદિ, દુર્ગતિઓનુ ઉપાર્જન થાય છે.

આ સપનાના દ્રવ્યને પૂર્ણ રૂપે કે અમુક ભાગ રૂપે સાધારણ દ્રવ્ય કરી શકાય નહિ. સપનાના નકારા બાંધી ડ્રો પદ્ધતિથી પણ ઉતારી શકાય નહિ. આનાથી દેવદ્રવ્યની વૃદ્ધિને ભારે હાની થાય છે. દેવદ્રવ્ય - સપનાના દ્રવ્યની આવક ઉપર સાધારણ ખાતે સરચાર્જ લગાડી શકાય નહિ.

સાધારણ ખાતાની આવકના અનેક ઉપાયો છે. આ દરેક શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘોની અને અચલગચ્છની પણ સુવિહીત શાસ્ત્રીય પરંપરા છે.

● ● ●

આપણા સહુના લાડીલા તપસ્વીરત્ન **શ્રી નરેન્દ્રભાઈ નંદુ** જેમને અત્યારે સળંગ ૧૫મો વર્ષીતપ ચાલી રહ્યો છે. તેઓ દર વર્ષે 'પર્યુષણ કરાવવા અમેરિકા જાય છે. સાધારણ ખાતાની આવક માટે એમની પાસે ઘણી સ્કીમો છે. તેમણે કોચીન તથા ચૈતન્યપૂરી, હૈદરાબાદમાં સ્કીમો મૂકી સાધારણ ખાતે લાખો રૂપિયાની ઉપજ કરાવી આપી છે.

ભવ આલોચના

શૂળીની સજા સોયથી અર્થાત્ ભવઆલોચના

હે ભવ્યાત્મા, સર્વજીવો એકમાત્ર સુખને ઈચ્છે છે, સુખ પણ હોય ક્વોલીટીનું, જરાય ખામી વિનાનું, દુઃખની ભેળસેળ વિનાનું, કદાપી નાશ ન પામે તેવું જોઈએ છે. પણ બિચારાને નડે છે કર્મોની પરવશતા.

સુખ મેળવવાના અને દુઃખ ટાળવાના સત્ય, સચોટ ઉપાયોનું અજ્ઞાન, પોતેજ બાંધેલો અવળા લાભાંતરાય વગેરે કર્મોથી ઈષ્ટની પ્રાપ્તિ કરી શકતી નથી. મોહરાજા મુંઝવી નાંખે છે અને જીવ પાપ માર્ગમાં ઠસડાય છે.

ક્યારે કર્મો **Favourable** હોય છે તો મોહથી પ્રેરીત અનાદિકાળના કુસંસ્કારો, પાપ વાસનાઓ અતિ જોર કરીને અત્યંત વધુ ૧૮ પાપ સ્થાનકોમાં ગળાબુડ ડુબે છે.

એક અંતરાય કર્મોનો ક્ષયોપશમ.

બીજું અનાદિના કુસંસ્કારોનો હુમલો-મહાવરો (અભ્યાસ)

ત્રીજું સમ્યગ્જ્ઞાનના અભાવે અજ્ઞાનનો અંધકાર, ત્રણે ભેગા થયા પછી પાંચે ઈન્દ્રિયોને લીલા લહેર

સ્પર્શેન્દ્રિય માટે કુમારિકા, બાળા, વિધવા, સધવા, વેશ્યા, રખાત, કાણી-કુબડી, ચંડાલણી કોઈમાં તફાવત ન જુએ, અનાચારમાં રાત દિવસ મશગુલ રહે. રસનેન્દ્રિયને પોષવા ભક્ષ્ય, અભક્ષ્ય વાસી, કંદમૂળ, દારૂ અરે જે માંસ પણ ખાવા તૈયાર.

પ્રાણેન્દ્રિયને પોષવા લાખો ફૂલોને, સાથે તેમાં રહેલા ત્રસજીવો ભમરા આદિને કચડીને બનેલા અત્તર યાવત્ હરણીયાની કસ્તુરી કાઢતાં વાર નહીં.

ચક્ષુરેન્દ્રિયમાં પાગલ નિત્ય તથા કુતુહલ જોવા સિનેમા નાટક, સર્કસ, બાગ બગીચા, સિન-સિનેરીયો જોવા દેશ પરદેશ ભમે. રૂપ સુંદરીઓના નૃત્ય. પોર્નો ગ્રાફી **Miss World** ના નામે ગીધડાની જેમ રૂપે મઢેલી પુતળીઓના (પરસ્ત્રીઓના) અંગોપાંગ દૃષ્ટિથી ચુંથ્યા કરે.

શ્રોતેન્દ્રિયમાં પાગલ ગીત સંગીત અશ્લીલ જોક્સમાં ગળાડુબ ડુબે.

પાંચે ઈન્દ્રિયને પોષવા પરિગ્રહ પાછળ દોટ મુકે તે માટે અનિતિ, **Black Marketing** ચોરી, મનનો માની લીધેલો હરિફ વેપારીને પણ સોપારી આપી ખાત્મો બોલાવે.

મોહથી મુંઝાયેલ બિચારો પ્રભુમુખ દર્શન ન જ પામે તો ગુરૂ દર્શન, જિનવાણી વગેરે ક્યાંથી પામે.

અનાયાસે જિનવાણીનું શ્રવણ મળી જાય તો હિતકારી વચનો પણ કાનમાં

તપાવેલા શીશા રેડયા બરોબર લાગે અને ગુરૂથી સો યોજન દૂર ભાગે, રસ્તે મળી જાય તો મુખ ફેરવી લે.

ગુરૂને ઢોંગી, માયાવી, છેતરપીંડી કરનારા, મફતનું ખાનારા વગેરે ગણી હાંસી ઠેકડી ઉડાવે.

આર્ત-રૌદ્રધ્યાનમાં જીવન પસાર કરી, આર્ત રૌદ્રધઅયાનમાં જ મરી દુર્લભ મનુષ્યપણાંરૂપી રત્ન, કાચના ટુકડા માટે વેડફી નાંખીને પરલોકમાં અનંતની સફરે.. બાંધેલ પાપકર્મોને ભોગવવા મૂઢ જીવ રવાના થઈ જાય.

અસહાય, અશરણ, દીન, પરાધીનપણે દુ:ખોમાં સબડે. જ્યારે કોઇક પુણ્યશાળીને જિનવાણી મળે, ગમે, રૂચે, પાપોથી પાછો ફરે, ફરવા કોશીષ કરે પણ થયેલા કર્મોથી તેના વિપાકો ગુરૂમુખે સાંભળી ગભરાય, મુંઝાય... શું થશે ? તેનો ભય ઉભો થાય..

પસ્તાય, ઘણા પાપોને પશ્ચાતાપના અગ્નિમાં બાળી નાંખે પણ પાપના બીજ પડયા રહે, મૂળથી નાશ ન પામે. બીજ-ઘાસ મૂળમાંથી ઉખેડી નાંખ્યા પછી ફરી ન ઉગે, ઘાસ ઉપરથી કાપ્યું હોય તો ફરીથી ઉગે... પાપોનું પણ તેવુંજ.. ગોશાળાની જેમ, મંખલીપૂત્ર ગૌશાળો પ્રભુનું નામ લઈને જીવતા માણસો સહીત પાડાના પાડા (શેરીઓ) બાળી નાંખનાર ગોશાળો, પોતાને અષ્ટાંગ નિમિતના બળ ઉપર સર્વજ્ઞ તરીકે ઓળખાવનાર ગોશાળો.

પ્રભુ પાસેથી મળેલી તેજોલેશ્યાથી પ્રભુના જ સુનક્ષત્ર અને સર્વાનુભૂતિ નામના બે મહામુનિવરોના જીવતા જ અગ્નિ-સંસ્કાર કરનારો ગોશાળો, અરે પ્રભુ વીરની કેવળજ્ઞાનની પ્રાપ્તી પછી તેજોલેશ્યાથી બાળવાનો પ્રયત્ન કરનાર... જેનાથી પ્રભુને પણ ૬-૬ મહીના સુધી સતત લોહીના ઝાડા થઈ ગયા. પ્રભુના હાથપગ કુકડાના પગ સમાન દોરી જેવા થઈ ગયા.

સામાન્ય હરણીયા અદિનો નાશ કરનાર પણ નરકમાં જાય તો મનુષ્ય તિર્થંકરનો નાશ કરનાર ક્યાં જાય !

છતાં ગોશાળો દેવલોકમાં ગયો. પશ્ચાતાપના પ્રભાવે, આયુષ્યના છેલ્લા દિવસ બાકી રહ્યા અને પશ્ચાતાપ થયો. પોતાના ભક્તોને પોતાની ભુલો જણાવી. પ્રભુવીર જ સર્વજ્ઞ છે હું છદ્મસ્થ છું.

પ્રભુનો ધર્મ જ સાચો છે. એટલું જન નહીં પરુંતુ હું મરી જાઉં ત્યારે સડી ગયેલી કૂતરીને જેમ ભંગી વગેરે કચરાના ટોપલામાં પણ ન નાંખે, પણ પગમાં દોરી બાંધીને ઢસડીને લઈ જાય. તેના કરતાં પણ બુરી રીતે મારા ડાબા પગમાં દોરી બાંધજો અને કૂતરાની જેમ આખી શ્રાવસ્તી નગરીમાં ઘસડતાં ઘસડતાં ફરજો, પાલખી નહીં અને ઢંઢેરો પીટાવજો કે આ નાલાયક છે. આ મંખલી પુત્ર ગોશાળો છે. પ્રભુવીર જ સર્વજ્ઞ તીર્થંકર છે. અને હું (ગોશાળો) છદ્મસ્થ છું. પ્રભુએ બતાવેલો

ધર્મ જ સાચો છે. હું મહાપાપી પ્રભુ ઉપર પણ તેજોલેશ્યા છોડનાર, અનેકોને બાળી નાખનાર મહાપાપી.. અધમાધમ છું.

તેણે પ્રભુનો દ્રોહ કર્યો છે વગેરે કહીને મારા મડદા ઉપર થૂંકજો આવા પશ્ચાતાપ વગેરે કરીને નરકને બદલે ૧૨ મા દેવલોકમાં પહોંચી ગયો.
પરંતુ આજ પાપોથી ભવ આલોચના કરી હોત તો તો ઈતિહાસ જ જુદો હોત.
કદાચ દૃઢપ્રહારીની જેમ એજ ભવમાં કેવળજ્ઞાન પામી જાત. દૃઢપ્રહારી.. કેટલીયે નારીઓને યુવાવયમાં જ વિધવા બનાવી દેનાર.
અનેકોની ઘડપણની લાકડી છીનવી લેનાર.. દૃઢપ્રહારી.

સેંકડો બાળકોને બાળપણમાં જ અનાથ બનાવી દેનાર દૃઢપ્રહારી.. બ્રહ્મ (બ્રાહ્મણ)ની હત્યા, (ગો) ગાયની હત્યા, સ્ત્રી હત્યા, ભ્રુણ હત્યા (ગર્ભના બાળકની) કરી દેનાર, પણ તરફડતાં બાળકને જોઈને પથ્થર પણ પીગળ્યું.. ખુબજ પસ્તાયો.. અરે રે.. મેં ચાર મહાહત્યાઓ કરી.. મને તો નરકમાં પણ સ્થાન નહીં મળે, હવે શું કરું.. ક્યાં જાઉ.. ખુબ પસ્તાય છે. આટલે સુધી.

ગોશાળો અને દૃઢપ્રહારી બન્નેની સ્થિતી સરખી છે. પણ દૃઢપ્રહારી પશ્ચાતાપથી આગળ વધ્યા. ગીતાર્થ ભયભીરૂ ગુરૂ પાસે પહોંચ્યા. પોતાના પાપની કથની રડતા હૃદયે કોઈ પણ જાતનું પાપ છુપાવ્યા વિના, કોઈ પણ માયા વિના, જેવા અધ્યવસાય (મનમાં પરિણામ) તીવ્ર-ક્રૂર વગેરે હોય તેજ રીતે પ્રગટ કરે છે. નાનું બાળક જેમ માતા-પિતા પાસે પોતાના શુભ કે અશુભ કૃત્યો ભય કે સંકોચ વિના, કશું પણ છુપાવ્યા વિના પ્રગટ કરે છે. તે જ રીતે દૃઢપ્રહારી એ પણ પ્રગટ કર્યું. હવે કૃપા કરીને માર્ગ બતાવો.. આપને શરણે આવ્યો છું.

અને ગુરુ ભગવંતે પણ પાપની શુદ્ધિ અર્થે આલોચના આપી.. સુંદર એવા વચનોથી ફરી આવા પાપ ન કરવાના સંકલ્પમાં મજબુત કર્યો. અમૃત સમાન દેશનાથી થયેલા આ ભવના પાપો અને ભવોભવના પાપોનો નાશ કરવા માટે સંયમમાર્ગ બતાવ્યો.

દૃઢપ્રહારી પણ વૈરાગ્ય રસમાં ઝીલે છે. ક્યારે સર્વ કર્મથી મુક્ત થાઉંની ભાવનામાં રમે છે. સંયમ તો લીધું સાથે જ કર્મોના ઝડપી નિકાલ માટે અભિગ્રહ પણ કર્યો કે જ્યાં સુધી મારા પાપો યાદ આવે ત્યાં સુધી આ જ નગરીના દરવાજા પાસે, જેમાં કાળો કેર વર્તાવ્યો છે. ત્યાં ચોવીહાર ઉપવાસ કરીને કાઉસગ્ગ ધ્યાનમાં ઉભા રહેવું. કમ્મે શૂરા સો ધમ્મે શૂરા કર્મોના ભૂકેભૂકા નીકળવા લાગ્યાં.

નગરોના લોકો દૃઢપ્રહારી મુનિને જોતાં જ કોઈક આણે મારા પિતાને હણ્યાં છે. આણે મારી માતાને, પુત્રને, પતિને એમ યાદ કરી-કરી તિરસ્કાર કરે છે. લાકડીનાં માર મારે છે. પથ્થરાઓ મારે છે. પથ્થરાઓનો ઢગલો થતાં થતાં કંઠ સુધી આવે છે. શ્વાસ લેવો પણ મુશ્કેલ થઈ જાય છે. છતાં મુનિવર સમતારસમાં

ઝીલે છે, પોતાની જ પાપલીલાઓનું આ ફળ છે. નગરીમાં લોકોનો કોઈ વાંક નથી. એમ વિચારી સર્વેને મનોમન ખમાવે છે. કોઈ પ્રત્યે લેશમાત્ર પણ વૈરભાવ ઉત્પન્ન થવા દેતાં નથી. શ્વાસ લેતાં મુશ્કેલી થતાં કાઉસગ્ગ પારી નગરીના બીજા દરવાજા પાસે ફરી ચોવીયાર ઉપવાસ સહિત કાઉસગ્ગ એમ છ મહિનાનો ઉત્કટ તપ સંયમના પ્રભાવે શુભધ્યાનમાં વધતાં વધતાં ક્ષપક શ્રેણી માંડી ઘાતી કર્મોનો નાશ કર્યો ઉજ્ઝવલ એવા કેવળજ્ઞાનને પ્રગટ થયું. ગોશાળો પસ્તાયો.. પણ ભવઆલોચના ન કરી, પશ્ચાતાપના પ્રભાવે ભલે ૧ વાર દેવલોકમાં ગયો.. પણ પછીથી દરેક નારકીઓમાં ૨-૨ વાર જવાનું તેમજ અન્ય પણ દુર્ગતિઓની પરંપરાનું નિવારણ ન થયું કારણ પાપકર્મના બીજ અકબંધ છે.

<u>પશ્ચાતાપ એ ઉપરઉપરથી ઘાસ, છોડ લણવા જેવું છે, ભવ આલોચના એ જડમૂળમાંથી જમીનમાંથી જ પાપરૂપી બીજનો નાશ કરનાર છે.</u>

દૃઢપ્રહારી જેવા અતિક્રુર તરકી ગયા.. ! ભવઆલોચનાને પ્રભાવે, તો હું કેમ ન તરું ? મારૂં પાપ ક્યાં દૃઢપ્રહારીની કક્ષાનું છે.

ભવ આલોચનાનું વાંચન કર્યા પછી જન્મથી અત્યાર સુધી જે કાંઈ પણ પાપો કર્યા હોય જેવા કે અભક્ષ ખાધું-પીધું હોય. રાત્રીભોજન કર્યું હોય. બોલાચાલી-ઝઘડા ટંટા થયા હોય તેમજ અન્ય કોઈ પણ પાપો આપણા જીવનમાં થયા હોય તો એક નોટબુક લઈ ૧૫/૨૦ દિવસ સુધી નિરાંતે યાદ કરી કરીને લખવું. ત્યારપછી કોઈ પણ ગીતાર્થ ગુરુ પાસે (દુર્ગતિથી બચવા) આલોચના લેવી ખૂબ જ જરૂરી છે. પાપો વિષે પૂરેપૂરી સમજ ન પડે તો મને પત્ર લખશો તો વિગતવાર પુસ્તક છે તે આપને મોકલી આપીશ તેમજ જરૂર હોય તો ગીતાર્થ ગુરુના નામ પણ જણાવીશ.

અઢાર પાપોની સંવેદના

''હા પસ્તાવો, વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યુ છે. પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે. ડગલે અને પગલે આપણે સતત પાપો કરીએ છીએ। રોજ સવારે જાગીએ ત્યારથી રાત્રે સુઈએ ત્યાં સુધી અઢાર આઢાર પાપોનું સેવન થઈ જાય છે. જ્યાં સુધી આ પાપોથી મુક્ત નહિ થઈએ ત્યાં સુધી મોક્ષ નહિ જ મળે. અતિમુક્તકુમાર કેટલી નાની વયમાં કહે છે મારે દુ:ખી નથી થવું માટે મારે દીક્ષા લેવી છે કારણ જે પાપ કરે છે તેને દુ:ખો સહન કરવા પડે છે અને શ્રમણ જીવનમાં દ્રવ્યથી તો પાપ થતા જ નથી. તેથી આજે આપણે સૌ ભાવ થી પરમાત્મા સમક્ષ અઢાર પાપોની સંવેદના રજુ કરીએ અને કહીએ.''

''આ પાપમય સંસાર છોડી શ્રમણ હું ક્યારે બનું, ડગલે અને પગલે સતતહિંસા મને કરવી પડે તે ધન્ય છે જેને અહિંસા પૂર્ણ જીવન સાંભરે, ક્યારે થશે કરુણા ઝરણાથી આદ્ર મારું આંગણું. આ પાપમય સંસાર છોડી શ્રમણ હું ક્યારે બનું. ક્યારેક અભય ક્યારેક લાલચ જીભને એવા નડે, વ્યવહારમાં વ્યાપારમાં જૂઠું તરત કહેવું પડે છે. સત્ય મહાવ્રત પર શ્રમણનું જીવનધર રળિયામણું આ પાપમય સંસાર છોડી શ્રમણ હું ક્યારે બનું, જે માલિકે આપ્યા વગરનું તણખલુ પણ લે નહિ. વંદન હજારો વાર હો તે શ્રમણને પળપળ મહિં, હું તો અદત્તાદાન માટે કામ પરદા મેં ભમું. આ પાપમય સંસાર છોડી શ્રમણ હું ક્યારે બનું.''

ચરિત્ર વિણ મુક્તિ નથી. કેવળજ્ઞાન થયા પછી પણ દેવતાઓ મુની ભગવંતનો વેષ આપે છે. આપણે પણ આજ નહિ તો કાલ, કાલ નહિ તો આ ભવ, આ ભવ નહિ તો પરભવમાં આ ચારિત્ર તો લેવુજ પડશે અને આ ચારિત્ર લેવાના ભાવ આપણા અંતરમાં રાખવાજ પડશે.

<u>પ્રાણાતિપાત:</u> એટલે પ્રાણનો અતિપાત, એટલે કે હિંસા. રોજ કેટલાય જીવોની જાણતા કે અજાણતા હિંસા થઈ જાય છે. એક સામાન્ય જીવનની વાત વિચારીએ, સ્ત્રીઓને પૂછીએ કે રસોડામાં જવું પડે છે અને પરિવાર માટે ચા-પાણી તથા રસોઈની વ્યવસ્થા કરવી પડે છે. સૌ પહેલા પાણી લઈએ એટલે કે અપકાયના જીવો, ગેસ ચાલુ કરીએ, એટલે અગ્નિકાયના જીવો અને વાયુકાયના જીવો તો હોમાય જ છે. પછી શાક વગેરે સમારવા એટલે વનસ્પતિકાયના જીવો એને સ્વાદિષ્ટ બનાવવા મીઠું વપરાય એટલે કે પૃથ્વીકાયના જીવો. આમ સવારના ઉઠતાની સાથે છ: કાયના જીવોની વિરાધના દિવસની શરૂઆતમાં જ બહેનોના લમણે લખાયેલી છે અને ભાઈઓથી પણ જીવન નિર્વાહ માટે આવતા જતા ઘણી વિરાધના થાય છે. ના છુટકે કરવી પડતી હિંસા અને હિંસા વખતે હાથને પાપભીરુ બનાવીએ કારણ જેને પાપનો ડર છે તેને તેનું અલ્પ ફળ ભોગવવું પડે છે, શ્રેણિક મહારાજનું દૃષ્ટાંત આવે છે કે તેમણે હરણીનો શિકાર કર્યો અને ગર્ભવતી હરણીનું

તરફડતું બચ્ચું પણ મરી ગયું અને અટ્ટહાસ્ય કરતા મહારાજાએ કહ્યું કે આજે તો એક તીરે બે જીવ વીંધ્યા, આ રીતે પાપની અનુમોદના કરી નારકીનું આયુ નીકાચિત પણે બાંધ્યું. આપણે ક્યારે પણ પાપ કર્યા પછી આનંદ તો વ્યક્ત નહિ જ કરીએ. બીજી બાજુ જીવનના ૫૦-૫૦ વર્ષ પછી પણ ધર્મને પામ્યા અને પામીને પર્વ તિથિએ પૌષધ કરનાર કુમારપાળ રાજાના પગ ઉપર મંકોડો ચોંટી ગયો હતો અને હાથ લગાડતા પણ છુટયાો નહિ, ત્યારે પોતાના પગની એટલી ચામડી કાપીને જીવની અઢાર દેશમાં અહિંસા પ્રવર્તાવી, હે પ્રભુ મેં પણ મારા જીવનમાં આ ભવમાં, પરભવમાં જે કોઈ પણ મન - વચન કાયાથી હિંસાના પાપ કર્યા હોય તેની ક્ષમા માંગુ છું.

<u>મૃષાવાદ :-</u> એટલે ખોટુ બોલવું, સમજણા થયા ત્યારથી રોજ કેટલીએ વાર જુઠું બોલીએ છીએ. ક્યારેક ભયથી, ક્યારેક લાલચથી, વ્યવહાર કે વ્યાપારમાં તરત જુઠું બોલી દઈએ છીએ. નાના બાળકની સ્કૂલમાં, ઘરમા અને ટ્રેનમાં આ ત્રણે ઠેકાણ તફાવત બતાવીએ છીએ, એ આપણા મનને પૂછીએ. યુધિષ્ઠિર જે સત્યવાદી જ હતા પણ જીવનમાં એકવાર નરોવા-કુંજરોવો ખોટું બોલવાના તાત્પર્ય સાથે કહ્યું તો તેમનો વાયુરથ પણ જમીન ભેગો થઈ ગયો. ક્યારેક ક્રોધથી, લોભથી તો ક્યારેક ભયથી કે હાસ્યથી આપણે તરત ખોટું બોલી દઈએ છીએ. હે દેવાધિદેવ જીવનમાં જેટલીવાર હોઉં તે સર્વે મૃષાવાદના પાપોને અંતરથી ગરવું છું.

<u>અદત્તાદાન:-</u> એટલે ચોરી કરવી, જે માલિકે આપ્યા વગરનું તણખલું પણ લે નહિ એવા શ્રમણ ભગવંતોને વંદન છે. જે વસ્તુ પર જેનું સ્વામિત્વ છે એને પૂછયા વગર લઈએ તો ચોરીનું પાપ લાગે છે. એક સાવ સામાન્ય વાત જે આપણે ગૌણ કરીએ છીએ. આપણે કોઈને ત્યાં મળવા ગયા છીએ અને ઘરના વ્યક્તિ આપણા માટે પાણી લેવા જાય છે ત્યારે આપણે એમના ઘરની ટીપોય ઉપર રહેલુ છાપુ વાંચવા લાગીએ છીએ તેમાં પણ અદત્તાદાનનો એટલે કે ચોરીનો દોષ લાગે છે. આવું તો જીવનમાં કેટલીયે વાર થઈ ગયું. શાસ્ત્રકાર ભગવંતોએ માત્ર આપણા માટે નહિ પણ સાધુ ભગવંતો માટે પણ ચાર પ્રકારના અદત્તાદાનની વાત કરી છે.

૧. જીવ અદત્ત :- સચિતની રજા વિના લઈ લેવું તે.

૨. સ્વામિ અદત્ત :- માલિકને પૂછયા વિના લઈ લેવું તે.

૩. તીર્થંકર અદત્ત :- પરમાત્માની આજ્ઞા વિનાનું લઈ લેવું તે.

૪. ગુરુ અદત્ત :- ગુરુ ભગવંતોને પૂછયા વિના વહોરી લેવું તે.

આપણો ધર્મ કેટલો સુક્ષ્મ છે જે એક એક જીવને ધર્મ અને કર્મનું ભાન કરાવે છે. જીવનમાં કેટલીયે વાર પડેલી વસ્તુ લઈ લીધી છે. અદત્તાદાન માટે દેશ વિદેશ ગયા છીએ. કેટલી વાર ચોરી કરનારની અનુમોદના કરી છે. એમાં વિચારણા કરીએ અને એ બધા પાપોની નિંદા કરીએ.

જંબુસ્વામિને ત્યાં આવેલા ૫૦૦ ચોરોનું પણ કલ્યાણ વૈરાગી વાણીથી થઈ ગયું. હે પ્રભુ અમને પણ આ પાપો થી બચાવો, અમારે પણ ભવજલ પાર તરી જવું છે.

''જવું છે ભવ થી પાર, તમે પાપો થી દૂર રહો, તરવો છે આ સંસાર, હવે પાપોથી ડરતા રહો. કોઈ જીવોનો વધ નહિ કરશો. નવ ભરશો અતિભાર, મારણ-તારણ છેદન-ભેદન નવ કરશો ધિક્કાર. તમને જીવન પ્યારું. બીજાના જીવનુ જતન કરો. જીભ મળી છે જુઠ ન બોલો, નહિ બનજો વાચાળ. લેવળ-દેવળ ને વ્યવહારે નહિ કરજો દિવાર. સત્યમેવ સદા જયતે, અસત્યને આજથી દૂર કરો. ચતુર નર તમે ચોરી ન કરશો ચોરી મોટુ પાપ, લાંચ ન લેશો, કપટ ન કરશો, ન કરો ખોટા માન. આ ચોર્યનું અમી લઈને જીવનમાં શૌર્યના સુર ભરો.'

<u>મૈથુન :-</u> ''જે ઇન્દ્રિયોને જીવનની ક્ષણ એક પણ સોપાયના, મુજ આયખું વીત્યું તે ઇન્દ્રિયોના સાદમાં. લાગે હવે શ્રી સ્થૂલભદ્ર તણું સ્મરણ સોહામણું. આ પાપમય સંસાર છોડી શ્રમણ હું ક્યારે બનું.' નવવિધ પરિગ્રહ જિંદગીભર હું જમા કરતો રહ્યો, ધન લાલશામાં સર્વ ભક્ષી મરણને ભૂલી ગયો. મુર્જારહિત સંતોષમાં સુખ છે ખરેખર જીવનનું. પરમાત્માની કૃપાથી આ માનવ પિંડને પાંચે ઇન્દ્રિયોની લોલુપતાથી વધુને વધુ પાપનું બંધન થાય છે. આ ભવ, પરભવ, અરે તીર્યંચના ભવમાં પણ મૈથુનના સેવન થયા છે. મનથી, વચનથી તો કાયાથી પણ કેટલીયે વાર પાપ કર્યા છે. લાગે છે શ્રી સ્થૂલભદ્રજી મહારાજનું સ્મરણ સતત કરવું પડશે. જે કામ વિજેતા બન્યા હતા. તેમના ગુરુ ભદ્રબાહુસ્વામીએ પણ અતિ દુષ્કર જેવા શબ્દનો પ્રયોગ કર્યો. જૈન શાસનમાં ચાર મંગલ દર્શાવ્યા તેમાં પ્રથમ વીર ભગવંત, દ્વિતિય ગૌતમસ્વામી, તૃતીય સ્થૂલભદ્રજી મહારાજ અને છેલ્લે જૈન શાસનને મંગલ કહેવામાં આવ્યું. જૈન જગતના ઈતિહાસમાં ઘણા અણગાર અને ઘણા ગુરુ ભગવંતો થઈ ગયા. પણ સ્થૂલભદ્રજી મહારાજનું નામ જ કેમ આવ્યું ? જેમનું નામ ૮૪-૮૪ ચોવીશી સુધી અમર રહેશે. તીર્થંકર ભગવાનનું નામ પણ ત્રણ ચોવીશી સુધીજ યાદ રહે છે પણ સ્થૂલભદ્રજીનું અસંખ્યા વર્ષો સુધી કેમ ? તો શાસ્ત્રકાર ભગવંતોએ કહ્યું છે કે કેટલાયે નિમિત્તો મળવા છતાં પણ જેઓ મેરુની જેમ અડગ રહ્યા. ચોમાસાની ઋતુ ગમતું પાત્ર એટલે કે રૂપ કોષા વેશ્યા, છ છ વિગઈઓથી લથપથતા ભોજન, કામોત્તેજિત કરે તેવા કાઢા, ચિત્રશાળા જે કામોત દ્રશ્ય સહિતની રાત્રિનો સમય, પારદર્શક વસ્ત્રો અને એકાંત. આમાંનું એકપણ નિમિત મનુષ્યને પાપની પાયમાલિ સર્જાવે છે. પણ સ્થૂલભદ્રજીએ કામના ઘરમાં જઈ કામને જીત્યુ. વંદન છે એવા ગુરુભગવંતને, વંદન છે વિજય શેઠ અને વિજયા શેઠાણીને જેમણે આજીવન બ્રહ્મચર્ય વ્રતનું પાલન કર્યું હે દેવાધિદેવ મારાથી આ ચોથા પાપનું સેવન

થયું હોય તેનું હું મિચ્છામી દુક્કડમ માંગું છું.

<u>પરિગ્રહ:-</u> એટલે કે ભેગું કરવું. જીવનમાં સાધન, સુખ, સંપત્તિની સામગ્રી આપણે ભેગી કર્યા જ કરીએ છીએ. કોઈ સીમા કે મર્યાદા નથી. ક્યાંય સંતોષ નથી. તેથી કહ્યું ને નવવિધ પરિગ્રહ જિંદગીભર હું જમા કરતો રહ્યો અને ધનની લાલશામાં સર્વભક્ષી મરણને પણ ભૂલી ગયો. આ બધું છોડીને અહીંથી જવાનું છે અને તેજ સત્ય છે. મહાત્માઓ કહે છે ક્યાંક અટકો, ક્યારેક અટકો. જીવનમાં લેવા જેવા ૧૪ નિયમ લીધા નથી આજે કાંઈક પ્રયાસ કરીએ. આ વર્ષમાં એક જોડ, દસ જોડ, પચાસ કે પછી સો જોડ કપડા જ બજારમાંથી લેવા કે પહેરવા. તમે કહેશો કે આનાથી વધુ તો આપણે લેતા પણ નથી તો પછી આપણિ નિયમમાં નહિ આવીએ ત્યાં સુધી પાપ લાગ્યાજ કરે છે. બહેનોને પૂછીએ કે આખા વર્ષમાં કેટલા તોલા સોનું લ્યો છો ? એક તોલો ? બે તોલા ? દસ ? પચાસ ? કે પછી સો તોલા સોનું ? આનાથી વધારે લેવું કે ખરીદવું નહિ. આજે કંઈને કંઈ નિયમ ધારણ કરીને જઈએ જેથી આજથી જ પાપોથી દૂર થવાના માર્ગની શરૂઆત થઇ જાય. આવા પરિગ્રહના કર્મો જેટલા બંધાયા હોય તેની પ્રભુ પાસે માફી માંગીએ અને આત્માને કહીએ કે ''જાગો આતમ, હવે તો જાગો. સારી દુનિયાના દુઃખોથી દૂર ભાગો, દુઃખ દેનારા પાપોને ત્યાગો ત્યાગો. પાપ સ્થાનક કહ્યા છે અઢાર જેના સેવનથી વધતો સંસાર. તમે મૈથુન ત્યાગો, મોહ મમતા ત્યાગો, શીલ ધર્મના પાલનમાં ઉદ્યમ કરો. આગમ વાણીનો એવો છે સાર. પરિગ્રહ છે મોટો પ્રમાદ, ધન ધાન્ચ વિનમ્ પરિમાણો વનમ્ સંતોષી બનીને સુખને વરો. અબજો વરસની સાધનાનો ક્ષય કરે જે ક્ષણ મહિ, નરકનો અનુભવ કરાવે સ્વ-પરને અહીં ને અહીં. તે ક્રોધથી બની મુગ્ધ સમતા યુક્ત હું ક્યારે બનું.'' જિન ધર્મ તરુના મૂલ્ય જેવા વિનય ગુણને જે હણે, જે ભલભલા ઉંચે ચડેલા મેય તરણા સમ ગણે. તે દુષ્ટ માન સુભટની સામે પણ બને મુજ વામણ. સ્ત્રી મલ્લીનાથ જિનેન્દ્રને જેણે બનાવ્યા સ્ત્રી અને સમ ક્લેશની જાલીમ અગનમાં જે ધખાવે જગતને તે દંભ છોડી સરળતાને પામવા હું થનગનું. જેનું મહાસામ્રાજ્ય એકેન્દ્રિય સુધી વિલસી રહ્યું જેણે બની પરવશ જગત આ દુઃખમાં કણસી રહ્યું. જે પાપનો છે બાપ તે ધન લોભ મેં પોષ્યો ઘણું. આ ચાર કષાય ક્રોધ-માન-માયા-લોભ જે ભવ ચક્ર વધારતા રહ્યા છે.

<u>ક્રોધ :-</u> જેના માટે કહ્યું કે અબજો વર્ષની સાધનાનો ક્ષય કરે, જે ક્ષણ મહિં હજાર કે લાખ ની વાત નથી, પણ અબજો અબજો વર્ષ સુધી કરેલી ધર્મ આરાધના તપ, ત્યાગ અને સાધના એનો માત્ર એકજ ક્ષણમા ક્રોધ કરે છે. આટલો

ભયાનક કષાય આપણને ક્ષણે ક્ષણે સતાવે. આપણી ઈચ્છાનું ન થાય એટલે તરત જ ક્રોધ આવી જાય છે. મહોપાધ્યાય યશોવિજયજ મ.સાહેબે જ્ઞાન સારમાં લખ્યું છે કે જૈન શાસનમાં ઘણા કથાનકો છે, તેમાં ચંડકૌશિક કે જે મુખેથી ક્રોધાગ્નિ જ્વાળા કાઢે છે પણ પરમાત્માની વાણીથી સદગતિ પ્રાપ્ત કરે છે. સમકિતને પામેલા શ્રેણિક મહારાજાને કેટલાયે દુઃખ સહેવા પડે છે. સગો પુત્ર કોણિક કે જેણે શ્રેણિક મહારાજાને બંદીખાને નાખ્યા છે. ખાવા પીવાનું આપતા નથી અને રોજ મીઠું નાખેલ ગરમ-ગરમ પાણીમાં કોરડા બોળી સો વાર ખુલ્લા શરીરે ફટકારવામાં આવે. શાસ્ત્રકાર ભગવંતો ત્યાં સુધી લખે છે કે કેદ ખાનાની દીવાલ ઉપર લોહી અને માંસ ખરડાય છે. અહા કેટલી વેદના છતાંય સમભાવ પરમાત્મા વીરની વાણી કેવી હૈયે વસી હશે માત્ર આટલેથી સીમિત નથી ચેલણા રાણી સિવાય કોઈજ શ્રેણિક મહારાજાને મળી શકે નહી અને જ્યારે ચેલણા રાણી મળવા જાય ત્યારે પોતાની સાડીના પાલવમાં અડદનો લાડવો છુપાવીને લઇ જાય ચોરી છુપી, રોજના છપ્પન ભોગ અને છત્રીશ જાતના વ્યંજન આરોગતા મગધ નરેશ લાડવાથી સંતુષ્ટ થાય અને અડદ ખાધા પછી તરસ કેટલી લાગે. એને છીપાવવા ચેલણા રાણી પોતાના વાળને ભીંજવી અંબોળો કરી લાવતા અને મહારાજા તેમાંથી ટપ ટપ ટપકતા પાણીના ટીપા દ્વારા પોતાની તૃષાને તૃપ્ત કરે. અરરર કેવા દુઃખ છતાંય મોઢામાંથી એક હુંકાર નહિ બસ એક જ વાત હૃદયમાં આનાથી વધુ અરે આનાથી કેટલાય વધુ દુઃખ તો નરકમાં ભોગવવાના છે. આ તો સ્વાદ માત્ર છે. જીવનમાં નાનકડી વિષમ પરિસ્થિતિથી પણ આપણે ક્રોધથી ઉભરાઈ જઈએ છીએ. પ્રભુને એટલી પ્રાર્થના કરીએ કે આ ક્રોધના દરિયાથી અમને ઉગારો, અમને પાર ઉતારો.

<u>માનઃ-</u> એટલે કે અભિમાન, જે વિનય ગુણને હણે તેનું નામ છે માન. ભલભલા ઉંચે ચડેલા મહાપુરુષોને પણ માન પછાડે છે અને માનવીને જ ક્યાં? તીર્યંચને પણ માન - કષાય નડે છે. પેલો કુતરો ગાડાની આગળ ચાલે છે અને મનમાં માને છે કે ગાડાને તેજ હંકારી રહ્યો છે. નાનો બાબો જુનીયરમાં પ્રથમ આવે છે તો પણ કોલર ચડી જાય છે. બાહુબલીનું દૃષ્ટાંત આવે જ છે ને, ૯૮ કેવળજ્ઞાની નાના ભાઈઓ ને વંદન કરવા ન પડે એટલે પહેલા કેવલજ્ઞાન પ્રાપ્ત કરી લઉ પછી આદિનાથ ભગવાનની પર્સદામાં જાઉં. બન્ને સાધ્વીજી બહેનો આવે છે અને કહે છે. '' ''વીરા મોરા ગજથી હેઠા ઉતરો'' અને તરત જ ભૂલનું ભાન થાય છે. ભાઈઓને વંદન કરવા એક પગ ઉપાડે છે ત્યાંજ કેવલજ્ઞાનનો દીપક પ્રગટે છે. માન જાય છે ને જ્ઞાન આવે છે. હે દેવાધિદેવ માન દોષથી અલિપ્ત થાઉં એ માટે મને શક્તિમાન કરો.

<u>માયા:-</u> એટલે કે જેવા નથી તેવા દેખાવાની ઈચ્છા તેનું નામ છે માયા, દંભ કે કપટ, માયા દોષથી સરળતાનો ગુણ ચાલ્યો જાય છે. પહેલાંજ કહેવામાં આવ્યું ને સ્ત્રી મલ્લીનાથ જિનેન્દ્રને જેણે બનાવ્યા સ્ત્રી અને માયા દોષના સેવનથી અતિવેગ મળે છે. આ અવસર્પિણી કાળનું અચ્છેરું એટલે કે આશ્ચર્ય છે કે તીર્થંકર ભગવાન પુરુષ વેદે જ હોય પણ ઓગણિસમાં મલ્લીનાથ ભગવાન પૂર્વે કરેલ માયાને કારણે સ્ત્રી વેદે જન્મ મળ્યો. ઉમાસ્વાતી મહારાજાએ કહ્યું છે કે જે સરળ નથી તે ધર્મ ન કરી શકે, માયાથી પાપથી આપણે સહુ દૂર થઈએ.

<u>લોભ:-</u> બધાજ પાપોનો બાપ છે લોભ. જે કષાય એકેન્દ્રિય જીવોમાં પણ વસેલો છે તે છે લોભ. ચાર પ્રકારના ખાડા સંસારમાં ક્યારેય પુરાતા નથી ''એક છે સમુદ્રનો ખાડો, બીજો છે સ્મશાનનો ખાડો, ત્રીજો છે આ પેટનો ખાડો રોજ સાંજે જમ્યા હોઈએ અને સવારે ખાલીને ખાલી, ચોથો છે લોભનો ખાડો, જીવનમાં ગમ્મે તેટલું મળે તોય ઓછું જ લાગે છે. દિવાળીમાં ઘરની સફાઈ ચાલે અને નકામી વસ્તુ ભંગારમાં કાઢીએ પણ કંઈક યાદ આવેને મનમાં થાય આ તો કામ આવશે અને પાછુ લઈ લઈએ.'' લોભ વૃત્તિ છુટતી જ નથી. મમણ શેઠની વાત આવે છે, રાજા શ્રેણિક કરતા પણ વધુ સંપત્તિ જેણે પ્રાપ્ત કરી હતી છતાં બળદમાં એકના શીંગડાને રત્નથી પૂરિત કરવા માટે રોજ સવારે કડકડતી ઠંડીમાં ચંદનના લાકડા લેવા નદી કિનારે પહોંચી જતો. લોભનું પરિણામ નરકના દુઃખો જ છે. આ ચારે કષાય આત્માને નિર્મળ થવા દેતા નથી. માટે આપણે દુર્ગુણોને કહીએ તમારે તાબે હવે થવું નથી, દુર્ગુણને કોઈ કહી આવો, સંદેશો મારો દઈ આવો, ''તારા તાબે થવું નથી અને દુર્ગતિમાં હવે જવું નથી. ક્રોધને કહેજો આવે લઇ હથિયાર, ઢાલ ક્ષમાની રાખીને તૈયાર, કોઈ ગાળ દે એને પ્યાર દઉં, શક્તિ છતાં સમતા ધરું પણ ક્રોધી મારે થવું નથી ને દુર્ગતિમાં હવે જવુ નથી. માનને કહેજો આવે રણ મેદાન, નમ્ર બનીને ખેલુ હું સંગ્રામ. મને જે મળ્યું મારું નથી બીજા થકી સારું નથી. અભિમાની મારે થવું નથી અને દુર્ગતિમાં હવે જવું નથી. લોભને કહેજો તું સહુનો સરદાર મારે પણ સંતોષ તણો સહકાર. તું ઘા કરે તૃષ્ણા તણો હું સાથ લઉં તૃપ્તિ તણો પણ લોભી મારે થવું નથી અને દુર્ગતિમાં હવે જવુ નથી.''

<u>રાગ અને દ્વેષ :-</u> બન્ને એક સિક્કાની બે બાજુ છે. બન્ને સાથે ચાલે છે. પરમાત્મા તમે આને જીતીને અરીહંતપદ નામ સાર્થક કરી મોક્ષે ગયા છો અને આ પાપોએ અમને જીત્યા છે જેને કારણે ઘણા ભવોમાં ભ્રમણ કરવું પડયું છે. આપણને તન-ધન-મહેલ મકાન ઉપર ખૂબ રાગ છે. ચોવીશ ભગવાનના કૂલ ૧૪૫૨ ગણધરોમાં સૌથી શ્રેષ્ઠ ગોતમસ્વામી જેની ઉપર હાથ મુકે તેને કેવળજ્ઞાન પણ પોતાને જ કેવલજ્ઞાન નહિ. એક માત્ર કારણ વીર પરમાત્મા પ્રત્યેનો અવિહળ રાગ

અને દિવાળીની રાત્રીએ પ્રભુ નિર્વાણ પામ્યા ત્યારે રાગદૂર થયો અને બેસતા વર્ષની સુ:પ્રભાતે કેવલજ્ઞાન પ્રગટ થયું. યોગપટ્ટકસૂરી જેનું નામ પડ્યું જેને કમરપટ્ટા પર ખુબ રાગ હતો. છેલ્લી ઘડીએ પણ શિષ્યોએ બધું વોશિરાવ્યું પણ પટ્ટો તો સાથે જ રાખ્યો. કાળ કરી ત્યાર પછી અનાર્ય દેશમાં બેઉ ઢીચણને બાંધેલ હાથ હોય એજ અવસ્થામાં જન્મ્યા. કર્મો છોડતા નથી, તેવીજ રીતે, રાગ-દ્વેષ પણ આપણને ઘણા પર હોય છે. આપણને મળતા દુઃખનું કારણ દ્વેષ છે. આપણને જેની ઉપર રાગ હોય છે. તેથી જ ઉપર દ્વેષ થાય છે. આ રાગ-દ્વેષના જે પાપો થઇ ગયા હોય તેની હું નિંદા કરું છું અને આતમને કહું છું સાવધાન રહેજે આ તો ભૂંડી રાગ-દ્વેષની જોડી છે.

" ભાન ભુલાવે શાન ભુલાવે પાપ કરાવે કોડી(ધન), સાવધાન તું રહેજે ભૂંડી-રાગ દ્વેષની જોડી. કોઈ કહે સતાવે મુજને રાગ ઘણો, કોઈ કહે સતાવે મુજને દ્વેષ ઘણો, શું રાગ કરો, શું દ્વેષ કરો શાને કર્મોનો બંધ કરો. મોહરાયના બે મોટા છે સંતાનો." રાગકેસરી, દ્વેષગજેન્દ્ર છે નામો. પાપોના બે પડછાયા છે. ના કરજો એની માયા. જે સ્વજન તન-ધન ઉપરની માનતા તજે સમતા ધરે, બસ બારમું હોય ચંદ્રમાં તેને કલહ સાથે ખરે, જીન વચનથી મઘ-મઘ થજો મુજ આત્મના અણુએ અણુ. જો પૂર્વ ભવમાં એક જુઠું આળ આપ્યું શ્રમણને સીતા સમી ઉત્તમ સતીને રખડપટ્ટી થઈ વળી, ઈર્ષ્યાતજો બનો વિશ્વ વત્સલ એક વાંછિત મન તણું. મારી કરી કોઈ ચાડી ચુગલી તે મને ના ગમે જરી. તેથી જ મેં આ જીવનમાં નથી કોઈ પણ ખટપટ કરી. ભવોભવ મને નળજો કદીના પાપ આ પૈશૂંન્યનું. આ પાપમય સંસાર છોડી શ્રમણ હું ક્યારે બનુ.

<u>કલહ:-</u> એટલે કે ઝગડો ને ટંટો, કોઈને જોઈને બસ બારમો ચંદ્રમા હોય તેમ ઝગડો કરવાનું મન થઈ જાય છે. આવા કલહના પાપ જીવનમાં કેટલીયે વાર થયા હશે. તેનું મિચ્છામી દુક્કડમ પરમાત્મા સન્મુખ માંગીએ.

<u>અભ્યાખાન:-</u> એટલે કોઈને ખોટું આળ આપવું. આપણે જીવનમાં કેટલીયે વાર કોઈના માટે જોયા સાંભળ્યા વગરનું કહી દીધું છે. પૂર્વ ભવમાં એક માત્ર જુઠું આળ સીતા જેવી સતીએ શ્રમણ ભગવંતને આપ્યું તો સીતાજીના ભવમાં ચૌદ વર્ષનો વનવાસ મળ્યો. વનવાસ તો રામને મળ્યો પણ પતિ ત્યાં સતી, સીતાજીને પણ એ ભોગવવો પડચો. ઘણીવાર જોયેલું પણ ખોટું હોય છે તો આપણે કોઈના પણ માટે કંઈજ કહેવા જેવું નથી.

<u>ચાડી:-</u> એટલે કે ચુગલી. મારે કોઈ કરે તો મને ન ગમે ને હું બીજાની કરું છુ એ પણ હસતા હસતા. જ્યાં બે જણ ભેગા થાય ત્યાં બીજા વિશેની ચાડી ખાવાનું ચાલુ થઈ જાય. અભ્યાખ્યાન અને પૈશૂંન્ય (ચાડી)ના પાપોની નતમસ્તકે હું

ક્ષમા માગુ છુ અને વીરના સંદેશને યાદ કરું છું કે પાપો આચરનારો પાપી કહેવાય. ''વીરનો સંદેશો છે સુણજો સુખદાય પાપો આચરનારો પાપી રે કહેવાય. હું અને મારું કરવામાં સમય ગુમાવ્યો, કર્મોના ખેલને તું સમજ ના પાયો. મારું-તારું ન કર, કલહ કદી ના કર. ઝગડા ટંટા ન કર પાપોથી તું ડર. અનંતકાળથી ભવયોનીમાં ભમતો આવ્યો. પુણ્યોદયથી મોંઘેરો માનવભવ પાયો. પ્રેમથી રહેજે તું સ્નેહ સદાનો સાથ, ના દેજે કોઈને જુઠા જુઠા આળ, વિષયોના બંધનમાં તું બંધાયો, કષાય કેરી કાલીમા માં તું સપડાયો, જીતી લે સહુના મન, વીતી કરજે વાત, ચાડી ચુગલી ના કર, ના કરજે પંચાત. ક્ષણમાં અરતિ આ છે સ્વભાવ અનાદિનો. દુઃખમાં રતિ સુખમાં અરતિ લાવી બનું સમતા ભીરુ. સંપૂર્ણ રતિ બસ મોક્ષમાં હું સ્થાપવાને રણઝણું. અત્યંત પાત્ર જે આ લોકમાંય ગણાય છે. તે પાપ નિંદા નામનું તજનાર બહુ વખણાય છે. ત્યજું કામના કાર્યો હવે આ પારકી પંચાતના આ પાપમ સંસાર છોડી શ્રમણ હું ક્યારે બનું.'' માયા-મૃષાવાદે ભરેલી છે પ્રભુ મુજ જિંદગી એ છોડવાનું બળ મને દે હું કરું તુજ બંદગી. બનું સાચ દિલ આ એક મોટું સ્વપ્ન છે આ જીવનનું.

<u>રતિ-અરતિ:-</u> રતિ એટલે આનંદ-સુખ, અરતિ એટલે ગ્લાની- દુગનછા. સામાન્ય રીતે આપણે બગીચામાં જઈએ અને ફૂલોની સુગંધ આવતા હૃદયમાં આનંદની લાગણી થાય છે ને રસ્તેથી પસાર થતા ઉકરડો બાજુમાં હોય તો ગ્લાની થાય છે. ઉનાળામાં વીજવી જતાં બધુ જ બંધ થઈ જાય અને પરસેવો વળે અને જે લાગણી થાય તે અરતિ. ફરી વીજળી આવે. પંખા વગેરે ચાલુ થાય અને હાશની લાગણી થાય તે રતિ. આવા તો પાપ જીવનમાં કેટલીયે વાર થઈ ગયા.

પર-પરિવાદઃ- એટલે કે બીજાની નિંદા. આ ભાઈને ત્યાં આમ થઈ ગયું. આ બેનને ઘરમાં તો બનતું જ નથી. તો કહ્યું છે ને ''તું તો મૂકી દે પંચાત આખા ગામની, તું તો માળા રે જપીલે પારસ નામની.'' પાપો ને હળવા કરીએ ધીરે ધીરે, મારગ બતાવ્યો પ્રભુ શ્રી મહાવીરે.

<u>માયા-મૃષાવાદ:-</u> એક સાથે બે પાપ મળીને હજુ એક પાપ બન્યું. માયા મૃષાવાદ. દંભ કે ખોટું બોલવું તે જીવનમાં કેટલીયે વાર આ પાપ થઈ ગયા છે. બાર થી લઈને સત્તર સુધીના પાપો બોલવાની ગડબડ ગોટાળાના કારણે થાય છે. જીવનના મહાસાગરમાં આવ્યું પાપનું પુર રે, મહાવીર તારા મારગથી અમે લાખો જોજન દૂર રે. આ પાપના બંધનથી મુક્ત થઈ મુક્તિનો માર્ગ મળે એવી શ્રી પ્રભુ વીરને પ્રાર્થના કરીએ. આનંદ અનુકુળતામાં ને ખેદ પ્રતિકુળતામાં, સુખ લાગે સગવડતામાં, મન ભાગે મન ગમતામાં, આ બંધન તો પાપનું બંધન છે, કર્મોનું બંધન છે. ક્યારે કરણી થઈ જાય, ક્યારે હું ભાન ભૂલુ છું. વિષયોના ઉપવનમાં

મસ્ત બની ઝૂલુ છું. મનડાની નૈયા મારી ડગમગ-ડગમગ થઈ જાતી. ક્યારેક ખુશીથી જુમું. ક્યારેક થતી નાદાની. ચપળને ચંચળ મારી ઇન્દ્રિયો આંટા મારે, કોઈક લાગે સારું ને કોઈક જરીના સોહાવે, પરનો પરિવાદ કરું છું. ખોટા સંવાદ કરું છું. નિજના દોષો સંતાડી, પરદોષનું ગાન કરું છું. માયા તો મારી છાયા રહી ને સંગાથે રહેતી, મૃષાવાદ કરીને સાચું એ ઠેરવતી. આકુળ વ્યાકુળ થાઉ છુ. દુઃખોથી ગભરાઉ છું. મનડું માને ન તોયે પાપોથી વીટળાઉ છું. સહુ કર્મનું, સહુ પાપનું, સહુ દુઃખનું જે મૂલ છે. મિથ્યાત્વ ભૂંડું શૂલ છે. સમ્યકત્વ રૂડું ફૂલ છે. નિષ્પાપ બનવા હે પ્રભુજી શરણ ચાહું આપનું. આ પાપમય સંસાર છોડી શ્રમણ હું ક્યારે બનું. જ્યાં પાપ જ્યારે એક પણ ત્યજવું અતિ મુશ્કેલ છે એ ધન્ય છે જીવો અઢારે પાપથી વિરમે છે. ક્યાં પાપમય મુજ જિંદગી, ક્યાં પાપ શૂન્ય મુની જીવન. જો તુમ સમૂ પ્રભુ હીર આપો તો કરું મુક્તિ ગમન.

<u>મિથ્યાત્વશલ્ય:-</u> એટલેકે કુદેવ, કુગુરુ, કુધર્મ માનવાની ઈચ્છા કરવી. જ્યાં સુધી આ પાપ રહે છે ત્યાં સુધી સમ્યકત્વની પ્રાપ્તિ થતી નથી અને સમકિત મળતું નથી. ત્યાં સુધી મોક્ષ તો મળશે જ નહી. માટે જ પ્રભુજીને કહીએ ‘હવે તો વહારે આવો અને આ મિથ્યાત્વનો કાંટો કાઢો. વાસ કર્યો છે આતમ ઘરમાં કાઢ્યો અનાદિકાલ. રૂપે રંગે મને વ્હાલો રે લાગે સ્વરૂપ છે વિકરાળ. જિણંદજી વહારે આવો મિથ્યાત્વનો કાંટો કાઢો. ‘‘હે પ્રભુ અનાદિકાળી, અનંતકાળથી મિથ્યાત્વને લીધે ભટકું છું. હવે તો એને દૂર કરો, હવે તો વહારે આરો. ક્રોડો ભવોના પાપ ધોનારી વાણી તારી અણમોલ, મુજ પાપીને શંકા કરાવે ખોટા લાગે તારા બોલ. હે દેવાધિદેવ તારી વાણી તો કરોડો ભવોના પાપો ને ધોનારી છે. તે કહ્યું પાંચમાં આરામાં મોક્ષ ન મળે, શું એ વાત સાચી હશે ? તે કહ્યું છઠ્ઠા આરામાં માનવી વેંતીયા રૂપે જનમશે. શું આ વાત સાચી છે ? તે કહ્યું આંઠ કર્મોને ખપાવવાથી મોક્ષ મળે છે, કોણ જુએ છે ? મને તારી વાણીમાં શંકા થઈ હોય તો હજુ આ કાંટો આ હૈયાને સળવળી રહ્યો છે. હવે તો આવો, હવે તો આ કાંટો કાઢો. દુર્લભ માનવ જીવન એમાં દુર્લભ છે અને એમાંયે જૈન ધરમનો તો એનાથીયે વધુ દુર્લભ છે. આ દુર્લભ માનવ ભવને પામ્યા પછી જૈન કુળને મેળવ્યા પછી હું દેવાધિદેવ પરમાત્મા જેવા હીરલા છોડી કાંચ ને ગ્રહું છું. સાચા મનને જાણતો નથી. મારા હૃદયની અંદર હજુએ આ મિથ્યાત્વનો કાંટો સળવળી રહ્યો છે. તારક તારી પૂજા ભક્તિ સુખ આપે ચિરકાળ. ધરમ કરુને ધાર્યું મળેના હૈયામાં થતી કાળ. હે જિનવર તારી પૂજા ભક્તિથી દીર્ઘકાળનું. ચિરકાળનું સુખ મળે છે. તો મારે ત્યાં મુશ્કેલી કેમ ? હું રોજ તારી પૂજા કરું, ધરમ ધ્યાન કરું તો મારે ત્યાં દુઃખ કેમ ? હું ધરમ કરું છું અને મને ધાર્યું કેમ નથી મળતું ? જ્યાં સુધી આ વાત હૃદયમાં છે ત્યાં સુધી

મિથ્યાત્વ જીવંત છે. ''કઠીનુ લાગે ધર્મ ક્રિયાઓ મનડું ઝોલા ખાય અન્ય ધર્મોમાં કેવું સારું છે જીવડો ત્યાં લલચાય. હે જિણંદજી મને તો આ ધર્મ ક્રિયા, તાપ-ત્યાગ ઉપવાસ કઠીન લાગે છે. મારાથી પૌષધ કે ઉપવાસ નથી થતાં. અરે મારા પાડોશી ઉપવાસ કરે તો તેમાં ફરાળી ખાવાની છૂટ છે. ચા પીવાની પણ છૂટ છે. એવો ભાવ જ્યારે આવ્યો ત્યારે સમજવું કે મિથ્યાત્વનો વાસ હૃદયમાં હજુયે અંકિત છે. વિતરાગી તું દેવ મળ્યોને વૈરાગી ગુરુદેવ, રાગીદ્વેષી દેવોની પુંઠએ ફરવાની છે કુટેવ. હે અરીહંત દેવ, તારા જેવો વીતરાગી મને મળ્યો અને વૈરાગી એવા ગુરુદેવ મળ્યા પણ હજુ મને તારા પર સાચી શ્રધ્ધા નથી માટે જ હું અન્ય રાગીદ્વેષી દેવોના ચરણોને સેવું છું. જ્યાં સુધી આ વિચારો મનની અંદર રહેલા હશે ત્યાં સુધી મિથ્યાત્વ કેમ જશે. દર્દ કરે છે કાંટો હવે તો કાઢો એને કિરતાર, સમકિત દાતા સમકિત દેજો જીવનમાં જયકાર. હે તારણહાર સાચું સમજ્યા પછી આ કાંટો દર્દ કરે છે. હવે એને મારા હૈયેથી કાઢો અને વહેલી તકે સાચું સમ્યકત્વ આપો. જેથી મારા ભવોનો અંત આવે અને વહેલામાં વહેલી તકે મોક્ષ મળે. વાસ કર્યો છે આત્મ ઘરમાં કાઢયો અનાદિનો કાળ જિણંદજી વહારે આવો મિથ્યાત્વનો કાંટો રે કાઢો. આ પાપમય સંસાર છોડી શ્રમણ હું ક્યારે બનું.'' આ પંક્તિ હૃદયમાં સતત રટણ કરવાની છે. જેથી વહેલી તકે પાપોનો અંત આવે. રોજ આ અઢાર પોપની સંવેદના વાંચવા માત્રથી એક નાનું પ્રતિક્રમણ થઈ જાય છે. રૂપેશ વોરા અને સાથી કલાકારોના જય જીનેન્દ્ર અને જય મહાવીર.

ॐ પદ્માવતી ક્ષમાપના ॐ

જાણુપણું જગતે ભલું, એણી વેળાએ આવે ।। તે મુજ મિચ્છામિ દુક્કડં ।।૧।। અરિહંતની સાખ।। જે મેં જીવ વિરાધિયા, ચોરાશી લાખ।। તે મુજ ।।૨।। સાત લાખ પૃથ્વીતણા, સાતે અપકાય, સાત લાખ તેઉકાયના, સાતે વળી વાય ।। તે મુજ૦ ।।૩।। દશ લાખ પ્રત્યેક વનસ્પતિ, ચઉદ સાધારણ ।। બીતિ ચૌરેંદ્રિય જીવના, બે બે લાખ વિચાર।। તે મુજ. ।।૪।। દેવતા તિર્યંચ નારકી, ચાર ચાર પ્રકાશી।। ચઉદ લાખ મનુષ્યના. એ લાખ ચોરાશી ।। તે મુજ૦ ।।૫।। ઈણ ભવે પરભવે સેવિયાં, જે પાપ અઢાર ।। ત્રિવિધે ત્રિવિધે કરી પરિહરું, દુર્ગતિનાં ।। ૬।। હિંસા કીધી જીવની, બોલ્યો મૃષાવાદ ।। દોષ અદત્તાદાનના, મૈથુન ઉનમાદ ।। તે મુજ૦ ।।૭।। પરિગ્રહ મેલ્યો કારમો, કીધો ક્રોધ વિશેષ ।। માન માયા લોભ મેં કીયા, વળી રાગ ને દ્વેષ ।। તે મુજ૦ ।।૮।। કલહ કરી જીવ દુહવ્યા, દીધા કૂડાં કલંક ।। નિંદા કીધી પારકી, રતિ અરતિ નિઃશંક।। તે મુજ૦ ।।૯।। ચાડી કીધી પારકી, કીધો થાપણમોસો।। કુગુરુ કુદેવ કુધર્મનો, ભલો આણ્યો ભરોસો।। તે મુજ૦ ।।૧૦।। ખાટકીના ભવે મેં કીયાં, જીવના વધ ઘાત।। ચીડીમાર ભવે ચરકલા, માર્યાં દિનરાત।। તે મુજ૦ ।। ૧૧।। કાજી મુલ્લાને ભવે, પઢી મંત્ર કઠોર ।। જીવ અનેક જભ્ભે કિયા, કીધાં પાપ અઘોર।। તે મુજ૦ ।।૧૨।। માછીને ભાવે માછલા, ઝાલ્યા જલવાસ।। ધીવર ભીલ કોળી ભવે, મૃગ પાડ્યા પાસ।। તે મુજ૦ ।।૧૩।। કોટવાળને ભવે મેં કિયા, આકરા કર દંડ ।। બંદીવાન મરાવઇયા; કોરડા છડી દંડ ।। તે મુજ૦ ।।૧૪।। પરમાધામીને ભવે, દીધા નારકી દુઃખ ।। છેદન ભેદન વેદના, તાડન અતિ તિખ્ખ ।। તે મુજ૦ ।। ૧૫।। કુંભારને ભવે મેં કિયા, નિમાહ પચાવ્યા ।। તેલી ભવે તેલ પીલીયા, પાપે પિંડ ભરાવ્યા ।। તે મુજ૦ ।। ૧૬।। હાલી ભવે હળ ખેડીયા, ફાડ્યા પૃથ્વીના પેટ ।। સૂડ નિદાન કિયાં ઘણાં, દીધા બળદ ચપેટ ।। તે મુજ૦ ।।૧૭।। માળી ભવે રોપ રોપિયા, નાનાવિધ વૃક્ષ ।। મૂળ પત્ર ફળ ફૂલના લાગ્યા પાપ તે લક્ષ ।। તે મુજ૦ ।।૧૮।। અધોવાઈયાને ભવે, ભર્યા અધિકા ભાર ।। પોઠી પુંઠે કીડા પડ્યા, દયા નાણી લગાર। તે મુજ।। ૧૯।। છીંપાને ભવે છેતર્યાં, કીધા રંગણ પાસ ।। અગ્નિ આરંભ કીધા ઘણા, ધાતુર્વાદ અભ્યાસ ।। તે મુજ૦ ।। ૨૦ ।। શૂરપણે રણ ઝુઝતા, માર્યા માણસ વૃંદ ।। મદિરા માંસ માખણ ભખ્યાં, ખાધા મૂળ ને કંદ ।। તે મુજ૦ ।। ૨૧ ।। ખાણ ખણાવી ધાતુની, પાણી ઉલ્લેચ્યા ।। આરંભ કીધા અતિ ઘણા, પોતે પાપ જ સંચ્યા ।। તે મુજ૦ ।। ૨૨ ।। અંગાર કર્મ કીયા વળી, ઘરમેં દળ દીધા ।। સમ ખાધા વીતરાગના, કૂડા કોસજ કીધા ।। તે મુજ૦ ।। ૨૩ ।। બિલ્લી ભવે ઉંદર ગળ્યા, ગિરોળી હત્યારી ।। મૂંઢ ગમારતણે ભવે, મેં જૂ લીખ મારી ।। તે મુજ૦ ।। ૨૪ ।। ભાડભુંજા તણે ભવે, એકેંદ્રિય

જીવ ।। જાર ચણા ઘઉં શેકિયા, પાડંતા રીવ ।। તે મુજ૦ ।। ૨૫ ।। ખાંડણ પીસણ ગારના, આરંભ અનેક ।। રાંધણ ઈંધણ અગ્નિના કીધા પાપ ઉદેક ।। તે મુજ૦ ।। ૨૬ ।। વિકથા ચાર કીધી વળી, સેવ્યા પંચ પ્રમાદ ।। ઈષ્ટ વિયોગ પડાવિયા, રુદન વિખવાદ ।। તે મુજ૦ ।।૨૭ ।। સાધુ અને શ્રાવકતણા, વ્રત લઈને ભાંગ્યા ।। મૂળ અને ઉત્તરતણા, મુજ દૂષણ લાગ્યા. તે મુજ૦ ।। ૨૮ ।। સાપ વીંછી સિંહ ચીતરા શકરા ને સમળી ।। હિંસક જીવતણે ભવે, હિંસા કીધી સબળી ।। તે મુજ૦ ।। ૨૯ ।। સૂવાવડી દૂષણ ઘણા, વળી ગર્ભ ગળાવ્યા ।। જીવાણી ઢોળ્યા ઘણાં, શીળવ્રત ભંજાવ્યા ।। તે મુજ૦ ।। ૩૦ ।। ભવ અનંત ભમતાં થકા, કીધો દેહ સંબંધ ।। ત્રિવિધે ત્રિવિધે કરી વોસિરું, તીણશું પ્રતિબંધ ।। તે મુજ૦ ।। ૩૧ ।। ભવ અનંત ભમતાં થકાં, કીધા પરિગ્રહ સંબંધ ।। ત્રિવિધે ત્રિવિધે કરી વોસિરું, તિણશું પ્રતિબંધ ।। મુજ૦ ।। ૩૨ ।। ભવ અનંત ભમતાં થકાં, કીધા કુટુંબ સંબંધ । ત્રિવિધે ત્રિવિધે કરી વોસિરું, તિણશું પ્રતિબંધ ।। મુજ૦ ।। ૩૩ ।। ઇણિપરે ઇહ ભવ પરભવે, કીધાં પાપ અનંત ।। ત્રિવિધે ત્રિવિધે કરી વોસિરું, કરૂં જન્મ પવિત્ર ।। તે મુજ૦ ।। ૩૪ ।। એણિ વિધે ઓ આરાધના, ભાવે કરશે જેહ ।। સમયસુંદર કહે પાપથી, વળી છૂટશે તેહ । તે મુજ૦ ।। ૩૫ ।। રાગ વેરાડી જે સુણે, એહ ત્રીજી ઢાળ ।। સમયસુંદર કહે પાપથી, છૂટે તતકાળ ।। તે મુજ૦ ।। ૩૬ ।। ઇતિ સમાપ્તમ્ ।।

આ ક્ષમાપના દરરોજ એકવાર કરવાથી ભવો ભવના તેમજ આ ભવના પાપોનું પ્રાયશ્ચિત થાય છે.

શ્રીમતી જયશ્રીબેન મોતા (ચેન્નાઇ)
અનુભવના ઉદગાર...

"પાપોનો અલ્પવિરામ, ૧૪ નિયમ પ.પૂ. શ્રી દેવરત્નસાગરજી મ.સા.ના પુસ્તકનાં આ શબ્દો છે.

એક નાનકડો નિયમ પણ જીવનનો રાહ અને ચાહ બદલી શકે છે. જીવનની દશા અને દિશા બદલાવી શકે છે. પ્રભુનાં શાસનના શ્રાવકને નિયમ વિના ચાલેજ શી રીતે ! નિયમ લેવાથી પાપથી બચી શકાય છે...

નિયમ વિનાનું જીવન, સિગ્નલ વિનાનાં ટ્રાફીક જેવું બની જાય છે. જરૂર છે પુરુષાર્થ કરવાનો.

નિતી અને નિયમો ની દૃઢતા, સેવા અને સદ્ભાવ, સરળતા અને સાદગી, ધર્મપ્રેમી શ્રી લક્ષ્મીચંદભાઈ ચાંપશી દંડ (લખુભાઈ) ગામ-લાલા. પહેલુ પુસ્તક જિનાજ્ઞા તૈયાર કરતી વખતે અમારો અવારનવાર સત્સંગ થતો હતો. જન્મતા જ જૈન પરિવાર, જૈનધર્મ, જૈનશાસન મળે છે. પણ તરતજ ધર્મ આચારમાં નથી આવતું. જીવનમાં ક્યાંક પ્રેરણા, ક્યાંક ટકોર.. ક્યાંક અકસ્માત સર્જાય અને જીવનમાં ટર્નીંગ પોઈન્ટ આવે છે. અને પરિચય થાય છે દેવ, ગુરુ અને ધર્મનો. આવું કાંઈક આ વડીલશ્રી નાં જીવનમાં પણ થયું.

૧૯૭૮ દીક્ષા પૂર્વે પ.પૂ. સા.શ્રી સંયમગુણાશ્રીજી મ.સા. એમના ઘેર પધારેલ. એમણે ત્યાં હાજર રહેલ સર્વે ગામવાસીઓને નાનો પણ કાંઈક નિયમ લેવા પ્રેરણા કરેલ ત્યારે લખુભાઈએ કાંદા-બટાટા-લસણની બાધા લીધેલ હતી. તે દિવસથી એમના જીવનમાં નિયમની શરૂઆત થઈ. એમણે અનુભવ કર્યો કે આ વસ્તુ છોડયા પછી શરીર વધારે સ્વસ્થ લાગે છે. અને નિયમ પર શ્રધ્ધા થઈ.

૧૯૮૪ની મુંબઈ ની લોકન ટ્રેનમાં પોતે જઈ રહ્યા હતા. તે ટ્રેઈનનો એક્સીડન્ટ થયો. એમનો ડબ્બો જ પડી ગયેલ. આજુબાજુ દર્દભરી ચીસો... કોઈકનાં હાથપગ કપાયેલા.. કોઈક બેહોશ.. ક્યાંક લોહી વહી રહ્યું હતું. એમના ડબ્બામાં ૧૪ જ જણ બચ્યા હતાં. આવુ કરૂણ દાયક દશ્ય જોતા એમનો આત્મા જાગી ઉઠયો. હું આ અકસ્માતમાંથી બચ્યો છું પ્રભુની કૃપા છે. આ જીવનદાન મળ્યું છે તો હવે જીવનમાં ધર્મ આચરણ કરવું છે. ધર્મ સમજતા નિયમપાલનમાં દઢ બનતા ગયા. નિયમોમાં ૨૨ અભક્ષ્ય, ૩૨ અનંતકાય, ૭ વ્યસન, ૧૫ કર્માદાનના ધંધા વિગેરેનો ત્યાગ, ૧૪ નિયમ, ૧૨ વ્રતમાંથી પ્રથમ ૯ વ્રત ગ્રહણ કર્યા. તેમ જ ભવઆલોચના પણ લઇ લીધી. દિનચર્યામાં દરરોજ જિનદર્શન, પૂજા, સામાયિક. નવકારવાળી, વ્યાખ્યાન શ્રવણ. બૂટ, ચપ્પલ, પંખા, લીફટ, વાહનનો ઉપયોગ

નહિવત્. આજે ૭૭ વર્ષની જેફ વયે પણ પૂજ્ય ગુરુભગવંત સાથે વિહાર કરવા તત્પર રહે છે.. . એટલે હજી પણ દોડી શકે છે. કેવું આશ્ચર્ય થાયને! તેઓ પૂ.ગુરુ ભગવંતોની વૈયાવચ્ચ, સાધર્મિક ભક્તિ, ભાવ સહ કરે છે.

આપણે પણ એમની અનુમોદના કરતા નિયમોનું પાલન કરી સર્વોત્તમ જીવન અપનાવી પ્રભુ મહાવીરનાં સાચા સંતાન બનીએ.

આપ પૂ.વડીલ ધન્ય છો. જેમનું જીવન નિયમ થી છલોછલ છે. આપને પ્રભુ અનંત શક્તિ અર્પી જિનાજ્ઞા પાલન માટે સદૈવ સહાયરૂપ બને. સાથે દીર્ઘાયુ અર્પે એજ અભ્યર્થના....

સમરાંગણ નો વિજયી એ સાચો વિજેતા નથી.
પણ ઈન્દ્રિયો પર વિજય મેળવનાર જ સાચો વિજેતા છે.
દુનિયાને જીતવી સહેલી છે.
ઈન્દ્રિયોને જીતવી જ કઠીન છે...

લિ. જયશ્રી મોતાના

પ્રણામ

સૌજન્ય

Anant Dry Fruits

હોલસેલ ભાવે મળશે.

સુકોમેવા, ચોકલેટ, ખજુર, મુખવાસ

સંપર્ક : નીતા મુકેશભાઇ શાહ

૫, દેવ આશીષ (લાલ બંગલો),

પહેલે માળે, ઉપાશ્રય લેન, ઇન્ડીયન બેંકની સામે, ઘાટકોપર (ઇસ્ટ),

મુંબઇ. ફોન : ૨૫૦૧ ૧૪૫૫. મો.: ૯૩૨૩૦૩૦૧૪૧, ૯૩૨૩૦૪૫૧૮૮

ચાલો પ્રતિક્રમણ કરીએ

(રાઇ, દેવસિ, સવંત્સરી)

આ સીડીના માધ્યમથી આપને પ્રતિક્રમણાદી સૂત્રોના ઉચ્ચાર સ્પષ્ટ કરવા અત્યંત ઉપયોગી થશે. ખાસ કરીને જ્યાં પ.પૂ. ગુરૂભગવંતોનો તથા ધાર્મિક પાઠશાળાઓનો યોગ નથી. ત્યાં ધર્મ આરાધકો માટે આ સીડી માર્ગદર્શક બનશે.

હવે ત્રણ થી ચાર મહિનામાં તૈયાર થનાર છે. ભક્તામર - કલ્યાણમંદિર - નવ સ્મરણ - અરિહંત વંદનાવલી - ગૌતમસ્વામીના છંદની લેટેસ્ટ સીડી

Jayshree Praful Mota

B/303, Gitanjali Apartment, 15, Madava

Tank Road, Kilpauk, Chennai-60001

Tel. : 0766 7319887

PRINTED BY : SHAH ART PRINTERS, MUMBAI,022-2875 5912, 09821278982